નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY
(Daily)
AHMEDABAD
SINCE-1991

Sharbat
તાજ શરબત
માહે રમઝાન કે અનમોલ તોહફે
જોર્ડન રોડ, દરિયાપુર,
અહમદાબાદ. મો.: 90235 15886

Sharbat
તાજ શરબત
સે માહે રમઝાન કે પાકીઝા રોઝે ઇફતાર કરેં
જોર્ડન રોડ, દરિયાપુર,
અહમદાબાદ. મો.: 90235 15886

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૫ અંક-૧૯૯ ● તંત્રી : અઝીઝ ટંકારવી ● E-mail : gujarattodaydaily@gmail.com

Sharbat
તાજ શરબત : માહે રમઝાન કે અનમોલ તોહફે
જોર્ડન રોડ, દરિયાપુર, અહમદાબાદ. મો.: 90235 15886

# આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાના 'શૂટિંગ' વીડિયો અંગે સુપ્રીમ કોર્ટે અરજીઓ સાંભળવાનો ઈન્કાર કર્યો : કોર્ટે અરજદારોને કહ્યું; 'હાઈકોર્ટમાં જાવ'

### બેન્ચે અવલોકન કર્યું કે, સુપ્રીમ કોર્ટનો પહેલા સંપર્ક કરવાથી તે હાઈકોર્ટની સત્તાને નબળી પાડે છે, કોર્ટે ચૂંટણી પહેલા રાજકીય રીતે સંવેદનશીલ બાબતોને તેની સમક્ષ લાવવાના વધતા જતાં વલણની પણ નોંધ લીધી

(એજન્સી) તા.૧૬

સુપ્રીમ કોર્ટે સોમવારે આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમા સામે એક વિવાદાસ્પદ વાયરલ વીડિયો પર કાર્યવાહી કરવાની માંગ કરતી અરજીઓની સુનાવણી કરવાનો ઈન્કાર કર્યો હતો અને અરજદારોને ગૌહાટી હાઈકોર્ટનો સંપર્ક કરવાનો નિર્દેશ આપ્યો હતો. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત, ન્યાયાધીશ જોયમલ્યા બાગચી અને વિપુલ એમ. પંચોલીની બેન્ચે ભારપૂર્વક જણાવ્યું હતું કે, અરજદારોએ ઉચ્ચ અદાલતોને અવગણીને સીધા સર્વોચ્ચ અદાલતમાં ન જવું જોઈએ. બેન્ચે અવલોકન કર્યું કે, સુપ્રીમ કોર્ટનો પહેલા સંપર્ક કરવાથી તે હાઈકોર્ટની સત્તાને નબળી પાડે છે. કોર્ટે ચૂંટણી પહેલા રાજકીય રીતે સંવેદનશીલ બાબતોને તેની સમક્ષ લાવવાના વધતા જતાં વલણની પણ નોંધ લીધી હતી.



**આવા રાજકીય મુદ્દાઓ પર વીડિયો અને ટિપ્પણીઓ અંગે સુપ્રીમ કોર્ટે રાજકીય પક્ષોને પોતાના પર સંયમ રાખવા અને 'બંધારણીય નૈતિકતાની સીમાઓમાં કાર્ય કરવા' વિનંતી કરી હતી. અરજદારોને હાઈકોર્ટનો સંપર્ક કરવાનું કહેવામાં આવ્યું હતું અને કહ્યું કે, ચૂંટણી પહેલા સુપ્રીમ કોર્ટનો સીધો સંપર્ક કરવો એ એક ટ્રેન્ડ બની રહ્યો છે.**

બેન્ચે અવલોકન કર્યું કે, અમે પક્ષોને સંયમ રાખવા અને બંધારણીય નૈતિકતાની સીમાઓમાં રહેવા માટે કહીશું પરંતુ દરેક મુદ્દાને અહીં લાવી શકાતો નથી. આ સુનાવણી દરમિયાન વરિષ્ઠ વકીલ અભિષેક સિંઘવીએ દલીલ કરી હતી કે, સરમા 'વારંવાર આવા ગુના કરે છે' અને કોર્ટને આ કેસ હાથ ધરવા વિનંતી કરી હતી. આ અરજીઓ સીપીઆઈ અને સીપીઆઈ(એમ)ના નેતાઓ દ્વારા દાખલ કરવામાં આવી હતી, જેમાં કથિત નફરતી ભાષણ અને સાંપ્રદાયિક ધ્રુવીકરણ પર આસામના મુખ્યમંત્રી સામે એફઆઈઆર નોંધવાની માંગ કરવામાં આવી હતી.

અરજદારોએ ખાસ તપાસ ટીમ (SIT)ની રચના કરવાની પણ વિનંતી કરી હતી, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે, રાજ્ય અથવા કેન્દ્રીય એજન્સીઓ દ્વારા નિષ્પક્ષ તપાસની શક્યતા નથી. આ વિવાદ ૭ ફેબ્રુઆરીના રોજ આસામ ભાજપના સત્તાવાર X હેન્ડલ દ્વારા શેર કરાયેલા એક વીડિયોથી ઊભો થયો છે, જેમાં કથિત રીતે સરમા બે વ્યક્તિઓ પર રાઈફલથી ફાયરિંગ કરી રહ્યા છે, જેમાં એક વ્યક્તિએ ટોપી પહેરી હતી અને બીજો દાઢીવાળો હતો. આ પોસ્ટના કારણે વ્યાપક રાજકીય પ્રતિક્રિયાઓ અને સાંપ્રદાયિક તણાવ ભડકાવવાના આરોપો લાગ્યા, જેના પગલે ભાજપે આ વીડિયો ડિલીટ કરી દીધો હતો.

CELEBRATING EXCELLENCE
35 years
GT

# પુણે : ટીપુ સુલતાનના વખાણ કરવા બદલ કોંગ્રેસ-ભાજપ કાર્યકરો વચ્ચે અથડામણ, ૯ ઘાયલ

(એજન્સી) તા.૧૬

ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના કાર્યકરોએ પુણેમાં કોંગ્રેસના કાર્યકરો સામે છત્રપતિ શિવાજી મહારાજને ટીપુ સુલતાન સાથે "સરખાવતા" કોંગ્રેસના નેતા હર્ષવર્ધન સપકલના નિવેદનનો વિરોધ કર્યો, જેમાં વિરોધ પક્ષે રવિવાર, ૧૬ ફેબ્રુઆરીના રોજ આંદોલન દરમિયાન પથ્થરમારો કરવાનો આરોપ લગાવ્યો હતો. જોઈન્ટ પોલીસ કમિશનર રંજન કુમાર શર્માએ પત્રકારોને જણાવ્યું હતું કે ઝપાઝપીમાં ત્રણ કોંગ્રેસ કાર્યકરો, બે ભાજપના કાર્યકરો, બે પોલીસ કર્મચારીઓ અને બે પત્રકારોને સામાન્ય ઈજાઓ થઈ હતી. શર્માએ જણાવ્યું હતું કે, કોંગ્રેસ ભવન પાસે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું, જેમાં ભાજપ અને કોંગ્રેસના કાર્યકરોએ સૂત્રોચ્ચાર કર્યા હતા. બંને પક્ષના કાર્યકરો દીવાલો પર ચઢી ગયા હતા અને બંને પક્ષો તરફથી પથ્થરમારો થયો હતો. એક અધિકારીએ જણાવ્યું કે, મોડી સાંજે શિવાજીનગર પોલીસ સ્ટેશનમાં ભાજપ અને કોંગ્રેસના કાર્યકરો વિરૂદ્ધ કેસ નોંધવામાં આવ્યો હતો. પુણે શહેર કોંગ્રેસના વડા અરવિંદ શિંદેએ જણાવ્યું હતું કે પાર્ટીએ ભાજપના કાર્યકરો વિરૂદ્ધ પોલીસમાં લેખિત ફરિયાદ નોંધાવી છે. શિંદેએ ઉમેર્યું હતું કે મેયર મંજુષા નાગપુરે, ભાજપના શહેર પ્રમુખ ધીરજ ઘાટે, દુષ્યંત મોહોલ અને અન્ય કાર્યકરો સામે કેસ નોંધવો જોઈએ. રાજ્યમાં વિવાદ સર્જનાર સપકલની ટિપ્પણીની નિંદા કરીને, ભાજપ કાર્યકરોએ કોંગ્રેસ ભવનની બહાર વિરોધ પ્રદર્શન કર્યું હતું, ત્યારે વિસ્તારમાં ભારે પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

**ઓફિસમાં ટીપુ સુલતાનના ફોટા મુદ્દે વિવાદ**

માલેગાંવ મ્યુનિસિપલ કોર્પોરેશનના ડેપ્યુટી મેયર શાન-એ-હિંદ નિહાલ અહેમદના ઓફિસમાં ટીપુ સુલતાનના ફોટા મુદ્દે વિવાદ ફાટી નીકળ્યો હતો, ઓફિસમાં ફોટો રાખવાનો શિવસેનાના કોર્પોરેટરો અને હિન્દુ સંગઠનોએ વિરોધ કર્યો હતો. છત્રપતિ શિવાજી મહારાજની બહાદુરી અને તેમણે "સ્વરાજ્ય"નો વિચાર રજૂ કરવાની રીત તરફ ધ્યાન દોરતા, સપકલે ટીપુ સુલતાનના અંગ્રેજો સામે યુદ્ધના આહ્‌વાનનું ઉદાહરણ આપ્યું અને દાવો કર્યો કે આ તે જ રીતે રજૂ કરાયેલ આદર્શ હતો. સપકલે આ ટિપ્પણી માટે ટીકાનો સામનો કર્યા પછી, મહારાષ્ટ્ર કોંગ્રેસના નેતા સચિન સાવંતે ભાજપ પર "બેવડા ધોરણો" અને ધ્રુવીકરણના એજન્ડાને અનુસરવાનો આરોપ લગાવ્યો. એક નિવેદનમાં, કોંગ્રેસના પ્રવક્તાએ ઘણા ઉદાહરણો ટાંકીને દાવો કર્યો કે ભાજપના નેતાઓએ અગાઉ જાહેર સ્થળો અને સત્તાવાર મંચો પર ૧૮મી સદીના મૈસુર શાસક ટીપુ સુલતાનના સંદર્ભોને ટેકો આપ્યો હતો અથવા સમર્થન આપ્યું હતું. એવી દલીલ કરવા માટે કે પાર્ટીનો વર્તમાન વિરોધ રાજકીય રીતે પ્રેરિત હતો, તેમણે અકોલા અને મુંબઈમાં નાગરિક સંસ્થાઓમાં થયેલા ઠરાવોનો ઉલ્લેખ કર્યો, તેમજ ભૂતકાળમાં જ્યાં ભાજપના નેતાઓએ ઐતિહાસિક વ્યક્તિત્વની પ્રશંસા કરી હતી અથવા તેમની સાથે સંકળાયેલા હતા, તે ભાજપના કાર્યકરોએ પુણેમાં વિરોધ પ્રદર્શન કર્યું, જેમાં સપકલની ટિપ્પણીની નિંદા કરવામાં આવી. કોંગ્રેસે આરોપ લગાવ્યો છે કે ભગવા પક્ષના કાર્યકરોએ કોંગ્રેસ ભવનની બહાર પથ્થરમારો કર્યો જેમાં તેના બે કાર્યકરો ઘાયલ થયા હતા. મીડિયા સાથે વાત કરતા, કોંગ્રેસના મહારાષ્ટ્ર એકમના ઉપપ્રમુખ મોહન જોશીએ જણાવ્યું હતું કે નવા ચૂંટાયેલા મેયર મંજુષા નાગપુરે સહિત મોટી સંખ્યામાં ભાજપ કાર્યકરો કોંગ્રેસ ભવનની બહાર વિરોધ કરવા માટે એકઠા થયા હતા.

**કોંગ્રેસનો ભાજપ પર ઈતિહાસને વિકૃત કરવાનો આરોપ**

તેમણે કહ્યું કે, "વિરોધ દરમિયાન, કોંગ્રેસ કાર્યકરો પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો અને બે ઘાયલ થયા હતા. અમે હાલમાં શિવાજીનગરમાં પોલીસ સ્ટેશનની બહાર કાર્યવાહીની માંગ સાથે ધરણા કરી રહ્યા છીએ. ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ (ઝોન ૧) કૃષિકેશ રાવલે જણાવ્યું હતું કે પોલીસે હિંસા અટકાવવા માટે દરમિયાનગીરી કરી હતી. ભાજપ પુણે શહેર એકમના પ્રમુખ ધીરજ ઘાટેએ સપકલ વિરૂદ્ધ પાર્વતી પોલીસ સ્ટેશનમાં હિન્દુઓની લાગણીઓને ઠેસ પહોંચાડવાનો આરોપ લગાવીને ફરિયાદ નોંધાવી છે અને પ્રાથમિક તપાસ રિપોર્ટ નોંધવામાં આવ્યો છે. ટીપુ સુલતાન ઈતિહાસનું ધ્રુવીકરણ કરનાર વ્યક્તિત્વ છે, કેટલાકે બ્રિટિશરો સામેની લડાઈમાં તેમની બહાદુરીનો ઉલ્લેખ કર્યો છે, જ્યારે અન્ય લોકોએ તેમની ધાર્મિક કટ્ટરતા અને બિન-મુસ્લિમો સાથેના દુર્વ્યવહાર તરફ ધ્યાન દોર્યું છે. સાવંતે તેમના નિવેદનમાં દાવો કર્યો છે કે ભાજપ પહેલા ટીપુ સુલતાનની પ્રશંસા કરતી હતી, પરંતુ હવે તેના ધ્રુવીકરણના એજન્ડા માટે તેમને ખરાબ કહે છે. તેમણે દાવો કર્યો કે, "આ દંભને શું કહેવું જોઈએ? ટીપુ સુલતાન ભગવાન રામના નામવાળી વીંટી પહેરતા હતા." કોંગ્રેસના નેતાએ કહ્યું કે ભાજપ ધાર્મિક વિભાજન બનાવવાની રણનીતિના ભાગ રૂપે ટીપુ સુલતાનને નકારાત્મક રીતે રજૂ કરી રહી છે. તેમણે શાસક પક્ષ પર "વિકૃત ધાર્મિક રાજકારણ"માં સામેલ થવાનો અને મતદારોનું ધ્રુવીકરણ કરવાનો પ્રયાસ કરવાનો પણ આરોપ લગાવ્યો, જ્યારે આ મુદ્દા પર ભાજપના વલણની પાર્ટીની ટીકાને પુનરાવર્તિત કર્યો. ભાજપ પર "બેવડા ધોરણો"નો આરોપ લગાવતા સાવંતે ટાંક્યું કે ૨૦૧૨માં, ભગવા પક્ષે અકોલા મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સ્ટેન્ડિંગ કમિટી હોલનું નામ 'શહીદ-એ-વતન શેર-એ-મૈસૂર ટીપુ સુલતાન' રાખવાનો ઠરાવ રજૂ કર્યો હતો, જેનો પ્રસ્તાવ ભૂતપૂર્વ મેયર અને વર્તમાન ભાજપ અકોલા ચૂંટણી પ્રભારી વિજય અગ્રવાલ દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો. ૨૦૧૩માં, ભાજપના કોર્પોરેટરોએ મુંબઈના એમ-પૂર્વ વોર્ડમાં એક રસ્તાનું નામ 'શહીદ ટીપુ સુલતાન માર્ગ' રાખવાના પ્રસ્તાવને ટેકો આપ્યો હતો અને હાજર રહેલા લોકોમાં વર્તમાન શહેરના મેયર રીતુ તાવડેનું નામ પણ સામેલ હોવાનું તેમણે જણાવ્યું હતું. ૨૦૦૧માં, અંધેરી (પશ્ચિમ)માં એક રસ્તાનું નામ 'શેર-એ-મૈસૂર ટીપુ સુલતાન માર્ગ' રાખવામાં આવ્યું હતું, જેમાં ભાજપના પૂર્વ સાંસદ ગોપાલ શેટ્ટી અને પાર્ટી કોર્પોરેટરોની હાજરીમાં ઠરાવ સર્વાનુમતે પસાર થયો હોવાનું સાવંતે જણાવ્યું હતું. ભાજપના નેતા અને કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી બી.એસ. યેદિયુરપ્પાએ ટીપુ સુલતાનની કબરની મુલાકાત લીધી હતી અને મુલાકાતીઓની પુસ્તિકામાં પ્રશંસાના શબ્દો લખ્યા હતા, એવો તેમણે દાવો કર્યો હતો. કોંગ્રેસના નેતાએ ઉમેર્યું કે, ૨૦૧૭માં, તત્કાલીન રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે કર્ણાટક વિધાનસભામાં ટીપુ સુલતાનની પ્રશંસા કરી હતી.



**માલેગાંવ મ્યુનિસિપલ કોર્પોરેશનના ડેપ્યુટી મેયર શાન-એ-હિંદ નિહાલ અહેમદના કાર્યાલયમાં ટીપુ સુલતાનના ચિત્રને લઈને વિવાદ થયો હતો**

# લગ્ન પહેલાં શારીરિક સંબંધો કેવી રીતે બાંધી શકાય ? : સુપ્રીમ કોર્ટની ચેતવણી

(એજન્સી) તા.૧૬

સુપ્રીમ કોર્ટે સોમવારે લગ્નના ખોટા વચન પર કથિત બળાત્કારના કેસમાં જામીન અરજીની સુનાવણી કરતી વખતે લગ્ન પહેલાંના સેક્સ પર સ્પષ્ટ મૌખિક અવલોકનો કર્યા અને કહ્યું કે, 'લગ્ન પહેલાં, છોકરો અને છોકરી અજાણ્યા હોય છે અને શારીરિક સંબંધો બાંધતા પહેલા 'સાવધાન' રહેવાની વિનંતી કરી હતી. ન્યાયાધીશ બી.વી. નાગરત્ના અને ન્યાયાધીશ ઉજ્જલ ભુયાનની બેન્ચ એક પુરુષની અરજી પર વિચાર કરી રહી હતી, જેમણે ૩૦ વર્ષીય મહિલાને શારીરિક સંબંધ બાંધ્યા હતા અને તે પહેલાથી જ પરિણીત હોવા છતાં બીજી સ્ત્રી સાથે લગ્ન કરવાની વાત કરી હતી. જસ્ટિસ નાગરત્નાએ કોર્ટમાં અવલોકન કર્યું કે, 'કદાચ આપણે જૂના જમાનાના છીએ પણ લગ્ન પહેલાં છોકરો અને છોકરી અજાણ્યા હોય છે. તેમના સંબંધો ગમે તેટલા સારા હોય. આપણે સમજી શકતા નથી કે લગ્ન પહેલાં તેઓ શારીરિક સંબંધ કેવી રીતે બાંધી શકે છે. કદાચ આપણે જૂના જમાનાના હોઈએ, તમારે ખૂબ કાળજી રાખવી જોઈએ, લગ્ન પહેલાં કોઈએ કોઈ પર વિશ્વાસ ન કરવો જોઈએ.' ફરિયાદ પક્ષનો કેસ એ છે કે ફરિયાદી ૨૦૨૨માં મેટ્રિમોનિયલ વેબસાઈટ પર અરજદારને મળી હતી. એવો આરોપ છે કે તેણે દિલ્હી અને પછી દુબઈમાં લગ્નનું વચન આપીને તેની સાથે ઘણી વખત શારીરિક સંબંધો બાંધ્યા હતા. ફરિયાદીના જણાવ્યા મુજબ, તેણી તેના આગ્રહથી દુબઈ ગઈ હતી, જ્યાં તેણે ફરીથી લગ્નના બહાને શારીરિક સંબંધો બાંધ્યા હતા. તેણીએ દાવો કર્યો છે કે તેણે તેની સંમતિ વિના ઘનિષ્ઠ વિડિઓઝ રેકોર્ડ કર્યા હતા અને જો તેણી પ્રતિકાર કરશે તો તેને પ્રસારિત કરવાની ધમકી આપી હતી. તેણીને પાછળથી ખબર પડી કે તે પુરુષે ૧૯ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ પંજાબમાં બીજા લગ્ન કર્યા હતા. આ સુનાવણી દરમિયાન, ન્યાયાધીશ નાગરત્નાએ પૂછ્યું કે ફરિયાદી અરજદારને મળવા દુબઈ કેમ ગઈ હતી. જ્યારે સરકારી વકીલે ધ્યાન દોર્યું કે બંને મેટ્રિમોનિયલ વેબસાઈટ પર મળ્યા હતા અને લગ્ન કરવાની યોજના બનાવી રહ્યા હતા, ત્યારે ન્યાયાધીશે અવલોકન કર્યું કે જો મહિલા લગ્ન વિશે ચોક્કસ ન હતી, તો તેણે તે પહેલાં મુસાફરી ન કરવી જોઈએ. જો તેણી લગ્ન વિશે સચેત હોય તો તેણીએ લગ્ન પહેલાં જવું ન જોઈતું હતું. અમે તેમને મધ્યસ્થી માટે મોકલીશું. આ એવા કેસ નથી કે જેમાં સંમતિથી સંબંધ હોય ત્યારે સુનાવણી કરીને દોષિત ઠેરવવામાં આવે. બેન્ચે સંકેત આપ્યો કે આ મામલો મધ્યસ્થી માટે મોકલી શકાય છે અને સમાધાનની શક્યતા શોધવા માટે બુધવારે સુનાવણી રાખી હતી. અરજદારની અગાઉની જામીન અરજીઓ સેશન્સ કોર્ટ અને દિલ્હી હાઈકોર્ટ દ્વારા ફગાવી દેવામાં આવી હતી. ૧૮ નવેમ્બર, ૨૦૨૫ના રોજ, હાઈકોર્ટે જામીન આપવાનો ઈન્કાર કર્યો હતો અને અવલોકન કર્યું હતું કે આરોપો પ્રથમ દૃષ્ટિએ સૂચવે છે કે લગ્નનું વચન શરૂઆતથી જ ખોટું હતું, કારણ કે અરજદાર પહેલાથી જ પરિણીત હતો અને ૧૯ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ ફરીથી લગ્ન કર્યા હતા. ન્યાયિક પૂર્વધારણાઓના આધારે, હાઈકોર્ટે કહ્યું કે જો વચન ખરાબ ઈરાદાથી અને લગ્ન કરવાના ઈરાદા વિના આપવામાં આવ્યું હોય તો લગ્નના ખોટા વચન પર મેળવેલી સંમતિ અમાન્ય હોઈ શકે છે.

**'લગ્ન પહેલા છોકરો અને છોકરી અજાણ્યા હોય છે' : સુપ્રીમ કોર્ટે જામીન સુનાવણીમાં લગ્ન પહેલાના શારીરિક સંબંધો પર સવાલ ઉઠાવ્યા**

**બેન્ચે કહ્યું કે, કદાચ આપણે જૂના વિચારોના છીએ, લગ્ન પહેલાં પુરૂષ અને સ્ત્રી અજાણ્યા હોય છે અને ઘનિષ્ઠ સંબંધોમાં વધુ સાવધાની રાખવાની જરૂર છે**

મો.: + ૯૧ ૯૧૦૬૬ ૪૨૧૦૪
(સવારે ૧૦.૦૦થી ૨.૦૦)
Skylarkedutrust.gmail.com
skylarkhighereducationtrust.org
ટ્રસ્ટ રજિ.નં.: F/19346/A'bad
સોસાયટી રજિ.નં. : GUJ/19764/A'bad
ઓફિસનો સમય : સવારે ૧૦.૦૦થી ૨.૦૦ શુક્રવારે રજા

સ્કાયલાર્ક હાયર એજ્યુકેશન ટ્રસ્ટ

૦૩, શાહીન શોપીંગ સેન્ટર, મોડેલ સ્કૂલ પાસે, જુહાપુરા, અમદાવાદ-૩૮૦૦૫૫, ગુજરાત

Tax Exemption : U/S 80G (5) (VI) Reg. No. ITBA/EXM - AASTS7468LF20198 (AY-2026-27) With CSR

શિક્ષણ એ દરેક સફળતાની ચાવી છે. સામાજિક સુધારણા માટે શિક્ષણ એક મહત્ત્વનું પરિબળ છે. આ એક ઉદ્‌ભવેલ ચેતનાથી "સ્કાયલાર્ક હાયર એજ્યુકેશન ટ્રસ્ટ" ૨૦૧૭થી કાર્યરત છે. સ્કાયલાર્ક હાયર એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા ૨૦૨૫-૨૬ સુધી કુલ ૧૯૪૮ વિદ્યાર્થીઓને રૂા.૩,૨૦,૦૧,૮૦૦ કરોડની સ્કોલરશિપ આપી ચૂકયા છે. શું તમે આ પછાતતાને દૂર કરવા આતુર છો ? તો ચાલો આપણે સમાજના આ અભાવને દૂર કરવા માટે પ્રયાસ કરીએ. કોઈ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓની નાણાકીય અવરોધોને લીધે તેમના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે બાકી ન રહી જાય તે જોવાની જવાબદારી આપણી છે. સમાજના સખી દાતાઓને પોતાની ઝકાત, લિલ્લાહ તેમજ વ્યાજની રકમથી અમારી સંસ્થાને દાન આપી મદદરૂપ થવા અમો અપીલ કરીએ છીએ, જેથી અમો આ મિશનમાં સફળતાપૂર્વક આગળ વધી શકીએ.

સ્કાયલાર્ક હાયર એજ્યુકેશન ટ્રસ્ટ બેંક ખાતાની વિગત

SKYLARK HIGHER EDUCATION TRUST
ICICI BANK BRANCH : SARKHEJ-VASNA ROAD
ACCOUNT NO. : 440601000524
IFSC : ICIC0004406
SCAN TO PAY

સંસ્થા દ્વારા ૯ વર્ષ દરમ્યાન આપવામાં આવેલ સહાયની ટૂંકી વિગત

| | | | |
|---|---|---|---|
| 1 | M.B.B.S. | 300 | Stundents |
| 2 | B.H.M.S./B.A.M.S. | 240 | Stundents |
| 3 | B.D.S./Physio | 117 | Stundents |
| 4 | B.E./Eng. | 270 | Stundents |
| 5 | B.Pharm, | 70 | Stundents |
| 6 | C.A.Found./Enter/FInal | 65 | Stundents |

વર્ષ ૨૦૨૫-૨૬માં જ ૬૦૬ વિદ્યાર્થીઓને રૂા.૧,૧૫,૫૩,૦૦૦ કરોડની સહાય કરેલ છે

શીક્ષિત બનો... સંગઠીત બનો...

સંસ્થા ટ્રસ્ટીઓ

● અબ્દુલરઝાક એસ.મેમણ (પ્રમુખ) (B.E.Mech) ઉદ્યોગપતિ
● મોહંમદયુનુસ એચ.મલેક (સેક્રેટરી) (M.Tech) રીટાયર્ડ I.T.I. પ્રિન્સિપાલ, ગવર્નમેન્ટ ઓફ ગુજરાત
● અબ્દુલકાદર જી.શેખ (ટ્રેઝરર) (M.Com, LLB) રીટાયર્ડ બેંક ઓફ બરોડા ઓફિસર
● આબીદહુસેન એ.શેખ (અફીણવાલા) (ટ્રસ્ટી) (B.Com) બિઝનેસ મેન અને પ્રમુખ, આમેના ખાતુન હોસ્પિટલ
● અહેમદહુસેન આર.મનસુરી (ઉપપ્રમુખ) (B.Com) રીટાયર્ડ યુનિયન બેંક ઓફ ઈન્ડિયા મેનેજર
● અબ્દુલકાદિર એ.જોડીયાવાલા (ટ્રસ્ટી) (માઈકો બિલ્ડર્સ)
● સીકંદરખાન એસ.પઠાણ (ટ્રસ્ટી) (B.A.LLB), રીટાયર્ડ ડેપ્યુટી એસ.પી.ગવર્નમેન્ટ ઓફ ગુજરાત
● ઈસ્માઈલ એ.બાલા પટેલ (ટ્રસ્ટી) (BSC) રીટાયર્ડ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ઓફિસર

સલાહકાર સમિતિ સભ્યો

● ડો.ડી.એ.ખેરાડા (MBBS)
● મોહસીનભાઈ મનસુરી (Retid DyS.P.)
● ડો.અલ્લારખા દેસાઈ (DHMS)
● ડો.ઝુલ્ફીકાર પટેલ (MS. Ortho HRD Civil Hospital)
● આસીફભાઈ ગેલેરીયા (ઉદ્યોગપતિ)
● હબીબખાન પઠાણ (Businessman)
● અબ્બાસઅલી ડી.પઠાણ (Retd. dy. Director Accaunts & Treasury, Gandhinagar )
● જુનેદભાઈ આઈ.મેમણ (રીટા.ઓફિસર, સૌરાષ્ટ ગ્રામીણ બેન્ક)

**ક્યા બાત હૈ ?!**

**હું તો પેલી દુકાને જઈને વારંવાર ચીજ-વસ્તુના ભાવ પૂછી આવું છું એટલે મારી ટાઢ ઊડી જાય છે !**




# ૨૦૨૯ સુધીમાં જમ્મુ-કાશ્મીર, ઉત્તરપૂર્વમાં આતંકવાદ અને બળવાખોરોને નષ્ટ કરવામાં આવશે : કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સોમવારે કહ્યું હતું કે, ૨૦૨૯ સુધીમાં જમ્મુ અને કાશ્મીર અને ઉત્તરપૂર્વમાંથી આતંકવાદ અને બળવાખોરીનો સંપૂર્ણ નાશ કરવામાં આવશે. તેમણે ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધીમાં દેશને માઓવાદી હિંસાથી મુક્ત કરવાના સરકારના લક્ષ્યનો પણ પુનરોચ્ચાર કર્યો હતો. નવી દિલ્હીમાં દિલ્હી પોલીસના ૭૯મા સ્થાપના દિવસ નિમિત્તે યોજાયેલા કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે શાહે રાષ્ટ્રીય રાજધાની માટે 'સેફ સિટી' પ્રોજેક્ટ સહિત દસ નવી પહેલોની જાહેરાત કરી હતી. આ પ્રોજેક્ટના ભાગરૂપે દિલ્હી પોલીસ સ્પેશિયલ સેલનું સંકલિત મુખ્યાલય આતંકવાદ વિરોધી કામગીરીમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. લગભગ ૨૧૦૦ AI-સક્ષમ કેમેરા ટૂંક સમયમાં કાર્યરત થશે. આ સેફ સિટી પ્રોજેક્ટ હેઠળ ૧૦,૦૦૦ કેમેરાના મોટા નેટવર્કનો ભાગ હશે. વધુમાં જાહેર સલામતીને મજબૂત બનાવવા માટે શહેરમાં પહેલાથી જ સ્થાપિત ૧૫,૦૦૦ કેમેરા ઉમેરવામાં આવી રહ્યા છે. ગૃહમંત્રીએ કહ્યું કે, ૨૦૧૪ પહેલા ભારતની આંતરિક સુરક્ષા ગંભીર પડકારોનો સામનો કરી રહી હતી, ખાસ કરીને જમ્મુ અને કાશ્મીર, ઉત્તરપૂર્વ અને માઓવાદી પ્રભાવિત વિસ્તારોમાં. આ મુદ્દાઓમાંથી લગભગ ૮૦ ટકા મુદ્દાઓ હવે નિયંત્રણમાં લાવવામાં આવ્યા છે. સરકાર માઓવાદી હિંસાને સંપૂર્ણપણે સમાપ્ત કરવાની નજીક છે અને ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધીમાં દેશને માઓવાદી જોખમોથી મુક્ત કરવાનો લક્ષ્યાંક ધરાવે છે. ઉત્તરપૂર્વમાં બળવાખોર જૂથો સાથે લગભગ ૨૦ શાંતિ કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે અને ૧૦,૦૦૦થી વધુ યુવાનોએ તેમના શસ્ત્રો સમર્પણ કરીને મુખ્ય પ્રવાહમાં જોડાયા છે. કલમ ૩૭૦ હેઠળ જમ્મુ અને કાશ્મીરને આપવામાં આવેલ વિશેષ દરજ્જો રદ કરવાનો ઉલ્લેખ કરતા શાહે કહ્યું કે, કેન્દ્રશાસિત પ્રદેશમાં સુરક્ષાની સ્થિતિ ધીમે-ધીમે સુધરી રહી છે. હવે હું દેશવાસીઓને ખાતરી આપી શકું છું કે, ૨૦૨૯ સુધીમાં જમ્મુ અને કાશ્મીર અને ઉત્તરપૂર્વ હિંસા મુક્ત થઈ જશે. દિલ્હી પોલીસની પ્રશંસા કરતા શાહે કહ્યું કે, આ દળે અનેક વખત દેશનું રક્ષણ કર્યું છે. તેઓએ સંસદ પર હુમલો અને લાલ કિલ્લા પાસે તાજેતરના બોમ્બ વિસ્ફોટ જેવા જટિલ કેસોને સફળતાપૂર્વક સંભાળ્યા છે. ત્રણ નવા ફોજદારી કાયદાઓ રજૂ કરવા અંગે ગૃહમંત્રીએ કહ્યું કે, સરકારનો ઉદ્દેશ્ય ભારતની ફોજદારી ન્યાય પ્રણાલીને આધુનિક બનાવવા અને દોષિત ઠેરવવાનો દર ૭૫થી ૮૦ ટકા સુધી વધારવાનો છે. આસામ, હરિયાણા અને ગુજરાત જેવા રાજ્યોમાં પહેલાથી જ દોષિત ઠેરવવાનો દર ૨૦ ટકાથી વધુ વધી ગયો છે. શાહે કહ્યું કે, સરકારની પ્રાથમિકતાઓમાં 'ડ્રગ-મુક્ત ભારત' બનાવવા, સાયબર આતંકવાદને દૂર કરવા અને સંગઠિત ગુના નેટવર્કને તોડવાનો સમાવેશ થાય છે.



**૨૦૧૪ પહેલાં જમ્મુ-કાશ્મીર, ઉત્તરપૂર્વ અને માઓવાદી પ્રભાવિત વિસ્તારોમાં ભારતની આંતરિક સુરક્ષાને ગંભીર પડકારોનો સામનો કરવો પડ્યો હતો : ગૃહમંત્રી**

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 'ઇન્ડિયા AI ઈમ્પેક્ટ એક્સપો'નું ઉદ્‌ઘાટન કર્યું

નવી દિલ્હી : વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે નવી દિલ્હીમાં 'ઈન્ડિયા AI ઈમ્પેક્ટ એક્સપો'નું ભવ્ય ઉદ્‌ઘાટન કર્યું હતું. આ પ્રસંગે વડાપ્રધાને પ્રદર્શનમાં વિવિધ સ્ટોલની મુલાકાત લીધી હતી અને સહભાગી કંપનીઓના પ્રતિનિધિઓ સાથે સીધો સંવાદ સાધ્યો હતો. આ એક્સપો ભારતની વધતી જતી ટેક્નોલોજીકલ શક્તિ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ક્ષેત્રે વૈશ્વિક નેતૃત્વ લેવાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલું માનવામાં આવે છે.

નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે ૧૬થી ૨૦ ફેબ્રુઆરી દરમિયાન આયોજિત 'ઈન્ડિયા AI ઈમ્પેક્ટ સમિટ' અને એક્સપોમાં વિશ્વભરના નીતિ નિર્ધારકો, ઉદ્યોગ જગતના અગ્રણીઓ અને ટેક્નોલોજી ઇનોવેટર્સ એક મંચ પર ભેગા થયા છે. એવા સમયે જ્યારે વિશ્વના તમામ દેશો પોતપોતાના AI એજન્ડા નક્કી કરવા માટે સ્પર્ધા કરી રહ્યા છે, ત્યારે આ સમિટ ભારતની ભૂમિકાને વધુ સુદઢ બનાવશે. આ એક્સપોમાં ૬૦૦થી વધુ હાઈ-પોટેન્શિયલ સ્ટાર્ટઅપ્સ અને ૧૩ દેશોના પેવેલિયન પ્રદર્શિત કરવામાં આવ્યા છે, જે આંતરરાષ્ટ્રીય સહયોગનું ઉત્તમ ઉદાહરણ પૂરૂં પાડે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નિમંત્રણ પર ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન અને બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુલા દા સિલ્વા જેવા વૈશ્વિક નેતાઓ પણ આ સમિટમાં ભાગ લેવાના છે. આ દિગ્ગજ નેતાઓની હાજરી AI એજન્ડા પ્રત્યેની વૈશ્વિક ગંભીરતા અને ભારતના વધતા પ્રભાવને દર્શાવે છે. આ ઉપરાંત ૪૫થી વધુ દેશોના મંત્રી સ્તરના પ્રતિનિધિમંડળ, સંયુક્ત રાષ્ટ્ર (UN)ના મહાસચિવ અને વિવિધ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના વરિષ્ઠ અધિકારીઓ પણ આ પાંચ દિવસીય વિચાર-વિમર્શમાં જોડાશે. સમિટ દરમિયાન વડાપ્રધાન મોદી માત્ર સંબોધન જ નહીં પરંતુ વિવિધ કંપનીઓના CEO સાથે પણ ખાસ મુલાકાત કરશે. ટેક્નોલોજી ક્ષેત્રના મોટા ગજાના નામો આ કાર્યક્રમમાં સામેલ હોવાથી, સમગ્ર વિશ્વની નજર અત્યારે દિલ્હીમાં ચાલી રહેલી આ સમિટ પર ટકેલી છે.

# યુપીના પ્રતાપગઢમાં ૧,૦૦૦ કિલોગ્રામ વજનનો વીજ થાંભલો SUV પર ખાબકતાં સમાજવાદી પાર્ટીના નેતાનું મોત

લખનૌ : પ્રતાપગઢના અંતુ વિસ્તારમાં ૧,૦૦૦ કિલોગ્રામ વજનનો હાઇ માસ્ટ લાઈટિંગ પોલ ચાલતી કાર પર પડી ગયો, જેમાં સમાજવાદી પાર્ટીના નેતા લાલ બહાદુર યાદવનું ઘટનાસ્થળે જ મોત થયું. આ ઘટના બપોરે ૧ વાગ્યાની આસપાસ બાબુગંજ માર્કેટ નજીક, પેટ્રોલ પંપની સામે બની હતી, જ્યાં કામદારો હાઈ માસ્ટ પોલ લગાવી રહ્યા હતા. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, ભારે પોલ અચાનક ઇન્સ્ટોલેશન દરમિયાન સંતુલન ગુમાવી બેઠો અને પસાર થતી કાર પર ખાબક્યો હતો. પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું હતું કે અકસ્માત એટલો અચાનક થયો કે યાદવને પ્રતિક્રિયા આપવાની તક પણ મળી નહીં. મૃતક, લાલ બહાદુર યાદવ (૪૭)એ અંતુથી ૨૦૨૨ નગર પંચાયતની ચૂંટણી લડ્યા હતા અને સમાજવાદી પાર્ટી સાથે સંકળાયેલા હતા. તેઓ જાહેર બાંધકામ વિભાગ (PWD)ના કોન્ટ્રાક્ટર હતા અને તેમની પાસે દેશી દારૂનું લાઇસન્સ પણ હતું. ઘટના સમયે, તે પોતાની હ્યુન્ડાઇ ક્રેટા ચલાવીને શહેર તરફ જઈ રહ્યો હતો. માહિતી મળતાં જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી દીધો. આ ઘટનાથી વિસ્તારમાં ગભરાટ ફેલાયો હતો, સ્થાનિક લોકોએ કથિત બેદરકારી પર ગુસ્સો વ્યક્ત કર્યો હતો અને ઇન્સ્ટોલેશન કાર્ય દરમિયાન સલામતીના ધોરણો અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી. પ્રતાપગઢના એસપી દીપક ભુકરે જણાવ્યું હતું કે એફઆઈઆર નોંધવામાં આવી રહી છે અને કાર્યવાહી કરવામાં આવશે.

# હરિયાણા હાઈકોર્ટે પંજાબના સસ્પેન્ડેડ ડીઆઈજી હરચરણ સિંહ ભુલ્લરની જામીન અરજી ફગાવી દીધી

ચંદીગઢ : પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે સસ્પેન્ડેડ ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ (ડીઆઈજી) પંજાબ પોલીસ હરચરણ સિંહ ભુલ્લરની જામીન અરજી ફગાવી દીધી છે. ભુલ્લરે ૯ જાન્યુઆરીએ નિયમિત જામીન મેળવવા માટે હાઈકોર્ટમાં અરજી કરી હતી. ભુલ્લરે પોતાની અરજીમાં જણાવ્યું હતું કે, ફરિયાદ પક્ષ મુખ્યત્વે તે સમયે સેવામાં રહેલા અધિકારીઓ અને કેસમાં ફરિયાદી સામે તપાસ કરવાનો હતો. કાઉન્સેલ નિખિલ ઘાઈ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં એવો પણ દાવો કરવામાં આવ્યો હતો કે આ કેસમાં ફરિયાદીને કોર્ટના આદેશો અનુસાર રક્ષણ આપવામાં આવ્યું હતું. કથિત રીતે, છટકું સહ-આરોપી સાથે સંબંધિત હતું. તે અરજદાર પાસેથી સીધી સ્વીકૃતિ અથવા વસૂલાત સાથે સંબંધિત નહોતું. તેમને સેવામાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા, જેનાથી સાક્ષીઓને પ્રભાવિત કરવાની અથવા પુરાવા સાથે ચેડા કરવાની સંભાવના દૂર થઈ. તેમણે કોર્ટને એમ પણ જણાવ્યું હતું કે તપાસ પૂર્ણ થઈ ગઈ છે અને અંતિમ તપાસ અહેવાલ ગયા વર્ષે ૩ ડિસેમ્બરે દાખલ કરવામાં આવ્યો હતો, જેના કારણે વધુ કસ્ટોડિયલ પૂછપરછ બિનજરૂરી બની હતી. જો કે, હાઈકોર્ટે અરજી ફગાવી દીધી હતી કે આરોપોની પ્રકૃતિ અને ગંભીરતાને કારણે કાનૂની પ્રક્રિયા ચાલુ રહે ત્યાં સુધી તેમની કસ્ટડી ચાલુ રાખવી જરૂરી છે.

# મહિલાઓના પ્રવેશ અને ધાર્મિક ભેદભાવની અરજીઓ પર સુપ્રીમ કોર્ટ બેન્ચ ૭ એપ્રિલથી અંતિમ સુનાવણી શરૂ કરશે

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે સોમવારે જણાવ્યું હતું કે, સબરીમાલા મંદિર મુદ્દા સહિત ધર્મો અને ધાર્મિક સ્થળોએ મહિલાઓ સાથેના કથિત ભેદભાવને લગતી અરજીઓ પર નવ ન્યાયાધીશોની બંધારણીય બેંચ ૭ એપ્રિલથી અંતિમ સુનાવણી શરૂ કરશે. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતની આગેવાની હેઠળની બેંચ, ન્યાયાધીશ જોયમલ્યા બાગચી અને વિપુલ એમ. પંચોલીએ જણાવ્યું હતું કે મુખ્ય ન્યાયાધીશ દ્વારા રચવામાં આવનાર બંધારણીય બેંચ ૨૨ એપ્રિલ સુધીમાં સુનાવણી પૂર્ણ કરે તેવી અપેક્ષા છે. કોર્ટે તમામ પક્ષોને ૧૪ માર્ચ અથવા તે પહેલાં તેમની લેખિત દલીલો રજૂ કરવાનો નિર્દેશ આપ્યો હતો અને વકીલને દલીલો માટે નક્કી કરેલા સમયપત્રકનું કડક પાલન કરવા કહ્યું હતું. કેન્દ્ર તરફથી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કોર્ટને જણાવ્યું હતું કે સરકાર કેરળના પહાડી મંદિરમાં તમામ વય જૂથોની મહિલાઓને પ્રવેશની મંજૂરી આપતા સબરીમાલાના અગાઉના ચુકાદાની સમીક્ષા કરવાની માંગ કરતી અરજીઓને સમર્થન આપે છે. બેન્ચે નોંધ્યું હતું કે, વકીલ કૃષ્ણ કુમાર સિંહ સમીક્ષા અરજીઓનું સમર્થન કરતા પક્ષોનું પ્રતિનિધિત્વ કરતા નોડલ કાઉન્સેલ તરીકે ચાલુ રહેશે, જ્યારે વકીલ શાશ્વતી પરીને ચુકાદાની સમીક્ષાનો વિરોધ કરનારા પક્ષો માટે નોડલ કાઉન્સેલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. વરિષ્ઠ વકીલ કે. પરમેશ્વર અને એડવોકેટ શિવમ સિંહને કોર્ટને સહાય કરવા માટે એમિકસ ક્યુરી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા, જેમાં સિંહને તમામ પક્ષો દ્વારા લેવામાં આવેલા વલણનું સંકલન અને રજૂઆત કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું. સુનાવણીના સમયપત્રકની વિગતો આપતા, કોર્ટે કહ્યું કે સમીક્ષા અરજદારો અને તેમને ટેકો આપનારાઓની દલીલો ૭ એપ્રિલથી ૯ એપ્રિલ સુધી સાંભળવામાં આવશે. સમીક્ષાનો વિરોધ કરનારા પક્ષો ૧૪ એપ્રિલથી ૧૬ એપ્રિલની વચ્ચે તેમની રજૂઆતો રજૂ કરશે. જો કોઈ હોય તો રિજોઇન્ડર સબમિશન ૨૧ એપ્રિલે સાંભળવામાં આવશે, ત્યારબાદ એમિકસ ક્યુરી દ્વારા અંતિમ અંતિમ દલીલો કરવામાં આવશે, જે કોર્ટ ૨૨ એપ્રિલ સુધીમાં પૂર્ણ કરવાની અપેક્ષા રાખે છે. નવ ન્યાયાધીશોની બેન્ચ સમક્ષ દાખલ કરાયેલી અરજીઓ સબરીમાલા વિવાદ ઉપરાંત, વિવિધ ધર્મોમાં ધાર્મિક સ્વતંત્રતા અને લિંગ સમાનતા વચ્ચેના આંતરક્રિયા પર વ્યાપક બંધારણીય પ્રશ્નો ઉભા કરે છે.

### ભીષણ આગમાં જીવતા સળગ્યા ૭ કામદારો

# રાજસ્થાનના ભિવાડીમાં કેમિકલ ફેક્ટરીમાં બ્લાસ્ટ

જયપુર : રાજસ્થાનના ભીવાડીમાં એક કેમિકલ ફેક્ટરીમાં એક શક્તિશાળી વિસ્ફોટ બાદ ભીષણ આગ ફાટી નીકળી હતી. આ અકસ્માતમાં અનેક કામદારો જીવતા સળગ્યા હતા, જ્યારે ઘણા હજુ પણ અંદર ફસાયેલા છે. સોમવારે વહેલી સવારે ભીવાડીના ખુશખેડા ઔદ્યોગિક વિસ્તારમાં એક કેમિકલ ફેક્ટરીમાં આગ લાગી હોવાની જાણ વહીવટીતંત્રને થઈ હતી. ઘટનાની માહિતી મળતાં, અનેક ફાયર એન્જિન ઘટનાસ્થળે દોડી ગયા હતા. કર્મચારીઓ પાસેથી મળેલા ઈનપુટના આધારે, ભીવાડી, તિજારા અને આસપાસના વિસ્તારોમાંથી વધુ અનેક ફાયર એન્જિન મોકલવામાં આવ્યા હતા. દોઢ કલાકની ભારે જહેમત બાદ સ્ટાફ અને હાજર અધિકારીઓ દ્વારા આગ પર કાબુ મેળવવામાં આવ્યો હતો. ત્યારબાદ બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી, જ્યાં સાત કામદારોના મૃતદેહ મળી આવ્યા હતા અને એક વ્યક્તિનું સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું.

# પંજાબના નવા નાયબ મુખ્યમંત્રી કોણ હશે; ડૉ. બલજીત કૌર અને હરપાલ ચીમા દોડમાં

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

આગામી ચૂંટણીઓ પહેલા એક મોટા રાજકીય પગલામાં, મુખ્યમંત્રી ભગવંત માનના નેતૃત્વ હેઠળ પંજાબમાં AAP સરકાર બે નાયબ મુખ્યમંત્રીઓ મેળવશે, અહેવાલો અનુસાર. AAP મંત્રીઓ અને ધારાસભ્યોની બેઠકમાં અનુસૂચિત જાતિ અને ઉચ્ચ જાતિના નેતાને મંત્રીમંડળમાં નિયુક્ત કરવા અંગે ચર્ચા થવાની સંભાવના છે. નાયબ મુખ્યમંત્રીઓની પસંદગી માટેની બેઠક મોગા ખાતે મેગા રેલી પછી યોજાશે, જેમાં ભગવંત માન અને AAP કન્વીનર અરવિંદ કેજરીવાલ હાજરી આપશે. રેલીમાં ૫૦,૦૦૦થી વધુ લોકો હાજરી આપે તેવી અપેક્ષા છે, જે AAP માટે મહત્વપૂર્ણ છે કારણ કે તેનો ઉદ્દેશ્ય રાજ્યમાં ગેરકાયદેસર ડ્રગ્સના દૂષણને દૂર કરવાના હેતુથી ડ્રગ્સ વિરુદ્ધ યુદ્ધ અભિયાન હેઠળ તેના નિર્ણાયક પગલાંને પ્રકાશિત કરવાનો છે. AAPએ તેના ચૂંટણી ઢંઢેરામાં દલિત નાયબ મુખ્યમંત્રીનું વચન આપ્યું હતું, અને હવે અટકળો ચાલી રહી છે કે આનો અમલ કરવામાં આવશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, પાર્ટી સંગઠન સામાજિક સંતુલન જાળવવાની વ્યૂહરચના પર વિચાર કરી રહ્યું છે, જો કે બેઠકમાં ધારાસભ્યો સાથે પરામર્શ કર્યા પછી અંતિમ નિર્ણય લેવામાં આવી શકે છે. અહેવાલો મુજબ, જે નામો ચર્ચામાં છે તેમાં નાણામંત્રી હરપાલ સિંહ ચીમા અને સામાજિક સુરક્ષા, મહિલા અને બાળ વિકાસ મંત્રી ડૉ. બલજીત કૌરનું નામ પણ સામેલ છે. ચીમાને અગ્રણી દાવેદાર માનવામાં આવતા હતા, પરંતુ એવી અટકળો છે કે ડૉ. બલજીત કૌર માનની પસંદગી છે, કારણ કે તેમને હંમેશા તેમના સાચા અને મહેનતુ સ્વભાવ વિશે અવાજ ઉઠાવતા રહ્યા છે. તેમની સ્વચ્છ છબીએ પણ [illegible] મદદ કરી છે. AAP નેતૃત્વ એવું પણ માને છે કે નાયબ મુખ્યમંત્રી તરીકે [illegible] નામકરણ પાર્ટી માટે વ્યૂહાત્મક રીતે ફાયદાકારક હોઈ શકે છે, કારણ કે સત્તાધારી પાર્ટી ચૂંટણીઓમાં મહિલા મતદારોનો સમર્થન એકત્ર કરવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. ડૉ. બલજીત કૌર લાભાર્થીઓના ડેટાનું સંકલન અને [illegible] પાત્ર મહિલાઓને દર મહિને ૧,૦૦૦ રૂપિયા પૂરા પાડવાના પક્ષના વચનને અમલમાં મૂકવા માટે જવાબદાર વિભાગનું નેતૃત્વ કરે છે. [illegible] મજબૂત થઈ શકે છે અને મજબૂત રાજકીય સંદેશ પણ મોકલી શકાય છે, એમ ધ ઇન્ડિયન એક્સપ્રેસે [illegible] એક સૂત્રને ટાંકીને જણાવ્યું હતું.

# સૈયદ ઈકબાલ સૈયદ ખ્વાજા : મહારાષ્ટ્રના પરભણી શહેરમાં પ્રથમ મુસ્લિમ મેયર

(એજન્સી) મુંબઈ, તા.૧૬

મહારાષ્ટ્રના મધ્ય મરાઠવાડા ક્ષેત્રના પરભણી શહેરમાં હમણાં જ ઈતિહાસ રચ્યો છે. અહી પ્રથમ મુસ્લિમ મેયર તરીકે સૈયદ ઈકબાલ સૈયદ ખ્વાજાને ચૂંટવામાં આવ્યા છે અને તે પણ ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની સેના ઉદ્ધવ બાલાસાહેબ ઠાકરે અથવા સેના યુબીટીમાંથી છે.



વાણિજ્ય અને કાયદાના સ્નાતક, ખ્વાજા પરભણી સ્થિત પ્રખ્યાત શિક્ષણ કાર્યકર સૈયદ કાદર સૈયદના નાના ભાઈ છે. ૬૫ સભ્યોની પરભણી મ્યુનિસિપલ કોર્પોરેશનમાં, સેના યુબીટી ૨૫ કોર્પોરેટર, કોંગ્રેસ ૧૨, એનસીપી (અજીતપવાર) ૧૧, ભાજપ ૧૨, જનસ્વરાજ પક્ષ ૩, રત્નાકર યશવંત સેના ૧ અને અપક્ષ ૧. સેના યુબીટીએ જીતેલી ૨૫ બેઠકોમાંથી, ૧૩ મુસ્લિમ છે. ખ્વાજાને સેના યુબીટીના ૨૫ કોર્પોરેટરો, કોંગ્રેસના ૧૨, એનસીપી (અજીતપવાર)ના ૧ અને અપક્ષ ૧ કોર્પોરેટરનો ટેકો મળ્યો. ખ્વાજા ઉદ્ધવ ઠાકરેના વખાણ કરે છે તે સ્વાભાવિક છે. તેમણે કહ્યું કે, ઉદ્ધવસાહેબે મારામાં વિશ્વાસ મૂક્યો છે. તેમણે ન્યાય કર્યો છે અને ૨૦૨૪ની લોકસભા ચૂંટણીથી પરભણીના મુસ્લિમોએ તેમના પ્રત્યે જે વફાદારી દર્શાવી છે તેનું તેમને વળતર આપ્યું છે. તેમણે સેના (યુબીટી)ના ઉમેદવાર સંજય જાધવને સમર્થન આપ્યું હતું, જે ચૂંટણી જીત્યા હતા. ત્યારબાદ અમે પરભણીના સેના યુબીટીના ધારાસભ્ય તરીકે ડૉ.રાહુલ પાટીલની જીતમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. પ્રભાણી સ્થિત વરિષ્ઠ પત્રકાર સૈયદ યુસુફે આ જીત અને મેયર તરીકે ખ્વાજાની ચૂંટણીને ખૂબ જ મહત્ત્વપૂર્ણ ગણાવતા કહ્યું કે, ઉદ્ધવ ઠાકરેએ સૈયદ ઈકબાલ સૈયદ ખ્વાજામાં વિશ્વાસ મૂક્યો અને તેમને મેયર બનાવ્યા તે મુસ્લિમો સુધી પહોંચવાના તેમના પ્રયાસો છે. ખ્વાજાના મોટા ભાઈ સૈયદ કાદર સૈયદ ખ્વાજા સામાજિક રીતે ખૂબ જ સક્રિય રહ્યા છે અને તેમના નાના ભાઈના ઉદયમાં તેમનું યોગદાન નોંધપાત્ર છે. સેના યુબીટીના એક મુસ્લિમ મેયર બનવાના સમાચારથી સેના યુબીટીમાં મુસ્લિમોના હૃદયમાં ખુશીનો માહોલ છવાઈ ગયો છે. મુંબઈ સ્થિત સાજિદ સુપારીવાલા (જે કોર્પોરેશન ચૂંટણીની ટિકિટ માટે દાવેદાર હતા), તેમણે કહ્યું કે આ એ દર્શાવે છે કે સેના યુબીટી "ધર્મનિરપેક્ષતા"નું પાલન કરે છે. ઉદ્ધવસાહેબ ન્યાય કેવી રીતે કરવો અને વફાદારીને પુરસ્કાર કેવી રીતે આપવો તે જાણે છે. તેમણે સંદેશ આપ્યો છે કે જે લોકો પક્ષ પ્રત્યે વફાદાર છે અને તેના વિકાસ માટે પ્રતિબદ્ધ છે તેઓ નિરાશ નહીં થાય. આ પછી વધુ મુસ્લિમો સેના યુબીટીમાં જોડાશે. સુપારીવાલાને સેના યુબીટીમાં 'મુસ્લિમ ચહેરો' માનવામાં આવે છે. તેમણે મુંબઈની નાગરિક ચૂંટણીમાં જીતેલા ત્રણ મુસ્લિમોનો પણ ઉલ્લેખ કર્યો. તેઓ સકીના અયુબ શેખ, ઝીશાન ચંગેઝ મુલતાની અને સબા હારૂન ખાન છે.

### ભારત સાથે અમારૂં જબરદસ્ત ગઠબંધન : નેતાન્યાહુ

# નેતાન્યાહુએ પ્રધાનમંત્રી મોદીના ઈઝરાયલ પ્રવાસની કરી જાહેરાત

### વડાપ્રધાન મોદીના ત્રીજા કાર્યકાળનો આ પ્રથમ ઈઝરાયેલ પ્રવાસ છે, આ અગાઉ તેઓ ૯ વર્ષ પહેલા ૨૦૧૭માં ઈઝરાયેલ ગયા હતા

(એજન્સી) તેલઅવીવ, તા.૧૬

ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુએ પીએમ નરેન્દ્ર મોદીના આગામી પ્રવાસ પહેલા ભારતની ભવ્ય પ્રશંસા કરતા બંને દેશો વચ્ચે 'મજબૂત ગઠબંધન' હોવાનું જણાવ્યું છે. ભારતની ૧.૫ અબજની વસ્તીનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે, ઈઝરાયલ ભારતમાં ખૂબ જ લોકપ્રિય છે. જેરૂસલેમમાં 'મેજર અમેરિકન જ્યુઈશ ઓર્ગેનાઈઝેશન'ની કોન્ફરન્સને સંબોધિત કરતી વખતે નેતાન્યાહુએ ભારતીય વડાપ્રધાનના આગામી સપ્તાહના ઈઝરાયલ પ્રવાસનો ઉલ્લેખ કર્યો અને મોટા સ્તરે ચર્ચાઓ થવાના સંકેત આપ્યા હતા. નેતાન્યાહુએ કહ્યું, 'તમે જાણો છો કે આવતા અઠવાડિયે અહીં કોણ આવી રહ્યું છે - નરેન્દ્ર મોદી. ઈઝરાયલ અને ભારત વચ્ચે અદભૂત ગઠબંધન છે અને અમે તમામ પ્રકારના સહયોગ પર ચર્ચા કરવા જઈ રહ્યા છીએ. ભારત કોઈ નાનો દેશ નથી, ત્યાં ૧.૫ અબજ લોકો રહે છે. ઈઝરાયલ ત્યાં ખૂબ જ લોકપ્રિય છે, ખૂબ જ વધારે. 'વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ જ મહિને ઈઝરાયલની મુલાકાતે જવાના છે. આ પ્રવાસ બંને દેશો વચ્ચે વ્યૂહાત્મક, સંરક્ષણ અને ટેક્નોલોજી ક્ષેત્રે સંબંધોને નવી ઊંચાઈ પર લઈ જઈ શકે છે. જોકે હજુ સત્તાવાર તારીખ જાહેર કરવામાં આવી નથી, પરંતુ એવા સંકેતો છે કે દિલ્હીમાં યોજાનારી AI સમિટ બાદ પીએમ મોદી ૨૭-૨૮ ફેબ્રુઆરીએ ઈઝરાયલ જઈ શકે છે. વડાપ્રધાન મોદીના ત્રીજા કાર્યકાળનો આ પ્રથમ ઈઝરાયલ પ્રવાસ છે. આ અગાઉ તેઓ ૯ વર્ષ



પહેલા ૨૦૧૭માં ઈઝરાયલ ગયા હતા. તે મુલાકાત બંને દેશો વચ્ચેના રાજદ્વારી સંબંધોના ૨૫ વર્ષ પૂરા થવાના પ્રસંગે હતી, જેમાં સંરક્ષણ, સાયબર સિક્યુરિટી અને કૃષિ તેમજ આતંકવાદ સામેના સહયોગ પર ભાર મૂકવામાં આવ્યો હતો. હવે પીએમ મોદી ફરી એકવાર નેતાન્યાહુને મળશે, જ્યાં બંને નેતાઓ વચ્ચે લાંબી ચર્ચા થશે. નોંધનીય છે કે પીએમ મોદી અને નેતાન્યાહુ વચ્ચે ગાઢ અંગત મિત્રતા છે. આ મુલાકાત દરમિયાન દ્વિપક્ષીય સહયોગની સાથે પશ્ચિમ એશિયાની સુરક્ષા સ્થિતિ અને વૈશ્વિક વિકાસ પર પણ ચર્ચા થવાની શક્યતા છે. આ વર્ષની શરૂઆતમાં પણ બંને નેતાઓ વચ્ચે વાતચીત થઈ હતી, જેમાં નેતાન્યાહુએ પીએમ મોદીને ગાઝા શાંતિ યોજનાની પ્રગતિ વિશે માહિતી આપી હતી અને પીએમ મોદીએ આ વિસ્તારમાં સ્થાયી શાંતિ માટે ભારતના સમર્થનનો પુનરોચ્ચાર કર્યો હતો.

# ઉત્તર પ્રદેશ : ઓનલાઈન વીડિયોમાં પીએમ મોદી પર ટિપ્પણી કરવા બદલ ૨૨ વર્ષીય યુવકની ધરપકડ

### ઉત્તર પ્રદેશ પોલીસે વડા પ્રધાન નરેન્દ્ર મોદી વિરૂદ્ધ કથિત રીતે વાંધાજનક ટિપ્પણીઓ ધરાવતો વીડિયો પોસ્ટ કરવા બદલ ૨૨ વર્ષીય યુવકની ધરપકડ કરી છે, મુઝફ્ફરનગર જિલ્લાના ચર્થવલ પોલીસ સ્ટેશનમાં તેની સામે અનેક કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

ઉત્તર પ્રદેશ પોલીસે વડા પ્રધાન નરેન્દ્ર મોદી વિરૂદ્ધ કથિત રીતે વાંધાજનક ટિપ્પણીઓ ધરાવતો વીડિયો પોસ્ટ કરવા બદલ ૨૨ વર્ષીય યુવકની ધરપકડ કરી છે. પોલીસના જણાવ્યા અનુસાર, આરોપીની ઓળખ જિતેન્દ્ર કુમાર કશ્યપ તરીકે થઈ છે. મુઝફ્ફરનગર જિલ્લાના ચર્થવલ પોલીસ સ્ટેશનના સ્ટેશન હાઉસ ઓફિસર સત્યનારાયણ દહિયાના જણાવ્યા અનુસાર, કશ્યપની ધરપકડ કરવામાં આવી છે અને તેની સામે ભારતીય દંડ સંહિતા (IPC)ની કલમ ૩૫૨ (શાંતિનો ભંગ કરવાના ઈરાદાથી જાણી જોઈને અપમાન) અને ૩૫૩ (જાહેર દુષ્કર્મ માટેનું નિવેદન) હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. અહેવાલ મુજબ, કશ્યપનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ શનિવારે તેની ધરપકડ કરવામાં આવી હતી. વિડીયોમાં શું કહેવામાં આવ્યું છે તે અંગે વાયર માહિતી મેળવી શક્યું નથી. ઉલ્લેખનીય છે કે ગયા મહિને, લંડન સ્થિત ડોક્ટર અને લોકપ્રિય યુટ્યુબર, ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ની આગેવાની હેઠળની સરકારના કટ્ટર ટીકાકાર, સંગ્રામ પાટિલને અધિકારીઓ દ્વારા અટકાવવામાં આવ્યા હતા અને પૂછપરછ માટે ક્રાઈમ બ્રાન્ચમાં લઈ જવામાં આવ્યા હતા. ૧૫ કલાકથી વધુ સમય સુધી અટકાયતમાં રાખ્યા બાદ તેમને છોડી મૂકવામાં આવ્યા હતા.

બ્રિટિશ નાગરિક અને રાષ્ટ્રીય આરોગ્ય સેવા (NHS)ના કર્મચારી, સંગ્રામ પાટિલ, ૧૦ જાન્યુઆરીએ તેમની પત્ની સાથે મુંબઈ પહોંચ્યા હતા. ઈમિગ્રેશન ચેકપોઈન્ટ પર પહોંચતા અધિકારીઓએ તેમને અટકાવ્યા હતા.

ભાજપ કાર્યકર નિખિલ ભામારે દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદ બાદ તેમની અટકાયત અને પૂછપરછ કરવામાં આવી હતી. ફરિયાદમાં, ભાજપના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ સંભાળતા ભામારેએ દાવો કર્યો હતો કે પાટિલે ફેસબુક પર 'વાંધાજનક સામગ્રી' પોસ્ટ કરી હતી, જેનાથી પાર્ટીના એક વરિષ્ઠ નેતાની છબી ખરાબ થઈ હતી.

# મહારાષ્ટ્રમાં વિવાદ : મુસ્લિમ ધારાસભ્ય અબ્દુલ સત્તારની મુલાકાત બાદ મંદિરને 'પવિત્ર' કરવા ગૌમૂત્ર છાંટવામાં આવ્યું

છત્રપતિ સંભાજીનગર, તા.૧૬

મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજીનગર જિલ્લામાં મહાશિવરાત્રીના પવિત્ર પર્વ પર એક મોટો વિવાદ સર્જાયો છે. શિવસેનાના ધારાસભ્ય અબ્દુલ સત્તાર દ્વારા મંદિરની મુલાકાત લીધા બાદ કેટલાક હિન્દુત્વવાદી યુવાનો અને મંદિર પ્રશાસન દ્વારા મંદિર પરિસરમાં ગૌમૂત્ર છાંટીને 'શુદ્ધિકરણ' વિધિ કરવામાં આવી હોવાની ઘટના સામે આવી છે. રહીમાબાદ ગામમાં આવેલા નાગેશ્વર મહાદેવ મંદિરમાં અબ્દુલ સત્તાર પૂજા કરવા માટે પહોંચ્યા હતા. તેમની વિદાય બાદ જમણેરી સંગઠનના યુવાનોએ એવો દાવો કર્યો હતો કે, મુસ્લિમ ધારાસભ્ય માંસાહારી હોવાથી અને મંદિરમાં પ્રવેશતા પહેલા તેમણે માંસનું સેવન કર્યું હોવાની આશંકાથી મંદિર અપવિત્ર થયું છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા એક વીડિયોમાં જોઈ શકાય છે કે, આ યુવાનો ધાર્મિક સૂત્રોચ્ચાર સાથે પાંદડાઓ વડે મંદિરની દીવાલો અને ફ્લોર પર ગૌમૂત્ર છાંટી રહ્યા છે. આ મામલે રાજકીય ગરમાવો પણ તેજ બન્યો છે. ભારતીય જનતા પાર્ટીના આધ્યાત્મિક મોરચાના વડા તુષાર ભોસલેએ અબ્દુલ સત્તારના ગર્ભગૃહમાં પ્રવેશ સામે ગંભીર સવાલો ઉઠાવ્યા છે. તેમણે વર્ધામાં પત્રકારો સાથે વાત કરતા જણાવ્યું હતું કે, 'શું અબ્દુલ સત્તાર હિન્દુ છે ? જો તેમણે હિન્દુ ધર્મ સ્વીકાર્યો નથી, તો તેમણે ગર્ભગૃહની બહારથી જ દર્શન કરવા જોઈતા હતા. આપણા મંદિરો માત્ર સ્મારકો નથી, ગર્ભગૃહ માટે ચોક્કસ ધાર્મિક નિયમો હોય છે. રાજકીય ફાયદા માટે અમારી ધાર્મિક પરંપરાઓ તોડવી જોઈએ નહીં.' ભોસલેએ વધુમાં ઉમેર્યું હતું કે, જો ધારાસભ્યને દેવી-દેવતાઓના આશીર્વાદ લેવાની આટલી જ તીવ્ર ઈચ્છા હોય તો તેમણે વિધિવત રીતે હિન્દુ ધર્મ સ્વીકારવો જોઈએ અને ત્યારબાદ જ ગર્ભગૃહમાં પ્રવેશ કરવો જોઈએ. આ ઘટનાને પગલે હાલ વિસ્તારમાં તંગદિલીભર્યું વાતાવરણ જોવા મળી રહ્યું છે.

# એપસ્ટીન ફાઈલ્સ વિવાદ વચ્ચે બિલ ગેટ્સનું આંધ્રપ્રદેશમાં સ્વાગત મુદ્દે સોશિયલ મીડિયા પર ઉગ્ર વિરોધ

(એજન્સી) અમરાવતી, તા.૧૬

માઈક્રોસોફ્ટના સહ-સ્થાપક અને પરોપકારી ઉદ્યોગપતિ બિલ ગેટ્સ તેમની ભારત મુલાકાતના ભાગરૂપે સોમવારે આંધ્રપ્રદેશ પહોંચ્યા હતા, જ્યાં રાજ્ય સરકાર દ્વારા તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. જો કે, આ સ્વાગતને લઈને સોશિયલ મીડિયા પર ભારે હોબાળો મચી ગયો છે. કુખ્યાત ગુનેગાર જેફરી એપસ્ટીન સાથેના કથિત સંબંધો અને તાજેતરમાં બહાર આવેલી 'એપસ્ટીન ફાઈલ્સ'ના વિવાદોને કારણે ગેટ્સની આ મુલાકાત ટીકાઓના ઘેરામાં આવી છે.

ગેટ્સનું ગન્નાવરમ એરપોર્ટ પર રાજ્યના મંત્રી નારા લોકેશ અને અન્ય કેબિનેટ સહયોગીઓ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ તેમણે અમરાવતીમાં આંધ્રપ્રદેશ સચિવાલય ખાતે 'રિયલ ટાઈમ ગવર્નન્સ સિસ્ટમ'ની મુલાકાત લીધી હતી. મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુએ ગેટ્સ સાથેની તેમની જૂની યાદો તાજી કરતા 'X' પર પોસ્ટ કર્યું હતું કે, ૧૯૯૭માં શરૂ થયેલી આ ટેક્નોલોજીકલ સફર હવે 'સ્વર્ણ આંધ્ર ૨૦૪૭'ના વિઝન સુધી પહોંચી છે. આ મુલાકાતનો મુખ્ય હેતુ આરોગ્ય, કૃષિ, શિક્ષણ અને ટેક્નોલોજી આધારિત શાસનમાં સહયોગ વધારવાનો હતો. બીજી તરફ, સોશિયલ મીડિયા પર બિલ ગેટ્સ વિરુદ્ધ આક્રોશ જોવા મળ્યો હતો. અમેરિકાના ન્યાય વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા લાખો પાનાના દસ્તાવેજોમાં ગેટ્સનું નામ હોવાનો આરોપ છે. એપસ્ટીન ફાઈલ્સમાં એવા દાવા કરવામાં આવ્યા છે કે, ગેટ્સ રશિયન યુવતીઓ સાથેના સંબંધો અને અન્ય અનૈતિક પ્રવૃત્તિઓમાં સામેલ હતા. આ વિવાદોને કારણે જ મિલિન્ડા ગેટ્સે તેમની સાથેના ૨૭ વર્ષ જૂના લગ્નજીવનનો અંત આણ્યો હોવાની ચર્ચાઓ પણ ફરી તેજ બની છે. જો કે, બિલ ગેટ્સે આ તમામ આરોપોને 'તદ્દન વાહિયાત અને સંપૂર્ણપણે ખોટા' ગણાવીને ફગાવી દીધા છે.

ભારતીય યુઝર્સ દ્વારા ગેટ્સ પર એવો પણ ગંભીર આરોપ લગાવવામાં આવ્યો છે કે, તેઓ ભારતને પોતાની પ્રોડક્ટ્સ માટે એક 'લેબોરેટરી' તરીકે વાપરી રહ્યા છે અને ભારતીયોને 'લેબ રેટ્સ' (પ્રયોગશાળાના ઉંદર) ગણી રહ્યા છે. કિસાન કોંગ્રેસના નેતાઓ અને અન્ય સોશિયલ મીડિયા યુઝર્સે દલીલ કરી હતી કે, ગંભીર આરોપો ધરાવતી વ્યક્તિ સાથે સત્તાવાર બેઠકો ટાળવી જોઈએ. રાજકીય પક્ષોએ આ મામલે સત્તાવાર મૌન જાળવ્યું છે પરંતુ જનતામાં આ મુલાકાતને લઈને ભારે રોષ જોવા મળી રહ્યો છે.

# અમેરિકામાં હાઈવે અકસ્માતો બાદ ટ્રક ડ્રાઈવરો માટે અંગ્રેજી ભાષાનું જ્ઞાન અને કડક નિયમો ટોચની પ્રાથમિકતા

(એજન્સી) વોશિંગ્ટન/ચંદીગઢ, તા.૧૬

અમેરિકામાં તાજેતરના મહિનાઓમાં થયેલા અનેક જીવલેણ હાઈવે અકસ્માતોને ધ્યાનમાં રાખીને ટ્રમ્પ વહીવટીતંત્રએ કોમર્શિયલ ડ્રાઈવિંગ લાયસન્સ (CDL) મેળવવા માંગતા વિદેશી નાગરિકો માટેના નિયમોમાં ધરખમ ફેરફાર કર્યા છે. નવા નિયમો હેઠળ, હવે વિદેશી ડ્રાઈવરો માટે અંગ્રેજી ભાષા પરની પકડ અને કડક ઈમિગ્રેશન સ્ટેટસની ચકાસણીને ફરજિયાત બનાવવામાં આવી છે. ફેડરલ મોટર કેરિયર સેફ્ટી એડમિનિસ્ટ્રેશન (FMCSA) દ્વારા જાહેર કરાયેલ આ સુધારેલા માળખાનો ઉદ્દેશ્ય માર્ગ સલામતી અને નિયમોનું ચુસ્ત પાલન સુનિશ્ચિત કરવાનો છે.

નવા નિયમો મુજબ હવે માત્ર ચોક્કસ વિઝા શ્રેણી (H-2A, H-2B અને E-2) ધરાવતા વિદેશી નાગરિકો જ CDL માટે અરજી કરી શકશે. અત્યાર સુધી એમ્પ્લોયમેન્ટ ઓથોરાઈઝેશન ડોક્યુમેન્ટ્સ (EAD) ધરાવતા શરણાર્થીઓ, આશ્રય શોધનારાઓ અને DACA પ્રાપ્તકર્તાઓ પણ લાયસન્સ મેળવી શકતા હતા પરંતુ હવે આ પ્રથાનો અંત લાવી દેવામાં આવ્યો છે. સત્તાવાર આંકડા મુજબ વર્ષ ૨૦૨૫માં ઓછામાં ઓછા ૧૭ જીવલેણ અકસ્માતો એવા ડ્રાઈવરો દ્વારા થયા હતા જેમના દસ્તાવેજોની યોગ્ય ચકાસણી થઈ શકી નહોતી. ખાસ કરીને હરજિંદર સિંહ, જશનપ્રીત સિંહ, રાજીન્દર કુમાર અને કમલપ્રીત સિંહ નામના ભારતીય મૂળના ડ્રાઈવરોના અકસ્માતોમાં સંડોવણી બાદ ફેડરલ અધિકારીઓએ સિસ્ટમની નબળાઈઓ તરફ ધ્યાન દોર્યું છે.

અમેરિકાના પરિવહન સચિવ સીન ડફીએ આ નીતિગત ફેરફારનો બચાવ કરતા જણાવ્યું હતું કે, 'લાંબા સમયથી અયોગ્ય વિદેશી ડ્રાઈવરો લાયસન્સ સિસ્ટમનો દુરૂપયોગ કરી રહ્યા હતા, જે આપણા રસ્તાઓ પર જોખમ ઊભું કરે છે. હવેથી અયોગ્ય ડ્રાઈવરો ૮૦,૦૦૦ પાઉન્ડના વિશાળ ટ્રક ચલાવવા માટે લાયસન્સ મેળવી શકશે નહીં.' ડફીના જણાવ્યા અનુસાર વહીવટીતંત્ર હવે ડ્રાઈવરો માટે અંગ્રેજી ભાષામાં નિપુણતાની જરૂરિયાતને પણ વધુ કડક રીતે અમલમાં મૂકશે, જેથી સંવાદ અને સુરક્ષાના ધોરણો જળવાઈ રહે.

આ નવા નિયમોને કારણે હવે સ્ટેટ મોટર વ્હીકલ એજન્સીઓએ લાયસન્સ આપતા પહેલા દરેક વિદેશી અરજદારના ઈમિગ્રેશન સ્ટેટસની 'SAVE' સિસ્ટમ દ્વારા ઓનલાઈન ચકાસણી કરવી પડશે. જો કે, આ નિર્ણયથી ટ્રકિંગ ઉદ્યોગમાં ડ્રાઈવરોની અછત સર્જાવાની ભીતિ સેવાઈ રહી છે પરંતુ સરકારનું માનવું છે કે, હાઈવે સુરક્ષા અને લાયસન્સ પ્રક્રિયાની પારદર્શિતા જાળવવી વધુ અનિવાર્ય છે. આ નીતિગત પરિવર્તનને કારણે આગામી સમયમાં કાયદાકીય અને રાજકીય ચર્ચાઓ પણ વેગ પકડે તેવી શક્યતા છે.

# મૂસેવાલાના માતા-પિતાના વિરોધના થોડા દિવસો પછી, ગાયકની કંપનીઓ સાથે જોડાયેલી છેતરપિંડી અંગે FIR નોંધાઈ

(એજન્સી) તા.૧૬

મૃતક ગાયક શુભદીપ સિંહ ઉર્ફે સિદ્ધુ મૂસેવાલાના માતા-પિતાએ અહીં જિલ્લા વહીવટી સંકુલમાં સ્થિત SSP ઓફિસની બહાર વિરોધ પ્રદર્શન કર્યાના પાંચ દિવસ પછી, માનસા સદર પોલીસે બે વ્યક્તિઓ અને એક ડિજિટલ મનોરંજન કંપની સામે છેતરપિંડીનો કેસ નોંધ્યો છે. બુધવારે યોજાયેલા વિરોધ પ્રદર્શનમાં માતાપિતા લગભગ પાંચ કલાક સુધી ફ્લોર પર બેઠા હતા, જેમાં તેમના સ્વર્ગસ્થ પુત્રની માલિકીની બે કંપનીઓ સાથે કથિત નાણાકીય છેતરપિંડી અંગે લગભગ છ મહિના પહેલા નોંધાયેલી ફરિયાદ પર FIR નોંધવાની માંગ કરવામાં આવી હતી. મૂસા ગામના રહેવાસી મૂસેવાલાની માતા ચરણ કૌર દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદ પર બીએનએસની કલમ ૩૧૬ (૨), ૩૩૬ (૨), ૩૩૬ (૩), ૩૩૮, ૩૪૦ (૨), ૩૪૪, ૬૬, ૩૧૮ (૪) અને ૬૧ (૨) હેઠળ ગુરપ્રીત સિંહ, શબ્બીર મોમિન અને વન ડિજિટલ નેટવર્ક પ્રાઈવેટ લિમિટેડ વિરૂદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે. માનસાના એસએસપી ભગીરથ સિંહ મીણાએ પુષ્ટિ આપી કે કેસ નોંધવામાં આવ્યો છે. 'આ મામલો તપાસ હેઠળ છે, અને બે વ્યક્તિઓ અને એક ખાનગી કંપની સામે એફઆઈઆર નોંધવામાં આવી છે,' એસએસપીએ ધ ટ્રિબ્યુન સાથે વાત કરતા જણાવ્યું. જો કે, મૂસેવાલાના માતા-પિતા, બલકૌર સિંહ અને ચરણ કૌરે બુધવારે તેમના વિરોધ દરમિયાન રકમનો ઉલ્લેખ કર્યો ન હતો, સૂત્રોએ જણાવ્યું હતું કે ફરિયાદ લગભગ USD ૩૭ લાખની છે. બુધવારે તેઓ લગભગ પાંચ કલાક સુધી ફ્લોર પર બેઠા રહ્યા, સિવાય કે ઓફિસમાં ડીઆઈજી ભટિંડા રેન્જ હરજીત સિંહ અને એસએસપી સાથે બે રાઉન્ડની વાતચીત થઈ. મીડિયા સાથે વાત કરતા, બલકૌર સિંહે કહ્યું હતું કે, "અમે મારા પુત્રના પૂર્વ મેનેજર અને બે અન્ય લોકો સામે અમારી બે કંપનીઓ સાથે સંબંધિત નાણાકીય છેતરપિંડી માટે ડીજીપી ગૌરવ યાદવ પાસે ઔપચારિક ફરિયાદ નોંધાવી હતી.

# ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ માટે પહેલી બોર્ડ પરીક્ષા આપવી ફરજિયાત : CBSE

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE)એ સ્પષ્ટતા કરી છે કે ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ માટે પ્રથમ બોર્ડ પરીક્ષામાં બેસવું ફરજિયાત છે, અને જે લોકો પ્રથમ આવૃત્તિમાં ઓછામાં ઓછા ત્રણ વિષયોનો પ્રયાસ નહીં કરે તેમને આવશ્યક પુનરાવર્તન શ્રેણીમાં મૂકવામાં આવશે, એમ અધિકારીઓએ જણાવ્યું હતું. CBSE ૨૦૨૭થી ધોરણ-૧૦ માટે બે બોર્ડ પરીક્ષાઓથી શરૂઆત કરી રહ્યું છે. બોર્ડ દ્વારા આ સ્પષ્ટતા કેટલીક વિનંતીઓ પ્રાપ્ત થયા પછી આવી છે જેમાં કહેવામાં આવ્યું છે કે, કેટલાક કારણોસર, ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ પ્રથમ બોર્ડ પરીક્ષામાં બેસવા સક્ષમ રહેશે નહીં, તેથી તેમને બીજી બોર્ડ પરીક્ષામાં બેસવાની મંજૂરી આપવી જોઈએ. બધા વિદ્યાર્થીઓ માટે પ્રથમ બોર્ડ પરીક્ષામાં બેસવું ફરજિયાત છે. બધા પાસ થયેલા અને લાયક વિદ્યાર્થીઓને વિજ્ઞાન, ગણિત, સામાજિક, વિજ્ઞાન અને ભાષાઓમાંથી કોઈપણ વિષયમાં તેમનું પ્રદર્શન સુધારવાની મંજૂરી આપવામાં આવશે, CBSE પરીક્ષા નિયંત્રક સંયમ ભારદ્વાજે જણાવ્યું હતું. જો કોઈ વિદ્યાર્થીએ પહેલી પરીક્ષામાં ત્રણ કે તેથી વધુ વિષયોમાં પરીક્ષા આપી ન હોય, તો તેને બીજી પરીક્ષામાં બેસવાની મંજૂરી આપવામાં આવશે નહીં. આવા વિદ્યાર્થીઓને આવશ્યક પુનરાવર્તન શ્રેણીમાં મૂકવામાં આવશે અને તેઓ આવતા વર્ષે ફેબ્રુઆરી મહિનામાં મુખ્ય પરીક્ષાઓમાં જ પરીક્ષા આપી શકશે, તેમણે ઉમેર્યું.

# JEE મેન્સ પરિણામ ૨૦૨૬ લાઈવ અપડેટ્સ, jeemain.nta.nic.in : શું પરિણામ લિંક સક્રિય છે; પરિણામનો સમય અને સ્કોરકાર્ડ કેવી રીતે ડાઉનલોડ કરવું તે જાણો

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) આજે - ૧૬ ફેબ્રુઆરી, ૨૦૨૬ સોમવારના રોજ, જોઈન્ટ એન્ટ્રન્સ એક્ઝામિનેશન (JEE) ૨૦૨૬ સત્ર ૧ના અંતિમ પરિણામો જાહેર કરી. આ સ્કોરકાર્ડ્સ ૨૧થી ૨૯ જાન્યુઆરી, ૨૦૨૬ દરમિયાન લેવામાં આવેલી JEE પરીક્ષા માટે છે. એકવાર જાહેર થયા પછી, સત્ર ૧ની પરીક્ષા આપનારા ઉમેદવારો તેમના JEE મેન્સ સ્કોરકાર્ડ સત્તાવાર JEE અથવા NTA વેબસાઈટ, એટલે કે jeemain.nta.nic.in અથવા nta.ac.in પર ચકાસી શકશે. અંતિમ આન્સર કી ગઈકાલે સત્તાવાર વેબસાઈટ પર પ્રકાશિત કરવામાં આવી છે. B.E./B.Tech માટે JEE સત્ર ૧ (જાન્યુઆરી ૨૦૨૫)ના પરિણામો ૧૧ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ જાહેર કરવામાં આવ્યા હતા.

**JEE મેન્સ ૨૦૨૫ ટોપર્સ :** આયુષ સિંઘલ - રાજસ્થાન, કુશાગ્ર ગુપ્તા - કર્ણાટક, દક્ષ - દિલ્હી (NCT), હર્ષ ઝા - દિલ્હી (NCT), રજિત ગુપ્તા - રાજસ્થાન, શ્રેયસ લોહિયા - ઉત્તર પ્રદેશ, સક્ષમ જિન્દાલ - રાજસ્થાન, સૌરવ - ઉત્તર પ્રદેશ, વિષાદ જૈન - મહારાષ્ટ્ર, અર્ણવ સિંહ - ગુજરાત, ગુજરાત રાજ્યપાલ શિવસિંહ જાડેજા, રાજેન્દ્રસિંહ જાડેજા ગુથીકોંડા - આંધ્રપ્રદેશ, ઓમ પ્રકાશ બેહેરા - રાજસ્થાન અને બાની બ્રતા માજી - તેલંગાણા.

JEE મુખ્ય સત્ર ૧ પરિણામ ૨૦૨૬ને ઍક્સેસ કરવા માટે, વિદ્યાર્થીઓએ ઉમેદવારની લૉગિન વિન્ડોમાં તેમના લૉગિન ઓળખપત્રો, જેમ કે એપ્લિકેશન નંબર અને પાસવર્ડ કી કરવાની જરૂર છે.

JEE મુખ્ય સત્ર ૧ પરિણામ : સ્કોરકાર્ડ તપાસવાનાં પગલાં

પગલું ૧ : jeemain.nta.nic.in પર સત્તાવાર JEE મુખ્ય વેબસાઈટની મુલાકાત લો

પગલું ૨ : JEE મેન્સ ૨૦૨૬ સત્ર ૧ પરિણામ લિંક પર ક્લિક કરો

પગલું ૩ : તમારા ઓળખપત્રો દાખલ કરો, જેમ કે એપ્લિકેશન નંબર અને જન્મ તારીખ, અથવા એપ્લિકેશન નંબર અને પાસવર્ડ

પગલું ૪ : તમારા સ્કોરકાર્ડ તમારી સ્ક્રીન પર ઉપલબ્ધ થશે

પગલું ૫ : ભવિષ્યના સંદર્ભ માટે સ્કોરકાર્ડ તપાસો અને ડાઉનલોડ કરો.

# ચૂંટણી પંચનો મમતા બેનરજીના અધિકારીઓ પર ચાલ્યો દંડો પશ્ચિમ બંગાળમાં ૭ અધિકારીઓ સસ્પેન્ડ : SIRથી છે સીધું કનેક્શન

**ન્યુઝ GT પોઈન્ટ** શું મુસ્લિમ મતદાતાનાં નામ કટ ના કરે તો એ નોકરીમાં ગેરવર્તણૂક કહેવાય ? બી.એલ.ઓ.ને બીવડાવવાની અથાક મહેનત કેટલાય નિર્દોષ લોકોને મતદાન અને ત્યારબાદ નાગરિકતામાંથી વંચિત કરી દેશે ?

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

ચૂંટણી પંચે રાજ્યમાં ચાલી રહેલી વિશેષ સઘન સુધારણા (SIR) પ્રક્રિયાના સંબંધમાં 'ગંભીર ગેરવર્તણૂક, ફરજમાં અવગણના અને વૈધાનિક સત્તાના દુરુપયોગ' માટે સહાયક ચૂંટણી નોંધણી અધિકારીઓ (AEROs)ના સ્તરે પશ્ચિમ બંગાળ સરકારના સાત અધિકારીઓને તાત્કાલિક સસ્પેન્ડ કરવાનો આદેશ આપ્યો છે. પંચે પશ્ચિમ બંગાળના મુખ્ય સચિવને તમામ સાત અધિકારીઓ સામે શિસ્તભંગની કાર્યવાહી શરૂ કરવામાં આવે તે સુનિશ્ચિત કરવાનો નિર્દેશ આપ્યો છે. તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરાયેલા અધિકારીઓમાં સમસેરગંજ વિધાનસભા મતવિસ્તાર (AC)ના ઈરોસનો સમાવેશ થાય છે; ફરક્કા એસી; મયનાગુરી એસી; સુતી એસી; કેનિંગ પર્બો એસી; અને ડેબ્રા એસી. સૂત્રોના જણાવ્યા અનુસાર, એવું જણાયું હતું કે આ તમામ અધિકારીઓ, સંબંધિત ACમાં અંતિમ પ્રકાશન માટે મૂકવામાં આવેલા કેસોની ચકાસણી દરમિયાન, નિર્ધારિત દસ્તાવેજો, મેપિંગ અને મતદારોની યોગ્યતામાં વિસંગતતાઓ સબમિટ ન કરવા છતાં અને સુધારાત્મક પગલાં લેવામાં નિષ્ફળ ગયા હોવા છતાં, અયોગ્ય કેસો મંજૂર કર્યા હતા અને તેમની વૈધાનિક સત્તાનો દુરૂપયોગ કર્યો હતો. ECએ સોમવારે તેના આદેશમાં જણાવ્યું હતું કે, RP એક્ટ ૧૯૫૦ની કલમ 13CC હેઠળ તેની સત્તાઓનો ઉપયોગ કરીને, ભારતના ચૂંટણી પંચે પશ્ચિમ બંગાળમાં ગંભીર ગેરવર્તણૂક, ફરજમાં બેદરકારી અને SIR સાથેના સંબંધમાં વૈધાનિક સત્તાના દુરૂપયોગ માટે તાત્કાલિક અસરથી ૭ અધિકારીઓને સસ્પેન્ડ કર્યા છે. કમિશને, 'કોઈપણ વિલંબ કર્યા વિના' તેમના સંબંધિત સંવર્ગ નિયંત્રણ સત્તાવાળાઓ દ્વારા અધિકારીઓ સામે શિસ્તની કાર્યવાહી શરૂ કરવાનો આદેશ આપતાં જણાવ્યું હતું કે તેને આ સંદર્ભે જાણ કરવી જોઈએ.




સસ્પેન્ડ કરાયેલા અધિકારીઓમાં મુર્શિદાબાદ જિલ્લાના સમસેરગંજ એસીના એઈઆરઓ સેફઉરરહમાન અને કૃષિ વિભાગમાં સહાયક નિયામક; નીતિશ દાસ, ફરાક્કા મહેસૂલ અધિકારી અને ફરક્કા AERO; ડાલિયા રે ચૌધરી, મહિલા વિકાસ અધિકારી, મયનાગુરી અને મયનાગુરી ACના AERO; અને મુર્શીદઆલમ, ADA, બ્લોક અને AERO સુતી AC કેનિંગ પુરબો AC બે AERO સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા, જેમ કે સત્યજીત દાસ, જોઈન્ટ બ્લોક ડેવલપમેન્ટ ઓફિસર (BDO) અને જોયદીપકુંડુ, FEO સાતમા અધિકારી દેબાશીસ બિસ્વાસ, સંયુક્ત BDO અને ડેબ્રા ACના AERO છે.

# 'પવન ખેરા એક કઠપૂતળી છે; શશિ થરૂર વિદેશ મંત્રી બનવા માંગે છે' : મણિશંકર ઐયરે ફરી એકવાર બાફ્યું; કોંગ્રેસ પક્ષને શરમજનક સ્થિતિમાં મૂક્યો

## ઐયરે કહ્યું કે કેરળમાં કોંગ્રેસના નેતાઓ "સામ્યવાદીઓ કરતાં પોતાને વધુ નફરત કરે છે"

(એજન્સી) તા.૧૬

કોંગ્રેસના વરિષ્ઠ નેતા મણિશંકર ઐયરે ફરી એકવાર પોતાના પક્ષને બચાવની સ્થિતિમાં મૂકી દીધો છે. કેરળના મુખ્યમંત્રી પિનરાઈ વિજયનની પ્રશંસા કરીને અને રાજ્યમાં સામ્યવાદી સરકાર માટે બીજા કાર્યકાળની આગાહી કરીને પોતાના પક્ષને નારાજ કર્યાના એક દિવસ પછી, ઐયરે શશી થરૂર અને પવનખેરા સહિત પોતાના પક્ષના સાથીદારો પર નિશાન સાધ્યું છે.



આપનારા ઐયરે પંચાયતી રાજમાં કેરળની પ્રગતિની પ્રશંસા કરી હતી અને નોંધ્યું હતું કે કેરળ આ ક્ષેત્રમાં આગળ છે, ત્યારે તે કાયદામાં બીજા ક્રમે છે.

ઐયરની ટિપ્પણી પર પ્રતિક્રિયા આપતા, પવનખેરાએ જણાવ્યું હતું કે તેમનો ઘણા વર્ષોથી પાર્ટી સાથે કોઈ સંબંધ નથી અને તેઓ ફક્ત તે વ્યક્તિગત રીતે નિવેદન આપે છે. કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે ભારપૂર્વક

## તેમણે કહ્યું કે, હું રાહુલવાદી નથી' : મણિશંકર ઐયરની વિજયન સરકારને સમર્થન આપતી ટિપ્પણીથી મોટો વિવાદ

એનડીટીવી સાથેની એક મુલાકાતમાં, ઐયરે કોંગ્રેસના કેરળ એકમમાં આંતરિક ઝઘડાનો આરોપ લગાવ્યો, અને દાવો કર્યો કે પક્ષના નેતાઓ "સામ્યવાદીઓ કરતાં પોતાને વધુ નફરત કરે છે." તેમણે પવનખેરાનો ઉલ્લેખ કોંગ્રેસ પક્ષની "કઠપૂતળી" તરીકે પણ કર્યો હતો અને કહ્યું કે, ખેરા છેલ્લા બે વર્ષથી મારા પર આરોપ લગાવી રહ્યા છે. જો કોંગ્રેસ પાર્ટી પવનખેરા સિવાય કોઈને પ્રવક્તા નહીં મળે, તો તે જે સ્થિતિમાં છે તે જ સ્થિતિમાં રહેશે. ઐયરે તિરૂવનંતપુરમના ચાર વખત સાંસદ રહેલા શશી થરૂરની પણ ટીકા કરી હતી અને તેમના પર આગામી વિદેશ મંત્રી બનવાની મહત્વાકાંક્ષા રાખવાનો આરોપ લગાવ્યો હતો. કેરળના મુખ્યમંત્રી પિનરાઈ વિજયન માટે રાજ્યની આગામી વિધાનસભા ચૂંટણી પહેલા ત્રીજા કાર્યકાળની આગાહી કર્યાના એક દિવસ પછી પીઢ નેતાની આ તીખી ટિપ્પણી આવી હતી. કોંગ્રેસના નેતૃત્વ હેઠળની યુપીએ સરકાર દરમિયાન પંચાયતી રાજના કેન્દ્રીય મંત્રી તરીકે સેવા જણાવ્યું હતું કે કેરળના લોકો "વધુ જવાબદાર અને પ્રતિભાવશીલ શાસન" માટે યુડીએફને ફરીથી સત્તામાં લાવશે. તેમાં કોઈ શંકા નથી કે, કેરળના લોકો યુડીએફને પાછું લાવશે. તેઓ એ પણ જાણે છે કે એલડીએફ અને ભાજપ છુપાયેલા ભાગીદારો છે. સ્થાનિક રીતે, કેરળના કોંગ્રેસના નેતાઓ પણ ઐયરની ટિપ્પણીથી નારાજ હતા, પક્ષના પ્રવક્તા જિન્ટો જોને ઐયરની ટીકા કરતા કહ્યું હતું કે તેઓ "સમય કે સામાન્ય લોકો સાથે ન્યાય કરતા નથી તેવા બૌદ્ધિક" છે.

# 'હીરો' કે 'દેશદ્રોહી' ? મહારાષ્ટ્રમાં ફરી એકવાર ટીપુ સુલતાન અંગે ચર્ચા : કોંગ્રેસે ભાજપ પર બેવડા ધોરણોનો આરોપ લગાવ્યો

## કોંગ્રેસે ભાજપ પર મુખ્ય મુદ્દાઓ પરથી ધ્યાન હટાવવા માટે ટીપુના મુદ્દાનો ઉપયોગ કરવાનો પણ આરોપ લગાવ્યો છે

(એજન્સી) મુંબઈ, તા.૧૬

મુઘલ સમ્રાટ ઔરંગઝેબ પછી હવે ૧૮મી સદીના મૈસુરના શાસક ટીપુ સુલતાનનું ભૂત મહારાષ્ટ્રના રાજકારણમાં છવાઈ ગયું છે. તાજેતરનો વિવાદ કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ હર્ષવર્ધન સપકલ દ્વારા છત્રપતિ શિવાજીની બહાદુરીની તુલના ટીપુ સુલતાન સાથે કરવામાં આવેલી ટિપ્પણી પછી થયો છે. સપકલે મીડિયાને જણાવ્યું હતું કે, 'છત્રપતિ શિવાજી મહારાજ પાસે જે પ્રકારની બહાદુરી હતી અને તેમણે રજૂ કરેલી 'સ્વરાજ્ય'ની વિભાવના... ઘણા સમય પછી તે જ પરંપરાને અનુસરીને અને તેમના આદર્શોમાંથી પ્રેરણા લઈને, ટીપુ સુલતાન અંગ્રેજો સામે યુદ્ધ કર્યું. તે અર્થમાં ટીપુ સુલતાન એક મહાન યોદ્ધા હતા જેમણે અપાર બહાદુરી દર્શાવી હતી અને ભારતના સાચા પુત્ર હતા. તેમણે ક્યારેય કોઈ ઝેરી કે સાંપ્રદાયિક વિચારોને પોતાને પ્રભાવિત થવા દીધા નહીં. બહાદુરીના પ્રતીક તરીકે, આપણે ટીપુ સુલતાનને છત્રપતિ શિવાજી મહારાજની સમકક્ષ માનવું જોઈએ.' જો કે, સપકલે પાછળથી સ્પષ્ટતા કરી હતી કે, તેમનો મતલબ હતો કે, ટીપુ સુલતાન અંગ્રેજો સામેની લડાઈમાં છત્રપતિ શિવાજીના સ્વરાજ્ય આદર્શનું પાલન કરતા હતા, ભાજપે રવિવારે પુણેમાં કોંગ્રેસ ભવનની બહાર વિરોધ પ્રદર્શન કર્યું. આ વિરોધ પ્રદર્શનમાં પથ્થરમારામાં નવ લોકો ઘાયલ થયા હતા. આનાથી એક મોટો વિવાદ ઊભો થયો જ્યાં કોંગ્રેસ અને શિવસેના યુબીટી ભાજપ પર ટીપુ સુલતાન પર કથિત બેવડા ધોરણોનો આરોપ લગાવી રહ્યા છે. વિપક્ષનો દાવો છે કે, એક દાયકા પહેલા ભાજપે શહેરના એક રસ્તાનું નામ ટીપુ સુલતાનના નામ પર રાખવાનો પ્રસ્તાવ મૂક્યો હતો પરંતુ ભાજપ આ વાતનો ઈન્કાર કરે છે. કોંગ્રેસે X પર લખ્યું, '૨૦૧૩માં ભાજપના કોર્પોરેટરો દ્વારા શિવાજીનગર રોડ નં.૪, જે મુંબઈના એમ/ઈસ્ટ વોર્ડમાં બાજીપ્રભુ દેશપાંડે માર્ગથી શરૂ થાય છે અને રફી નગર નાળા સુધી વિસ્તરે છે, તેનું નામ શહીદ ટીપુ સુલતાન માર્ગ રાખવાનો પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો.' કોંગ્રેસનું કહેવું છે કે, આ પ્રસ્તાવ તત્કાલીન બીએમસી સ્ટેન્ડિંગ કમિટી (જેના વર્તમાન મેયર રિતુ તાવડે સભ્ય હતા) દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો અને ભાજપના મુંબઈ પ્રમુખ અમિત સતમ દ્વારા તેનું સમર્થન કરવામાં આવ્યું હતું. શિવસેનાના મુખપત્ર UBTએ જણાવ્યું હતું કે, 'BMCમાં ભાજપનો ટીપુ પ્રત્યેનો 'પ્રેમ' દર્શાવતા દસ્તાવેજો દરેકને જોવા માટે ઉપલબ્ધ છે. ભાજપે ભૂતકાળમાં ઘણી વખત પોતાના રાજકીય લાભ માટે ટીપુ સુલતાનનો ઉપયોગ કર્યો છે અને હવે તેઓએ તેની કબર ખોદી છે પરંતુ દુઃખની વાત છે કે૪ તેઓ પોતે જ તે કબરમાં પડ્યા છે.' પરંતુ ભાજપના મંત્રી મંગલપ્રભાત લોઢાએ આ વાતનો ઈન્કાર કર્યો હતો. સોમવારે પત્રકારો સાથે વાત કરતા લોઢાએ કહ્યું હતું કે, 'અમે ક્યારેય ટીપુ સુલતાનનું નામ ક્યાંય પ્રસ્તાવિત કર્યું નથી. હકીકતમાં અમે હંમેશા તેમના નામ પરથી બગીચાઓ કે રસ્તાઓનું નામકરણ કરવાનો વિરોધ કર્યો છે. તેથી મને આ બધી ખબર નથી.' ૧૮મી સદીના મૈસુરના શાસક ટીપુ સુલતાન અંગેના મંતવ્યો વિભાજિત છે. તેમના સમર્થકો તેમને અંગ્રેજો સામેની લડાઈનું નેતૃત્વ કરનાર સંસ્થાનવાદ વિરોધી નાયક તરીકે જુએ છે. તેમના ટીકાકારો, તેમને એક ધર્માંધ અને ધાર્મિક સતામણી કરનાર તરીકે વર્ણવે છે. ૨૦૨૧માં સમાજવાદી કોર્પોરેટર રૂક્સાના સિદ્દીકીએ BMCના બગીચા અને બજાર સમિતિને પત્ર લખીને ગોવંડીમાં એક બગીચાનું નામ ટીપુ સુલતાનના નામ પર રાખવાની માંગ કરી હતી. આનો ભાજપ દ્વારા સખત વિરોધ કરવામાં આવ્યો હતો. ૨૦૨૨માં MVA શાસન દરમિયાન મુંબઈના તત્કાલીન વાલી મંત્રી અને માલવણીના કોંગ્રેસના નેતા અસલમ શેખે બગીચાનું ઉદ્દઘાટન કર્યું અને તેનું નામ ટીપુના નામ પર રાખ્યું. આ પગલાથી ભાજપ, VHP અને બજરંગ દળ વિરોધમાં આવ્યા હતા. ૨૦૨૨ના ઉત્તરાર્ધમાં મહાયુતિ



**કોંગ્રેસના એક નેતાએ ટીપુ સુલતાનની બહાદુરીને છત્રપતિ શિવાજી સાથે સરખાવ્યા બાદ મહારાષ્ટ્રમાં વિવાદ ફાટી નીકળ્યો છે જેના કારણે ભાજપનો વિરોધ શરૂ થયો છે, વિરોધ પક્ષો ભાજપ પર બેવડા ધોરણોનો આરોપ લગાવે છે અને ભૂતકાળમાં રસ્તાઓનું નામ ટીપુ સુલતાનના નામ પર રાખવાના પ્રસ્તાવોનો ઉલ્લેખ કરે છે જેનો ભાજપ ઈન્કાર કરે છે**

સરકાર સત્તામાં આવી તેના એક વર્ષ પછી તત્કાલીન પાલક મંત્રી મંગલપ્રભાત લોઢાએ બગીચામાંથી ટીપુ સુલતાનનું નામ હટાવી દીધું. ૨૦૨૩માં ધ પ્રિન્ટે કોલ્હાપુરમાં હિન્દુત્વ જૂથો અને સ્થાનિક મુસ્લિમ રહેવાસીઓ વચ્ચે સોશિયલ મીડિયા પર કથિત વાંધાજનક પોસ્ટ અને ઓડિયો સંદેશ શેર થયા બાદ ઘર્ષણ થયું હતું. પોલીસે સાત લોકોની ધરપકડ કરી હતી. હાલનો વિવાદ શનિવારે માલેગાંવના ડેપ્યુટી મેયર શાન-એ-હિંદ નિહાલ અહેમદના કાર્યાલયમાં ટીપુ સુલતાનનું ચિત્ર લટકાવવામાં આવ્યું ત્યારે શરૂ થયો હતો. ડેપ્યુટી મેયરે કહ્યું હતું કે, 'આ ચિત્ર મને મારા કોર્પોરેટરો દ્વારા ભેટમાં આપવામાં આવ્યું હતું. મને તેની સામે કોઈ વાંધો નથી. ટીપુ સુલતાન એક સ્વતંત્રતા સેનાની હતા જેમણે બ્રિટિશરો સામે લડત આપી હતી. ટીપુ સુલતાનના જન્મદિવસની ઉજવણી પર પ્રતિબંધ મૂકવા માટે કેટલાક લોકોએ કોર્ટમાં અરજી કર્યા પછી સરકારે પણ આ વાતનો ઉલ્લેખ કર્યો છે.' પરંતુ મહારાષ્ટ્રમાં શાસક મહાયુતિનો ભાગ, એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેના, જે ચિત્ર સામે વાંધો ઉઠાવી રહી હતી, તે પછી તેને હટાવી દેવામાં આવ્યું હતું. જો કે, માલેગાંવના ડેપ્યુટી મેયર નિહાલ અહેમદે મીડિયાને જણાવ્યું હતું કે, ઓફિસનું નવીનીકરણ થઈ રહ્યું હોવાથી ચિત્ર દૂર કરવામાં આવ્યું હતું અને તેને ફરીથી બદલવામાં આવશે. પહેલો ફોટો મહાત્મા ગાંધી અને પછી આપણા બંધારણના ઘડવૈયા ડૉ.બાબાસાહેબ આંબેડકરનો હોવો જોઈએ. ટીપુ સુલતાન પર વિવાદ કેમ થવો જોઈએ ? શું તેમણે અંગ્રેજો સામે લડતી વખતે પોતાનો જીવ ગુમાવ્યો ન હતો ? પરંતુ કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ હર્ષવર્ધન સપકલના નિવેદનથી વિવાદ વધ્યો છે. સોમવારે તેમણે ભાજપ પર ટીપુ સુલતાન મુદ્દાનો ઉપયોગ મૂળભૂત સુવિધાઓના અભાવ અને એપસ્ટીન ફાઈલોની સામગ્રી પરથી લોકોનું ધ્યાન હટાવવા માટે કરવાનો આરોપ મૂક્યો હતો. મહારાષ્ટ્ર કોંગ્રેસના પ્રવક્તા સચિન સાવંતે પણ ભાજપ પર પ્રહારો કર્યા, તેના પર 'બેવડા ધોરણો' અને ધ્રુવીકરણના એજન્ડાને અનુસરવાનો આરોપ લગાવ્યો છે.

### ટ્રમ્પ સરકાર પર ઓબામાનો મોટો શાબ્દિક હુમલો

# 'જરાય શરમ રહી નથી, જોકરોનો શો ચાલી રહ્યો છે' : ઓબામા

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

પૂર્વ રાષ્ટ્રપ્રમુખ બરાક ઓબામાએ વર્તમાન ટ્રમ્પ સરકારમાં અમેરિકન રાજનીતિના ઘટતાં સ્તરને શાબ્દિક હુમલો કર્યો છે. ઓબામાએ ટ્રમ્પના બીજા કાર્યકાળ દરમિયાન અમેરિકાના રાજનીતિને 'જોકરોનો શૉ' ગણાવ્યો હતો. તેમણે કહ્યું કે, 'વ્હાઈટ હાઉસમાં તાજેતરના નિવેદન મોટાભાગે અમેરિકનને પરેશાન કરવામાં આવ્યા છે. 'બ્રાયન ટાયલર કોહેનના 'નો લાઈ' પોડકાસ્ટ પર વાતચીત કરતી વખતે ઓબામાએ પૂર્વ પ્રથમ મહિલા મિલેશ ઓબામા અને તેઓને આપત્તિજનક રીતે બતાવવામાં આવેલા વીડિયો વિશે વાત કરી હતી. આ મુદ્દે ટ્રમ્પ દ્વારા માફી ન માંગવા અને કર્મચારીની



## 'અમે વિપક્ષી રાજ્યો સામે સૈન્ય કે નાણાકીય શક્તિનો ખોટો ઉપયોગ કરી શકતા હતા, પરંતુ તે લોકશાહીમાં કામ કરવાની રીતની વિરૂદ્ધમાં છે'

ભૂલ ગણાવી હતી. આ મામલે ઓબામાએ કહ્યું કે, 'મોટાભાગના અમેરિકાના લોકો આ વ્યવહારને વધુ હેરાન કરનારો માને છે.' શાણપણ અને મર્યાદા ઘટી રહી છે, ત્યારે ઓબામાએ ઈન્ટરનેટ અને ટેલિવિઝન પર વર્તમાન રાજકારણને સર્કસ ગણાવ્યું હતું. તેમણે કહ્યું, 'એક પ્રકારનો 'જોકરોનો શૉ' ચાલી રહ્યો છે. સત્ય એ છે કે, જેઓ એક સમયે માનતા હતા કે પદ માટે શિષ્ટાચાર, મર્યાદા અને આદર હોવો જોઈએ, તેમનામાં હવે કોઈ શરમ રહી નથી. તે ખોવાઈ ગયું છે. 'જ્યારે કોહેને 'સંવાદનું પતન' અને ઈમિગ્રેશન ઝુંબેશ દરમિયાન નાગરિકોના મોતને 'ઘરેલુ આતંકવાદી' કહેવાનો સવાલ ઉઠાવ્યો ત્યારે ઓબામા આ મુદ્દાને ધ્યાન ભટકાવવાની રાજનીતિ ગણાવી હતી. તેમણે કહ્યું કે, 'મોટાભાગના લોકો સરળતા અને દયાભાવમાં વિશ્વાસ રાખે છે. 'રિપબ્લિકન પાર્ટીની કાર્યપ્રણાલીની ટીકા કરતા ઓબામાએ કહ્યું કે, તેઓ ફક્ત સ્થાપિત નિયમો અને કાયદાઓને અસ્પષ્ટ કરી રહ્યા છે જે રચનાત્મક પગલાં લેવા કરતાં સરળ છે. તેમણે ડેમોક્રેટ્સને રિપબ્લિકન-શૈલીના "બાળી નાખો અને નાશ કરો" અભિગમ અપનાવવા સામે ચેતવણી આપી હતી. ઓબામાએ કહ્યું કે, 'હું નથી ઈચ્છતો કે સત્યની ચિંતા ન કરીએ, જેવું અન્ય પક્ષ કરી રહ્યું છે. જો આપણે એ રીતે લડીશું તો આપણી એ ખોઈ બેસીસું કે જેના માટે આપણે લડી રહ્યા છીએ.' તેમણે પોતાના કાર્યકાળનું ઉદાહરણ આપતા કહ્યું કે, 'અમે વિપક્ષી રાજ્યો સામે સૈન્ય કે નાણાકીય શક્તિનો ખોટો ઉપયોગ કરી શકતા હતા, પરંતુ તે લોકશાહીમાં કામ કરવાની રીતની વિરૂદ્ધમાં છે.' ઓબામાએ અંતમાં સમર્થકો પાસે આગ્રહ કર્યો કે આ મુશ્કેલી પડકારથી નિરાશ ન થાઓ, કારણ કે લોકશાહીના બચાવનું કાર્ય હંમેશા થોડું મુશ્કેલ હોય છે.

### લોકોએ બીએનપીની તરફેણમાં સ્પષ્ટ ચુકાદો આપ્યો

# ભારત સાથે બાંગ્લાદેશ નવેસરથી સંબંધો ઊભા કરવા માગે છે : રહેમાનના સલાહકાર

## ૨૦૨૪ના ઓગસ્ટમાં થયેલા બળવા પછી ભારત ભાગી આવેલાં શેખ હસીનાને આતંકવાદી ગણાવ્યા હતા

(એજન્સી) ઢાકા, તા.૧૬

બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટીના વડા તારીક રહેમાનના સલાહકાર હુમાયુ કબીરે જણાવ્યું હતું કે પદભ્રષ્ટ વડાપ્રધાન શેખ હસીના અને તેમનો અવામી લીગ પક્ષ હવે સત્તામાં નથી ત્યારે બાંગ્લાદેશ ભારત સાથે નવેસરથી સંબંધો સ્થાપિત કરવા માગે છે, પરંતુ બદલાયેલી આ વાસ્તવિકતાને સ્વીકારવાની જવાબદારી નવી દિલ્હી પર છે. બંને દેશોએ પરસ્પરના લાભ માટે સાથે મળીને કામ કરવું જોઈએ. બાંગ્લાદેશમાં ગુરુવારે યોજાયેલી ઐતિહાસિક સંસદીય ચૂંટણીમાં રહેમાનની બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી નો બે તૃતીયાંશથી વધુ બહુમતી સાથે શાનદાર વિજય થયો હતો.



એક ઈન્ટરવ્યૂમાં કબીરે ભારપૂર્વક જણાવ્યું હતું કે ચૂંટણીમાં બીએનપીને મળેલા પ્રચંડ જનાદેશ પછી બાંગ્લાદેશમાં બદલાયેલી રાજકીય વાસ્તવિકતાને સ્વીકારવાની જવાબદારી ભારતની છે. ભારતની માનસિકતામાં પરિવર્તન જરૂરી છે. આજના બાંગ્લાદેશમાં શેખ હસીના અને આવામી લીગ હવે અસ્તિત્વમાં નથી. લોકોએ બીએનપીની તરફેણમાં સ્પષ્ટ ચુકાદો આપ્યો છે. ૨૦૨૪ના ઓગસ્ટમાં થયેલા બળવા પછી ભારત ભાગી આવેલા શેખ હસીનાને આતંકવાદી ગણાવ્યા હતાં અને તેમને ૧,૫૦૦થી વધુ લોકોના મૃત્યુ માટે જવાબદાર ઠેરવ્યાં હતાં. કબીરે ભારત સરકારને અનુરોધ કર્યો હતો કે ભારતે સુનિશ્ચિત કરવું જોઈએ કે શેખ હસીના અથવા અવામી લીગના બીજા નેતાઓ બાંગ્લાદેશમાં અસ્થિરતા ફેલાવવા માટે તેની ભૂમિનો ઉપયોગ ન કરે.

# એક એવી વાર્તા જે આગળ વધવા માટે પ્રેરણાદાયી છે; માતા સફાઈ કામદાર છે, પિતા પટાવાળા છે, પુત્રીએ તેનું નસીબ બદલ્યું

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

જો તમારા ઉત્સાહમાં ઘટાડો થવા લાગે, તો આ યાદ રાખો: તમે સખત મહેનત વિના સિંહાસન અને મુગટ મેળવી શકતા નથી. તમે અંધારામાં તમારું લક્ષ્ય શોધી શકો છો, કારણ કે જુગનુ ક્યારેય પ્રકાશ પર નિર્ભર નથી. આ વાક્ય ઝારખંડની રિતિકા સુરીન દ્વારા સાચું સાબિત થયું છે. આજની સફળતાની વાર્તામાં, અમે તમારા માટે રિતિકા સુરીનની વાર્તા લઈને આવ્યા છીએ. ગ્રેટર નોઈડાની એક ખાનગી કોલેજમાં અભ્યાસ કરતી રિતિકાને ૨૦ લાખ રૂપિયાના વાર્ષિક પેકેજ સાથે કોલેજ પ્લેસમેન્ટ મળ્યું છે. રિતિકાના માતા-પિતા આ સફળતાથી ખૂબ ખુશ છે. નવલ સુરીનના મતે, મેં ક્યારેય કલ્પના પણ નહોતી કરી કે મારી પુત્રી આટલું સારું અભ્યાસ કરશે અને આટલું સારું કરશે. કોઈક રીતે, કઠિન જીવન જીવીને, અમે મારી પુત્રીને શિક્ષિત કરી છે. અમે હિન્દી



પણ અસ્ખલિત રીતે બોલી શકતા નથી, પરંતુ રિતિકા ખૂબ સારી અંગ્રેજી બોલે છે. થોડા દિવસો પહેલા, એક પ્રખ્યાત સોફ્ટવેર કંપની રિતિકાની કોલેજમાં પ્લેસમેન્ટ માટે આવી હતી. તેની મહેનત અને પ્રતિભાનો અંદાજ એ હકીકત પરથી લગાવી શકાય છે કે તેણીને તેના પહેલા પ્રયાસમાં ૨૦ લાખ રૂપિયાનું પેકેજ મળ્યું હતું. રિતિકાને એક ઓટો ડેસ્ક કંપનીમાં મૂકવામાં આવી છે. તેની આર્થિક સ્થિતિ ખૂબ જ નબળી છે. તેના માતાપિતા ૨૦ વર્ષ પહેલા તેમના પરિવારનું ગુજરાન ચલાવવા માટે ઝારખંડથી નોઈડા આવ્યા હતા. તે પછી, તેઓ પાછા જઈ શક્યા નહીં અને અહીં સ્થાયી થયા. રિતિકા કહે છે કે, મારે મારી જાતને સાબિત કરવું પડશે કે મને મળેલી તક માટે હું લાયક છું. મેં મારી માતાને સખત મહેનત કરતા જોયા છે. મારા પિતા જે કોલેજમાં મેં MBA કર્યું છે ત્યાં પટાવાળા તરીકે કામ કરે છે. હું આ બધું ક્યારેય ભૂલીશ નહીં. જે ખાનગી સંસ્થામાં રિતિકાએ MBA પૂર્ણ કર્યું છે તેના CEO કહે છે, રિતિકા અન્ય વિદ્યાર્થીઓ માટે પ્રેરણા બની છે. તેના સારા ગ્રેડ અને કૌટુંબિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, તેને ૫૦ ટકા શિષ્યવૃત્તિ આપવામાં આવી હતી. અભ્યાસક્રમના પુસ્તકો પણ મફતમાં ઉપલબ્ધ કરાવવામાં આવ્યા હતા.

# અકસ્માતમાં બંને પગ અને હાથ ગુમાવ્યા, છતાં UPSC પાસ કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

કહેવત છે, જ્યાં ઈચ્છા હોય છે, ત્યાં માર્ગ હોય છે. દિલ્હીના રાજીવ તિવારીએ આ કહેવતને સાચી સાબિત કરી છે. તેમણે ટ્રેન અકસ્માતમાં બંને પગ, એક હાથ અને બે આંગળીઓ ગુમાવી દીધી હતી. ડોક્ટરોએ ભારે પ્રયાસ પછી તેમનો જીવ બચાવ્યો. એ સાચું છે કે રાજીવે એક જ ઝટકામાં બધું ગુમાવ્યું હતું, પરંતુ તેમણે ક્યારેય હાર માની ન હતી. આ અકસ્માત પછી પણ, તેમણે પોતાનો અભ્યાસ ચાલુ રાખ્યો અને દેશની ટોચની યુનિવર્સિટી, JNUમાં પ્રવેશ મેળવ્યો. તેમના ઉત્તમ શિક્ષણને કારણે, રાજીવે ઝડપથી ત્યાંના પ્રોફેસરો સાથે સંબંધ વિકસાવ્યો. ત્યારબાદ તેમણે જેએનયુમાં જ સિવિલ સર્વિસીસ માટે



તૈયારી કરવાનું શરૂ કર્યું. તેઓ IIT દિલ્હીના ઘણા પ્રોફેસરોને પણ મળ્યા, જેમના વિશે તેમણે કહ્યું કે તેઓ હંમેશા તેમને પ્રોત્સાહન આપતા હતા. રાજીવ સમજાવે છે કે કોઈપણ ઘા શારીરિક નથી, પરંતુ માનસિક છે. જો તમે કંઈક પ્રાપ્ત કરવા માટે મક્કમ છો, તો તમને કંઈ રોકી શકશે નહીં. રાજીવ પોતાની સફળતાનો શ્રેય તેમના પરિવાર, JNU અને IITને આપે છે. તેઓ એમ પણ કહે છે કે ડોક્ટરોએ તેમને જીવન આપ્યું છે અને તેઓ તેના માટે આભારી છે. રાજીવના મતે, જીતનો એકમાત્ર મંત્ર ક્યારેય હાર ન માનવો છે. રાજીવ આગળ સમજાવે છે કે તેમનું સ્વપ્ન દેશમાં AIIMS, IIT અને JNU જેવી સંસ્થાઓને પ્રોત્સાહન આપવાનું છે જેથી સમાજનો સૌથી નીચો વ્યક્તિ પણ વધુ સારા શિક્ષણ અને સારા સ્વાસ્થ્યથી વંચિત ન રહે. રાજીવના સંઘર્ષની આ વાર્તા ખૂબ જ પ્રેરણાદાયી છે.

# પાલનપુરમાં મુસ્લિમ વિરોધી વાણીવિલાસ કરનાર પૂર્વ રણજી ક્રિકેટર વિરુદ્ધ પોલીસે ફરિયાદ ના લેતા મુસ્લિમોના ધરણા



(તસવીર :- અખ્તર ચૌહાણ, પાલનપુર)

(સંવાદદાતા દ્વારા)

પાલનપુર, તા.૧૬

આજરોજ પાલનપુર પાલિકાના કોર્પોરેટર સરફરાઝ સિંધીની આગેવાનીમાં પાલનપુર મુસ્લિમ સમાજના આગેવાનો દ્વારા ક્રિકેટના જાહેર મંચ ઉપરથી મુસ્લિમ વિરોધી વાણીવિલાસ કરનાર પૂર્વ રણજી ક્રિકેટર દિલીપ હડિયોલ સામે બનાસકાંઠા પોલીસ દ્વારા પોલીસ ફરિયાદ દાખલ ન કરતા કલેક્ટર ઓફિસની બહાર મોટી સંખ્યામાં મુસ્લિમ આગેવાનો એકત્રિત થઈ ધરણા કરવામાં આવ્યા હતા. મુસ્લિમ આગેવાનોએ એક સૂર જણાવું કે આઝાદ ભારતમાં મુસ્લિમ સમાજે ન્યાય મેળવવા માટે ધરણા કરવા પડે તે દેશ માટે ચિંતાનો વિષય છે. બનાસકાંઠા પોલીસ દ્વારા પોલીસ ફરિયાદ લેવામાં નહીં આવે તો હાઈકોર્ટમાં દિલીપ હડિયોલની સાથે બનાસકાંઠા પોલીસને પણ આરોપી તરીકે દર્શાવી ન્યાય માંગવામાં આવશે. સરફરાજ સિંધી દ્વારા હાઈકોર્ટમાં પી.આઈ.એલ દાખલ કરવામાં આવશે. તેવી ચિમકી આપી હતી.

# સોમનાથ હેલિપેડ ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનું ભાવભીનું સ્વાગત



મહાશિવરાત્રિના પર્વ નિમિત્તે દ્વિ-દિવસીય પર્વમાં તેમજ ત્રિ-મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં સહભાગી થવા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આજે સોમનાથ ખાતે આવી પહોંચતા તેમનું ત્રિવેણી હેલિપેડ ખાતે ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. હેલિપેડ ખાતે મુખ્યમંત્રીના સ્વાગત-સત્કાર માટે જિલ્લા પંચાયતના પ્રમુખ મંજૂલાબહેન મૂછાર, ધારાસભ્ય ભગવાનભાઈ બારડ, જિલ્લા પોલીસ વડા જયદિપસિંહ જાડેજા, પ્રાંત અધિકારી વિનોદ જોશી, જિલ્લા અગ્રણી સર્વ અનિલભાઈ જેઠવા, ભરતભાઈ વાળા, સ્થાનિક અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## SIRની પ્રક્રિયા દરમ્યાન ગેરરીતિ થયાનો આક્ષેપ

# ભરૂચ જિલ્લાના મકતમપુર ગામના મુસ્લિમ સમાજ દ્વારા કલેક્ટરને આવેદનપત્ર અપાયું



(તસવીર : વાહીદ મશહદી, ભરૂચ)

(સંવાદદાતા દ્વારા) ભરૂચ, તા.૧૬

ભરૂચ જિલ્લાના મકતમપુર ગામના મુસ્લિમ સમાજના રહીશો દ્વારા રાજ્યમાં ચાલી રહેલી SIRની પ્રક્રિયા દરમિયાન થયેલી ગેરરીતિઓના આક્ષેપ સાથે જિલ્લા કલેક્ટરને સંયુક્ત આવેદનપત્ર પાઠવી તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે. આવેદનપત્રમાં જણાવ્યું હતું કે, મકતમપુર ગામના અનેક કાયદેસર અને વર્ષોથી વસવાટ કરતા મતદારોના નામો સામે ખોટી અને ગેરકાયદેસર વાંધા અરજીઓ કરવામાં આવી છે. અનેક કેસોમાં સ્થળ તપાસ કર્યા વિના, સંબંધિત મતદારોની પૂછપરછ કર્યા વિના તેમજ પૂરતા પુરાવા જોયા વિના જ ફોર્મ સ્વીકારી કાર્યવાહી કરવામાં આવી હોવાનું પણ રજૂઆતમાં ઉલ્લેખાયું છે. આ પ્રક્રિયા કુદરતી ન્યાયના સિદ્ધાંતોના વિરુદ્ધ હોવાનું પણ આવેદનમાં જણાવ્યું છે. આક્ષેપ મુજબ, ફોર્મ નંબર-૭ દ્વારા મોટા પાયે નામ કમી કરવાની અરજીઓ કરવામાં આવી છે, જેમાં નિવૃત સરકારી અધિકારીઓ, વેપારીઓ તથા પ્રતિષ્ઠિત નાગરિકોના નામોનો સમાવેશ થાય છે. આવેદનમાં દિવ્યેશકુમાર વિઠ્ઠલભાઈ પટેલ, કલ્પેશકુમાર કેશવભાઈ પટેલ અને ગણેશ પૂનમભાઈ માછી નામના વ્યક્તિઓ દ્વારા દુષભાવના અને રાજકીય પ્રેરણાથી ગામના ૨૯૦થી વધુ વ્યક્તિઓ સામે અરજીઓ કરવામાં આવી હોવાનો આક્ષેપ કરાયો છે. સાથે જ, સંબંધિત સરકારી અધિકારીઓએ યોગ્ય ચકાસણી વિના અરજીઓ સ્વીકારી ગંભીર બેદરકારી દાખવી હોવાનું પણ જણાવ્યું છે. ગામજનોએ કલેક્ટરને પાસે માંગણી કરી છે કે, તમામ વાંધા અરજીઓની સ્વતંત્ર, નિષ્પક્ષ અને વિગતવાર તપાસ કરવી જોઈએ, કયા મતદારો વિરુદ્ધ અરજીઓ થઈ તેની સત્તાવાર માહિતી મેળવી ખોટી માહિતી આધારે કાર્યવાહી કરનાર વ્યક્તિઓ અને અધિકારીઓ સામે કાયદેસર પગલાં લેવા જોઈએ, વધુમાં તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી સંબંધિત ભલામણો સ્થગિત રાખવા, સંબંધિત મતદારોને પૂરતી રજૂઆત અને પુરાવા રજૂ કરવાની તક આપી અંતિમ નિર્ણય સુધી કોઈપણ મતદારનું નામ યાદીમાંથી ન કાઢવાની માંગણી કરાઈ છે. વધુમાં જરૂર પડે ત્યારે ગામજનો તમામ દસ્તાવેજી પુરાવા રજૂ કરવા તૈયાર છે. સાથે જ, સમગ્ર પ્રકરણમાં સંડોવાયેલા લોકો અને તેમને મદદ કરનાર અધિકારીઓ સામે પોલીસ ફરિયાદ નોંધાવી કડક કાર્યવાહી કરવાની પણ માંગ કરવામાં આવી છે.

# અંકલેશ્વરની ઈકરા ઈંગ્લિશ મીડિયમ હાઈસ્કૂલ ખાતે ધો-૧૦ તથા ધો-૧૨ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો

### શાળાના પ્રમુખ તથા ટ્રસ્ટી મંડળે વિદ્યાર્થીઓને ભાવભીની વિદાય સાથે પરીક્ષા ખૂબ ખંતથી પાસ થાય અને પોતાના કુટુંબ તથા શાળાનું નામ રોશન કરે તેવી શુભેચ્છા પાઠવી




(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

(સંવાદદાતા દ્વારા)

અંકલેશ્વર, તા.૧૬

અંકલેશ્વરની ઈકરા ઈંગ્લિશ મીડિયમ હાઈસ્કૂલ ખાતે ધો-૧૨ એચએસસી તથા ધો-૧૨ એસએસસીના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત કુર્આને પાકની તિલાવત અને નાતે પાકથી કરાઈ હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓ દ્વારા કાર્યક્રમ રજૂ કરાયા હતા. શાળાના વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થિનીઓ ધો-૧૦ તથા ધો-૧૨ની પરીક્ષામાં શાંતચિતે પરીક્ષા આપીને સારા માર્કસે પાસ થઈને આગળ વધે તે અંગે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું અને ખૂબ ખંતથી પાસ થાય અને પોતાના કુટુંબ તથા શાળાનું નામ રોશન કરે તેવી શુભેચ્છા શાળાના પ્રમુખ મૌલાન સુલેમાન ભૈયાત તથા ટ્રસ્ટી મંડળે પાઠવી હતી. આ પ્રસંગે શાળા પ્રમુખ મૌલાના સુલેમાન ભૈયાતએ વિદ્યાર્થીઓ શાંત ચિતે કોઈપણ જાત દબાણ અનુભવ્યા વગર સારી રીતે પરીક્ષા આપી પાસ થાય તથા જીવનમાં સફળ થવું હોય તો પોતાને અદબ વાળો બનાવો પોતાના માતા પિતા તથા ગુરૂ જેઓ તેમને શિક્ષણ આપે છે તેઓનું એહતેરામ કરો તથા આ બોર્ડની પરીક્ષા સારી રીતે આપી શાળાનો, તમારા માતા- પિતાનો નામ રોશન કરે તેવી શુભેચ્છાઓ આપી હતી. આ પ્રસંગે શાળા તરફથી વિદ્યાર્થીઓને પરીક્ષામાં કામ આવતા સાધનો વિતરણ કરાયા હતા. આ પ્રસંગે શાળા ટ્રસ્ટી યુનુસભાઈ નવાબ, જ. સેક્રેટરી ઈમરાન પટેલ, એડમિનિસ્ટ્રેટર અનીસૂદીન કુરેશી અલ હાસમીએ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી. શાળાના, માધ્યમિક વિભાગના આચાર્ય મેહવીસ શેખ તથા આરઝુ ખાન દ્વારા શૈક્ષણિક માહિતી પૂરી પાડવામાં આવી હતી.

# લુણાવાડા ખાતે હાજીઓ માટે રસીકરણ કેમ્પ યોજાયો



મહીસાગર જિલ્લાના મુખ્ય મથક લુણાવાડાના મધવાસ દરવાજા પાસે આવેલ ઉસ્માનિયા નગર હોલ ખાતે હજ ૨૦૨૬માં હજયાત્રાએ જતાં હાજી સાહેબાનો માટે મેડિકલ ચેકઅપ અને રસીકરણના કેમ્પનું આયોજન હજ ખિદમત કમિટી લુણાવાડા દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં મહીસાગર જિલ્લાના કુલ ૭૫ હજયાત્રાએ જનારા વ્યક્તિઓને રસીકરણ કરવામાં આવ્યું હતું અને કેમ્પના અંતે હજયાત્રીકોને જમણવારનો કાર્યક્રમ પણ હજ ખિદમત કમિટી દ્વારા કરવામાં આવ્યો હતો.

# પ્રાંતિજની સરકારી આઈ.ટી.આઈ. ખાતે તા.૧૯મી ફેબ્રુઆરીએ રોજગાર ભરતી મેળો યોજાશે

(સંવાદદાતા દ્વારા) પ્રાંતિજ, તા.૧૬

રોજગાર અને તાલીમ વિભાગ, ગુજરાત સરકારના નિયંત્રણ હેઠળની સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા, પ્રાંતિજ ખાતે તા.૧૯/૨/૨૬ના રોજ બેરોજગારો માટે ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભરતી મેળામાં સ્ટર્લિંગ એબ્રેસિવ લિમિટેડ, ટેકવર્સ એન્જિનિયર પ્રાઈવેટ લિમિટેડ, ઓસ્ટ્રેલિયન પ્રીમિયમ સોલર અને એકસાઈડ એનર્જી સોલ્યુશન્સ લિમિટેડ જેવી સંસ્થાઓ ભાગ લઈ વિવિધ જગ્યા માટે ભરતી કરવાની છે. આ કંપનીઓ દ્વારા આઈ.ટી.આઈ. ફિટર, કોપા, ઈલેક્ટ્રિશિયન,વાયરમેન, વેલ્ડર તેમજ CNC ઓપરેટર જેવા વિવિધ ટ્રેડના ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે. આ ભરતીમેળો પ્રાંતિજ આઈ.ટી.આઈ./સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા (હાઈવે,મહાદેવ મંદિર પાસે, મોટી બોખ) ખાતે સવારે ૧૦:૩૦થી બપોરે ૨:૦૦ કલાક દરમિયાન યોજાશે. રોજગાર મેળવવા ઈચ્છુક તમામ લાયક ઉમેદવારોને આ તકનો લાભ લેવા અને નિયત સમયે હાજર રહેવા આચાર્ય ઔદ્યોગિક તાલીમ સંસ્થા, પ્રાંતિજની અખબારી યાદીમાં જણાવેલ છે.

# પ્રાંતિજ ખાતે ફતેહ ઈસ્લામ એજ્યુ. મૂવમેન્ટ દ્વારા બચ્ચોં કી અંજુમન - ઈનામ વિતરણ પ્રોગ્રામ યોજાયો

(સંવાદદાતા દ્વારા) પ્રાંતિજ, તા.૧૬



પ્રાંતિજ ખાતે કાર્યરત ફતેહ ઈસ્લામ એજ્યુકેશન મૂવમેન્ટ દ્વારા તાજેતરમાં બચ્ચો કી અંજુમન અને ઈનામ વિતરણનો જલ્સો યોજાયો હતો. અત્રેની આયશા સોસાયટીના પ્રાંગણમાં દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ રમઝાન શરીફ પહેલાં આ શાનદાર દીની પ્રોગ્રામ યોજાયો હતો. જેમા મદ્રેસાના બાળકો તેમજ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ દારૂલ મદીનાના કે.જી.થી ધોરણ-૭ સુધીના બાળકોએ અલગ-અલગ વિષયો ઉપર પોતાના વક્તવ્યો રજૂ કર્યા હતા. તો નાના ભૂલકાંઓએ તિલાવત, નાત શરીફ, સવાલ-જવાબ, સામાજિક અને દીની ઈસ્લાહ કરતા ગ્રુપ ડ્રામા તથા પીરામીડ રચી બાળકોએ મોટી સંખ્યામાં હાજર વાલીઓ-વાલેદાઓ તથા આમંત્રિતોને ખુશ કરી દીધા હતા. આ પ્રસંગે મન્સુરી મસ્જિદના મૌલાના હામીદરઝાએ દીની અને દુન્યવી શિક્ષણની જરૂરિયાત તથા મહત્ત્વ ઉપર અસરકારક બ્યાન કર્યું હતું. પ્રોગ્રામના અંતે ૭૦ જેટલાં બાળકોને ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં. દરેક બાળકોને તૈયાર કરવા પાછળ ટીચર નૂર ફાતિમા દાણાવાલાએ ભારે જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમનું પ્રભાવક એન્કરીંગ મૌલાના મુફ્તિ સુફિયાન અશરફીએ કર્યું હતું. આ પ્રોગ્રામમાં ખાસ મહેમાન તરીકે હિંમતનગરના દારૂલ ઉલૂમ હશનિયાના મુફ્તિ મોહંમદ મઆઝ, મૌલાના નૌમાન બાપુ બુખારી સહિત પ્રાતિજની વિવિધ મસ્જિદોના પેશઈમામો હાજર રહ્યા હતા. જયારે સમગ્ર પ્રોગ્રામને સફળ બનાવવા મૌલવી અબ્દુલ્લાભાઈ, મૌલવી હાશ્મી (સી.એ.), એન્જિનિયર હમઝા અશરફ અને આયશા સોસાયટીના નવયુવાનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# એરગનથી થયેલી ઈજામાંથી વડોદરાની સયાજી હોસ્પિટલના ડોક્ટરોએ બાળ દર્દીને બચાવ્યો

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૬

વડોદરા શહેરની સયાજી હોસ્પિટલના ડોક્ટરોની ટીમે એર ગનની ગોળી વાગવાથી ગંભીર રીતે ઘાયલ થયેલા દર્દી પર સફળ લાઈફ-સેવિંગ (જીવરક્ષક) સર્જરી કરી છે. જટિલ સર્જરી ડો. વિશાલ ભાભોર, ડો. સમીર, ડો. અનુરાગ વગેરે ટીમ દ્વારા કરવામાં આવી હતી. એક બાળક તેના પિતરાઈ ભાઈ સાથે લોડેડ (ભરેલી) એરગનથી રમી રહ્યો હતો ત્યારે તેને ઈજા થઈ હતી. એરગનની ગોળી (છરો) બાળકના લીવર અને પિત્તાશયને ચીરીને આંતરડામાં ઘૂસી ગઈ હતી, જેને સર્જરી દ્વારા બહાર કાઢવામાં આવી હતી. શરીરના બહુવિધ અંગોમાં થયેલી ગંભીર ઈજાને જોતા, તાત્કાલિક સારવાર કરવી ખૂબ જ મહત્વપૂર્ણ હતી. ડો. વિશાલ ભાભોર અને તેમની ટીમે સફળતાપૂર્વક યોગ્ય અને જરૂરી સર્જરી કરી દર્દીની હાલત સ્થિર કરી છે. જટિલ સર્જરી નિષ્ણાત એનેસ્થેટિક ટીમ-ડો. દર્શના, ડો. યોગિતા અને ડો. સંદીપના સહયોગથી શક્ય બની હતી. જેમણે સમગ્ર પ્રક્રિયા દરમિયાન દર્દીના વાઈટલ્સ (શ્વાસ અને ધબકારા) જાળવી રાખ્યા હતા. ડોક્ટરોએ સયાજી હોસ્પિટલના નર્સિંગ સ્ટાફની પણ પ્રશંસા કરી હતી, જેમની ઓપરેશન પછીની સતર્ક સંભાળ દર્દીની રિકવરી માટે મહત્વપૂર્ણ સાબિત થઈ હતી. ડો. વિશાલ ભાભોરે જણાવ્યું હતું કે, હાઈ-વેલોસીટી એરગનને ઘણીવાર લોકો રમકડું માની લેવાની ભૂલ કરે છે, પરંતુ આ કિસ્સો તેની ઘાતક ક્ષમતા દર્શાવે છે. ડો. ભાભોર લોકોને સલાહ આપે છે કે, તેને હથિયાર તરીકે ગણો કારણ કે, એરગન લીવર અને આંતરડા જેવા મહત્વના અંગોને ભેદી શકે છે. તેને અસલી ફાયરઆર્મ્સ (હથિયાર) જેટલી જ સાવચેતીથી વાપરો. બાળકોની સુરક્ષાને ધ્યાનમાં લઈ હથિયારોને હંમેશા અનલોડ (ખાલી) કરીને અને લોક કરીને રાખો, જેથી તે બાળકોની પહોંચથી સખત રીતે દૂર રહે. ટાર્ગેટ પ્રેક્ટિસ દરમિયાન હંમેશા આંખોના રક્ષણ માટે ચશ્મા અને અન્ય સુરક્ષા ગિયરનો ઉપયોગ કરો. આકસ્મિક અને જીવલેણ ઈજાઓથી બચવા માટે ક્યારેય મનુષ્યો કે પ્રાણીઓ તરફ નિશાન તાકશો નહીં.

# પાવીજેતપુરના મોટીબેજ ખાતે રૂા.૧.૧૪ કરોડના ખર્ચે નવનિર્મિત પ્રાથમિક શાળાના ભવનનું લોકાર્પણ

(સંવાદદાતા દ્વારા)

પાવીજેતપુર, તા.૧૬

પાવીજેતપુર તાલુકાના મોટીબેજ ખાતે શિક્ષણ ક્ષેત્રે એક નવું સંભારણું ઉમેરાયું છે. મોટીબેજ ગ્રુપ પ્રાથમિક શાળાના અત્યાધુનિક નવીન મકાનનું લોકાર્પણ લોકપ્રતિનિધિઓ અને વહીવટી અધિકારીઓની ઉપસ્થિતિમાં ભવ્ય રીતે સંપન્ન થયું હતું. અંદાજે રૂા.૧.૧૪ કરોડના માતબર ખર્ચે તૈયાર થયેલા આ સુવિધા સભર ભવનથી સ્થાનિક બાળકોને આધુનિક શિક્ષણની સવલત પ્રાપ્ત થશે. આ પ્રસંગે છોટાઉદેપુર લોકસભાના સાંસદ જશુભાઈ રાઠવા તેમજ છોટાઉદેપુર વિધાનસભાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ રાઠવા વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન સંજયભાઈ રાઠવા, પાવીજેતપુર તાલુકા પંચાયતના પ્રમુખ મુકેશભાઈ રાઠવા અને નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડો. અનિલ રાઠવા સહિતના મહાનુભાવોએ હાજરી આપી કાર્યક્રમની શોભા વધારી હતી. કાર્યક્રમની શરૂઆતમાં મહાનુભાવોના હસ્તે વિધિપૂર્વક રીબીન કાપીને શાળાના નવા મકાનનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ તકે સાંસદ અને ધારાસભ્યએ જણાવ્યું હતું કે, છેવાડાના ગામડાના બાળકોને પણ શહેરો જેવું ગુણવત્તાયુક્ત શિક્ષણ અને આધુનિક સુવિધાઓ મળે તે સરકારની પ્રાથમિકતા છે. નવા ભવન સાથે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે શિક્ષણ ક્ષેત્રે નવી ઊંચાઈઓ સર કરવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# ભરૂચની વી.સી.ટી. મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે વાર્ષિકોત્સવ યોજાયો

(સંવાદદાતા દ્વારા) ભરૂચ, તા.૧૬



(તસવીર : વાહીદ મશહદી, ભરૂચ)

ભરૂચના મનુભાઈ રોડ ઉપર આવેલી વી.સી.ટી. ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત વી.સી.ટી. મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ભરૂચ ખાતે તા.૧૪/૦૨/૨૦૨૬ના રોજ વાર્ષિકોત્સવ ઉજવવામાં આવ્યો હતો. ઈન્ચાર્જ આચાર્ય ડૉ.હેમાંગિનીબેન જાદવ દ્વારા મહેમાનોનું પુષ્પગુચ્છ આપી શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું તેમજ વિદ્યાર્થિનીઓના ઉજ્જવળ ભવિષ્ય માટેની શુભકામના પાઠવવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ જનાબ રિઝવાન પટેલ (આસિસ્ટન્ટ કમિશનર, ગુજરાત જી.એસ.ટી. ડિપાર્ટમેન્ટ, સુરત) હાજર રહ્યા હતા તેમજ વી.સી.ટી. કેમ્પસના તમામ શાળાના આચાર્ય મિર્ઝા રફિયાખાનમ, ચવડા રઝિયાબેન, ચૌહાણ તન્વીબેન અને એકેડમિક હેડ પટેલ શબાનાબેને ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારી હતી. મહેમાનોને એફ. વાય.બી.એની વિદ્યાર્થિનીઓ દ્વારા સ્વાગત ગીતથી આવકારવામાં આવ્યા હતા. ત્યારબાદ જે વિધાર્થીનીઓ યુનિવર્સિટી ખાતે સૌથી વધુ ગુણ/ વિષય ટોપર અને કૉલેજ ટોપર, તેમજ વર્ષ દરમિયાન કોલેજ ખાતે વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા થયેલ તમામને ટ્રોફી અને સર્ટિફિકેટ આપી સન્માનિત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. મુખ્ય અતિથિ રિઝવાન પટેલ દ્વારા વિદ્યાર્થિનીઓને વિવિધ સરકારી સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેની પ્રેરણાદાયક માહિતી આપવામાં આવી હતી જેમાં GPSC અને UPSC જેવી સરકારી પરીક્ષાઓની સરળ રીતે માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમમાં ટી. વાય બી.એ અને ટી.વાય બી. કોમની વિદ્યાર્થિનીઓ દ્વારા તેમના કોલેજના ત્રણ વર્ષની યાદગાર ક્ષણોના પ્રતિભાવો રજૂ કરવામાં આવ્યા હતા. કોલેજ કેમ્પસના CEO નુસરત બેને વિદ્યાર્થિનીઓને આવનાર ભવિષ્યમાં તેઓ વધુ પ્રગતિ કરી સફળ રહે તેવી શુભકામના પાઠવી હતી. કાર્યક્રમના અંતમાં પ્રો.અનસૂયાબેન ચૌહાણ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના ઈન્ચાર્જ આચાર્યના માર્ગદર્શન અને કોલેજ સ્ટાફ મિત્રોના [illegible]

# ખેડા જિલ્લામાં ૬૯ કેન્દ્રો પર કુલ ૪૭,૬૧૧ વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા આપશે

### વિદ્યાર્થીઓને કોઈપણ પ્રકારના માનસિક તણાવના સંદર્ભમાં વિશેષરૂપે કાઉન્સેલિંગનું આયોજન

(સંવાદદાતા દ્વારા)

નડિયાદ, તા.૧૬

ખેડા જિલ્લામાં તા.૨૬-૦૨-૨૦૨૬થી ૧૮-૦૩-૨૦૨૬ દરમિયાન ધોરણ ૧૦ અને ૧૨ સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહની બોર્ડની પરીક્ષાઓ યોજાશે. જેમાં જિલ્લામાં ૧૭૩ પરીક્ષા સ્થળોના ૬૯ પરીક્ષા કેન્દ્રોમાં રહેલા ૧૭૧૧ બ્લોક ખાતે કુલ ૪૭,૬૧૧ પરીક્ષાર્થીઓ બોર્ડની પરીક્ષા આપનાર છે. જેમાં, ધોરણ ૧૦માં ૪૫ કેન્દ્રો ખાતે ૨૯,૭૨૪ વિદ્યાર્થીઓ, ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં ૧૮ કેન્દ્રો ખાતે ૧૫,૪૪૫ વિદ્યાર્થીઓ અને ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૦૬ કેન્દ્રો ખાતે ૨૪૪૨ વિદ્યાર્થીઓ પરીક્ષા આપનાર છે. ખેડા જિલ્લામાં લેવાના બોર્ડની પરીક્ષા માટે ૧૭૩૦ બ્લોક સુપરવાઈઝર, ૧૭૩ સ્થળ સંચાલકો, ૧૭૩ વહીવટી કર્મચારીઓ અને ૧૭૩ ઝોનલ પ્રતિનિધિઓની નિમણૂક કરવામાં આવી છે. જિલ્લા સંકલન સમિતિના વર્ગ૦૧ અને વર્ગ૦૨ અધિકારીઓ સહિત કુલ ૨૫૬૦થી વધુ કર્મયોગીઓને પરીક્ષામાં કાર્યરત કરવામાં આવ્યા છે. સમગ્ર પરીક્ષાનું ચુસ્ત મોનિટરિંગ કરવા માટે તમામ ૧૭૩ પરીક્ષા સ્થળો પર સીસીટીવી કેમેરા કાર્યરત કરવામાં આવ્યા છે. જેનું સીસીટીવી ફૂટેજ નિરીક્ષણ ટીમ દ્વારા સતત નિરીક્ષણ કરવામાં આવશે. દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે વિશેષ સુવિધાઓના ભાગરૂપે લહિયાની જોગવાઈ પણ કરવામાં આવી છે. બોર્ડની પરીક્ષા સંદર્ભમાં વિદ્યાર્થીઓને મૂંઝવતા પ્રશ્નો માટે શિક્ષણ વિભાગ દ્વારા ૨૫-૦૨-૨૦૨૬થી ૧૯-૦૩-૨૦૨૬ સુધી સવારે ૦૭થી રાત્રે ૦૮ કલાક સુધી કંટ્રોલરૂમ અને હેલ્પલાઇન નંબર કાર્યરત કરવામાં આવ્યા છે. જેમાં પ્રથમ પાળી સવારે ૦૭થી બપોરે ૦૨ કલાક સુધી નિકુંજભાઈ પ્રજાપતિને મોબાઈલ નંબર ૯૬૬૨૬૯૦૧૪૩ ઉપર તથા દ્વિતીય પાળી બપોરે ૦૨ કલાકથી સાંજે ૦૮ કલાક સુધી નરેન્દ્રભાઈ પટેલને મોબાઈલ નંબર ૮૧૬૦૦૭૫૩૨૦ ઉપર સંપર્ક કરી શકાશે. આ ઉપરાંત સારથી હેલ્પલાઈન વ્હોટસએપ નંબર ૮૧૬૦૦૭૫૩૨૦ ઉપર (૨૪*૭) કલાક સંપર્ક કરી શકાશે. આ ઉપરાંત વિદ્યાર્થીઓને કોઈપણ પ્રકારના માનસિક તણાવના સંદર્ભમાં વિશેષ રૂપે કાઉન્સેલિંગ આપવામાં આવશે. જેના માટે આર.પી સુમેરાને ૮૧૬૦૧૨૭૨૧૧, ડો. રીતેશ પટેલને ૯૭૨૭૬૨૨૯૭૦, ભૂમિબેન જોશીને ૯૭૩૭૯૦૧૭૧૩ અને ડો. ધર્મેશ મોદીને ૯૪૨૬૫૭૯૯૭૦ ઉપર સંપર્ક કરી શકાશે. આ ઉપરાંત વિદ્યાર્થીઓ બોર્ડના ટોલ ફ્રી હેલ્પલાઈન નંબર ૧૮૦૦૨૩૩૫૫૦૦, જીવન આસ્થા હેલ્પલાઈન નંબર ૧૮૦૦૨૩૩૩૩૩૦, સ્ટેટ કંટ્રોલરૂમ નંબર ૯૯૦૯૦૩૮૭૬૮ અને જિલ્લા કંટ્રોલરૂમ નંબર ૮૧૬૦૦૭૫૩૨૦ ઉપર સંપર્ક કરી શકશે.

# સિદ્ધપુરમાં જરૂરિયાતમંદ ૭૦ પરિવારોને રાશન કિટ વિતરણ



રવિવારના દિવસે અરીબા ફાઉન્ડેશન તરફથી રમઝાન માસ અંતર્ગત સિદ્ધપુરમાં રહેતા જરૂરિયાતમંદ ૭૦ કુટુંબે રાશન કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ રાશન કિટ વિતરણ કાર્યક્રમનું આયોજન અરીબા ફાઉન્ડેશન તરફથી મર્હુમ તાહેરભાઈ આદમઅલી એડનવાલાના ઈસાલે સવાબ માટે કરવામાં આવ્યું, સિદ્ધપુર એજ્યુકેશન એન્ડ વેલ્ફેર ટ્રસ્ટના ટ્રસ્ટી હનીફખાન પોલાદીના હસ્તે કિટ વિતરણનું કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યું હતું, સાથે અરીબા ફાઉન્ડેશન ટ્રસ્ટના તમામ સભ્યોની હાજરીમા આ કીટ વિતરણનું સફળ કાર્યક્રમ પૂરૂં કરવામાં આવ્યું.

# આમોદ-જંબુસર વચ્ચેના હાઈવેનું કામ શરૂ થતાં વાહનચાલકોમાં ખુશી

(સંવાદદાતા દ્વારા)

આમોદ, ભરૂચ, તા.૧૬

ભરૂચ જિલ્લાના આમોદ જંબુસર વચ્ચેના નેશનલ હાઈવે નંબર ૬૪ પરના રસ્તાનું કામ શરૂ, વાહનચાલકોમાં રાહતની લાગણી અનુભવાય હતી. આમોદમાંથી પસાર થતો નેશનલ હાઈવે નંબર ૬૪નો બત્રીસી નાળાથી ચાર રસ્તા સુધીનો ખખડધજ માર્ગ હવે આખરે બનવાનું શરૂ થતા વાહનચાલકોમાં રાહતની લાગણી વ્યાપી છે. લાંબા સમયથી બગડેલી હાલતમાં રહેલા આ માર્ગને કારણે રોજિંદા મુસાફરો, વેપારીઓ તેમજ વિદ્યાર્થીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડતો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે બત્રીસી નાળાથી ચાર રસ્તા સુધીનો માર્ગ છેલ્લા કેટલાક સમયથી મસ મોટા ખાડાઓ અને ઉખડેલા ડામર કારણે માથાનો દુખાવો બન્યો હતો. ભારદાર વાહનવ્યવહાર વચ્ચે રસ્તાની દયનીય સ્થિતિને કારણે વારંવાર ટ્રાફિક જામ અને નાના-મોટા અકસ્માતો તેમજ વાહનોમાં ખામી જેવી સમસ્યાઓ સર્જાતી હતી. આ મુદ્દે આમોદ તાલુકા કોંગ્રેસ દ્વારા તંત્ર અને સરકાર વિરૂદ્ધ અનેક કાર્યક્રમો યોજી વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. લોકરોષ વધતા અંતે માર્ગનું કામ શરૂ કરવામાં આવતા લોકોમાં રાહતની લાગણી અનુભવાય હતી.

# દેશના ૪૪ લાખ, રાજ્યના ૮૦ હજાર વિદ્યાર્થીઓની આજથી CBSE બોર્ડની પરીક્ષા લેવાશે

## ધો-૧૦ અને ૧૨ના મળી ૨૦૩ વિષયની પરીક્ષા ભારત સહિત ૨૬ દેશમાં લેવાશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૬

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE)ની ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષાઓ મંગળવારથી શરૂ થશે. ગુજરાતમાંથી પણ ધોરણ-૧૦ અને ૧૨ના મળી ૮૦ હજાર સાથે સમગ્ર દેશમાંથી આ પરીક્ષા માટે ૪૪ લાખ વિદ્યાર્થીઓ નોંધાયા છે. ગત વર્ષ કરતા આ વખતે વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો થયો છે. CBSE બોર્ડ દ્વારા પરીક્ષા માટે ૮ હજાર કરતા વધુ પરીક્ષા કેન્દ્રો નક્કી કરવામાં આવ્યા છે. બોર્ડની પરીક્ષા ભારત ઉપરાંત અન્ય ૨૬ દેશોમાં લેવાનું આયોજન કરાયું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, CBSE બોર્ડની ધોરણ-૧૦ અને ૧૨ની લેખિત પરીક્ષાનો મંગળવારથી સત્તાવાર રીતે પ્રારંભ થશે. ધોરણ-૧૦ અને ૧૨ના મળી કુલ ૨૦૩ વિષયોની પરીક્ષા બોર્ડ દ્વારા લેવામાં આવશે. જેમાં ધોરણ-૧૦ના ૮૩ વિષય અને ધોરણ-૧૨ના ૧૨૦ વિષયોનો સમાવેશ થાય છે. ૨૦૨૫ની પરીક્ષામાં ધોરણ-૧૦માં ૨૪.૧૨ લાખ અને ધોરણ-૧૨માં ૧૭.૮૮ લાખ વિદ્યાર્થી મળી કુલ ૪૨ લાખ જેટલા વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જોકે, હવે મંગળવારથી શરૂ થનારી પરીક્ષામાં ધોરણ-૧૦ના ૨૫.૦૮ લાખ અને ધોરણ-૧૨ના ૧૮.૫૯ લાખ મળી કુલ ૪૩.૬૭ લાખ જેટલા વિદ્યાર્થીઓ નોંધાયા છે. ધોરણ-૧૦ની પરીક્ષા માટે સમગ્ર દેશમાં ૮૦૭૫ પરીક્ષા કેન્દ્રો નક્કી કરવામાં આવ્યા છે. જ્યારે ધોરણ-૧૨ની પરીક્ષા માટે ૭૫૭૪ પરીક્ષા કેન્દ્રો નક્કી કરાયા છે.

સમગ્ર ગુજરાતમાંથી પણ આ વખતે ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા માટે ૮૦ હજાર કરતા વધુ વિદ્યાર્થીઓ નોંધાયો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ધોરણ-૧૦માં ૪૫ હજારથી વધુ અને ધોરણ-૧૨માં ૩૫ હજારથી વધુ વિદ્યાર્થીઓ આ વખતે બોર્ડની પરીક્ષામાં હાજર રહેશે. ગત વર્ષે રાજ્યમાંથી ૭૫ હજાર કરતા વધુ વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષામાં ઉપસ્થતિ રહ્યા હતા. ધોરણ-૧૦ની પરીક્ષા ૧૭ ફેબ્રુઆરીના રોજ શરૂ થશે અને ૧૧ માર્ચના રોજ પૂર્ણ થશે. જ્યારે ધોરણ-૧૨ની પરીક્ષા ૧૭ ફેબ્રુઆરીથી શરૂ થશે અને ૧૦ એપ્રિલના રોજ પૂર્ણ થશે.

બોર્ડની પરીક્ષા શરૂ થવાની છે ત્યારે વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષાને લઈ ફેલાતી અફવાઓ પ્રત્યે ધ્યાન ન આપવા માટે તાકીદ કરાઈ છે. બોર્ડ દ્વારા પરીક્ષાને લઈને ચાલતા ફેક ન્યુઝ અને પેપર લીક સહિતની સોશિયલ મીડિયામાં ફેલાતી અફવાઓ પ્રત્યે ધ્યાન ન આપવા અને પરીક્ષાની તૈયારીમાં રહેવા માટે સલાહ આપવામાં આવી છે. ઉપરાંત પરીક્ષા સહિતની બાબતોની ચોક્કસ માહિતી માટે બોર્ડના ઓફિશિયલ હેન્ડલને જ યોગ્ય ગણવા માટે પણ અનુરોધ કર્યો છે.

હવે માત્ર ફેરિયાઓ જ નહીં પરંતુ ઉત્પાદકો અને મોટા વેપારીઓ સામે પણ આકરી કાર્યવાહી થશે

# શહેરમાં પ્રતિબંધિત પ્લાસ્ટિક રાખનારા વેપારી અને બનાવનારા સામે AMCની લાલ આંખ

## દુકાન કે ફેક્ટરીને સીલ તેમજ પેનલ્ટી સુધીની કાર્યવાહી થશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૬

અમદાવાદમાં પર્યાવરણની જાળવણી અને ગુજરાત હાઈકોર્ટના આદેશોનું પાલન કરવા માટે AMCની હેલ્થ એન્ડ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ કમિટી દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિકના વપરાશ અને ઉત્પાદન વિરુદ્ધ કડક ઝુંબેશની જાહેરાત કરવામાં આવી છે. હવે માત્ર ફેરિયાઓ જ નહીં પરંતુ ઉત્પાદકો અને મોટા વેપારીઓ સામે પણ આકરી કાર્યવાહી થશે.

હેલ્થ એન્ડ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ કમિટીના ચેરમેન જશુ ઠાકોરે જણાવ્યું હતું કે, 'ગુજરાત હાઈકોર્ટ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક અંગે જે સૂચનો આપવામાં આવ્યા છે, તેને ધ્યાનમાં રાખીને અમે ફેરિયાઓ અને શાકભાજી માર્કેટમાં પ્લાસ્ટિકના વપરાશ પર કડક કાર્યવાહી કરવાનું નક્કી કર્યું છે. જે અંતર્ગત ફેરિયાઓ પાસે પ્રથમ વખત પ્રતિબંધિત પ્લાસ્ટિક પકડાશે તો ૧૦૦૦ રૂપિયા, બીજી વખત ૩૦૦૦ રૂપિયા અને ત્રીજી વખત પકડાય તો ૫૦૦૦ રૂપિયાનો દંડ કરવામાં આવશે. આ ઉપરાંત, અમે નિયમોમાં એક મોટો સુધારો કરવા જઈ રહ્યા છીએ કે અમદાવાદ મહાનગરપાલિકાની હદમાં જે પણ કંપનીઓ કે ફેક્ટરીઓ આવું પ્લાસ્ટિક બનાવતી પકડાશે, તેને ૧૫ દિવસ માટે સીલ કરવામાં આવશે. તે જ રીતે, જો કોઈ રીટેલ વેપારી ૧૦૦ કિલોથી વધુ પ્રતિબંધિત પ્લાસ્ટિકના જથ્થા સાથે પકડાશે, તો તેની દુકાન પણ ૧૦ દિવસ માટે સીલ કરવામાં આવશે અને નિયમ અનુસાર પેનલ્ટી વસૂલવામાં આવશે' 'તમામ ફેરિયાઓ અને ધંધાર્થીઓને પ્લાસ્ટીક વેસ્ટ રૂલ્સ - ૨૦૧૬ મુજબ ૧૨૦ માઈક્રોનથી ઓછી જાડાઈની પ્લાસ્ટીકની થેલીઓ કે ૬૦ ગ્રામ પર સ્કવેર મીટર (GSM)થી ઓછી જાડાઈની નોન-વુવન કેરી બેગના ઉપયોગ પર સંપૂર્ણપણે પ્રતિબંધ છે.'

હેલ્થ એન્ડ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ ચેરમેને જણાવ્યું હતું કે, 'સિંગલ યુઝ પ્લાસ્ટિક ઉપર પ્રતિબંધ હોવાથી મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા દરેક નાગરિકો કોઈપણ ચીજ વસ્તુ લેવા જાય ત્યારે ઘરેથી કાપડની થેલી સાથે લઈને જાય તેના માટે ૧૬ લાખથી વધુ કાપડની થેલીઓનું વિતરણ શહેરીજનોને કરવામાં આવ્યું છે બે વર્ષ પહેલાં પણ કાપડની થેલીઓનું વિતરણ કરવામાં આવ્યું છે.'

# અમદાવાદના બોર્ડના વિદ્યાર્થીઓ ક્લિક કરી પરીક્ષા કેન્દ્ર સુધી પહોંચી શકશે

## અમદાવાદ શહેર DEO દ્વારા ડિજિટલ પરીક્ષા સહાયક પુસ્તિકા તૈયાર કરવામાં આવી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૬

અમદાવાદ શહેરના વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષામાં મુશ્કેલી ન પડે તે માટે જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા ડિજિટલ પરીક્ષા સહાયક પુસ્તિકા તૈયાર કરી છે. આ પુસ્તિકાની મદદથી વિદ્યાર્થીઓ એક ક્લિકના માધ્યમથી જ પોતાનું પરીક્ષા સેન્ટર ક્યાં આવેલું છે તેની વિગત જાણી શકશે.

પ્રાપ્ત માહિતી અનુસાર, અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી તેમજ ટીમ દ્વારા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષા સંદર્ભે વિદ્યાર્થીઓ, વાલીઓ તથા અન્યો માટે અત્યંત ઉપયોગી બની રહે તેવી 'ડિજિટલ પરીક્ષા સહાયક પુસ્તિકા'નું અનાવરણ કરવામાં આવ્યું છે. આ ડિજિટલ પરીક્ષા સહાયક પુસ્તિકા પરીક્ષાર્થીઓને સરળતા, સુવિધા અને સુરક્ષા પ્રદાન કરવાના હેતુસર તૈયાર કરવામાં આવી છે. પુસ્તિકાની મુખ્ય વિશેષતાઓ જોઈએ તો, પરીક્ષાના તમામ કેન્દ્રોની ગુગલ મેપ લિંક ઉપલબ્ધ કરવામાં આવી છે. આ ઉપરાંત, પરીક્ષાનું સંપૂર્ણ સમયપત્રકનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. અમદાવાદ શહેરના પરીક્ષા ઝોન મુજબ ઝોનનું નામ, સ્થળ, ઝોનલ અધિકારીનું નામ અને મોબાઈલ નંબરની વિગત આપવામાં આવી છે. જેથી છેલ્લી ઘડીએ પણ જો વિદ્યાર્થીને કંઈ મુશ્કેલી જણાય તો તેની પાસે ઝોનલ અધિકારીનો નંબર પણ ઉપલબ્ધ હશે. પરીક્ષા દરમ્યાન કોઈ મેડિકલ ઈમરજન્સી સર્જાય તેવા સંજોગોમાં અમદાવાદ શહેરના ઝોનવાઈઝ તથા વિસ્તારવાઈઝ મોબાઈલ મેડિકલ વાનના સંપર્ક નંબર, અર્બન હેલ્થ સેન્ટરના સરનામા તથા સંપર્ક નંબર સિંગલ ક્લિક દ્વારા પ્રાપ્ત થાય તેવી સુવિધા આપવામાં આવી છે. વધુમાં, વિદ્યાર્થીઓને પરીક્ષાના પ્રથમ દિવસે ટ્રાફિક સંબંધિત સમસ્યાઓ અથવા શહેરમાં ચાલી રહેલી રોડ-રસ્તાની કામગીરીને કારણે કોઈ અગવડ ન ઉભી થાય તે માટે તમામ આચાર્યો તેમજ સ્થળ સંચાલકો સાથે બેઠક યોજી વિદ્યાર્થીઓને અગાઉથી માર્ગદર્શન આપવા સૂચના આપવામાં આવી છે.

# RTEના ૮ હજાર વિદ્યાર્થીઓને સેવન્થ ડે સ્કૂલે પ્રવેશથી વંચિત રાખ્યાના આક્ષેપ

## સ્કૂલ પાસે પ્રાથમિક વિભાગનું લઘુમતિ સર્ટિ. ન હોવા છતાં RTEમાં પ્રવેશ ન આપ્યા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૬

અમદાવાદ શહેરના ખોખરા વિસ્તારમાં આવેલી સેવન્થ ડે સ્કૂલના એક પછી એક વિવાદ સામે આવી રહ્યા છે. જેમાં હવે વધુ એક વિવાદ સામે આવતા ચકચાર મચી છે. સ્કૂલ દ્વારા છેલ્લા ૯ વર્ષમાં અંદાજ ૮ હજાર જેટલા ગરીબ બાળકોને રાઈટ ટુ એજ્યુકેશન (RTE) એક્ટ અંતર્ગત પ્રવેશથી વંચિત રાખ્યા હોવાના આક્ષેપ થઈ રહ્યા છે. ફી કમિટી દ્વારા નક્કી કરેલી ફી અનુસાર ગણતરી કરીએ તો સ્કૂલ દ્વારા RTEના વિદ્યાર્થીઓને પ્રવેશ ન આપી ફી પેટે રૂા.૧૯ કરોડ રળી લીધા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ખોખરામાં આવેલી સેવન્થ ડે સ્કૂલ પાસે ધોરણ-૯થી ૧૨ની શાળા લઘુમતી છે તે અંગેનું સર્ટિફીકેટ છે. પરંતુ પ્રાથમિક સ્કૂલનું લઘુમતિ અંગેનું સર્ટિફીકેટ ન હોવાની વિગતો સામે આવી છે. સ્કૂલ દ્વારા અગાઉ પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી સમક્ષ લઘુમતિ સર્ટિફીકેટ માટે દરખાસ્ત કરી હતી અને લગભગ બે વખત તે દરખાસ્ત નામંજુર કરવામાં આવી હતી. ત્યારબાદ દિલ્હી ખાતે લઘુમતિ અંગેના સર્ટિફીટે માટે દરખાસ્ત કરી હતી, જ્યાં અરજી પેન્ડિંગ હતી. આ અરજીના આધારે સ્કૂલે હાઈકોર્ટમાં રીટ કરી લઘુમતિ શાળા અંગે સ્ટે મેળવ્યો હતો. દરમિયાન, તાજેતરની સ્કૂલમાં બનેલી ઘટના બાદ જિલ્લા શિક્ષણાધિકારી કચેરીની ટીમ દ્વારા સ્કૂલ પાસે પ્રાથમિક વિભાગનું લઘુમતી અંગેનું સર્ટિફીકેટ માંગવામાં આવતા તે રજૂ કરી શકી ન હતી. સ્કૂલ પાસે હાલમાં જે સર્ટિફીકેટ છે તે માત્ર મહારાષ્ટ્ર પુરતુ જ મર્યાદીત છે. ઉપરાંત શિક્ષણ વિભાગના ૨૦૦૮ના ઠરાવ અનુસાર સ્કૂલે ધોરણ-૯થી ૧૨ માટે અલગથી લઘુમતિ સર્ટિફીકેટ લેવાનું હોય છે અને પ્રાથમિક માટે અલગથી સર્ટિફીકેટ લેવાની જોગવાઈ કરવામાં આવેલી છે. જે મુજબ સ્કૂલ દ્વારા આ જોતા સ્કૂલ પાસે ખરેખર પ્રાથમિક વિભાગનું લઘુમતિ સર્ટિફીકેટ ન હોય તો, વર્ષ ૨૦૧૭૦-૧૮થી લઈને ૨૦૨૫-૨૬ સુધીમાં અંદાજે ૮ હજાર જેટલા ગરીબ અને મધ્યમવર્ગના બાળકોને RTEના કાયદા હેઠળ પ્રવેશથી વંચિત રાખ્યાં છે. ચાલુ વર્ષની સંખ્યા જોવામાં આવે તો ધોરણ-૧થી ૮માં વર્ષ પ્રમાણે વિદ્યાર્થીઓની ફી સાથેનો હિસાબ કરવામાં આવે તો ગરીબ બાળકોને પ્રવેશથી વંચિત રાખી અન્ય બાળકો પાસેથી રૂા.૧૯ કરોડથી વધુની રકમ સ્કૂલે વસુલી હોવાનું જાણવા મળે છે.

ત્રીજા માળે બારીમાંથી છલાંગ લગાવી, વિદ્યાર્થી હાલ સારવાર હેઠળ

# વડોદરામાં પાયોનિયર કોલેજમાં પ્રોફેસરોના જાતિ આધારિત ત્રાસથી કંટાળી વિદ્યાર્થીનો આપઘાતનો પ્રયાસ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૬

આજવા રોડપર આવેલી પાયોનિયર કોલેજમાં બી. એ. એમ. એસ.ના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતો ૧૯ વર્ષના વિદ્યાર્થીએ બે પ્રોફેસરો દ્વારા જાતિ વિષયક શબ્દો બોલી અવારનવાર પરેશાન કરાતા કંટાળી કોલેજના ત્રીજા માળેથી છલાંગ લગાવી આપઘાતનો પ્રયાસ કરતા ચકચાર મચી જવા પામી છે. જૂનાગઢ નિવાસી અને વિદ્યાર્થીના કાકા સમીરભાઈ રાઠોડ દ્વારા નોંધાવેલી ફરિયાદ મુજબ, વિદ્યાર્થીના પિતાનું અવસાન થતા તેની દેખભાળ તેઓ જ રાખતા હતા. વિદ્યાર્થી હાલ આજવા રોડ વિસ્તારમાં રહી અભ્યાસ કરતો હતો. ગઈતા. ૧૦ ફેબ્રુઆરીના રોજ વિદ્યાર્થીએ કોલેજના ત્રીજા માળે આવેલી બારીમાંથી કૂદી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. ગંભીર હાલતમાં તેને તાત્કાલિક ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરિવારજનો પહોંચતા વિદ્યાર્થીના મિત્રોએ જણાવ્યું કે, કોલેજની કોમલ મેડમ અને ઋષિકેશ સરના ત્રાસથી તેણે આ પગલું ભર્યું છે. પરિવાર કોલેજ ખાતે પહોંચતા કોમલબેને પોતાની ભૂલ થઈ હોવાની કબૂલાત કરી હોવાનું ફરિયાદમાં ઉલ્લેખ છે. ત્યારબાદ વધુ સારવાર માટે વિદ્યાર્થીને જૂનાગઢ રિફર કરાયો હતો. હાલ વિદ્યાર્થી ભાનમાં આવતા સમગ્ર ઘટનાક્રમ જણાવ્યો હોવાનું જણાવાયું છે. ફરિયાદના આધારે કપુરાઈ પોલીસે બંને આરોપી પ્રોફેસરો વિરૂદ્ધ એટ્રોસિટી એક્ટ સહિત વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કર્યો છે. આ કેસની વધુ તપાસ એસ.ટી-એસ.સી સેલના એ.સી.પી.સી.બી. સોલંકીએ સંભાળી છે. ફરિયાદ મુજબ, એડમિશન સમયે જ કોમલ મેડમે વિદ્યાર્થીની જાતિ વિશે પૂછપરછ કરી હતી. ત્યારબાદ કોમલ મેડમ અને ઋષિકેશ સરજાહેરમાં જાતિ વિષયક શબ્દો બોલી અપમાન કરતા હતા. વિદ્યાર્થી અસ્થમા રોગથી પીડિત હોવાછતાં તેને એક પગે ઊભો રાખતા હોવાનો પણ આક્ષેપ છે. પરિવારે પ્રોફેસરને સમજાવ્યા છતાં ત્રાસ યથાવત રાખવામાં આવ્યો હતો. ફરિયાદમાં વધુમાં ઉલ્લેખ છે કે, તને ડોક્ટર બનવા નહીં દઈએ, તારૂં વર્ષ બગાડી નાખીશું તેવી ચીમકી આપી હતી. સારવાર દરમિયાન ભાનમાં આવેલા વિદ્યાર્થીએ જણાવ્યું હતું કે, પ્રોફેસરો વારંવાર જાતિ વિષયક શબ્દો બોલી ભવિષ્ય બરબાદ કરવાની ધમકી આપતા હતા. જનરલ બુકમાં સહી ન કરી પુસ્તક ફેંકી દેવાનો પણ આક્ષેપ કર્યો છે. પગે પડી માફી માંગવા છતાં કાઢી મૂક્યો અને પ્રયોગશાળામાં જાહેરમાં અપમાન કર્યું, હું કંટાળી ગયો અને આત્મહત્યા કરવા ત્રીજા માળેથી કુદી પડ્યો, એમ વિદ્યાથીએ જણાવ્યું હોવાનું ફરિયાદમાં દર્શાવાયું છે.

# BCA ચૂંટણી વિવાદ : સિંગલ જજના આદેશ સામે અપીલ કરતા હાઈકોર્ટની ઈલેક્શન ઓફિસર સામે લાલ આંખ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૬

બરોડા ક્રિકેટ એસોસિએશન (BCA)ની આગામી ચૂંટણીને લઈને ચાલી રહેલા કાનૂની જંગમાં ગુજરાત હાઈકોર્ટે આજે અત્યંત કડક વલણ અપનાવ્યું છે. BCA અને ઈલેક્શન ઓફિસર તરફથી ગત સપ્તાહે હાઈકોર્ટની સિંગલ જજ બેન્ચ દ્વારા આપવામાં આવેલા આદેશ સામે અપીલ કરવામાં આવતા હાઈકોર્ટે નારાજગી વ્યક્ત કરી હતી. હાઈકોર્ટની ડિવિઝન બેન્ચે ઈલેક્શન ઓફિસરની ભૂમિકા સામે ગંભીર સવાલો ઉઠાવતા સ્પષ્ટ કર્યું હતું કે, જો પક્ષપાતી વલણ જણાશે તો કોર્ટે તેની આકરા શબ્દોમાં નોંધ લેવી પડશે. સુનાવણી દરમિયાન અદાલતે



ઈલેક્શન ઓફિસર દ્વારા કરવામાં આવેલી અપીલ સામે નારાજગી વ્યક્ત કરી હતી. કોર્ટે જણાવ્યું હતું કે, ઈલેક્શન ઓફિસરનું કામ માત્ર ચૂંટણી પ્રક્રિયાનું સંચાલન કરવાનું છે, નહીં કે કોઈ ચોક્કસ ઉમેદવાર કે પક્ષકારની તરફેણ કરવાનું. હાઈકોર્ટે ચીમકી આપતા કહ્યું કે, "જો તમે આ મુદ્દે વધુ દલીલો કરશો, તો અમારે લેખિત હુકમમાં નોંધવું પડશે કે ઈલેક્શન ઓફિસર પક્ષપાતી છે." આ ટકોર બાદ BCA અને ઈલેક્શન ઓફિસર દ્વારા કરવામાં આવેલી અપીલો પરત ખેંચી લેવામાં આવી હતી. જ્યારે સિંગલ જજ સમક્ષ ૧૭ ફેબ્રુઆરીએ સુનાવણી નિર્ધારિત છે, ત્યારે ડિવિઝન બેન્ચે વચગાળામાં દખલ કરવાનો ઈનકાર કર્યો હતો. હાઈકોર્ટે જણાવ્યું હતું કે, "પહેલા સિંગલ જજને આ કેસની મેન્ટેનિબિલિટી અને મેરિટ પર નિર્ણય લેવા દો, ત્યારબાદ જ પક્ષકારો માટે અપીલના દરવાજા ખુલ્લા છે." પ્રદીપસિંહ સોલંકી અને રામચંદ્ર પ્રજાપતિએ અરજી કરી હતી કે કિરણ મોરે અને અમુલ જીકાર સહિતના ઉમેદવારો સુપ્રીમ કોર્ટના 'કુલિંગ પિરિયડ' અને '૯ વર્ષની મર્યાદા'ના નિયમો મુજબ અયોગ્ય ઠરે છે. અગાઉ સિંગલ જજે ચૂંટણી યોજવાની મંજૂરી આપી હતી, પરંતુ પરિણામ જાહેર કરવા પર મનાઈ હુકમ આપતા બેલેટ પેપર સીલબંધ રાખવા આદેશ કર્યો હતો. BCAએ દલીલ કરી હતી કે ૧૯ ફેબ્રુઆરીએ વર્તમાન બોડીની મુદત પૂરી થઈ રહી છે, અને જો પરિણામ જાહેર ન થાય તો વહીવટી શૂન્યાવકાશ સર્જાશે. જોકે, કોર્ટે નોંધ્યું કે જો અમુક બિન-વિવાદાસ્પદ હોદ્દાઓ હોય તો તે અંગે સિંગલ જજ પાસે સ્પષ્ટતા માંગી શકાય છે.

હાઈકોર્ટે એક મહત્વનું અવલોકન કરતા કહ્યું કે BCCI કે BCA સંપૂર્ણપણે ખાનગી સંસ્થાઓ નથી. ઓર્ગેનાઈઝ્ડ ક્રિકેટ પર તેમનું એકહથ્થુ શાસન હોવાથી તેમનો 'જ્યુડિશિયલ રિવ્યૂ' (ન્યાયિક સમીક્ષા) થઈ શકે છે. હવે સૌની નજર ૧૭ ફેબ્રુઆરીએ સિંગલ જજની બેન્ચમાં થનારી સુનાવણી પર ટકેલી છે.

# કરતબ કરનાર પેટ્રોલથી વર્તુળ બનાવતો હતો'ને ભયાનક આગ લાગી : વૃદ્ધ જીવતા સળગ્યા

## ૧૨ કલાકની સારવાર બાદ વૃદ્ધનું દુઃખદ નિધન

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧૬

દાહોદના ગરબાડામાં મહાશિવરાત્રી નિમિતે યોજાયેલી શિવજી યાત્રા સમયે એક અત્યંત ગંભીર દુર્ઘટના બની હતી. આગના કરતબની તૈયારી માટે કરતબ કરનાર પેટ્રોલથી વર્તુળ બનાવતા હતા, આ સમયે અચાનક ભયાનક આગ લાગી અને નાસભાગ મચી.ત્યારે ધક્કો લાગવાથી એક વૃદ્ધ આગની ચપેટમાં આવ્યા હતા. જેનો લાઈવ વીડિયો પણ સામે આવતા ચકચાર મચી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ગરબાડામાં મહાશિવરાત્રિએ શિવજીની યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાત્રિના સમયે કરતબો માટે મંડળી પણ આવી હતી. જેને જોવા માટે રમણભાઈ રાઠોડ પણ પહોંચ્યા હતા. રમણભાઈ મંડળીના કરતબ નિહાળી રહ્યા હતા. આ સમયે કરતબ કરવા માટે પેટ્રોલ છાંટીને અગાઉથી જ વર્તુળ બનાવેલું હતું. જે બાદ પેટ્રોલથી સંપૂર્ણ વર્તુળ બનાવવા જતા કરતબ કરનારના હાથમાંથી પેટ્રોલનું કેન નીચે પડ્યું. ત્યારે ભયાનક આગ લાગી હતી, જેની ચપેટમાં રમણભાઈ આવી ગયા હતા. જોતજોતામાં રમણભાઈ સંપૂર્ણ રીતે આગની ચપેટમાં આવી ગયા અને જીવતા સળગવા લાગ્યા હતા. જેનો લાઈવ વીડિયો પણ સામે આવ્યો છે. આ દુર્ઘટના સમયે ત્યાં હાજર લોકોમાં નાસભાગ મચી અને અફરાતફરીનો માહોલ સર્જાયો.જયારે રમણભાઈને બચાવવાનો પણ પ્રયાસ કરવામાં આવ્યો.એ સાથે આગ પર કાબૂ મેળવવાની પણ કોશિશ કરી. પરંતુ ભયાનક આગના કારણે રમણભાઈ ગંભીર રીતે દાઝી ગયા હતા. જેમને તાત્કાલિક સારવાર માટે દાહોદની ઝાયડસ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ગંભીર રીતે દાજી જવાના કારણે ૧૨ કલાકની સારવાર બાદ આજે રમણભાઈ જીંદગી સામેનો જંગ હારી ગયા. અને તેમનું નિધન થયું છે. હાલ તેમનો મૃતદેહ પોસ્ટમોર્ટમમાં ખસેડવામાં આવ્યો છે. જયારે રમણભાઈના મોતથી પરિવારમાં શોકનો માહોલ છે.

પાકિસ્તાન સામે ભારતની શાનદાર જીત બાદ

# ભારતીય ક્રિકેટ ટીમ અમદાવાદ પહોંચી

## ૧૮મીએ મોદી સ્ટેડિયમમાં નેધરલેન્ડ સામે રોમાંચક મુકાબલો રમશે



(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૬

ICC T-20 વર્લ્ડ કપ ૨૦૨૬માં પાકિસ્તાન સામે ભારતની શાનદાર જીત બાદ ભારતીય ક્રિકેટ ટીમ સોમવારે અમદાવાદ પહોંચી હતી. સૂર્યકુમાર યાદવની કેપ્ટન્સી હેઠળની ટીમને અમદાવાદ એરપોર્ટ પર ચાહકોએ ક્રિકેટ પ્રેમીઓએ ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. ટીમ ITC નર્મદા હોટેલ ખાતે રોકાશે અને આગામી ૧૮ ફેબ્રુઆરીએ નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં નેધરલેન્ડ્સ સામે રોમાંચક મુકાબલો રમશે. પાકિસ્તાન સામેની મેચમાં મળેલી ભવ્ય જીત બાદ ભારતીય ટીમનું મનોબળ આકાશને આંબી ગયું છે. ગઈકાલે ચાહકોએ જીતની ઉજવણી કરી હતી. ભારતીય ટીમના ખેલાડીઓ અમદાવાદ એરપોર્ટ પર પહોંચતાની સાથે જ ચાહકોએ ક્રિકેટરોના નામોની બૂમો પાડીને તેમનું સ્વાગત કર્યું હતું. ટીમના સભ્યો ચાહકો સાથે થોડીવાર વાતચીત કરીને હોટેલ તરફ રવાના થયા હતા. ૧૮ ફેબ્રુઆરીએ નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ભારત ફજી નેધરલેન્ડ વચ્ચેની મેચને લઈને અમદાવાદમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ટીમના કેપ્ટન સૂર્યકુમાર યાદવે પાકિસ્તાન સામેની જીતને યાદ કરતાં જણાવ્યું હતું કે, ટીમ હવે સંપૂર્ણ રીતે તૈયાર છે અને આગામી મેચમાં પણ શાનદાર પ્રદર્શન કરશે. ચાહકો પણ આ મેચને લઈને ઉત્સાહિત છે અને સ્ટેડિયમમાં ભારતીય ટીમને પૂરો સપોર્ટ આપવા તૈયાર છે.

# ગોમતીપુર સોશિયલ વેલ્ફેર એસોસિએશન દ્વારા ભવ્ય જાહેર સન્માન સમારંભ યોજાયો

અમદાવાદ, તા.૧૬

ગોમતીપુર સોશિયલ વેલ્ફેર એસોસિએશન દ્વારા તુલસી પાર્ક પોલીસ ચોકીની પાસે આવેલ પટાંગણ ખાતે ગોમતીપુર વિસ્તારમાં વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રગતિ અને લોકસેવા કરનાર મહાનુભાવોનો ભવ્ય જાહેર સન્માન સંભારંભ યોજાયો હતો. કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ '૨૫ સાલ બે મિસાલ' થીમ અંતર્ગત ૨૫ વર્ષથી સતત મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ચૂંટાઈ આવી લોકસેવામાં સમર્પિત રહેલા આગેવાનોનું સન્માન રહ્યું. ખાસ કરીને ૧૦૮ના હુંલામણા નામથી ઓળખાતા ઈકબાલ શેખને લોકસેવા બદલ સન્માનિત કરવામાં આવ્યા. તદુપરાંત અમદાવાદ શહેરમાં સેન્ટ્રલ ઈદે મિલાદુન્નબી કમિટીના ચેરમેન તરીકે સર્વધર્મ સમભાવ અને કોમી એકતા મજબૂત બનાવવામાં વિશેષ યોગદાન બદલ મ્યુનિસિપલ કાઉન્સિલર તસનીમ આલમ તિરમીઝીનું સન્માન




કરવામાં આવ્યું.

સતત જનસંપર્ક અને વિકાસ કાર્યો માટે મ્યુનિસિપલ કોર્પોરેટર ઝુલ્ફી ખાન પઠાણ, સામાજિક ક્ષેત્રે વર્ષોથી સેવા આપતા એકતા ક્લબના પ્રમુખ મહંમદ અલી ભાઈ રાઠોડ તેમજ શૈક્ષણિક, આરોગ્ય, રાજકીય અને સામાજિક ક્ષેત્રે સેવાકીય યોગદાન આપનારાઓ ગયાશ શેખ, જફર અજમેરી, અયુબ ખાન પઠાણ, કલામભાઈ અન્સારી, મયુદીન મન્સુરી, મુસાભાઈ ગુણીયા નોમાનભાઈ રાજપુત, હનીફ અરબ, ઝાકીર સૈયદ, હાજી રફિકભાઈ તથા અન્ય મહાનુભાવોનો શાલ ઓઢાડી, ફૂલોની માળા પહેરાવી અને સ્મૃતિચિન્હ અર્પણ કરી જાહેર સન્માન કરવામાં આવ્યું.

કાર્યક્રમનું સફળ સંચાલન સલીમભાઈ, સજાદ જિલાની, શેખ ખલીલભાઈ, કદિરભાઈ, શાહનવાઝ શેખ, ખુરશીદ શેખ અફઝલ ખાન પઠાણ, કાસમ શેખ તેમજ કમિટીના અન્ય સભ્યો દ્વારા કરવામાં આવ્યું.

# જો અમેરિકા હુમલો કરશે તો અમે ઈરાનને ટેકો આપીશું : તાલિબાનનો ટંકાર

(એજન્સી) તા.૧૬

તાલિબાને જાહેરાત કરી છે કે અમેરિકા દ્વારા સંભવિત લશ્કરી હુમલાની સ્થિતિમાં તે ઈરાનને ટેકો આપશે, જે વધતા તણાવ વચ્ચે એક મહત્વપૂર્ણ પ્રાદેશિક જોડાણનો સંકેત આપે છે.

રવિવારે રેડિયો ઈરાનની પશ્તો સેવા સાથેની એક મુલાકાતમાં, તાલિબાનના પ્રવક્તા ઝબીહુલ્લાહ મુજાહિદે જણાવ્યું કે જો વોશિંગ્ટન હુમલો કરે છે અને ઈસ્લામિક રિપબ્લિક ઔપચારિક રીતે મદદ માંગે છે, તો અફઘાન વહીવટ તેહરાન સાથે સહયોગ કરવા તૈયાર છે. તેમના નિવેદનો ભૂ-રાજકીય અનિશ્ચિતતાના આ સમયગાળા દરમિયાન કાબુલની તેના પશ્ચિમી પાડોશી સાથે ઊભા રહેવાની સ્પષ્ટ તૈયારી દર્શાવે છે.

મુજાહિદે ભારપૂર્વક જણાવ્યું કે કોઈપણ સહયોગ ઈરાનની સહાયની વિનંતી પર આધાર રાખશે. જો કે, તેમના નિવેદનથી સ્પષ્ટ કે તાલિબાન નેતૃત્વ ઈરાનને બાહ્ય જોખમોનો સામનો કરવા માટે એક સાથી તરીકે જુએ છે. તેમણે અફઘાનિસ્તાન કયા પ્રકારની સહાય પૂરી પાડી શકે છે તે અંગે વિગતવાર માહિતી આપી ન હતી, પછી ભલે તે રાજદ્વારી હોય, લોજિસ્ટિકલ હોય કે અન્યથા.



પ્રવક્તાએ જૂનમાં ઈરાનના ઈઝરાયેલ સાથેના તાજેતરના ૧૨ દિવસના સંઘર્ષનો પણ ઉલ્લેખ કર્યો અને દાવો કર્યો કે તેહરાન વિજયી બન્યો છે. મુજાહિદના મતે, આ પરિણામ ઈરાનની સ્થિતિસ્થાપકતા અને લશ્કરી દબાણનો સામનો કરવાની ક્ષમતા દર્શાવે છે. તેમણે વિશ્વાસ પણ વ્યક્ત કર્યો કે જો ઈરાનને યુનાઈટેડ સ્ટેટ્સ તરફથી સીધી લશ્કરી કાર્યવાહીનો સામનો કરવો પડે છે, તો તે ફરીથી વિજયી બનશે.

# બોર્ડ ઓફ પીસના સભ્યો ગુરૂવારે ગાઝાના પુનર્નિર્માણ માટે પાંચ અબજ ડોલરથી વધુનું વચન આપશે : ટ્રમ્પ

(એજન્સી) તા.૧૬

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે રવિવારે જણાવ્યું કે નવા બોર્ડ ઓફ પીસના સભ્ય દેશો ગુરુવારે વોશિંગ્ટનમાં એક બેઠક દરમિયાન ગાઝાના પુનર્નિર્માણ માટે ૫ બિલિયન ડોલરથી વધુ અને આયોજિત ઈન્ટરનેશનલ સ્ટેબિલાઈઝેશન ફોર્સ માટે હજારો કર્મચારીઓના વચનોની જાહેરાત કરશે. તેમણે જણાવ્યું કે, '૧૯ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ, હું ફરી એકવાર વોશિંગ્ટન, ડી.સી.માં ડોનાલ્ડ જે. ટ્રમ્પ ઈન્સ્ટિટ્યૂટ ઓફ પીસ ખાતે બોર્ડ ઓફ પીસના સભ્યો સાથે જોડાઈશ, જ્યાં અમે જાહેરાત કરીશું કે સભ્ય દેશોએ ગાઝામાં માનવતાવાદી અને પુનર્નિર્માણ પ્રયાસો માટે ૫ બિલિયન ડોલરથી વધુનું વચન આપ્યું છે. તેમણે વધુમાં જણાવ્યું કે સભ્ય દેશોએ ગાઝાવાસીઓ માટે સુરક્ષા અને શાંતિ જાળવવા માટે ઈન્ટરનેશનલ સ્ટેબિલાઈઝેશન ફોર્સ અને સ્થાનિક પોલીસમાં



હજારો કર્મચારીઓને તૈનાત કરવા માટે પ્રતિબદ્ધતા દર્શાવી છે. ટ્રમ્પે જણાવ્યું કે બોર્ડ ઓફ પીસ પાસે 'અમર્યાદિત ક્ષમતા' છે અને યાદ કર્યું કે ગયા મહિને 'બે ડઝન પ્રતિષ્ઠિત સ્થાપક સભ્યો' સ્વિટ્ઝર્લેન્ડના દાવોસમાં તેમની સાથે જોડાયા હતા, જેથી તેની રચનાની ઉજવણી કરી શકાય અને 'વિશ્વ શાંતિ માટે એક બોલ્ડ વિઝન રજૂ કરી શકાય - ગાઝાના નાગરિકો માટે અને પછી આખરે ગાઝાથી પણ આગળ.' તેમણે લખ્યું કે, 'શાંતિ બોર્ડ ઈતિહાસમાં સૌથી મહત્ત્વપૂર્ણ આંતરરાષ્ટ્રીય સંસ્થા સાબિત થશે અને તેના અધ્યક્ષ તરીકે સેવા આપવી એ મારા માટે સન્માનની વાત છે. ટ્રમ્પના આ શબ્દો એવા અહેવાલો વચ્ચે આવ્યા છે કે ઈન્ડોનેશિયા ગાઝામાં ૮,૦૦૦ સૈનિકો તૈનાત કરવાની યોજના બનાવી રહ્યું છે. ગયા મહિને, વ્હાઈટ હાઉસે ગાઝા વહીવટ માટે 'ટેક્નિકલ' રાષ્ટ્રીય સમિતિની રચનાની જાહેરાત કરી હતી, જે યુદ્ધગ્રસ્ત પ્રદેશ માટે ટ્રમ્પની ૨૦-મુદ્દાની યોજનાના ભાગરૂપે સત્તાના સ્થાનાંતરણની દેખરેખ રાખશે. યુદ્ધવિરામ કરારથી ગાઝામાં ઈઝરાયેલના બે વર્ષના યુદ્ધનો અંત આવ્યો, જેમાં ૭૨,૦૦૦થી વધુ પેલેસ્ટીનીઓ મૃત્યુ પામ્યા અને ૯૦ ટકા નાગરિક માળખાકીય સુવિધાઓનો નાશ થયો. સંયુક્ત રાષ્ટ્રનો અંદાજ છે કે પુનર્નિર્માણ ખર્ચ આશરે ૭૦ બિલિયન ડોલર હશે.

# યુદ્ધવિરામના ઉલ્લંઘનમાં ગાઝા પર ઈઝરાયેલી હવાઈ હુમલામાં ૧૨ પેલેસ્ટીનીઓનાં મોત

(એજન્સી) તા.૧૬

રવિવારે ગાઝા પટ્ટીમાં ઈઝરાયેલી હવાઈ હુમલામાં ૧૨ પેલેસ્ટીની મૃત્યુ પામ્યા અને અન્ય ઘાયલ થયા, સિવિલ ડિફેન્સ ફોર્સે અહેવાલ આપ્યો, જે ૧૦ ઓકટોબરના યુદ્ધવિરામ કરારનું નવું ઉલ્લંઘન છે. સંગઠનોએ જણાવ્યું કે વહેલી સવારથી એન્કલેવના વિવિધ વિસ્તારોમાં ઈઝરાયેલી બોમ્બમારા દરમિયાન મૃત્યુ થયા છે. એક તબીબી સૂત્રએ અહેવાલ આપ્યો છે કે દક્ષિણ ગાઝામાં ખાન યુનિસના દક્ષિણપશ્ચિમમાં નાગરિકોના સમૂહને લક્ષ્ય બનાવતા હવાઈ હુમલામાં પાંચ લોકો મૃત્યુ પામ્યા અને અન્ય ઘાયલ થયા.

પેરામેડિક્સ અને પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, જબાલિયા શહેરની પશ્ચિમમાં અલ-ફલ્લુજાહ વિસ્તારમાં વિસ્થાપિત લોકો માટેના તંબુ પર ડ્રોન હુમલામાં પાંચ લોકો મૃત્યુ પામ્યા અને અન્ય ઘાયલ થયા.

ગાઝા શહેરના દક્ષિણપશ્ચિમમાં તાલ અલ-હાવા વિસ્તારમાં યુનિવર્સિટી કોલેજ નજીક નાગરિક મેળાવડા પર ઈઝરાયેલી હુમલામાં એક પેલેસ્ટીની પણ મૃત્યુ પામ્યા અને અન્ય ઘાયલ થયા. સૂત્રોના જણાવ્યા અનુસાર, ઉત્તર ગાઝામાં પશ્ચિમી બેઈટ લાહિયા રાઉન્ડઅબાઉટ નજીક ઈઝરાયલી હુમલામાં એક વ્યક્તિનું મોત થયું અને ત્રણ અન્ય ઘાયલ થયા.

આ ઉપરાંત, ઈઝરાયેલી દળોએ જબાલિયા શરણાર્થી શિબિરના ઉત્તરપૂર્વમાં પેલસ્ટીની ઘરોનો મોટા પાયે તોડફોડ કર્યો,



સાથે જ આ વિસ્તારમાં ભારે તોપમારો અને ઈઝરાયેલી લશ્કરી વાહનો દ્વારા ગોળીબાર કરવામાં આવ્યો.

યુદ્ધવિરામ કરાર ૮ ઓકટોબર, ૨૦૨૩ના રોજ શરૂ થયેલા ઈઝરાયેલના બે વર્ષીય યુદ્ધનો અંત લાવે છે. પેલેસ્ટીની અધિકારીઓ કહે છે કે આ સંઘર્ષમાં ૭૨,૦૦૦થી વધુ પેલેસ્ટીની મૃત્યુ પામ્યા છે, ૧૭૧,૦૦૦થી વધુ ઘાયલ થયા છે અને વ્યાપક વિનાશ થયો છે, જેના કારણે ૯૦ ટકા નાગરિક માળખાગત સુવિધાઓને અસર થઈ છે. સંયુક્ત રાષ્ટ્રનો અંદાજ છે કે પુનર્નિર્માણનો ખર્ચ આશરે ૭૦ બિલિયન ડોલર થશે.

ગાઝાના આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, યુદ્ધવિરામ પછી ઈઝરાયેલી હુમલાઓમાં ૬૦૧ પેલેસ્ટીની મૃત્યુ પામ્યા છે અને ૧,૬૦૦થી વધુ ઘાયલ થયા છે.

# ઈઝરાયેલી સરકારે ૧૯૬૭ પછી પહેલી વાર વેસ્ટ બેંકની જમીનોને 'રાજ્ય મિલકત' તરીકે નોંધણી કરવાના પ્રસ્તાવને મંજૂરી આપી

(એજન્સી) તા.૧૬

ઈઝરાયેલી સરકારે રવિવારે કબજાવાળા વેસ્ટ બેંકના મોટા વિસ્તારોને 'રાજ્ય મિલકત' તરીકે નોંધણી કરવાના પ્રસ્તાવને મંજૂરી આપી, જે ૧૯૬૭માં ઈઝરાયેલ દ્વારા આ પ્રદેશ પર કબજો કર્યા પછી પ્રથમ વખત બન્યું. જાહેર પ્રસારણકર્તા KANએ અહેવાલ આપ્યો છે કે આ પ્રસ્તાવ નાણામંત્રી બેઝાલેલ સ્મોટ્રિચ, ન્યાયમંત્રી યારીવ લેવિન અને સંરક્ષણમંત્રી ઈઝરાયલ કાત્ઝ દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો. સરકારના નિર્ણય પહેલાં, ઈઝરાયેલ હાયોમ અખબારે ટિપ્પણી કરી કે, 'પ્રારંભિક ધ્યેય ૨૦૩૦ સુધીમાં વિસ્તાર Cના ૧૫ ટકા ભાગમાં ધીમે ધીમે વસાહતો સ્થાપિત કરવાનો છે.' ૧૯૯૫માં હસ્તાક્ષર કરાયેલ ઓસ્લો II કરાર હેઠળ, વિસ્તાર A સંપૂર્ણ પેલેસ્ટીની નિયંત્રણ હેઠળ છે, વિસ્તાર B પેલેસ્ટીની નાગરિક નિયંત્રણ અને ઈઝરાયેલી સુરક્ષા નિયંત્રણ હેઠળ છે, જ્યારે વિસ્તાર C, જે વેસ્ટ બેંકના લગભગ ૬૧ ટકા ભાગને આવરી લે છે, તે સંપૂર્ણ ઈઝરાયેલી નિયંત્રણ હેઠળ છે. લેખ મુજબ, આ સરકારી નિર્ણયનો મુખ્ય અર્થ 'ખૂબ મોટા વિસ્તારોને રાજ્યની જમીનમાં રૂપાંતરિત કરવાનો છે, જો કે અન્ય કોઈ માલિકી ન મળે.' તેમાં આગળ જણાવાયું છે કે, 'આ અર્થમાં, કાયદાના અમલીકરણ માટે રાજકીય નિર્ણયની ગેરહાજરીમાં પણ, ઈઝરાયેલ જમીન રજિસ્ટ્રીમાં અન્ય પક્ષોની માલિકીની જમીનની નોંધણી કરીને જમીન પર પોતાની પકડ નોંધપાત્ર રીતે મજબૂત બનાવે છે.' ઓસ્લો II કરાર હેઠળ, પેલેસ્ટીની ઓથોરિટી દ્વારા જમીન નોંધણી વિસ્તાર A અને B સુધી મર્યાદિત છે, જ્યારે તે વિસ્તાર Cમાં પ્રતિબંધિત છે. જો મંજૂરી મળે તો, ઈઝરાયેલી સરકારનો ડિપાર્ટમેન્ટ ફોર ધ કોઓર્ડિનેશન ઓફ ટેરિટોરિયલ એક્ટિવિટીઝ (COGAT) એરિયા Cમાં જમીન માલિકીનું આયોજન અને નોંધણી



કરવા માટે જવાબદાર રહેશે. આ પ્રક્રિયામાં વેચાણ પરમિટ જારી કરવા, ફી વસૂલવા અને નોંધણી પ્રક્રિયાઓનું નિરીક્ષણ કરવાનો સમાવેશ થાય છે, જ્યારે પેલેસ્ટીની ઓથોરિટીને તે વિસ્તારોમાં આવા કાર્યો કરવાથી અટકાવવામાં આવે છે. આ પગલું ગયા અઠવાડિયે ઈઝરાયેલના સુરક્ષા મંત્રીમંડળ દ્વારા ગેરકાયદેસર વસાહત બાંધકામને વિસ્તૃત કરવા અને કબજાવાળા વેસ્ટ બેંક પર તેલ અવીવનું નિયંત્રણ વધારવાના હેતુથી મંજૂર કરાયેલા પગલાંની શ્રેણીનો એક ભાગ છે. ઈઝરાયેલી મીડિયા અનુસાર, આ પગલામાં વેસ્ટ બેંકે ગેરકાયદેસર ઈઝરાયેલી વસાહતોને જમીનના વેચાણ પર પ્રતિબંધ મૂકતા કાયદાને રદ કરવાનો, જમીન માલિકીના રેકોર્ડ જાહેર કરવાનો અને હેબ્રોન નજીકના વસાહત બ્લોકમાં પેલેસ્ટીની મ્યુનિસિપાલિટીથી ઈઝરાયેલી નાગરિક વહીવટને બિલ્ડિંગ પરમિટ જારી કરવાની સત્તા ટ્રાન્સફર કરવાનો સમાવેશ થાય છે.

# ઈઝરાયેલે પેલેસ્ટીની જૂથને નિશાન બનાવાયાનું જણાવ્યું જ્યારે લેબેનોને કહ્યું કે હુમલામાં ચાર લોકો માર્યા ગયા

(એજન્સી) તા.૧૬

લેબેનોને જણાવ્યું કે રવિવારે પૂર્વી લેબેનોનમાં સીરિયન સરહદ નજીક ઈઝરાયેલી હુમલામાં ચાર લોકો મૃત્યુ પામ્યા છે. ઈઝરાયેલે દાવો કર્યો કે તેણે પેલેસ્ટીની આતંકવાદી સમૂહ ઈસ્લામિક જેહાદના સભ્યોને નિશાન બનાવ્યા છે. નવેમ્બર ૨૦૨૪માં ઈઝરાયેલ અને હિઝબુલ્લાહ વચ્ચે એક વર્ષથી વધુ સમયથી ચાલી આવતી દુશ્મનાવટનો અંત લાવવાના હેતુથી યુદ્ધવિરામ થયો હોવા છતાં, ઈઝરાયેલે લેબનોનમાં નિયમિત હુમલાઓ ચાલુ રાખ્યા છે. ઈઝરાયેલ સામાન્ય રીતે ઈરાન સમર્થિત સમૂહને નિશાન બનાવે છે, પરંતુ ક્યારેક તેના પેલેસ્ટીની સાથી હમાસને પણ નિશાન બનાવે છે. યુદ્ધવિરામ પછી લેબેનોનમાં ઈસ્લામિક જેહાદ સામે ઈઝરાયેલનો આ પહેલો હુમલો હોય તેવું લાગે છે. રાજ્ય સંચાલિત રાષ્ટ્રીય સમાચાર એજન્સીએ અહેવાલ આપ્યો છે કે ઈઝરાયેલી ડ્રોને



લેબનાન-સીરિયા સરહદ પર એક કારને નિશાન બનાવી અને જણાવ્યું કે વાહનની અંદર ચાર મૃતદેહો હતા. લેબેનોનના આરોગ્ય મંત્રાલયે એક નિવેદનમાં મૃત્યુઆંકની ખાતરી કરી છે. ઈઝરાયેલી સૈન્યએ એક નિવેદનમાં જણાવ્યું કે તેણે મજદલ અંજાર વિસ્તારમાં પેલેસ્ટીની ઈસ્લામિક જેહાદ આતંકવાદીઓ પર હુમલો કર્યો. ગાઝા યુદ્ધને લઈને ઓક્ટોબર ૨૦૨૩માં ઈઝરાયેલ અને હિઝબુલ્લાહ વચ્ચે થયેલી અથડામણમાં માર્યા ગયેલા લોકોમાં ઈસ્લામિક જેહાદ લડાકુઓ પણ હતા. પેલેસ્ટીની સમૂહો હિઝબુલ્લાહ અને હમાસે સંઘર્ષ દરમિયાન લેબેનોનથી કેટલાક હુમલાઓ અને ઘૂસણખોરીના પ્રયાસોની જવાબદારી સ્વીકારી. આરોગ્ય મંત્રાલયના અહેવાલોના આધારે સંકલિત AFP ડેટા અનુસાર, યુદ્ધવિરામ પછી લેબેનોનમાં ઈઝરાયેલી ગોળીબારમાં ૩૭૦થી વધુ લોકો મૃત્યુ પામ્યા છે. ૨૦૨૪ના યુદ્ધવિરામની અનુરૂપ, લેબેનીઝ સેનાએ જાન્યુઆરીમાં જાહેરાત કરી કે તેણે હિઝબુલ્લાહને નિઃશસ્ત્ર કરવાની સરકારી યોજનાનો પ્રથમ તબક્કો પૂર્ણ કરી લીધો છે, જેમાં ઈઝરાયેલી સરહદ નજીકના પ્રદેશનો સમાવેશ થાય છે. બિન-સરકારી સમુહોને નિઃશસ્ત્ર કરવાના લેબેનીઝ સરકારના પ્રયાસોના ભાગરૂપે, લેબેનોનમાં કેટલાક પેલેસ્ટીની સમૂહોએ ગયા વર્ષે અનેક શરણાર્થી શિબિરોમાં લેબેનીઝ અધિકારીઓને શસ્ત્રો સોંપ્યા હતા.

# ઈઝરાયેલી કેબિનેટે વેસ્ટ બેંકની જમીન નોંધણીને મંજૂરી આપતા પેલેસ્ટીનીઓએ 'ડી-ફેક્ટો જોડાણ'ની ટીકા કરી

(એજન્સી) તા.૧૬

ઈઝરાયેલના મંત્રીમંડળે રવિવારે કબજાવાળા વેસ્ટ બેંક પર ઈઝરાયેલના નિયંત્રણને વધુ કડક બનાવવા અને વસાહતીઓ માટે જમીન ખરીદવાનું સરળ બનાવવાના પગલાંને મંજૂરી આપી છે, આ પગલાને પેલેસ્ટીનીઓએ 'ડી ફેક્ટો જોડાણ' ગણાવ્યું છે. વેસ્ટ બેંકએ એવા પ્રદેશોમાંનો એક છે જે પેલેસ્ટીનીઓ ભવિષ્યમાં સ્વતંત્ર રાજ્ય ઈચ્છે છે. તેનો મોટાભાગનો ભાગ ઈઝરાયેલી લશ્કરી નિયંત્રણ હેઠળ છે, જ્યારે કેટલાક વિસ્તારો પશ્ચિમ સમર્થિત પેલેસ્ટીની ઓથોરિટી (PA) દ્વારા મર્યાદિત પેલેસ્ટિનિયન સ્વ-શાસનનો આનંદ માણે છે. ઈઝરાયેલી વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુ, જે આ વર્ષના અંતમાં ચૂંટણીનો સામનો કરી રહ્યા છે, તેઓ કોઈપણ પેલેસ્ટીની રાજ્યની સ્થાપનાને સુરક્ષા ખતરા તરીકે જુએ છે. તેમના શાસક ગઠબંધનમાં ઘણા વસાહતી-તરફી સભ્યોનો સમાવેશ થાય છે જેઓ ઈચ્છે છે કે ઈઝરાયેલ પશ્ચિમ કાંઠાને પોતાની સાથે જોડે, ૧૯૬૭ના મધ્ય પૂર્વ યુદ્ધમાં ઈઝરાયેલે જીતેલી જમીન, જેની સાથે ઈઝરાયેલ બાઈબલના અને ઐતિહાસિક સંબંધોનો દાવો કરે છે. ૧૯૬૭ પછી પહેલી વાર જમીન નોંધણી પ્રક્રિયા શરૂ કરવાની તરફેણમાં મંત્રીઓએ મતદાન કર્યું. નેતાન્યાહુની સરકારન દક્ષિણપંથી સભ્ય, નાણામંત્રી બેઝાલેલ સ્મોટ્રિચે કહ્યું, 'અમે વસાહત વિસ્તરણની ક્રાંતિ ચાલુ રાખીએ છીએ અને અમારી જમીનના તમામ ભાગો પર અમારી પકડ મજબૂત બનાવી રહ્યા છીએ.' સંરક્ષણમંત્રી ઈઝરાયેલ કાત્ઝે જણાવ્યું કે જમીન નોંધણી એ એક મહત્ત્વપૂર્ણ સુરક્ષા માપદંડ છે જે ઈઝરાયેલ માટે પ્રદેશમાં નિયંત્રણ, અમલીકરણ અને સંપૂર્ણ સ્વતંત્રતા સુનિશ્ચિત કરવા માટે રચાયેલ છે, જેથી તે તેના નાગરિકોનું રક્ષણ કરી શકે અને રાષ્ટ્રીય હિતોનું રક્ષણ કરી શકે. મંત્રીમંડળે એક નિવેદનમાં જણાવ્યું કે નોંધણી 'પેલેસ્ટીની ઓથોરિટી દ્વારા પ્રોત્સાહન આપવામાં આવતી ગેરકાયદેસર જમીન નોંધણી પ્રક્રિયાઓનો યોગ્ય પ્રતિભાવ' છે અને તે વિવાદોનો



અંત લાવશે. પેલેસ્ટીની ઓથોરિટીના પ્રમુખે કેબિનેટના નિર્ણયને નકારી કાઢ્યો અને કહ્યું કે તેણે 'કબજાવાળા પેલેસ્ટીની પ્રદેશને વાસ્તવિક રીતે જોડી દીધો અને ગેરકાયદેસર વસાહત પ્રવૃત્તિઓ દ્વારા કબજાને મજબૂત કરવાના હેતુથી જોડાણ યોજનાઓ શરૂ કરવાની જાહેરાત કરી.' અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈઝરાયેલ દ્વારા વેસ્ટ બેંકને ભેળવી દેવાની શક્યતાને નકારી કાઢી છે, પરંતુ તેમના વહીવટીતંત્રે ઈઝરાયેલના ઝડપી વસાહતોના બાંધકામને રોકવા માટે કોઈ પગલાં લીધા નથી. પેલેસ્ટીનીઓ કહે છે કે આ બાંધકામ તેમના પ્રદેશ પર કબજો કરી રહ્યું છે અને તેમને સંભવિત રાજ્યથી વંચિત કરી રહ્યું છે. સંયુક્ત રાષ્ટ્રની સર્વોચ્ચ અદાલતે ૨૦૨૪માં એક બિન-બંધનકર્તા સલાહકાર અભિપ્રાયમાં જણાવ્યું કે પેલેસ્ટીની પ્રદેશો અને વસાહતો પર ઈઝરાયેલનો કબજો ગેરકાયદેસર છે અને તેને શક્ય તેટલી વહેલી તકે સમાપ્ત કરવો જોઈએ. ઈઝરાયેલ આ દૃષ્ટિકોણને નકારે છે અને કહે છે કે તેનો જમીન સાથે ઐતિહાસિક અને બાઈબલના સંબંધો છે.

# પૂર્વ જેરૂસલેમમાં અલ-અક્સા મસ્જિદ સંકુલ પર ઈઝરાયેલી સંસદ સભ્યનો હુમલો

(એજન્સી) તા.૧૬

ઈઝરાયેલી મીડિયા અનુસાર, રમઝાનનો પવિત્ર મહિનો શરૂ થવાના થોડા દિવસો પહેલા રવિવારે ઈઝરાયેલી સંસદના એક સભ્યએ કબજાવાળા પૂર્વ જેરુસલેમમાં અલ-અક્સા મસ્જિદના પરિસરમાં બળજબરીથી પ્રવેશ કર્યો હતો.

ચેનલ ૭ના અહેવાલ મુજબ, વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂની લિકુડ પાર્ટીના સભ્ય અમિત હેલેવીએ તંગ સ્થળે તાલમુદિક પ્રાર્થના કરી હતી. અલ-અક્સા કમ્પાઉન્ડની અંદરથી રેકોર્ડ કરાયેલા એક વીડિયોમાં, હેલેવીએ જણાવ્યું કે, 'રમઝાન મહિના દરમિયાન ટેમ્પલ માઉન્ટ (અલ-અક્સા મસ્જિદ) ખાતે યહૂદી પ્રાર્થનામાં કોઈ ફેરફાર થવો જોઈએ નહીં.' જમણેરી પક્ષના ધારાસભ્યએ જણાવ્યું કે, તેઓ માંગ કરવાની યોજના ધરાવે છે કે નેતન્યાહૂ અને દૂર-જમણેરી રાષ્ટ્રીય સુરક્ષા મંત્રી ઈતામાર બેન-ગ્વિર રમઝાન દરમિયાન બપોરના સમયે વસાહતના અતિક્રમણને અવરોધિત કરવાનું ચાલુ રાખે. હારેટ્ઝ અખબાર અનુસાર, ઈઝરાયેલી પોલીસ, બેન-ગ્વિરના આદેશ પર જાન્યુઆરીથી અલ-અક્સા કમ્પાઉન્ડમાં પ્રવેશેલા ગેરકાયદેસર વસાહતીઓને સુરક્ષા પૂરી પાડી રહી છે. તેમાં જણાવાયું છે કે, 'પહેલાં, પોલીસે આવી બધી પ્રવૃત્તિઓમાં બળજબરીથી દખલગીરી કરી હતી. આજે, તેઓ ભાગ્યે જ દખલ કરે છે અને તેના બદલે પોલીસ કમિશનર અને રાષ્ટ્રીય સુરક્ષા મંત્રી બેન-ગવીરના નિર્દેશો અનુસાર યથાસ્થિતિમાં ફેરફાર કરવાની મંજૂરી આપે છે.'

'કંપાઉન્ડમાં મોટેથી પ્રાર્થના, સંપૂર્ણ પ્રણામ સાથે ગાવા અને નૃત્ય કરવાની મંજૂરી આપવામાં આવી છે અને તાજેતરમાં,



તોરાહ ઉપદેશોના ઉલ્લંઘનને પણ યથાસ્થિતિના ઉલ્લંઘન તરીકે સમાવવામાં આવ્યા છે.'

અલ-અક્સા મસ્જિદમાં યથાસ્થિતિ ૧૯૬૭માં ઈઝરાયેલે પૂર્વ જેરૂસલેમ પર કબજો કર્યો તે પહેલાંની જેમ જ છે, જેના હેઠળ જોર્ડનના એન્ડોમેન્ટ્સ મંત્રાલય સાથે સંકળાયેલ જેરૂસલેમ ઈસ્લામિક વકફ, મસ્જિદના કામકાજનું સંચાલન કરવા માટે જવાબદાર છે. જો કે, ૨૦૦૩માં, ઈઝરાયેલી અધિકારીઓએ આ સ્થિતિ બદલી અને ગેરકાયદેસર વસાહતોના રહેવાસીઓને ઈસ્લામિક વકફની મંજૂરી વિના અલ-અક્સા મસ્જિદમાં પ્રવેશવાની મંજૂરી આપી, જોકે ઈસ્લામિક વકફે આ આક્રમણનો અંત લાવવાની માંગ કરી છે.

# તુર્કીએ વેસ્ટ બેંકમાં ઈઝરાયેલના જમીન નોંધણીના પગલાની ટીકા કરી

(એજન્સી) તા.૧૬

રવિવારે તુર્કીએ કબજાવાળા વેસ્ટ બેંકમા જમીન નોંધણી અંગે ઈઝરાયેલના નવા નિર્ણયની સખત ટીકા કરી અને તેને આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન ગણાવ્યું. રવિવારે અગાઉ, ઈઝરાયેલી સરકારે કબજાવાળા વેસ્ટ બેંકના વિશાળ વિસ્તારોને "રાજ્ય મિલકત" તરીકે નોંધણી કરવાના પ્રસ્તાવને મંજૂરી આપી હતી, જે ૧૯૬૭માં ઈઝરાયલે આ પ્રદેશ પર કબજો કર્યા પછીનું પ્રથમ પગલું છે. તુર્કીના વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું કે આ પગલાનો હેતુ કબજાવાળા વેસ્ટ બેંક પર "ઈઝરાયેલની સત્તા સ્થાપિત કરવાનો અને વસાહત પ્રવૃત્તિઓનો વિસ્તાર કરવાનો" છે. મંત્રાલયે જણાવ્યું કે, "આ પગલું, જેનો હેતુ પેલેસ્ટીની લોકોને તેમની જમીનો પરથી બળજબરીથી વિસ્થાપિત કરવાનો અને ઈઝરાયેલના ગેરકાયદેસર જોડાણના પ્રયાસોને વેગ આપવાનો છે, તે આંતરરાષ્ટ્રીય કાયદાનું સ્પષ્ટ ઉલ્લંઘન છે અને સંપૂર્ણપણે અમાન્ય છે."

મંત્રાલયે વધુમાં જણાવ્યું કે, "કબજાવાળા પેલેસ્ટીની પ્રદેશો પર ઈઝરાયેલનું કોઈ સાર્વભૌમત્વ નથી" અને ઉમેર્યું કે વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહૂની સરકાર દ્વારા અપનાવવામાં આવતી વિસ્તરણવાદી નીતિઓ શાંતિ પ્રયાસોને નબળી પાડે છે અને બે-રાજ્ય ઉકેલની સંભાવનાઓને નુકસાન પહોંચાડે છે. તુર્કીએ આંતરરાષ્ટ્રીય સમુદાયને ઈઝરાયલ દ્વારા જમીન પર તથ્યો ખોટી રીતે રજૂ કરવાના પ્રયાસો સામે કડક વલણ અપનાવવા માંગ કરી.

મંત્રાલયે જણાવ્યું કે તુર્કી ૧૯૬૭ની સરહદો પર આધારિત સ્વતંત્ર, સાર્વભૌમ અને સંલગ્ન પેલેસ્ટીની રાજ્ય સ્થાપિત કરવાના પ્રયાસોને સમર્થન આપવાનું ચાલુ રાખશે, જેની રાજધાની પૂર્વ જેરૂસલેમ હશે.

ઈઝરાયેલી જાહેર પ્રસારણકર્તા KANએ અહેવાલ આપ્યો કે આ દરખાસ્ત નાણામંત્રી બેઝાલેલ સ્મોટ્રિચ, ન્યાયમંત્રી યારીવ લેવિન અને સંરક્ષણમંત્રી ઈઝરાયલ કાત્ઝ દ્વારા રજૂ કરવામાં આવી હતી.

સરકારના નિર્ણય પહેલાં, દૈનિક અખબાર ઈઝરાયેલ હાયોમે જણાવ્યું કે, "પ્રારંભિક ધ્યેય ૨૦૩૦ સુધીમાં વિસ્તાર Cના કરી ૧૫ ટકા ભાગમાં ધીમે ધીમે વસાહતો સ્થાપિત કરવાનો છે." ૧૯૯૫માં હસ્તાક્ષર કરાયેલ ઓસ્લો II કરાર હેઠળ, વિસ્તાર છ સંપૂર્ણ પેલેસ્ટીની નિયંત્રણ હેઠળ છે, વિસ્તાર B પેલેસ્ટીની નાગરિક નિયંત્રણ અને ઈઝરાયલી સુરક્ષા નિયંત્રણ હેઠળ છે, જ્યારે વિસ્તાર C, જે વેસ્ટ બેંકના લગભગ ૬૧ ટકા ભાગને આવરી લે છે, તે સંપૂર્ણ ઈઝરાયેલી નિયંત્રણ હેઠળ છે. ઓસ્લો II કરાર હેઠળ, પેલેસ્ટીની ઓથોરિટી દ્વારા જમીન નોંધણી વિસ્તાર A અને B સુધી મર્યાદિત છે, જ્યારે વિસ્તાર Cમાં તે પ્રતિબંધિત છે.

પટેલ સમાજનું ગૌરવ



ડો.મહંમદ કૈફ મુબારક ભાણિયા

ટંકારીયા ગામના વતની અને હાલ ભરૂચ શીફા આબાદ ટ્રેડ સેન્ટર ખાતે રહેતા ભાણિયા મુબારકભાઈના પુત્ર ડો.મો.કૈફ અમદાવાદ (G.C.S) કોલેજમાંથી M.B.B.S (ડોક્ટર)ની ડિગ્રી મેળવી અને હાલ M.D. માટે અમદાવાદની (L.G.) હોસ્પીટલમાં ફેફસાના ડોક્ટર બનવા માટે સિલેક્ટ થયા છે. M.D. ની ડિગ્રી મેળવી પટેલ સમાજમાં સેવા આપવાની ઈચ્છા ધરાવે છે. M.D. માટે સિલેક્ટ થવા બદલ ખૂબ ખૂબ અભિનંદન અને ગૌરવની લાગણી અનુભવીએ છીએ.

ઓલ ભાણિયા ફેમીલી-ભરૂચ
ઓલ મુકરદમ ફેમીલી-અમદાવાદ

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ .........

ગુજરાત ટુડે

# બાંગ્લાદેશની ચૂંટણીના પરિણામોના સૂચિતાર્થ

બાંગ્લાદેશની ચૂંટણીના પરિણામો સ્પષ્ટપણે દર્શાવે છે કે સત્તા અને રાજકારણમાં એક નવો અધ્યાય શરૂ થવાનો છે. ચૂંટણીના પરિણામો બાદ નવા સમીકરણો રચાવાનું મુખ્ય પરિબળ BNP (બાંગ્લાદેશ રાષ્ટ્રવાદી પક્ષ)નું કુલ ૩૦૦માંથી ૨૦૯ બેઠકો જીતવું છે. તેનાથી વિપરીત, જમાત-એ-ઈસ્લામી અને તેના સાથી પક્ષોએ સિત્તેર બેઠકો મેળવી હતી. ૨૦૨૪માં બાંગ્લાદેશમાં વ્યાપક ઉથલપાથલ દરમિયાન વિદ્યાર્થી આંદોલનમાંથી ઉભરી આવેલી NCP (નેશનલ સિટીઝન્સ પાર્ટી)ને તો ફક્ત છ બેઠકો જ મળી હતી.

શેખ હસીનાના નેતૃત્વમાં અવામી લીગે ચૂંટણીમાં ભાગ લીધો ન હતો. હવે તખ્તો ગોઠવાઈ ગયો છે કે પૂર્વ વડાપ્રધાન ખાલિદા ઝિયાના પુત્ર અને BNPના પ્રમુખ તારિક રહેમાન સત્તાની કમાન સંભાળશે. નોંધપાત્ર રીતે, BNPએ "બાંગ્લાદેશ પ્રથમ"ના નારા સાથે તેનું ચૂંટણી અભિયાન શરૂ કર્યું હતું.

હવે જ્યારે BNPને દેશના મતદારો દ્વારા જંગી વિજય મળ્યો છે, ત્યારે એ જોવાનું બાકી છે કે નવી સરકાર આ નારાને આંતરરાષ્ટ્રીય રાજદ્વારી ચર્ચાના કેન્દ્રમાં કેટલી હદ સુધી રાખી શકે છે. ખાસ કરીને બાંગ્લાદેશમાં ચીનના લાંબા ગાળાના રોકાણોને ધ્યાનમાં રાખીને, રાષ્ટ્રીય હિતના મુદ્દાઓ પર "પ્રથમ દરજ્જો" ધરાવતો અભિગમ સુનિશ્ચિત કરવો એ નવી સરકાર માટે એક સંવેદનશીલ અને પડકારજનક નિર્ણય હશે. જો કે, બાંગ્લાદેશની સાચી કસોટી ભારત સાથેના તેના સંબંધોની દિશા નક્કી કરવામાં આવશે.

ખરેખર, આ ક્ષેત્રની ભૌગોલિક વાસ્તવિકતાઓ સૂચવે છે કે ભારત બાંગ્લાદેશના સંબંધોમાં નિર્ણાયક ભૂમિકા ભજવશે. બાંગ્લાદેશની લગભગ ૯૪ ટકા સરહદ ભારત સાથે જોડાયેલી છે. આનો અર્થ એ છે કે સુરક્ષા અને વેપારના મામલામાં બાંગ્લાદેશ માટે ભારતને અવગણવું સરળ રહેશે નહીં. અસંખ્ય મતભેદ હોવા છતાં, ભારત પ્રત્યે નવી સરકારના વલણ પર ઘણું નિર્ભર રહેશે. તાજેતરમાં બાંગ્લાદેશમાં જોવા મળેલા તીવ્ર ધ્રુવીકરણ સામે કામ પાર પાડવું અને તણાવમુક્ત વાતાવરણ પુનઃસ્થાપિત કરવું એ નવી સરકાર માટે એક મોટો પડકાર હશે.

બીજી આ ચૂંટણીમાં ઊડીને આંખે વળગે એવી બાબત એ છે કે બાંગ્લાદેશની પ્રજાએ કથિત કટ્ટરવાદી પક્ષોને જાકારો આપ્યો છે. અર્થાત ચૂંટણી પહેલા સુધી એવું જણાતું હતું કે બાંગ્લાદેશ કટ્ટરવાદની ચુંગાલમાં ફસાયું છે પરંતુ પરિણામોએ બાંગ્લાદેશની પ્રજાની માનસિકતા અને સમજદારીનો પરિચય આપ્યો છે. આ પ્રકારની માનસિક્તા મુજબ જ્યાં જ્યાં પણ કટ્ટરવાદ કે ધ્રુવીકરણ પ્રવર્તતું હોય તેવા ખાસ કરીને ભારત-પાકિસ્તાન જેવા દેશોની પ્રજાએ પણ સમય આવ્યે આવી પરિપક્વતા બતાવવી પડશે.

# પ્રશ્ન લોકશાહીનો : મતદાન અધિકારોની ધોળા દિવસે લૂંટ?



મુસ્લિમ મતદારોને દૂર કરવા માટે પહેલેથી ભરેલા ફોર્મ ૭ મોટા પ્રમાણમાં જમા કરવામાં આવી રહ્યા છે. નંદલાલ શર્માનો અહેવાલ

૨૯ જાન્યુઆરીએ કોંગ્રેસના મહાસચિવ (સંગઠન) કે.સી. વેણુગોપાલે ભારતીય ચૂંટણી પંચને પત્ર લખીને જણાવ્યું હતું કે ભાજપ દ્વારા ફોર્મ ૭નો મોટા પાયે દુરુપયોગ કરવામાં આવી રહ્યો છે. તેમના કહેવા મુજબ, વિપક્ષને ટેકો આપતા હોવાના સંદેહ હેઠળ મતદારોના નામ કાઢી નાખવા માટે આવું કરવામાં આવે છે. તેમના પત્રમાં વેણુગોપાલે આ પ્રક્રિયાને વ્યાપક અને સુનિયોજિત ગણાવી હતી. તેમણે જણાવ્યું કે ભાજપે પોતાના કાર્યકરોને મોટા પ્રમાણમાં વાંધા અરજીઓ જમા કરવા કહ્યું હોય તેવી સંભાવના છે, ખાસ કરીને ચૂંટણી યોજાનાર રાજ્યોમાં આને કેન્દ્રીય સ્તરે ગોઠવાયેલ છેતરપિંડીનો ભાગ ગણાવ્યો અને કહ્યું કે મહત્વપૂર્ણ બાબત એ છે કે વાંધા અંગેની કાયદેસરની જાણ મતદારો સુધી પહોંચે જ નહીં. ઉત્તર પ્રદેશ, ગુજરાત, રાજસ્થાન, આસામ, કેરળ, પશ્ચિમ બંગાળ અને છત્તીસગઢમાંથી મળતા અહેવાલો એક સરખું ધોરણ બતાવે છે. મોટા પ્રમાણમાં છપાયેલા ફોર્મ ૭માં કેટલાક સામાન્ય લક્ષણો જોવા મળે છે:

૧. જેના નામ કાઢવા છે તે મતદારોના નામ પહેલાથી જ ફોર્મમાં છપાયેલા છે, જે સૂચવે છે કે મતદાર ડેટાબેઝની ઍક્સેસ સાથે સામૂહિક રીતે કાર્યવાહી થઈ રહી છે.

૨. વાંધો ઉઠાવનાર અરજદારનું નામ ગેરહાજર છે, છતાં ફોર્મના અંતે અરજદારની સહી કરવામાં આવી છે.

૨૦૨૩માં જ્યારે ચૂંટણી પંચે ફોર્મ ૭ સંબંધિત નિયમોમાં શાંતિપૂર્વક ફેરફાર કર્યો ત્યારે તેની ખાસ નોંધ લેવામાં આવી નહોતી. ફોર્મ ૭ મારફતે કોઈ મતદાર મતદારયાદીમાં સમાવિષ્ટ અન્ય વ્યક્તિના નામ પર વાંધો ઉઠાવી તેને દૂર કરવાની માંગ કરી શકે છે. અગાઉ ફક્ત પડોશી અથવા તે જ મતદાન મથકમાં નોંધાયેલા મતદારોને જ ફોર્મ ૭ દાખલ કરવાની મંજૂરી હતી, પરંતુ નવા નિયમ મુજબ હવે તે જ વિધાનસભા ક્ષેત્રનો કોઈપણ મતદાર આવું કરી શકે છે. વધુમાં, પ્રતિ અરજદાર અનલિમિટેડ સંખ્યામાં અરજીઓ જમા કરવાની છૂટ આપવામાં આવી છે.

૧૧ ફેબ્રુઆરીએ ઉત્તર પ્રદેશના મુખ્ય ચૂંટણી અધિકારીના સત્તાવાર X હેન્ડલ પર જાહેર કરાયેલા અપડેટ મુજબ, રાજ્યમાં ૧.૧ લાખ ફોર્મ ૭ અરજીઓ પ્રાપ્ત થઈ હોવાનું જણાવાયું છે. જ્યારે મતદાર યાદીના વિશેષ સઘન સુધારા (SIR)ના આ તબક્કા અંગે અન્ય રાજ્યો અથવા કેન્દ્રશાસિત પ્રદેશો માટે ચૂંટણી પંચે X અથવા પોતાની વેબસાઈટ પર આવા આંકડા જાહેર કર્યા નથી. ઉપર દર્શાવ્યા મુજબ, વિવિધ રાજ્યોમાં જમા કરાયેલા ફોર્મ ૭માં એક ચિંતાજનક સમાનતા જોવા મળે છેઃ જેમાં જે મતદારોના નામ કાઢવાના છે, તેમનાં નામ, સરનામું અને EPIC નંબર પહેલેથી જ ફોર્મ પર છપાયેલા હોય છે.

ફોર્મની ઉપર દર્શાવાતું "વાંધો ઉઠાવનાર (અરજદાર)" નામનું ક્ષેત્ર આ પત્રકાર જે જેટલા BLO (બૂથ-સ્તરના અધિકારીઓ)ના સંપર્કમાં આવ્યા, તમામ કેસોમાં ખાલી જોવા મળ્યું હતું. EPIC નંબર ફરજિયાત ન હોવા છતાં, આ ફોર્મમાં તે પણ પહેલેથી જ છાપેલા હતા, હાથથી લખેલા નહોતા. આ વાત સૂચવે છે કે આ પ્રક્રિયા ચૂંટણી પંચ (ECI)ના ડેટાબેઝની ઍક્સેસ સાથે જોડાયેલી હોઈ શકે છે.

અમેઠીના જગદીશપુર ખાતે બાંધકામ સામગ્રીના સપ્લાયર શરાફત હુસૈન જણાવે છે કે તેમના વિસ્તૃત પરિવારમાંના તમામ ૧૯ સભ્યોના નામ SIR ડ્રાફ્ટ યાદીમાં સામેલ હતા. પરંતુ BLO અમર બહાદુરે તેમને જાણ કરી કે ૧૬ નામો કાઢી નાખવા માટે ફોર્મ ૭ની અરજીઓ મળી છે, ત્યારે તેઓ આશ્ચર્યમાં પડી ગયા. સમાજવાદી પાર્ટીએ ફતેહપુર જિલ્લામાં ભાજપ મંડલ પ્રમુખ સાવિત્રી દેવી પર ૭૨ વાંધા દાખલ કરવાનો આરોપ લગાવ્યો છે. નેશનલ હેરાલ્ડ દ્વારા સાવિત્રી દેવીનો સંપર્ક કરવાનો પ્રયાસ નિષ્ફળ રહ્યો.

ECIના ૨૦૨૩ના મેન્યુઅલમાં જેમાં ફોર્મ ૭ સંબંધિત સુધારેલા નિયમોનો સમાવેશ છે. ફોર્મ ૭ની જથ્થાબંધ અરજીઓ જમા કરાવવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. બૂથ લેવલ એજન્ટ (BLA) દિવસ દરમિયાન માત્ર ૧૦ ફોર્મ જ દાખલ કરી શકે છે. જો યાદીઓની સમીક્ષા ચાલી રહી હોય અને કોઈ BLA ૩૦ કરતાં વધુ અરજીઓ સબમિટ કરે, તો ERO અને AEROએ દરેક અરજીની વ્યક્તિગત ચકાસણી કરવી ફરજિયાત છે.

ગુજરાતના સોમનાથ મતવિસ્તારમાં ન્યૂઝલોન્ડ્રી દ્વારા કરાયેલી તપાસમાં જાણવા મળ્યું કે જાન્યુઆરી ૨૦૨૬માં ૨૬૯ વાંધાઓ દ્વારા ૧૫,૬૬૩ મતદારોના નામ કાઢવા માટે પહેલેથી ભરેલા ફોર્મ મોટા પ્રમાણમાં જમા કરાયા હતા. મતદારોની વિગતો અંગ્રેજીમાં છાપેલી હતી, જ્યારે વાંધા સંબંધિત વિગતો ગુજરાતીમાં હાથથી લખેલી હતી.

આ ૨૬૯ વાંધાઓમાંથી દરેકે ૫૦ કે તેથી વધુ ફોર્મ ૭ની અરજીઓ દાખલ કરી હોવાની માહિતી મળી છે. આ વાંધા નોંધાવનારામાં સોમનાથ ભાજપ મહિલા મોરચાની અધ્યક્ષ મંજુલાબેન સુયાણી તથા વેરાવળ અને પાટણ શહેરોના ૨૯ ભાજપ કાઉન્સિલરોનો સમાવેશ થાય છે. ઓછામાં ઓછા છ લોકોએ ફોર્મ પર સહી કરવા અંગે ઈનકાર કર્યો હોવાનું પણ જાણવા મળ્યું છે. ફેબ્રુઆરી ૨૦૨૬માં ક્વિન્ટ દ્વારા કરાયેલી સમાન તપાસમાં જાણવા મળ્યું કે રાજસ્થાનના અલવર જિલ્લામાં મુસ્લિમ મતદારોના નામ કાઢવા માટે હજારો ફોર્મ ૭ દાખલ થયા હતા. આ ઘટના પછી પણ, એક મહિનો વીતી ગયો હોવા છતાં, ફોર્મ ક્યાં છપાયા, કેવી રીતે ભરાયા, સહી ક્યાં થઈ અને સહી નકલી હતી કે નહીં તેની તપાસ માટે કોઈ કાર્યવાહી હાથ ધરવામાં આવી નથી.

ફોર્મ ૭ના દુરુપયોગ અંગે અનેક અહેવાલો સામે આવ્યા હોવા છતાં, ઉત્તર પ્રદેશમાં ડ્રાફ્ટ મતદાર યાદી સામે વાંધા નોંધાવવાની અંતિમ તારીખ ૬ માર્ચ સુધી વધારવામાં આવી છે. અમેઠીના જગદીશપુર ખાતે બૂથ નંબર ૧૨૬ પર BLO અમર બહાદુરને ૧૬૭ મતદારોના નામ કાઢવા માટે ૧૨૬ ફોર્મ મળ્યાં હતાં, અને આ તમામ મતદારો મુસ્લિમ હતા. બૂથ નંબર ૧૨૨થી ૧૨૯ સુધીના આઠ મતદાન મથકોની દેખરેખ રાખનાર રામકુમારે દાવો કર્યો કે તેમને આ ફોર્મ ચૂંટણી કચેરીના પ્રભારી તેજ બહાદુર પાસેથી મળ્યાં હતાં.

નેશનલ હેરાલ્ડને આવા ડઝન જેટલા પહેલેથી ભરેલા ફોર્મ મળ્યાં હતાં. આ તમામ ફોર્મ પર વાંધો ઉઠાવનારની સહી હતી, પરંતુ તેમનું નામ, સરનામું, સંબંધીનું નામ અને મોબાઈલ નંબર જેવી ફરજિયાત વિગતો ગેરહાજર હતી. બીજી તરફ, મતદારોની વિગતો મોટા અક્ષરોમાં ટાઈપ અથવા છાપવામાં આવી હતી. આ તમામ મતદારો મુસાફિરખાના તહસીલના બરસાંડા ગામના મુસ્લિમ હતા. બરસાંડા ગામની વડા સંજીદા બાનોએ નામ કાઢવાની પ્રક્રિયામાં સંડોવણી અંગે ચાર ગ્રામજનોને પૂછપરછ માટે બોલાવ્યા. તેમાંના એક, પવન કુમારે ઘણા ફોર્મ પર સહી કરી હોવાનું સ્વીકાર્યું, જ્યારે અન્ય ત્રણ લોકોએ કોઈ પણ પ્રકારની સંડોવણી નકારી. ભાજપ કાર્યકર્તા પવને એ પણ જણાવ્યું કે ફોર્મની સંખ્યા વધુ હોવાથી, તેમણે પોતાની પુત્રી પાસે પણ સહી કરાવી હતી.

આવા અનેક બનાવો સોશિયલ મીડિયા પર પણ સામે આવ્યા છે. સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવે શેર કરેલા એક વિડિઓમાં સંત કબીર નગર જિલ્લાના એક પાર્ટી નેતા એવી વ્યક્તિ સાથે વાત કરતા દેખાય છે, જે કહે છે કે તેમને ૧૨૬ ફોર્મ લક્ષ્મી શંકર શુક્લાએ આપ્યાં હતાં, અને શુક્લાને આ ફોર્મ ધારાસભ્ય અનિલ તિવારી પાસેથી મળ્યાં હતાં. સિદ્ધાર્થનગર જિલ્લામાં BLO પૂજારી પ્રસાદ યાદવે સ્વીકાર્યું કે ધર્મેન્દ્ર મૌર્ય ૮૬ નામ કાઢવાના ફોર્મ લઈને તેમની પાસે આવ્યા હતાં, જે તેમને તહસીલ કચેરી મારફતે સોંપવામાં આવ્યા હતાં. યાદવે તપાસ દરમિયાન બધા મતદારો સાચા અને ત્યાં હાજર હોવાનું નોંધ્યું અને જણાવ્યું કે તેઓ આ વાતનો ઉલ્લેખ પોતાના અહેવાલમાં કરશે.

ઈટાવામાં BLO તરીકે ફરજ બજાવતા પ્રાથમિક શાળાના સહાયક શિક્ષક અશ્વિની કુમારે દાવો કર્યો કે જ્યારે તેમણે સ્વીકારવા માટે લાવવામાં આવેલા ફોર્મના ફોટા લીધા, ત્યારે ધ્રુવ કથેરિયા અને ઉદય પ્રતાપે તેમના પર હુમલો કર્યો હતો. અમેઠીની BLO સુભદ્રા મૌર્યએ જણાવ્યું કે જ્યારે તેમના પતિએ મુસ્લિમ મતદારોના નામ કાઢવાનો ઈનકાર કર્યો ત્યારે તેમના સાથે દુર્વ્યવહાર કરવામાં આવ્યો અને તેમના પર હુમલો કરવામાં આવ્યો.

ન્યૂઝલોન્ડ્રીએ પૂર્વ ચૂંટણી કમિશનરોનો સંપર્ક કરીને તેમની પ્રતિક્રિયા મેળવી. અશોક લવાસાએ પ્રશ્ન કર્યો: "ફોર્મ ૭ પહેલેથી કેવી રીતે ભરાઈ શકે?" જ્યારે પૂર્વ મુખ્ય ચૂંટણી કમિશનર એસ.વાય. કુરૈશીએ પ્રતિક્રિયા આપતાં કહ્યું: "આવું દેશભરમાં થઈ રહ્યું છે, આપણે લોકશાહીના પતનની નજીક પહોંચી ગયા છીએ."

**- નંદલાલ શર્મા**

**(સો. : નેશનલ હેરાલ્ડ ઈન્ડિયા.કોમ)**

# સુરત : મેટલ સ્ક્રેપના નામે પાંચ કરોડની છેતરપિંડી કરનાર મહિલા સહિત ચાર ડિરેક્ટરની ધરપકડ

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૬

સુરત શહેર પોલીસની આર્થિક ગુના નિવારણ શાખાએ મેટલ સ્ક્રેપના વેપારના બહાને આચરવામાં આવેલા એક મસમોટા કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. આ કેસમાં પોલીસે 'ભારતી ફેશન પ્રા.લિ.' નામની કંપનીના ચાર સંચાલકોની ધરપકડ કરી છે, જેમણે શહેરના એક વેપારી સાથે આશરે પાંચ કરોડ રૂપિયાની છેતરપિંડી આચરી હોવાનું બહાર આવ્યું છે.

આ ઘટનાની વિગત મુજબ, ફરિયાદી વિનીત નવનીત શરાફ જે 'એસ.ડી. ફેશન' ફર્મના વહીવટકર્તા છે, તેઓ જુલાઈ-૨૦૨૫થી આરોપીઓના સંપર્કમાં હતા. આરોપીઓ સત્યનારાયણ ગોયલ, રંજના ગોયલ, રીમા ગોયલ અને ગોવિંદ ગોપાલ ગોયલ જે 'ભારતી ફેશન પ્રા.લિ.'ના ડિરેક્ટરો છે. તેમણે શરૂઆતમાં નાના પાયે મેટલ સ્ક્રેપનો વેપાર કરીને ફરિયાદીનો અતૂટ વિશ્વાસ જીત્યો હતો.

ઓક્ટોબરથી ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન થયેલા વિવિધ સેલ્સ કોન્ટ્રાક્ટ મુજબ, ફરિયાદીએ મોટા જથ્થામાં મેટલ સ્ક્રેપ મંગાવ્યો હતો. આ સોદાના પેટે આરોપીઓએ એડવાન્સ રકમ તરીકે કુલ રૂ. ૪,૯૦,૮૩,૬૧૭ મેળવી લીધા હતા. કરોડો રૂપિયા બેંક ખાતામાં જમા થઈ ગયા બાદ આરોપીઓની દાનત બગડી હતી અને તેમણે માલની ડિલિવરી આપવામાં ઠાગાઠૈયા શરૂ કર્યા હતા. પૈસા ચૂકવી દીધા હોવા છતાં લાંબા સમય સુધી સ્ક્રેપનો માલ ન મળતા ફરિયાદી વિનીત શરાફ દ્વારા વારંવાર ઉઘરાણી કરવામાં આવી હતી. જોકે, આરોપીઓ દ્વારા દર વખતે નવા નવા બહાના કાઢવામાં આવતા હતા. અંતે, જ્યારે ન તો માલ મળ્યો કે ન તો એડવાન્સ આપેલી રકમ પરત મળી, ત્યારે છેતરાયાનો અહેસાસ થતા ફરિયાદીએ પોલીસના દ્વાર ખખડાવ્યા હતા. આ સમગ્ર મામલે ફરિયાદી વિનીત નવનીત શરાફે વેસુ પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ નોંધાવી હતી. ઈકો સેલની ટીમે ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારોના આધારે તપાસ હાથ ધરી ન્યુ સિટીલાઈટ રોડ, અલથાણ વિસ્તારમાં આવેલી આર્શીવાદ રેસીડેન્સીમાં દરોડા પાડ્યા હતા. ત્યાંથી પોલીસે ગોવિંદગોપાલ સત્યનારાયણ ગોયલ, સત્યનારાયણ ગીરધારીલાલ ગોયલ, રંજના ગોયલ અને રીમા ગોયલની ધરપકડ કરી હતી. પકડાયેલા તમામ આરોપીઓ મૂળ રાજસ્થાનના હનુમાનગઢ જિલ્લાના ભાદરા તાલુકાના વતની હોવાનું જાણવા મળ્યું છે. તપાસમાં વધુ એક ચોંકાવનારો ખુલાસો થયો છે કે આરોપી સત્યનારાયણ ગોયલ અને ગોવિંદગોપાલ ગોયલ અગાઉ પણ આ પ્રકારના ગુનાઓમાં સંડોવાયેલા છે. વર્ષ ૨૦૨૧માં પૂર્વ કચ્છ ગાંધીધામના એ-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં તેમની વિરૂદ્ધ છેતરપિંડીનો ગુનો નોંધાયો હતો. આરોપીઓ મુખ્યત્વે દુબઈથી મેટલ સ્ક્રેપ આયાત કરવાના બહાને વેપારીઓને લલચાવતા હતા અને વિશ્વાસ કેળવ્યા બાદ મોટી રકમ પડાવી લેતા હતા.

# આજવા-વાઘોડિયા રિંગ રોડ પર સોફાના ગોડાઉનમાં ભીષણ આગ



(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૧૬

વડોદરા શહેરના આજવા-વાઘોડિયા રિંગ રોડ વિસ્તારમાં આજે એક ગોડાઉનમાં અચાનક આગ ફાટી નીકળતા સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ ફેલાઈ ગયો હતો. આજવા-વાઘોડિયા રિંગ રોડ પર આવેલા સોફાના ગોડાઉનમાંથી અચાનક કાળા ડિબાંગ ધુમાડાના ગોટેગોટા બહાર નીકળતા જોઈ સ્થાનિકોમાં ગભરાટ ફેલાયો હતો. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતા આસપાસના લોકોના ટોળા એકત્ર થઈ ગયા હતા અને વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ઘટનાની જાણ થતા જ વડોદરા ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી. ફાયર ફાઈટરો દ્વારા પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લેવાની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવી હતી. પ્રાથમિક અહેવાલો અનુસાર, આ દુર્ઘટનામાં સદનસીબે કોઈ જાનહાનિના સમાચાર નથી. જો કે, ગોડાઉનમાં રહેલો સોફા બનાવવાનો કાચો માલ અને અન્ય સામાન બળીને ખાક થઈ જતા મોટા પાયે આર્થિક નુકસાન થયું હોવાની આશંકા સેવાઈ રહી છે. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી.

# અંકલેશ્વર નગર સેવા સદનના કારોબારી અધ્યક્ષનું માર્ગ અકસ્માતમાં નિધન

(સંવાદદાતા દ્વારા)

અંકલેશ્વર, તા.૧૬



અંકલેશ્વર નગર સેવા સદનના કારોબારી અધ્યક્ષ નિલેશ પટેલનું માર્ગ અકસ્માતમાં નિધન થતા આજરોજ તેમના વતન મોટવાણ ગામ ખાતેથી તેમની અંતિમ યાત્રા નીકળી હતી જેમાં ગામ આખું હિબકે ચઢ્યું હતું નિલેશ પટેલની બન્ને દીકરીઓએ તેમને મુખાગ્નિ આપી હતી. અંકલેશ્વર નગર સેવા સદનના કારોબારી અધ્યક્ષ નિલેશ પટેલનું માર્ગ અકસ્માતમાં દુઃખદ નિધન થયું છે. મહાશિવરાત્રીની રાત્રીએ તેમની કાર ટ્રેક્ટર સાથે અથડાતા અકસ્માત સર્જાયો હતો જેમાં ગંભીર ઈજાના પગલે તેઓનું નિધન થયું હતું. આજરોજ તેમની અંતિમ યાત્રા તેમના વતન મોટવાણ ગામ ખાતેથી નીકળી હતી. અંતિમ યાત્રામાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. રાજ્યકક્ષાના મંત્રી ઈશ્વરસિંહ પટેલ, ભાજપની પ્રદેશ કારોબારીના સભ્ય મારૂતિસિંહ અટોદરિયા, જિલ્લા ભાજપ પ્રમુખ પ્રકાશ મોદી સહિત અનેક રાજકીય અને સામાજિક આગેવાનો ઉપસ્થિત રહી શ્રદ્ધાંજલિ અપી હતી.

# મુંબઈના એનઆરઆઈ દંપતીએ નાપાડ ખાતે સૂચિત ગરાસિયા શૈક્ષણિક સંકુલ સ્થળની મુલાકાત લીધી




(તસવીર : બુરહાન પઠાણ, આણંદ)

(સંવાદદાતા દ્વારા) આણંદ, તા.૧૬

મુંબઈનાં એન.આર.આઈ અને અમેરિકા સ્થિત દંપતીએ આણંદનાં નાપાડ વાંટા ખાતે સુચિત ગરાસીયા શૈક્ષણિક સંકુલની મુલાકાત લેતા ગરાસીયા સમાજ દ્વારા એન.આઈ.આઈ દંપતીનું સ્વાગત કરાયું હતું. મળતી વિગતો અનુસાર ગરાસીયા સમાજ વેલ્ફેર ટ્રસ્ટ દ્વારા આણંદનાં નાપાડ ગામે ગરાસીયા શૈક્ષણિક સંકુલ બનાવવા માટેની કામગીરી હાથ ધરાઇ છે, જેની સુવાસથી પ્રેરાઈને અમેરિકા સ્થિત મુંબઈના એન.આર.આઈ ડૉ.સાજીદ સૈયદ અને તેમના પત્ની સિમીયા (લોયર-યુએસએ) નાપાડ વાંટા ખાતે આવી પહોંચતા ગરાસીયા સમાજ વેલ્ફેર ટ્રસ્ટનાં અધ્યક્ષ અજીતસિંહ વાઘેલા, પ્રમુખ રણજીતસિંહ રાણા, મંત્રી અહેમદભાઈ રાઠોડ, ટ્રસ્ટી સલીમભાઈ રાણા વકીલ, બચુભાઈ દુધવાળા, વડોદરા જિલ્લા પ્રમુખ મહંમદભાઈ વાઘેલાએ સ્વાગત કર્યું હતું તેમજ ગરાસીયા સમાજ વેલ્ફેર ટ્રસ્ટની કામગીરી અને ગરાસીયા શૈક્ષણિક સંકુલનાં નિર્માણનાં આયોજન અંગે માહિતી આપતા ડૉ.સાજીદ સૈયદ અને તેમનાં પત્ની લોયર સિમિયા અભીભુત થયા હતા અને તેઓએ ગરાસીયા શૈક્ષણિક સંકુલનાં નિર્માણ માટે ૯૭ ગુંઠા જમીન ખરીદવા માટે માતબર રકમનું દાન આપવાની જાહેરાત કરી હતી. આ પ્રસંગે મેવાસથી પધારેલા બરકતુલ્લાભાઈ તથા સિકંદરભાઈ પણ ઉપસ્થિત રહ્યા હતા જેઓનું પણ ગરાસીયા સમાજ વેલ્ફેર ટ્રસ્ટ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.

સુરત મોડલ આત્મહત્યા કેસમાં ઘટસ્ફોટ

# પ્રેમી અને લિવ ઈન પાર્ટનરે સાથે કોન્ફરન્સ કોલ કરી અપશબ્દો કહેતા યુવતીએ ગળેફાંસો ખાધો

## લિવ-ઈન પાર્ટનર ઘરમાં ગોંધી ડામ આપી માર મારતો હતો

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧૬

શહેરના સારોલીના કુંભારીયાની સારથી રેસિડન્સીમાં મોડલ સુખપ્રીત કૌરના આત્મહત્યા કેસમાં પ્રેમી અનુરાગ ઉર્ફે અંજનીકુમાર શ્રવણકુમાર જયસ્વાલની ધરપકડ કરવામાં આવી છે. આરોપી મધ્યપ્રદેશની કોલેજમાં બિફાર્મનો અભ્યાસ કરે છે. સુખપ્રીત કૌર સાથે સુરતમાં લિવ ઈનમાં રહેતા યુવક સાથે મળી સુખપ્રિત કૌર પર અત્યાચાર ગુજારતો હતો. મરતા પહેલા પણ કોન્ફરન્સ કોલમાં સુખપ્રિતની સાથે વાત થઈ હતી જેમાં પણ અનુરાગે અપશબ્દો કહેતા માઠું લાગી આવતા આપઘાત કરી લીધો હતો. લિવ ઈન પાર્ટનર મહેન્દ્ર રાજપૂતના અમાનુષી અત્યાચાર અને બ્લેકમેઈલિંગથી કંટાળી મોડલને આપઘાત કરવા મજબૂર બની હોવાનું ૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૫ના સામે આવ્યું હતું. સંબંધ તોડી નાખવા બદલ આરોપી મહેન્દ્રએ મોડલને ઘરમાં ગોંધી રાખી મારઝૂડ કરી હાથ પર બ્લેડના ઘા માર્યા અને પગના ભાગે ડામ પણ આપ્યા હતાં. સારોલી પોલીસે મહેન્દ્ર રાજપૂત સામે દુષ્પ્રેરણાનો ગુનો નોંધ્યો હતો. ત્યારે સારોલી પોલીસે ચાર મહિને આરોપીને ઝડપ્યો હતો. પોલીસના જણાવ્યા પ્રમાણે મહેન્દ્રના ત્રાસથી મૃતકે તેના વિરુદ્ધ અરજી લખી હતી. જોકે તે પોલીસ સુધી પહોંચી ન હતી. આમ, લિવ ઈનમાં રહેતા મહેન્દ્ર રાજપૂતના માનસિક-શારીરિક અત્યાચાર, બ્લેકમેઈલિંગથી કંટાળી મોડલે આપઘાત કર્યો હોવાનો ખુલાસો થયો હતો. સારોલી પોલીસે સુખપ્રીત કૌરના પિતાની ફરિયાદના આધારે મહેન્દ્ર રાજપૂત (રહે. રેજન્ટ પ્લાઝા, ડિંડોલી) સામે દુષ્પ્રેરણા ગુનો નોંધ્યો હતો. જેની ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ ધરપકડ કરવામાં આવી હતી. આ સાથે જ અનુરાગ નામના એક વ્યક્તિ કે જે સુખપ્રીત કૌરનો પ્રેમી છે તેની પણ સંડોવણી હોવાનું પરિવારજનો દ્વારા શંકા વ્યક્ત કરવામાં આવી હતી. સારોલી પોલીસ દ્વારા આરોપી મહેન્દ્ર અને પરિવારની પૂછપરછ કરવામાં આવી હતી. દરમિયાન સુખપ્રીત કૌરે મરતા પહેલા એક કોન્ફરન્સ કોલ માં વાત કરી હતી તેની માહિતી સામે આવી હતી. જેમાં મહેન્દ્ર રાજપુત અને અનુરાગ જયસ્વાલ બંને કોન્ફરન્સ કોલ માં સુખપ્રીત સાથે વાત કરી રહ્યા હતા. અનુરાગે ખૂબ જ ખરાબ અને અપશબ્દો કહી શકાય તેવી ભાષામાં સુખપ્રીત સાથે વાત કરી હતી. સુખ પ્રીત અને અનુરાગ વચ્ચે પ્રેમ સંબંધ ઘણા સમયથી હતો. જે હાલ મધ્યપ્રદેશની કોલેજમાં બી-ફાર્મનો અભ્યાસ કરી રહ્યો છે. મોડેલિંગ કરતી સુખપ્રીત અલગ અલગ જગ્યાઓ પર મોડેલિંગ કરવા જતી હોવાથી મહેન્દ્ર રાજપુતના સંપર્કમાં આવી હતી. ત્યારબાદ સુરત આવતા તેની સાથે થોડો સમય લિવ ઈનમાં રહી હતી. જે અંગે અનુરાગ ને પણ જાણ થઈ ગઈ હતી જેથી તે તેની સાથે ઝઘડાઓ કરતો હતો. સુખપ્રીતે મહેન્દ્ર સાથે સંબંધ તોડી નાખવાની વાત કરતા તેણે તેના પર અમાનુષી અત્યાચાર ગુજાર્યો હતો. એક તરફ પ્રેમી અનુરાગ અપ શબ્દો સહિત નાથી માનસિક ત્રાસ આપતો હતો અને બીજી તરફ લિવ ઈનમાં રહેતો મહેન્દ્ર પણ અત્યાચાર ગુજારતો હોવાથી કંટાળીને આપઘાત કરી લીધો હતો. આ સમગ્ર વિગતો બહાર આવતા સારોલી પોલીસ મધ્યપ્રદેશ પહોંચી હતી અને અનુરાગ જયસ્વાલની ધરપકડ કરીને સુરત લઈ આવી છે. સુખપ્રીતના પરિવારજનો દ્વારા મહેન્દ્ર અને અનુરાગ બંને વિરુદ્ધ પહેલાથી જ આક્ષેપો કર્યા હતા. હાલ સારોલી પોલીસ દ્વારા આરોપીની ધરપકડ કરીને વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ .........

ગુજરાત ટુડે

# બાંગ્લાદેશની ચૂંટણીના પરિણામોના સૂચિતાર્થ

બાંગ્લાદેશની ચૂંટણીના પરિણામો સ્પષ્ટપણે દર્શાવે છે કે સત્તા અને રાજકારણમાં એક નવો અધ્યાય શરૂ થવાનો છે. ચૂંટણીના પરિણામો બાદ નવા સમીકરણો રચાવાનું મુખ્ય પરિબળ BNP (બાંગ્લાદેશ રાષ્ટ્રવાદી પક્ષ)નું કુલ ૩૦૦માંથી ૨૦૯ બેઠકો જીતવું છે. તેનાથી વિપરીત, જમાત-એ-ઈસ્લામી અને તેના સાથી પક્ષોએ સિત્તેર બેઠકો મેળવી હતી. ૨૦૨૪માં બાંગ્લાદેશમાં વ્યાપક ઉથલપાથલ દરમિયાન વિદ્યાર્થી આંદોલનમાંથી ઉભરી આવેલી NCP (નેશનલ સિટીઝન્સ પાર્ટી)ને તો ફક્ત છ બેઠકો જ મળી હતી.

શેખ હસીનાના નેતૃત્વમાં અવામી લીગે ચૂંટણીમાં ભાગ લીધો ન હતો. હવે તખ્તો ગોઠવાઈ ગયો છે કે પૂર્વ વડાપ્રધાન ખાલિદા ઝિયાના પુત્ર અને BNPના પ્રમુખ તારિક રહેમાન સત્તાની કમાન સંભાળશે. નોંધપાત્ર રીતે, BNPએ "બાંગ્લાદેશ પ્રથમ"ના નારા સાથે તેનું ચૂંટણી અભિયાન શરૂ કર્યું હતું.

હવે જ્યારે BNPને દેશના મતદારો દ્વારા જંગી વિજય મળ્યો છે, ત્યારે એ જોવાનું બાકી છે કે નવી સરકાર આ નારાને આંતરરાષ્ટ્રીય રાજદ્વારી ચર્ચાના કેન્દ્રમાં કેટલી હદ સુધી રાખી શકે છે. ખાસ કરીને બાંગ્લાદેશમાં ચીનના લાંબા ગાળાના રોકાણોને ધ્યાનમાં રાખીને, રાષ્ટ્રીય હિતના મુદ્દાઓ પર "પ્રથમ દરજ્જો" ધરાવતો અભિગમ સુનિશ્ચિત કરવો એ નવી સરકાર માટે એક સંવેદનશીલ અને પડકારજનક નિર્ણય હશે. જો કે, બાંગ્લાદેશની સાચી કસોટી ભારત સાથેના તેના સંબંધોની દિશા નક્કી કરવામાં આવશે.

ખરેખર, આ ક્ષેત્રની ભૌગોલિક વાસ્તવિકતાઓ સૂચવે છે કે ભારત બાંગ્લાદેશના સંબંધોમાં નિર્ણાયક ભૂમિકા ભજવશે. બાંગ્લાદેશની લગભગ ૯૪ ટકા સરહદ ભારત સાથે જોડાયેલી છે. આનો અર્થ એ છે કે સુરક્ષા અને વેપારના મામલામાં બાંગ્લાદેશ માટે ભારતને અવગણવું સરળ રહેશે નહીં. અસંખ્ય મતભેદ હોવા છતાં, ભારત પ્રત્યે નવી સરકારના વલણ પર ઘણું નિર્ભર રહેશે. તાજેતરમાં બાંગ્લાદેશમાં જોવા મળેલા તીવ્ર ધ્રુવીકરણ સામે કામ પાર પાડવું અને તણાવમુક્ત વાતાવરણ પુનઃસ્થાપિત કરવું એ નવી સરકાર માટે એક મોટો પડકાર હશે.

બીજી આ ચૂંટણીમાં ઊડીને આંખે વળગે એવી બાબત એ છે કે બાંગ્લાદેશની પ્રજાએ કથિત કટ્ટરવાદી પક્ષોને જાકારો આપ્યો છે. અર્થાત ચૂંટણી પહેલા સુધી એવું જણાતું હતું કે બાંગ્લાદેશ કટ્ટરવાદની ચુંગાલમાં ફસાયું છે પરંતુ પરિણામોએ બાંગ્લાદેશની પ્રજાની માનસિકતા અને સમજદારીનો પરિચય આપ્યો છે. આ પ્રકારની માનસિક્તા મુજબ જ્યાં જ્યાં પણ કટ્ટરવાદ કે ધ્રુવીકરણ પ્રવર્તતું હોય તેવા ખાસ કરીને ભારત-પાકિસ્તાન જેવા દેશોની પ્રજાએ પણ સમય આવ્યે આવી પરિપક્વતા બતાવવી પડશે.

# પ્રશ્ન લોકશાહીનો : મતદાન અધિકારોની ધોળા દિવસે લૂંટ?

૨૯ જાન્યુઆરીએ કોંગ્રેસના મહાસચિવ (સંગઠન) કે.સી. વેણુગોપાલે ભારતીય ચૂંટણી પંચને પત્ર લખીને જણાવ્યું હતું કે ભાજપ દ્વારા ફોર્મ ૭નો મોટા પાયે દુરુપયોગ કરવામાં આવી રહ્યો છે. તેમના કહેવા મુજબ, વિપક્ષને ટેકો આપતા હોવાના સંદેહ હેઠળ મતદારોના નામ કાઢી નાખવા માટે આવું કરવામાં આવે છે. તેમના પત્રમાં વેણુગોપાલે આ પ્રક્રિયાને વ્યાપક અને સુનિયોજિત ગણાવી હતી. તેમણે જણાવ્યું કે ભાજપે પોતાના કાર્યકરોને મોટા પ્રમાણમાં વાંધા અરજીઓ જમા કરવા કહ્યું હોય તેવી સંભાવના છે, ખાસ કરીને ચૂંટણી યોજાનાર રાજ્યોમાં આને કેન્દ્રીય સ્તરે ગોઠવાયેલ છેતરપિંડીનો ભાગ ગણાવ્યો અને કહ્યું કે મહત્વપૂર્ણ બાબત એ છે કે વાંધા અંગેની કાયદેસરની જાણ મતદારો સુધી પહોંચે જ નહીં. ઉત્તર પ્રદેશ, ગુજરાત, રાજસ્થાન, આસામ, કેરળ, પશ્ચિમ બંગાળ અને છત્તીસગઢમાંથી મળતા અહેવાલો એક સરખું ધોરણ બતાવે છે. મોટા પ્રમાણમાં છપાયેલા ફોર્મ ૭માં કેટલાક સામાન્ય લક્ષણો જોવા મળે છે:

૧. જેના નામ કાઢવા છે તે મતદારોના નામ પહેલાથી જ ફોર્મમાં છપાયેલા છે, જે સૂચવે છે કે મતદાર ડેટાબેઝની ઍક્સેસ સાથે સામૂહિક રીતે કાર્યવાહી થઈ રહી છે.

૨. વાંધો ઉઠાવનાર અરજદારનું નામ ગેરહાજર છે, છતાં ફોર્મના અંતે અરજદારની સહી કરવામાં આવી છે.

૨૦૨૩માં જ્યારે ચૂંટણી પંચે ફોર્મ ૭ સંબંધિત નિયમોમાં શાંતિપૂર્વક ફેરફાર કર્યો ત્યારે તેની ખાસ નોંધ લેવામાં આવી નહોતી. ફોર્મ ૭ મારફતે કોઈ મતદાર મતદારયાદીમાં સમાવિષ્ટ અન્ય વ્યક્તિના નામ પર વાંધો ઉઠાવી તેને દૂર કરવાની માંગ કરી શકે છે. અગાઉ ફક્ત પડોશી અથવા તે જ મતદાન મથકમાં નોંધાયેલા મતદારોને જ ફોર્મ ૭ દાખલ કરવાની મંજૂરી હતી, પરંતુ નવા નિયમ મુજબ હવે તે જ વિધાનસભા ક્ષેત્રનો કોઈપણ મતદાર આવું કરી શકે છે. વધુમાં, પ્રતિ અરજદાર અનલિમિટેડ સંખ્યામાં અરજીઓ જમા કરવાની છૂટ આપવામાં આવી છે.

૧૧ ફેબ્રુઆરીએ ઉત્તર પ્રદેશના મુખ્ય ચૂંટણી અધિકારીના સત્તાવાર X હેન્ડલ પર જાહેર કરાયેલા અપડેટ મુજબ, રાજ્યમાં ૧.૧ લાખ ફોર્મ ૭ અરજીઓ પ્રાપ્ત થઈ હોવાનું જણાવાયું છે. જ્યારે મતદાર યાદીના વિશેષ સઘન સુધારા (SIR)ના આ તબક્કા અંગે અન્ય રાજ્યો અથવા કેન્દ્રશાસિત પ્રદેશો માટે ચૂંટણી પંચે X અથવા પોતાની વેબસાઈટ પર આવા આંકડા જાહેર કર્યા નથી. ઉપર દર્શાવ્યા મુજબ, વિવિધ રાજ્યોમાં જમા કરાયેલા ફોર્મ ૭માં એક ચિંતાજનક સમાનતા જોવા મળે છે: જેમાં જે મતદારોના નામ કાઢવાના છે, તેમનાં નામ, સરનામું અને EPIC નંબર પહેલેથી જ ફોર્મ પર છપાયેલા હોય છે.



મુસ્લિમ મતદારોને દૂર કરવા માટે પહેલેથી ભરેલા ફોર્મ ૭ મોટા પ્રમાણમાં જમા કરવામાં આવી રહ્યા છે. નંદલાલ શર્માનો અહેવાલ

ફોર્મની ઉપર દર્શાવાતું "વાંધો ઉઠાવનાર (અરજદાર)" નામનું ક્ષેત્ર આ પત્રકાર જે જેટલા BLO (બૂથ-સ્તરના અધિકારીઓ)ના સંપર્કમાં આવ્યા, તમામ કેસોમાં ખાલી જોવા મળ્યું હતું. EPIC નંબર ફરજિયાત ન હોવા છતાં, આ ફોર્મમાં તે પણ પહેલેથી જ છાપેલા હતા, હાથથી લખેલા નહોતા. આ વાત સૂચવે છે કે આ પ્રક્રિયા ચૂંટણી પંચ (ECI)ના ડેટાબેઝની ઍક્સેસ સાથે જોડાયેલી હોઈ શકે છે.

અમેઠીના જગદીશપુર ખાતે બાંધકામ સામગ્રીના સપ્લાયર શરાફત હુસૈન જણાવે છે કે તેમના વિસ્તૃત પરિવારમાંના તમામ ૧૯ સભ્યોના નામ SIR ડ્રાફ્ટ યાદીમાં સામેલ હતા. પરંતુ BLO અમર બહાદુરે તેમને જાણ કરી કે ૧૬ નામો કાઢી નાખવા માટે ફોર્મ ૭ની અરજીઓ મળી છે, ત્યારે તેઓ આશ્ચર્યમાં પડી ગયા. સમાજવાદી પાર્ટીએ ફતેહપુર જિલ્લામાં ભાજપ મંડલ પ્રમુખ સાવિત્રી દેવી પર ૭૨ વાંધા દાખલ કરવાનો આરોપ લગાવ્યો છે. નેશનલ હેરાલ્ડ દ્વારા સાવિત્રી દેવીનો સંપર્ક કરવાનો પ્રયાસ નિષ્ફળ રહ્યો.

ECIના ૨૦૨૩ના મેન્યુઅલમાં જેમાં ફોર્મ ૭ સંબંધિત સુધારેલા નિયમોનો સમાવેશ છે. ફોર્મ ૭ની જથ્થાબંધ અરજીઓ જમા કરાવવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. બૂથ લેવલ એજન્ટ (BLA) દિવસ દરમિયાન માત્ર ૧૦ ફોર્મ જ દાખલ કરી શકે છે. જો યાદીઓની સમીક્ષા ચાલી રહી હોય અને કોઈ BLA ૩૦ કરતાં વધુ અરજીઓ સબમિટ કરે, તો ERO અને AEROએ દરેક અરજીની વ્યક્તિગત ચકાસણી કરવી ફરજિયાત છે.

ગુજરાતના સોમનાથ મતવિસ્તારમાં ન્યૂઝલોન્ડ્રી દ્વારા કરાયેલી તપાસમાં જાણવા મળ્યું કે જાન્યુઆરી ૨૦૨૬માં ૨૬૯ વાંધાઓ દ્વારા ૧૫,૬૬૩ મતદારોના નામ કાઢવા માટે પહેલેથી ભરેલા ફોર્મ મોટા પ્રમાણમાં જમા કરાયા હતા. મતદારોની વિગતો અંગ્રેજીમાં છાપેલી હતી, જ્યારે વાંધા સંબંધિત વિગતો ગુજરાતીમાં હાથથી લખેલી હતી.

આ ૨૬૯ વાંધાઓમાંથી દરેકે ૫૦ કે તેથી વધુ ફોર્મ ૭ની અરજીઓ દાખલ કરી હોવાની માહિતી મળી છે. આ વાંધા નોંધાવનારામાં સોમનાથ ભાજપ મહિલા મોરચાની અધ્યક્ષ મંજુલાબેન સુયાણી તથા વેરાવળ અને પાટણ શહેરોના ૨૯ ભાજપ કાઉન્સિલરોનો સમાવેશ થાય છે. ઓછામાં ઓછા છ લોકોએ ફોર્મ પર સહી કરવા અંગે ઈનકાર કર્યો હોવાનું પણ જાણવા મળ્યું છે. ફેબ્રુઆરી ૨૦૨૬માં ક્વિન્ટ દ્વારા કરાયેલી સમાન તપાસમાં જાણવા મળ્યું કે રાજસ્થાનના અલવર જિલ્લામાં મુસ્લિમ મતદારોના નામ કાઢવા માટે હજારો ફોર્મ ૭ દાખલ થયા હતા. આ ઘટના પછી પણ, એક મહિનો વીતી ગયો હોવા છતાં, ફોર્મ ક્યાં છપાયા, કેવી રીતે ભરાયા, સહી ક્યાં થઈ અને સહી નકલી હતી કે નહીં તેની તપાસ માટે કોઈ કાર્યવાહી હાથ ધરવામાં આવી નથી.

ફોર્મ ૭ના દુરુપયોગ અંગે અનેક અહેવાલો સામે આવ્યા હોવા છતાં, ઉત્તર પ્રદેશમાં ડ્રાફ્ટ મતદાર યાદી સામે વાંધા નોંધાવવાની અંતિમ તારીખ ૬ માર્ચ સુધી વધારવામાં આવી છે. અમેઠીના જગદીશપુર ખાતે બૂથ નંબર ૧૨૬ પર BLO અમર બહાદુરને ૧૬૭ મતદારોના નામ કાઢવા માટે ૧૨૬ ફોર્મ મળ્યાં હતાં, અને આ તમામ મતદારો મુસ્લિમ હતા. બૂથ નંબર ૧૨૨થી ૧૨૯ સુધીના આઠ મતદાન મથકોની દેખરેખ રાખનાર રામકુમારે દાવો કર્યો કે તેમને આ ફોર્મ ચૂંટણી કચેરીના પ્રભારી તેજ બહાદુર પાસેથી મળ્યાં હતાં.

નેશનલ હેરાલ્ડને આવા ડઝન જેટલા પહેલેથી ભરેલા ફોર્મ મળ્યાં હતાં. આ તમામ ફોર્મ પર વાંધો ઉઠાવનારની સહી હતી, પરંતુ તેમનું નામ, સરનામું, સંબંધીનું નામ અને મોબાઈલ નંબર જેવી ફરજિયાત વિગતો ગેરહાજર હતી. બીજી તરફ, મતદારોની વિગતો મોટા અક્ષરોમાં ટાઈપ અથવા છાપવામાં આવી હતી. આ તમામ મતદારો મુસાફિરખાના તહસીલના બરસાંડા ગામના મુસ્લિમ હતા. બરસાંડા ગામની વડા સંજીદા બાનોએ નામ કાઢવાની પ્રક્રિયામાં સંડોવણી અંગે ચાર ગ્રામજનોને પૂછપરછ માટે બોલાવ્યા. તેમાંના એક, પવન કુમારે ઘણા ફોર્મ પર સહી કરી હોવાનું સ્વીકાર્યું, જ્યારે અન્ય ત્રણ લોકોએ કોઈ પણ પ્રકારની સંડોવણી નકારી. ભાજપ કાર્યકર્તા પવને એ પણ જણાવ્યું કે ફોર્મની સંખ્યા વધુ હોવાથી, તેમણે પોતાની પુત્રી પાસે પણ સહી કરાવી હતી.

આવા અનેક બનાવો સોશિયલ મીડિયા પર પણ સામે આવ્યા છે. સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવે શેર કરેલા એક વિડિઓમાં સંત કબીર નગર જિલ્લાના એક પાર્ટી નેતા એવી વ્યક્તિ સાથે વાત કરતા દેખાય છે, જે કહે છે કે તેમને ૧૨૬ ફોર્મ લક્ષ્મી શંકર શુક્લાએ આપ્યાં હતાં, અને શુક્લાને આ ફોર્મ ધારાસભ્ય અનિલ તિવારી પાસેથી મળ્યાં હતાં. સિદ્ધાર્થનગર જિલ્લામાં BLO પૂજારી પ્રસાદ યાદવે સ્વીકાર્યું કે ધર્મેન્દ્ર મૌર્ય ૮૬ નામ કાઢવાના ફોર્મ લઈને તેમની પાસે આવ્યા હતાં, જે તેમને તહસીલ કચેરી મારફતે સોંપવામાં આવ્યા હતાં. યાદવે તપાસ દરમિયાન બધા મતદારો સાચા અને ત્યાં હાજર હોવાનું નોંધ્યું અને જણાવ્યું કે તેઓ આ વાતનો ઉલ્લેખ પોતાના અહેવાલમાં કરશે.

ઈટાવામાં BLO તરીકે ફરજ બજાવતા પ્રાથમિક શાળાના સહાયક શિક્ષક અશ્વિની કુમારે દાવો કર્યો કે જ્યારે તેમણે સ્વીકારવા માટે લાવવામાં આવેલા ફોર્મના ફોટા લીધા, ત્યારે ધ્રુવ કથેરિયા અને ઉદય પ્રતાપે તેમના પર હુમલો કર્યો હતો. અમેઠીની BLO સુભદ્રા મૌર્યએ જણાવ્યું કે જ્યારે તેમના પતિએ મુસ્લિમ મતદારોના નામ કાઢવાનો ઈનકાર કર્યો ત્યારે તેમના સાથે દુર્વ્યવહાર કરવામાં આવ્યો અને તેમના પર હુમલો કરવામાં આવ્યો.

ન્યૂઝલોન્ડ્રીએ પૂર્વ ચૂંટણી કમિશનરોનો સંપર્ક કરીને તેમની પ્રતિક્રિયા મેળવી. અશોક લવાસાએ પ્રશ્ન કર્યો: "ફોર્મ ૭ પહેલેથી કેવી રીતે ભરાઈ શકે?" જ્યારે પૂર્વ મુખ્ય ચૂંટણી કમિશનર એસ.વાય. કુરૈશીએ પ્રતિક્રિયા આપતાં કહ્યું: "આવું દેશભરમાં થઈ રહ્યું છે, આપણે લોકશાહીના પતનની નજીક પહોંચી ગયા છીએ."

**- નંદલાલ શર્મા**

**(સો. : નેશનલ હેરાલ્ડ ઈન્ડિયા.કોમ)**

### નામ લગભગ ફાઈનલ...

## બાંગ્લાદેશમાં તારિક રહેમાનની કેબિનેટમાં આ હિંદુ બનશે મંત્રી

### ગોયેશ્વર ચંદ્ર રોયને બાંગ્લાદેશની નવી કેબિનેટમાં સામેલ કરી શકાય છે : રોય બીએનપીના કદાવર નેતા છે

(એજન્સી) ઢાકા, તા.૧૬

તારિક રહેમાનની નવી સરકારમાં એક હિંદુને જગ્યા મળી શકે છે. ગોયેશ્વર ચંદ્ર રોયને બાંગ્લાદેશની નવી કેબિનેટમાં સામેલ કરી શકાય છે. રોય બીએનપીના કદાવર નેતા છે. બીએનપીના ચિન્હ પર આ વખતે બાંગ્લાદેશમાં માત્ર બે હિંદુ ઉમેદવાર ચૂંટણી જીતી સંસદ પહોંચ્યા છે. ગોયેશ્વર ચંદ્ર રોય તેમાંથી એક છે. ધ ડેલી સ્ટાર પ્રમાણે તારિક રહેમાનની નવી કેબિનેટમાં ૪૦ મંત્રીઓને સામેલ કરી શકાય છે. તારિક નવા અને જૂના લોકો વચ્ચે તાલમેલ બેસાડવાની કવાયતમાં લાગ્યા છે. જે લોકોનું મંત્રી બનવું લગભગ નક્કી છે, તેમાં ગાયેશ્વર ચંદ્ર રોય પણ છે. રિપોર્ટ પ્રમાણે કેબિનેટમાં મિર્ઝા ફખરૂલ ઈસ્લામ આલમગીર, સલાહુદ્દીન ચૌધરી, મિર્ઝા અબ્બાસ, હાફિઝ ઉદ્દીન અહેમદ, અમીર ખોસરૂ, મહમૂદ ચૌધરી અને અબ્દુલ મોઈન ખાનનું મંત્રી બનવાનું નક્કી છે. આ લોકો ખાલિદા ઝિયાની સરકારમાં મંત્રી રહી ચૂક્યા છે. તારિક આ સિવાય કેટલાક નવા ચહેરાને મંત્રીમંડળમાં સામેલ કરવા ઈચ્છે છે, જેથી કેબિનેટમાં સંતુલન રહે. તેમાં શમા ઉબૈદ, અફરોઝા ખાનમ રીતા અને બેરિસ્ટર ફરઝાના શર્મિન પુતુલના નામ મુખ્ય છે. હિંદુ સમુદાયમાંથી આવતા ગોયેશ્વર ચંદ્ર રોય પણ મંત્રી બનવાની રેસમાંસામેલ છે. હકીકતમાં ચૂંટણી પહેલા તારિક રહેમાને બધા સમુદાયને ભાગીદારી આપવાની વાત કરી હતી. તારિકનું કહેવું હતું કે બધાને સાથે લાવવાથી દેશનો વિકાસ થઈ શકશે. ગોયેશ્વર ચંદ્ર રોય બીએનપીની નીતિ નિર્માણ કમિટીના પ્રમુખ છે. ખાલિદા પરિવાર સાથે ગોયેશ્વરનો જૂનો સંબંધ છે. શેખ હસીનાના શાનમાં પણ ગોયેશ્વર ખાલિદાના પક્ષમાં હતા. ગોયેશ્વર ચંદ્ર રાય ઢાકા-૩ સીટથી જીતી સંસદ પહોંચ્યા છે. તેઓ ૧૯૭૮થી બીએનપીના સભ્ય છે. ગોયેશ્વર ચંદ્ર ખાલિદા ઝિયાની સરકારમાં મંત્રી રહી ચૂક્યા છે. ગોયેશ્વરના વેવાઈ નિતોય રોય ચૌધરી પણ બીએનપીની ટિકિટ પર જીતી સંસદ પહોંચ્યા છે. બાંગ્લાદેશમાં હિંદુ સમુદાયની વસ્તી ૯ ટકા છે. પહેલા પણ કેબિનેટમાં હિંદુ સમુદાયને જગ્યા મળતી રહી છે. હસીના સરકારમાં દર વખતે બે હિંદુઓ કેબિનેટમાં હતા. યૂનુસની વચગાળાની સરકારમાં પણ હિંદુ સમુદાયથી આવનાર બિધાન ચંદ્ર પોદ્દારને સામેલ કરવામાં આવ્યા હતા.

## પેલેસ્ટીન મુદ્દે જ્યુરીના પક્ષપાતી વલણના વિરોધમાં અરૂંધતી રોય 'બર્લિનેલ ૨૦૨૬'માંથી ખસી ગયા

(એજન્સી) બર્લિન, તા.૧૬

જાણીતા ભારતીય લેખિકા અને સામાજિક કાર્યકર અરૂંધતી રોયે બર્લિન ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ (Berlinale) ૨૦૨૬માંથી પોતાનું નામ પાછું ખેંચી લીધું છે. ફેસ્ટિવલની જ્યુરી (નિર્ણાયક મંડળ)ના સભ્યો દ્વારા ગાઝામાં ઈઝરાયેલ દ્વારા કરવામાં આવી રહેલા નરસંહાર અંગેના વિવાદાસ્પદ નિવેદનો અને 'કલા રાજકીય ન હોવી જોઈએ' તેવા તર્ક સામે વિરોધ નોંધાવતા રોયે આ મોટો નિર્ણય લીધો છે. અરૂંધતી રોયની ૧૯૮૯ની પ્રખ્યાત ફિલ્મ 'ઈન વિચ એની ગિવ્સ ઈટ ધોઝ વન્સ' (In Which Annie Gives It Those Ones) આ ફેસ્ટિવલના ક્લાસિક વિભાગમાં પ્રદર્શિત થવાની હતી. શરૂઆતમાં તેમણે આ આમંત્રણ સ્વીકાર્યું હતું પરંતુ જ્યુરી મેમ્બર્સની તાજેતરની ટિપ્પણીઓએ તેમને આ નિર્ણય બદલવા મજબૂર કર્યા છે. રોયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, જર્મની સરકાર અને ત્યાંની સાંસ્કૃતિક સંસ્થાઓનું પેલેસ્ટીન પ્રત્યેનું વલણ લાંબા સમયથી ખલેલ પહોંચાડનારૂં રહ્યું છે.

**'ઈતિહાસ કલાકારોને માફ નહીં કરે' : અરૂંધતી રોય :** ફેસ્ટિવલની જ્યુરીના સભ્યોને જ્યારે ગાઝામાં ચાલી રહેલા નરસંહાર અને જર્મની દ્વારા ઈઝરાયેલને મળતા સમર્થન વિશે પૂછવામાં આવ્યું, ત્યારે તેમણે તેને 'રાજકીય મુદ્દો' ગણાવી તેના પર ટિપ્પણી કરવાનો ઈન્કાર કર્યો હતો. પોલિશ પ્રોડ્યુસર ઈવા પુશ્વિન્સ્કાએ આ મુદ્દાને 'જટિલ' ગણાવ્યો હતો. આ વલણ પર આકરા



પ્રહાર કરતા રોયે કહ્યું કે, 'ગાઝામાં જે થઈ રહ્યું છે તે માનવતા વિરુદ્ધનો ગુનો છે. જો આપણા સમયના મહાન ફિલ્મ નિર્માતાઓ અને કલાકારો આ નરસંહાર વિરુદ્ધ અવાજ ઉઠાવી શકતા નથી, તો ઈતિહાસ તેમનો ન્યાય કરશે.'

**વધતો જતો વૈશ્વિક વિરોધ :** અરૂંધતી રોયે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, અમેરિકા, જર્મની અને યુરોપના કેટલાક દેશો ઈઝરાયેલને ભંડોળ અને સમર્થન આપીને આ નરસંહારમાં ભાગીદાર બની રહ્યા છે. તેમણે જ્યુરીના નિવેદનોને 'આઘાતજનક અને ઘૃણાસ્પદ' ગણાવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, છેલ્લા કેટલાક સમયથી યુરોપના સાંસ્કૃતિક પ્લેટફોર્મ્સ પર ગાઝાના મુદ્દે કલાકારો અને લેખકો વચ્ચે ગંભીર ચર્ચાઓ અને વિરોધ પ્રદર્શનો વધી રહ્યા છે. રોયના આ પગલાથી આંતરરાષ્ટ્રીય સ્તરે કલા અને નૈતિકતા વચ્ચેના સંબંધો પર ફરી એકવાર નવી ચર્ચા છેડાઈ છે.

## 'આવો અને ચર્ચા કરો' : અમિત શાહે યુએસ વેપાર સોદા પર રાહુલ ગાંધીને નકાર્યા, કહ્યું કે ખેડૂતો સંપૂર્ણ રીતે સુરક્ષિત છે

### શાહે ગાંધી પર "જૂઠાણા" ફેલાવવાનો અને ખેડૂતોને ગેરમાર્ગે દોરવાનો આરોપ લગાવ્યો અને વિપક્ષના આરોપોને "હાસ્યાસ્પદ" ગણાવ્યા

(એજન્સી) તા.૧૬

ગાંધીનગર : કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે રવિવારે કોંગ્રેસ અને તેના નેતા રાહુલ ગાંધી પર અમેરિકા, યુકે અને યુરોપિયન યુનિયન સાથેના ભારતના વેપાર કરારો પર "જૂઠાણા" ફેલાવવાનો અને ખેડૂતોને ગેરમાર્ગે દોરવાનો આરોપ લગાવ્યો અને ભારપૂર્વક જણાવ્યું કે સરકારે દેશના કૃષિ અને ડેરી ક્ષેત્રોનું સંપૂર્ણ રક્ષણ કર્યું છે. તેમણે વિપક્ષી પક્ષના વેપાર કરારો ભારતીય ખેડૂતોને નુકસાન પહોંચાડશે તેવા આરોપોને "હાસ્યાસ્પદ" ગણાવ્યા. જ્યારે કોંગ્રેસના શહજાદા રાહુલ ગાંધી સંસદમાં ઊભા રહીને ખેડૂતોના રક્ષણની વાત કરે છે ત્યારે મને હસવાનું મન થાય છે. કોંગ્રેસનો દેશને ગેરમાર્ગે દોરવાનો લાંબો ઈતિહાસ છે અને હવે તેઓ વેપાર સોદાઓ વિશે જુઠ્ઠાણા ફેલાવી રહ્યા છે,' શાહે કહ્યું. શાહે ગાંધીને જાહેરમાં આ મુદ્દા પર ચર્ચા કરવા પડકાર ફેંક્યો. "રાહુલ ગાંધીજી, કોઈ પણ મંચ નક્કી કરો. ભાજપ યુવા મોરચાના પ્રમુખ પણ આવીને તમારી સાથે ચર્ચા કરી શકે છે કે કોણે ખેડૂતોને નુકસાન પહોંચાડ્યું છે અને કોણે તેમના કલ્યાણ માટે કામ કર્યું છે," તેમણે કહ્યું. ભારતની પ્રથમ સેન્ટ્રલ બેંક ડિજિટલ કરન્સી (CBDC) આધારિત જાહેર વિતરણ વ્યવસ્થા શરૂ કર્યા પછી શાહ ગાંધીનગરમાં એક સભાને સંબોધિત કરી રહ્યા હતા. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને તેમની સરકારે દરેક કરારમાં ખેડૂતોના હિતોનું સંપૂર્ણ રક્ષણ સુનિશ્ચિત કર્યું છે. "હું આ દેશના ખેડૂતો, પશુપાલકો અને માછીમારોને ખાતરી આપવા માંગુ છું કે યુરોપિયન યુનિયન, ઈંગ્લેન્ડ અને અમેરિકા સાથે થયેલા દરેક વેપાર કરારમાં નરેન્દ્ર મોદીએ તમારા હિતોનું સંપૂર્ણ રક્ષણ કર્યું છે. ચિંતા કરવાની કોઈ જરૂર નથી," તેમણે કહ્યું. કોંગ્રેસની આ ટીકાનો ઉલ્લેખ કરતા કે કરારો ભારતના ડેરી ક્ષેત્રને નષ્ટ કરશે, શાહે કહ્યું કે રાહુલ ગાંધી જૂઠાણું ફેલાવી રહ્યા છે કે પીએમ મોદીએ આ કરારો પર હસ્તાક્ષર કરીને ભારતના ડેરી ક્ષેત્રને ખતમ કરી દીધું છે. "આપણે એવા લોકો છીએ જેમણે ડેરી ક્ષેત્રનો વિસ્તાર કર્યો છે, તેને નબળું પાડ્યું નથી. બધા કરારોમાં ડેરી (ક્ષેત્ર)ને સંપૂર્ણ રક્ષણ આપવામાં આવ્યું છે," કેન્દ્રીય મંત્રીએ કહ્યું. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે ફોન પર થયેલી વાતચીત બાદ, બંને પક્ષોએ તાજેતરમાં ભારતીય માલ પરના યુએસ ટેરિફને ૫૦ ટકાથી ઘટાડીને ૧૮ ટકા કરવાની જાહેરાત કરી છે. ગયા મહિને, ભારત અને યુરોપિયન યુનિયન (EU)એ પ્રસ્તાવિત મુક્ત વેપાર કરાર (FTA) માટે વાટાઘાટો પૂર્ણ કરી હતી, જે દ્વિ-માર્ગી વાણિજ્યને વેગ આપવા અને બંને પક્ષો વચ્ચે આર્થિક સંબંધોને મજબૂત બનાવવામાં મદદ કરશે, એમ વાણિજ્ય સચિવ રાજેશ અગ્રવાલે અગાઉ જણાવ્યું હતું.

### માસ્ટર માઈન્ડ હજુ ફરાર

## રોહિત શેટ્ટીના ઘર પર ફાયરિંગ કરનારા શૂટરની રાજસ્થાનથી ધરપકડ કરાઈ

### આ મામલે અત્યાર સુધીમાં ૧૧ લોકોની ધરપકડ કરાઈ

(એજન્સી) મુંબઈ, તા.૧૬

ફિલ્મ ડાયરેક્ટર રોહિત શેટ્ટીના જૂહુ સ્થિત ઘર પર ફાયરિંગ કરનારા શૂટરની રાજસ્થાનથી ધરપકડ કરી લેવામાં આવી છે. જેમાં મુંબઈ પોલીસે હરિયાણા પોલીસની સ્પેશિયલ ટાસ્ક ફોર્સ(STF) સાથે સંયુક્ત ઓપરેશન હાથ ધરી શૂટર સહિત ૬ સાથીઓને ઝડપી પાડવામાં આવ્યા છે. રોહિત શેટ્ટીના ઘર પર ફાયરિંગ કેસમાં મુંબઈ ક્રાઈમ બ્રાંચે શૂટર સહિત ૬ આરોપીની ધરપકડ કરી છે. આ સાથે પોલીસે ઉત્તર પ્રદેશમાંથી પણ કેટલાક લોકોની ધરપકડ કરી છે. આ મામલે અત્યાર સુધીમાં ૧૧ લોકોની ધરપકડ કરવામાં આવી છે. આ કેસને લઈને અગાઉ પોલીસે ૫ આરોપીને પુણે અને આસપાસના વિસ્તારમાંથી ઝડપી પાડ્યા હતા. આદિત્યા ગાયકી, સિદ્ધાર્થ યેનપુરે, સમર્થ પોમાજી, સ્વપ્નિલ સાકત અને હથિયાર સપ્લાયર આસારામ ફસલે ઉર્ફે બાબુનો સમાવેશ થાય છે. પોલીસે આ પાંચેય આરોપી સામે મહારાષ્ટ્ર કંટ્રોલ ઑફ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ એક્ટ હેઠળ સખત કાર્યવાહી કરી છે. ધરપકડ કરાયેલા શૂટરને ટ્રાન્ઝિટ રિમાન્ડ પર મુંબઈ લાવવામાં આવશે. પોલીસ અનુસાર, પ્રાથમિક તપાસમાં એ જાણવાની કોશિશ કરવામાં આવી રહી છે કે આ હુમલા પાછળ કઈ ગેંગનો હાથ છે અને હુમલાખોરનો ઉદ્દેશ્ય શું હતો. શું આ ફક્ત ડરાવવા માટે ફાયરિંગ કરવામાં આવ્યું હતું કે વસૂલી જેવું કોઈ કારણ હતું, આ મામલે પોલીસ ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે.

### ૧૫ દિવસમાં ૧૨ લોકોના મોત

## હરિયાણાના છયાંસા ગામમાં ફેલાઈ રહી છે એક રહસ્યમય બીમારી

(એજન્સી) ચંદીગઢ, તા.૧૬

હરિયાણાના પલવલ જિલ્લાના છયાંસા ગામના લોકો માટે એક રહસ્યમય બીમારી ચિંતાનું કારણ બની ગઈ છે. છેલ્લા ૧૫ દિવસમાં ૧૨ લોકોના મોત થયા છે. તેમાં બાળકો, યુવાનો અને વૃદ્ધોનો સમાવેશ થાય છે. અચાનક થયેલા મૃત્યુથી સમગ્ર ગામમાં ભયનું વાતાવરણ સર્જાયું છે. ગ્રામજનોના જણાવ્યા મુજબ, શરૂઆતમાં કેટલાક લોકોએ ખૂબ તાવ, ઉધરસ, ઉલટી, શરીરમાં દુખાવો અને નબળાઈની ફરિયાદ કરી હતી. કેટલાક દર્દીઓની હાલત એટલી બગડી ગઈ કે તેમને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા, પરંતુ તેમના જીવ બચાવી શકાયા નહીં. આશ્ચર્યજનક રીતે, થોડા દિવસોમાં ઘણા લોકો ગંભીર રીતે બીમાર પડી ગયા. પરિસ્થિતિની

### અચાનક થયેલા મૃત્યુથી સમગ્ર ગામમાં ભયનું વાતાવરણ

ગંભીરતાને ધ્યાનમાં રાખીને, આરોગ્ય વિભાગની ટીમો ગામમાં કેમ્પ લગાવીને તપાસ કરી રહી છે. અત્યાર સુધીમાં ૪૦૦થી વધુ લોકોની તપાસ કરવામાં આવી છે, અને આશરે ૩૦૦ લોકોના લોહીના નમૂના લેવામાં આવ્યા છે. પ્રારંભિક ટેસ્ટિંગમાં બે લોકોમાં હેપેટાઈટિસ બી અને હેપેટાઈટિસ સીની પુષ્ટિ થઈ છે, પરંતુ ડોક્ટરો કહે છે કે આ બધા મોતના કારણ સમજાતા નથી. આરોગ્ય અધિકારીઓએ ગામના પીવાના પાણીના નમૂના પણ પરીક્ષણ માટે મોકલ્યા છે.

## મહાશિવરાત્રી પર માઘ મેળો સમાપ્ત; પ્રયાગરાજમાં ૨૨ કરોડથી વધુ શ્રદ્ધાળુઓએ પવિત્ર સ્નાન કર્યું

(એજન્સી) પ્રયાગરાજ, તા.૧૬

શ્રદ્ધા, તપ અને ભક્તિનું પ્રતીક કરતો વાર્ષિક માઘ મેળો રવિવારે પ્રયાગરાજના પવિત્ર સંગમ ખાતે મહાશિવરાત્રિના પવિત્ર પ્રસંગે પૂર્ણ થયો, જેમાં ૪૪ દિવસ સુધી ચાલેલા ધાર્મિક મંડળમાં ૨૨ કરોડથી વધુ શ્રદ્ધાળુઓએ ભાગ લીધો.

લાખો શ્રદ્ધાળુઓ અંતિમ પવિત્ર સ્નાન માટે ભેગા થતાં સંગમ શહેર "હર હર મહાદેવ" અને "ઓમ નમઃ શિવાય"ના નાદથી ગુંજી ઉઠ્યું. મહા શિવરાત્રી સ્નાન પર્વના પ્રસંગે, ૪૦ લાખથી વધુ શ્રદ્ધાળુઓએ ત્રિવેણી સંગમમાં સ્નાન કર્યું, જે ઉત્સવની પરાકાષ્ઠા દર્શાવે છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે આ કોઈપણ માઘ મેળામાં નોંધાયેલ સૌથી વધુ દર્શનાર્થીઓનો મેળો હતો. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે સમગ્ર કાર્યક્રમ દરમિયાન વ્યવસ્થાઓનું નજીકથી નિરીક્ષણ કર્યું હતું અને અંતિમ દિવસે પણ તૈયારીઓની સમીક્ષા કરવાનું ચાલુ રાખ્યું હતું. ગોરખપુરમાં, મુખ્યમંત્રીએ ગોરખનાથ મંદિરમાં રૂદ્રાભિષેક અને જલાભિષેક કર્યો હતો અને લોકોના સ્વાસ્થ્ય, સમૃદ્ધિ અને સુખાકારી માટે પ્રાર્થના કરી હતી. તેમણે માનસરોવર મંદિર અને પીતેશ્વરનાથ શિવ મંદિરમાં પણ પ્રાર્થના કરી હતી, જેમાં સૌનું કલ્યાણ ઈચ્છ્યું હતું.

આ દરમિયાન, વારાણસીમાં, કાશી વિશ્વનાથ ધામમાં મહા શિવરાત્રીની ઉજવણી ખૂબ જ ઉત્સાહથી કરવામાં આવી હતી.

**હદીસ બોધ**

બીજાઓ સાથે ખરાબ વર્તાવ ન કરો, તેનાથી તમારૂં માનસ ગેરમાર્ગે દોરાય છે. (હદીસ બોધ)

**બોધ વચન**

માહિતી એ જ્ઞાન નથી. માહિતી રોજી-રોટી આપે છે, જ્યારે જ્ઞાન જીવનને સફળ બનાવે છે.

-સેન્ડ્ર કેરી

**આજની આરસી**

૧૭ ફેબ્રુઆરી મંગળવાર ૨૦૨૬
૨૮ શાબાન હિજરી ૧૪૪૭
મહા વદ અમાસ સંવત ૨૦૮૨

| | |
|---|---|
| સુબ્હ સાદિક | ૫-૫૧ |
| ખત્મે ઝવાલ | ૧૨-૫૪ |
| તુલૂએ આફતાબ (સૂર્યોદય) | ૭-૧૧ |
| ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) | ૬-૩૭ |

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચક મિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી.

- વ્યવસ્થાપક

# રાશિદ ખાને ઇતિહાસ રચ્યો, અભૂતપૂર્વ સિદ્ધિ હાંસલ કરનાર વિશ્વનો પ્રથમ ક્રિકેટર બન્યો

નવી દિલ્હી, તા.૧૬

કારણ કે, ૨૦૨૪ T20 વર્લ્ડકપ સેમિફાઈનલમાં ટીમનો ઉદ્દેશ્ય ન્યુઝીલેન્ડ અને દક્ષિણ આફ્રિકા સામે સતત બે હાર સાથે ટુર્નામેન્ટની શરૂઆત કર્યા પછી સુપર ૮ તબક્કામાં પ્રવેશવાની તેમની ધૂંધળી થતી આશાઓને જીવંત રાખવાનો હોવા વચ્ચે રાશિદ ખાને ઈતિહાસ રચ્યો અને અભૂતપૂર્વ સિદ્ધિ હાંસલ કરી. ૨૦૨૬માં દિલ્હીના અરૂણ જેટલી સ્ટેડિયમ ખાતે અફઘાનિસ્તાન અને સંયુક્ત અરબ અમીરાત (UAE) વચ્ચેની મેચ દરમિયાન તેણે અભૂતપૂર્વ સિદ્ધિ હાંસલ કરી હતી.



રમતના સૌથી ટૂંકા ફોર્મેટમાં ૬૦૦થી વધુ વિકેટ લીધી છે.

રાશિદ અફઘાનિસ્તાન માટે ૧૯૧ વિકેટ સાથે T20Iમાં સૌથી વધુ વિકેટ લેનાર બોલર પણ છે અને ટૂંક સમયમાં આંતરરાષ્ટ્રીય સ્તરે ફોર્મેટમાં ૨૦૦ વિકેટ લેનાર પ્રથમ ખેલાડી બનશે. અન્યત્ર, તેણે સનરાઈઝર્સ હૈદરાબાદ (SRH) અને ગુજરાત ટાઈટન્સ (GT) માટે તેની કારકિર્દીમાં ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)માં ૧૫૮ વિકેટ પણ લીધી છે. તેણે બિગ બેશ લીગ (BBL)માં ૯૮, પાકિસ્તાન સુપર લીગ (PSL)માં ૪૪, હંડ્રેડમાં ૩૬,

## ૨૦૨૬માં અફઘાનિસ્તાન અને UAE વચ્ચેની T20 વર્લ્ડકપ મેચ દરમિયાન રાશિદ ખાને ઇતિહાસ રચ્યો અને અભૂતપૂર્વ સિદ્ધિ હાંસલ કરી, અફઘાનિસ્તાનના કેપ્ટને એક વિકેટ લીધી, જેના કારણે તે એક વિશાળ સીમાચિહ્ન પર પહોંચ્યો

રાશિદે સોમવારે (૧૬ ફેબ્રુઆરી) પોતાની ટીમ માટે જીતવા જેવી મેચમાં ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનું પસંદ કર્યું. તેણે કરકસર રીતે મજબૂત બોલિંગ કરી અને ચાર ઓવરમાં માત્ર ૨૪ રન આપીને એક વિકેટ પોતાના નામે કરી.

**વિગતવાર વર્ણન**

**● રાશિદ ખાન પાસે ODIમાં કેટલી વિકેટ છે ?**

રાશિદ ખાન પાસે ODI ક્રિકેટમાં ૨૦૨ વિકેટ છે, જે તેને આ સીમાચિહ્ન સુધી પહોંચનાર પ્રથમ અફઘાન ખેલાડી બનાવે છે. તેણે બાંગ્લાદેશ સામેની મેચ દરમિયાન આ સિદ્ધિ મેળવી, મર્યાદિત ઓવરના ક્રિકેટમાં અગ્રણી બોલર તરીકે તેની પ્રતિષ્ઠાને વધુ મજબૂત બનાવી.

● T20Iમાં કેપ્ટન તરીકે રાશિદ કયા રેકોર્ડ ધરાવે છે ?

● રાશિદે તેના જન્મદિવસ પર કઈ નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી ?

**રાશિદે ઈતિહાસ રચ્યો :**

રાશિદે ઈનિંગની ૧૭મી ઓવરમાં 'હિટ-વિકેટ' આઉટ કરીને મુહમ્મદ અરફાનને આઉટ કર્યો, જે તેની કારકિર્દીમાં એક મોટો સીમાચિહ્ન સાબિત થયો. અફઘાનિસ્તાનના કેપ્ટને આ વિચિત્ર આઉટ થયાના પરિણામે તેની કારકિર્દીની ૭૦૦મી T20 વિકેટ લીધી. તે ક્રિકેટના ઈતિહાસમાં રમતના સૌથી ટૂંકા ફોર્મેટમાં ૭૦૦ વિકેટ લેનાર પ્રથમ ખેલાડી છે.

રશિદે T20 ફોર્મેટમાં સૌથી વધુ વિકેટ લેનાર બોલર બનવાનો રેકોર્ડ પહેલાથી જ પોતાના નામે કરી લીધો હતો, જે ગયા વર્ષે ૨૦૨૫ ઈન્ડિયન પ્રીમિયર લીગ દરમિયાન ડ્વેન બ્રાવોના રેકોર્ડને પાછળ છોડી દીધો હતો. સુનીલ નારાયણ એકમાત્ર એવો સ્પિનર છે જેણે વાઈટાલિટી બ્લાસ્ટમાં ૩૪ અને SA20માં ૨૭ વિકેટ લીધી છે. રાશિદ T20 ક્રિકેટમાં ૭૦૦થી વધુ વિકેટનો આંકડો પૂર્ણ કરનાર પ્રથમ ખેલાડી છે, જ્યારે બ્રાવો ૩૦૦, ૪૦૦, ૫૦૦ અને ૬૦૦ વિકેટ પૂર્ણ કરનાર પ્રથમ ખેલાડી હતો. પૂર્વ નેધરલેન્ડ અને ઓસ્ટ્રેલિયન ઝડપી બોલર ડર્ક નેન્સે બીજા કોઈ કરતાં પહેલાં ૧૦૦ અને ૨૦૦ વિકેટ ઝડપી હતી.

# પાક. કેપ્ટનની એક ભૂલ ભારત માટે 'ગેમચેન્જર' બની

કોલંબો, તા.૧૬



કોલંબોના આર. પ્રેમદાસા સ્ટેડિયમમાં રમાયેલા હાઈવોલ્ટેજ મુકાબલામાં ભારતે પાકિસ્તાનને ૬૧ રને કારમી હાર આપી છે. આ જીત બાદ ભારતીય કેપ્ટન સૂર્યકુમાર યાદવે પાકિસ્તાની કેપ્ટન સલમાન આગાની એક મોટી ભૂલ વિશે ખુલાસો કર્યો છે, જે ભારત માટે 'ગેમચેન્જર' સાબિત થઈ હતી.ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ના સૌથી મોટા જંગમાં ભારતે પાકિસ્તાનને ધૂળ ચટાડી છે. મેચ બાદ કેપ્ટન સૂર્યકુમાર યાદવે જણાવ્યું કે, ટોસ જીતીને પાકિસ્તાને પહેલા બોલિંગ કરવાનો જે નિર્ણય લીધો તે તેમના પર જ ભારે પડ્યો હતો. સૂર્યાના મતે, આ પીચ પર પહેલા બેટિંગ કરવી વધુ સારો વિકલ્પ હતો અને પાકિસ્તાની કેપ્ટન સલમાન આગા અહીં જ થાપ ખાઈ ગયા.ટીમ ઈન્ડિયાના કેપ્ટને કહ્યું, ''અમે અમારી બ્રાન્ડની ક્રિકેટ રમી. જ્યારે અમારો સ્કોર ૦/૧ થયો, ત્યારે કોઈએ જવાબદારી લેવાની જરૂર હતી અને ઈશાન કિશને તે બખૂબી નિભાવી. આ વિકેટ પર પહેલા બેટિંગ કરવી સરળ નહોતી, કારણ કે લાઈટ્સમાં પીચ કેવું વર્તન કરશે અને ઝાકળ આવશે કે નહીં તેનો અંદાજ લગાવવો મુશ્કેલ હતો. પણ ઈશાનની ઈનિંગ અને અમારા બોલરોના સામૂહિક પ્રદર્શને કામ સરળ કરી દીધું.''પ્લેયર ઓફ ધ મેચ બનેલા ઈશાન કિશને પોતાની રણનીતિ વિશે જણાવ્યું કે, ''શરૂઆતમાં વિકેટ મુશ્કેલ હતી, પણ મારે મારી તાકાત પર ભરોસો હતો. મારા મગજમાં ૧૬૦-૧૭૦ રનનો લક્ષ્યાંક હતો. મેં ઓફ-સાઈડ પર ઘણી મહેનત કરી છે અને પાકિસ્તાન સામેની આ જીતથી અમારો આત્મવિશ્વાસ વધશે.''બીજી તરફ, હાર બાદ પાકિસ્તાની કેપ્ટન સલમાન આગાએ કબૂલ્યું કે તેમની વ્યૂહરચના ફેલ રહી હતી. સલમાને કહ્યું કે અમારા સ્પિનરો માટે આજનો દિવસ સારો રહ્યો નથી. પાવરપ્લેમાં વધુ વિકેટ ગુમાવવી અમને ભારે પડી. પહેલી ઈનિંગમાં પીચ ધીમી હતી અને બોલ રોકાઈને આવતો હતો, જેનો ભારતીય બેટ્સમેનોએ સારો સામનો કર્યો.ભારતે પ્રથમ બેટિંગ કરતા પાકિસ્તાન સામે ૧૭૬ રનનો પડકારજનક લક્ષ્યાંક મૂક્યો હતો. તેના જવાબમાં પાકિસ્તાની બેટ્સમેનો ભારતીય બોલરો સામે ઘૂંટણિયે પડી ગયા હતા અને સમગ્ર ટીમ માત્ર ૧૧૪ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. આ જીત સાથે વર્લ્ડ કપમાં ભારતનો પાકિસ્તાન સામેનો રેકોર્ડ હવે ૮-૧ થઈ ગયો છે.

# કેન્દ્રપારા આંગણવાડીનો બહિષ્કાર સમાપ્ત, ગ્રામજનો દલિત રસોઈયાની નિમણૂક પછી બાળકોને મોકલવા સંમત

## અગાઉ યોજાયેલી આવી જ બેઠકમાં જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સમજાવટ છતાં માત્ર બે જ ઉપસ્થિત રહ્યા હતા તેનાથી આ એક નોંધપાત્ર ફેરફાર હતો

(એજન્સી) કેન્દ્રપારા, તા.૧૬

ઓડિશા રાજ્ય મહિલા આયોગ અને જિલ્લા વહીવટીતંત્રના હસ્તક્ષેપ બાદ, કેન્દ્રપારાના રાજનગર બ્લોક હેઠળના નુઆગાંવ ગામના રહેવાસીઓ આખરે તેમના બાળકોને આંગણવાડી કેન્દ્રમાં મોકલવા સંમત થયા હતા. દલિત રસોઈયાની નિમણૂક પછી ગ્રામજનોએ નવેમ્બરથી આંગણવાડીનો બહિષ્કાર કર્યો હતો. કેન્દ્રમાં યોજાયેલી આ બેઠકમાં ૧૫૦થી વધુ ગ્રામજનોએ ભાગ લીધો હતો. જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સમજાવટ છતાં અગાઉ યોજાયેલી આવી જ બેઠકમાં ફક્ત બે જ ઉપસ્થિત રહ્યા હતા તેનાથી આ એક નોંધપાત્ર ફેરફાર હતો. આ બેઠકમાં વધારાના જિલ્લા મેજિસ્ટ્રેટ નબકૃષ્ણ જેના, સબ-કલેક્ટર અરૂણ નાયક, રાજ્ય મહિલા આયોગના સભ્ય કલ્પના મલ્લિક, પોલીસ અધિકારીઓ અને કાર્યકરો સાથે હાજર રહ્યા હતા. વધુમાં, બેઠક પછી એક સામુદાયિક ભોજન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું, જ્યાં દલિત આંગણવાડી રસોઈયા સરમિષ્ઠા સેઠી (૨૩)એ સમાધાનના સંકેત તરીકે ગામલોકોને ભોજન પીરસ્યું હતું. અધિકારીઓએ ઘરે ઘરે જઈને સંપર્ક પણ કર્યો હતો, ત્યારબાદ ગામલોકોએ આંગણવાડી સેવાઓ ફરી શરૂ કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. સોમવારથી ગામલોકોએ તેમના બાળકોને કેન્દ્રમાં મોકલવાની શપથ લીધી હતી. જાતિ આધારિત ભેદભાવ સામે જાગૃતિ ફેલાવવા માટે વહીવટીતંત્રે ગામમાં શેરી નાટકો કરવા માટે સ્થાનિક કલાકારોને રોક્યા હતા. પાલા ગાયકો પણ આ દિવસે જાગૃતિ ફેલાવવામાં સામેલ હતા. નાયકે કહ્યું કે આ પ્રયાસોથી ગ્રામજનોને કાર્યકરનો બહિષ્કાર કરવાના સામાજિક જોખમોને સમજવામાં મદદ મળી. મલિકે કહ્યું કે શ્રેણીબદ્ધ વાટાઘાટો પછી, મામલો સૌહાર્દપૂર્ણ રીતે ઉકેલાઈ ગયો છે. ઓડિશા રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગના સભ્ય સુજાતા નાયકે જણાવ્યું હતું કે, 'માતાપિતાએ તેમના બાળકોને મોકલવાની સંમતિ આપી હોવાથી આંગણવાડી કેન્દ્ર સામાન્ય રીતે કાર્ય કરશે.' નોંધનીય છે કે, નવેમ્બરમાં અધિકારીઓએ નુઆગાંવમાં શેઠીને રસોઈયા-કમ-સહાયક તરીકે નિયુક્ત કર્યા હતા, જેના પગલે ગામ સમિતિએ દલિત રસોઈયાની નિમણૂકના વિરોધમાં કેન્દ્રનો બહિષ્કાર કરવાનો નિર્ણય લીધો હતો. નદી કિનારે આવેલા ગામમાં સાત દલિત પરિવારો સહિત લગભગ ૪૫ પરિવારો રહે છે. ઘડિયામાલાના સરપંચ શૈલેન્દ્ર મિશ્રાના જણાવ્યા અનુસાર, ફક્ત બાળકો જ નહીં, પરંતુ ગર્ભવતી મહિલાઓએ પણ કેન્દ્રની મુલાકાત લેવાનું બંધ કરી દીધું હતું, જેના કારણે તેઓ પોષણ, આરોગ્ય તપાસ, આયર્ન-ફોલિક એસિડ પૂરક, રસીકરણ અને આરોગ્ય શિક્ષણથી વંચિત રહી ગયા હતા.

# દલિત પત્રકારનો ઉત્તરાખંડમાં કસ્ટોડિયલ ત્રાસ અને ગેરકાયદેસર તોડી પાડવાનો આરોપ, પોલીસે આરોપોને ફગાવ્યાં

## ઉધમ સિંહ નગર જિલ્લાના બાજપુરના એક દલિત પત્રકારે સ્થાનિક પોલીસ પર કસ્ટોડિયલ ત્રાસ, જાતિ આધારિત દુર્વ્યવહાર અને તેમની મિલકતના ગેરકાયદેસર તોડી પાડવાનો આરોપ લગાવ્યો છે, જેનો પોલીસ અધિકારીઓએ સખત ઈન્કાર કર્યો છે

(એજન્સી) તા.૧૬

કેશોવાલા ગામના રહેવાસી, ગોલ્ડી નિર્ભિક તરીકે પણ ઓળખાતા વિમલ ભારતીએ કહ્યું કે તેઓ ૧૩ વર્ષથી વધુ સમયથી સ્વતંત્ર પત્રકાર તરીકે કામ કરે છે, કથિત વહીવટી અનિયમિતતાઓ પર રિપોર્ટિંગ કરે છે. તેમણે પત્રકારોને જણાવ્યું કે, ૧૧ નવેમ્બરના રોજ બાજપુર પોલીસ સ્ટેશનમાં ચોક્કસ પોલીસ અધિકારીઓની વારંવાર પોસ્ટિંગ પર સવાલ ઉઠાવતો અહેવાલ પ્રકાશિત કર્યા પછી મુશ્કેલી શરૂ થઈ હતી. ભારતીએ કહ્યું, 'મેં ૧૨ નવેમ્બરના રોજ ભારતના રાષ્ટ્રપતિ, કેન્દ્રીય ગૃહ મંત્રાલય, ઉત્તરાખંડના મુખ્યમંત્રી, રાજ્યપાલ અને ડીજીપીને પત્ર લખ્યો હતો, કારણ કે મારા વિરૂદ્ધ ખોટો કેસ દાખલ થઈ શકે છે.' તેમણે આરોપ લગાવ્યો કે બીજા જ દિવસે, પીડબ્લ્યુડી સહાયક ઈજનેર નેહા શર્મા અને એક જેસીબી મશીન સાથે પોલીસ ટીમ તેમના ઘરે પહોંચી અને અતિક્રમણનો ઉલ્લેખ કરીને એક માળખું તોડી પાડ્યું. તેમણે દાવો કર્યો કે, 'મેં જાતે તેને દૂર કરવા માટે સમય માંગ્યો, પરંતુ મને ના પાડી દેવામાં આવ્યો. જ્યારે મેં મારા ફોન પર તોડી પાડવાનું રેકોર્ડિંગ કર્યું, ત્યારે પોલીસે તેને છીનવી લીધું અને મને આતંકવાદીની જેમ કસ્ટડીમાં લઈ લીધો'. ભારતીએ જણાવ્યું કે પોલીસે પીડબ્લ્યુડી અધિકારીની ફરિયાદના આધારે બીએનએસ, ૨૦૨૩ની કલમ ૧૩૨, ૨૨૧ અને ૩૫૧(૨) હેઠળ તેમની સામે કેસ નોંધ્યો. તેમણે વધુમાં આરોપ લગાવ્યો કે તેમને કલમ 41A હેઠળ નોટિસ વિના અટકાયતમાં લેવામાં આવ્યા હતા અને બાદમાં બન્નાખેરા આઉટપોસ્ટ લોક-અપમાં લઈ જવામાં આવ્યા હતા. કસ્ટડીમાં તેમના અનુભવ વિશે બોલતા, ભારતીએ કહ્યું, 'મને માર મારવામાં આવ્યો, કપડાં ઉતારવામાં આવ્યા, જાતિવાદી અપશબ્દો બોલી દુર્વ્યવહાર કરવામાં આવ્યો, જૂતામાંથી પાણી પીવાની ફરજ પાડવામાં આવી અને મારા મોબાઈલ અને ઈ-મેઈલ પાસવર્ડ આપવા માટે દબાણ કરવામાં આવ્યું. તેઓએ મારા વ્યાવસાયિક એકાઉન્ટ્સ એક્સેસ કર્યા અને મારું કામ ડિલીટ કરી નાખ્યું હતું.' તેમણે ઉમેર્યું કે તેમણે ૧૫ ડિસેમ્બરે રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગ, રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ અને રાજ્યના વરિષ્ઠ અધિકારીઓ સમક્ષ ફરિયાદ નોંધાવી હતી અને બાદમાં ૨૫ ડિસેમ્બરે હાઈકોર્ટમાં અરજી કરી હતી. તેમનો દાવો છે કે જાન્યુઆરી ૨૦૨૬માં નોટિસ જારી કરવામાં આવી હતી, પરંતુ અત્યાર સુધી કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. બાઝપુર સર્કલ ઓફિસર વિભવ સૈનીએ જો કે, આરોપોને સખત રીતે નકારી કાઢ્યા હતા. તેમણે કહ્યું કે, ''આ દાવાઓ પોલીસ પર દબાણ લાવવાનો પ્રયાસ હોય તેવું લાગે છે. પીડબ્લ્યુડી સહાયક ઈજનેર દ્વારા લેખિત ફરિયાદના આધારે એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી. સત્તાવાર ડિમોલિશન ઝુંબેશ દરમિયાન પોલીસ ફક્ત કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે હાજર હતી. કોઈપણ સમયે પોલીસે તેમની કાનૂની સત્તાની હદ વટાવી ન હતી. બધી પ્રક્રિયાઓનું પાલન કરવામાં આવ્યું હતું,''. સૈનીએ ઉમેર્યું કે પારદર્શિતા સુનિશ્ચિત કરવા માટે તપાસ હવે બીજા જિલ્લાના અધિકારીઓને ટ્રાન્સફર કરવામાં આવી છે.

# દરરોજ તે આંગણવાડીમાં સાયકલ પર જાય છે, સફાઈ કરે છે, ચાદર પાથરે છે અને ક્યારેય ન આવતા બાળકોની રાહ જુએ છે

## ગત શનિવારની મીટિંગ આખરે ઓડિશાના એક ગામમાં દલિત રસોઈયાના ચાર મહિનાના બહિષ્કારનો અંત લાવી શકે છે પરંતુ સર્મિષ્ઠા સેઠીને ખાસ કોઈ આશા નથી

(એજન્સી) તા.૧૬

ગ્રેજ્યુએશન કરનારી તેના સમુદાયની પહેલી અને સરકારી નોકરી મેળવનાર દરિયાકાંઠાના ગામના મુઠ્ઠીભર લોકોમાંથી એક હોવાને કારણે સર્મિષ્ઠા સેઠી નુઆગાંવનું ગૌરવ હોવી જોઈએ. પરંતુ, વર્તમાન સમય ૨૧ વર્ષની આ યુવતીના જીવનનો શ્રેષ્ઠ સમય હોવાને બદલે સૌથી ખરાબ બની રહ્યો છે. ચાર મહિનાથી, દલિત મહિલા અને તેનો પરિવાર સામાજિક બહિષ્કારનો સામનો કરી રહ્યા છે, કારણ કે સર્મિષ્ઠાએ તેણે કરેલી નોકરી માટે 'હિંમત' કરી હતી અને પછી તે નોકરી મેળવી હતી : સ્થાનિક આંગણવાડી કેન્દ્રમાં મદદગાર-કૂકની નોકરી. શનિવારે, જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓ અને રાજ્ય મહિલા આયોગના સભ્યએ નુઆગાંવની મુલાકાત લીધી અને ગામલોકો પાસેથી આગામી સોમવારથી તેમના બાળકોને આંગણવાડી કેન્દ્રમાં મોકલવાનું વચન મેળવ્યું હતું. આ પહેલા પણ અધિકારીઓ દ્વારા બહિષ્કારનો અંત લાવવાના પ્રયાસો કરવામાં આવ્યા છે, જે અત્યાર સુધી સફળ થયા નથી. તેમની નિમણૂક પછી લગભગ બધા વિદ્યાર્થીઓથી ખાલી, કેન્દ્રના સ્ટેન્ડ પરથી તેમની સાયકલ બહાર કાઢતી વખતે શર્મિસ્તા આંખોમાં આંસુ સાથે યાદ કરે છે કે કેવી રીતે ઉચ્ચ જાતિના ૫૦-૬૦ ગ્રામજનોએ તેમને ટોળે મળી માર માર્યો હતો, જે દિવસે અધિકારીઓ ગામના વીજળીના થાંભલા પર તેમનો નોકરી પુષ્ટિ પત્ર ચોંટાડવા આવ્યા હતા. શર્મિસ્તાએ કહ્યું કે, નવેમ્બરના બીજા અઠવાડિયાની વાત છે. ગામલોકોએ મને અને મારા પિતાને બોલાવ્યા અને પૂછ્યું કે મેં નોકરી માટે અરજી કેમ કરી છે કારણ કે હું અનુસૂચિત જાતિ સમુદાયની છું. તેઓએ કહ્યું કે જો તેમના બાળકો મારા દ્વારા રાંધેલું ભોજન ખાશે તો તેમન ભગવાનના કોપનો સામનો કરવો પડશે. મેં તેમને સમજાવવાનો પ્રયાસ કર્યો, તેમની સામે પણ ભાંગી પડી, પરંતુ કોઈએ ધ્યાન આપ્યું નહીં''. ૨૦ નવેમ્બર, જ્યારે તે સત્તાવાર રીતે મદદગાર-કમ-રસોઈયા તરીકે જોડાઈ ત્યારથી આંગણવાડી કેન્દ્રમાં લગભગ શૂન્ય હાજરી છે, ત્યારે ત્રણ વર્ષથી ઓછી ઉંમરના બાળકોના માતા-પિતા અને એક સ્તનપાન કરાવતી માતા કે જેઓ કેન્દ્રમાંથી ઘરે રાશન લેવા માટે હકદાર છે, તેમણે પણ આવવાનું બંધ કરી દીધું છે. સત્તાવાર રીતે, કેન્દ્ર સ્તનપાન કરાવતી માતા ઉપરાંત ૪૨ બાળકોને સેવા આપે છે-૩થી ૬ વર્ષની વયના ૨૦ બાળકો જે કેન્દ્રમાં આવવાના છે અને તેનાથી નાના ૨૨ બાળકો, જેમને રાશન મળે છે. મેનુમાં સત્તુ, ઈંડા અને લાડુનો સમાવેશ થાય છે. દલિત બાળકોમાંથી ફક્ત બે બાળકો જ આવતા રહે છે. ગ્રામજનોએ ઉચ્ચ જાતિના આંગણવાડી કાર્યકર લિઝારાણી પાંડવ પર પણ દબાણ કર્યું કે તેઓ સરમિષ્ઠાની નિમણૂક પછી તેનો ઉપયોગ ન કરે. ૬ ફેબ્રુઆરીથી, આંગણવાડી ગામની પ્રાથમિક શાળાના બે મકાનોમાંથી એકમાંથી કાર્યરત છે. અહીં સરમિષ્ઠા દરરોજ આવતી રહે છે, એવી આશામાં કે નોકરીમાં તેની પાસેથી અપેક્ષિત દિનચર્યાનું પાલન કરવાથી ગામલોકો ખુશ થઈ જશે. સવારે ૭ વાગ્યે, તે નુઆગાંવના 'દલિત વસ્તી વાળા વિસ્તાર બાજુ'થી બીજી બાજુ આવેલી શાળાએ સાયકલ પર આવે છે, ફ્લોર સાફ કરે છે, બાળકો માટે સાદડી પાથરે છે- અને રાહ જુએ છે. સરમિષ્ઠા કહે છે કે, 'મેં તેમને સમજાવવાનો પ્રયાસ કર્યો કે જો તેમને મારા દ્વારા રાંધેલા ખોરાકથી કોઈ સમસ્યા હોય તો ઓછામાં ઓછું રાશન ઘરે લઈ જાય. પરંતુ તેઓએ ના પાડી દીધી છે' અને ઉમેરે છે કે તે ફક્ત પોતાના માટે જ નહીં પરંતુ તેના પરિવાર માટે પણ દુ:ખી છે. 'અમે અમારા પોતાના ગામમાં અજાણ્યા જેવા છીએ. મારા માતાપિતા અને મારા ૮૬ વર્ષીય દાદી માનસિક આઘાતમાં છે.' વિડંબના એ છે કે સરમિષ્ઠા તેના ગામની એકમાત્ર વ્યક્તિ હતી જેણે આ નોકરી માટે અરજી કરી હતી, જેમાં દર મહિને રૂા.૫,૦૦૦ની સામાન્ય આવક અને ઓછામાં ઓછી ધોરણ-૧૨ની શૈક્ષણિક લાયકાતનો સમાવેશ થાય છે. જોકે તે આ પદ માટે વધુ પડતી લાયકાત ધરાવતી હતી, ૨૧ વર્ષીય યુવતીએ આ પૈસાનો ઉપયોગ તેના પરિવારને આર્થિક રીતે મદદ કરવા અને શિક્ષક બનવાની તેની મહત્વાકાંક્ષાઓને આગળ વધારવા માટે કરવાની આશા રાખી હતી. સરમિષ્ઠા તેની તૈયારી માટે બાળપણ સંભાળ શિક્ષણમાં લાંબા અંતરનો ડિપ્લોમા કરી રહી છે. ૨૧ વર્ષીય યુવતી તેના પિતા ચૈતન્ય સેઠીને સ્વપ્ન જોવા માટે પ્રોત્સાહિત કરવાનો શ્રેય આપે છે. માત્ર ચોથા ધોરણ સુધી અભ્યાસ કર્યા પછી, ચૈતન્ય, જે એક એકર કરતા ઓછી જમીનના પ્લોટમાં ખેતી કરે છે અને જીવનનિર્વાહ માટે બીજાના ખેતરોમાં કામ કરે છે, તેણે સુનિશ્ચિત કર્યું કે તેના ત્રણેય બાળકો શિક્ષણ મેળવે. શર્મિષ્ઠા સૌથી મોટી છે અને તેના નાના ભાઈ-બહેનોમાં, એક ભાઈ ભુવનેશ્વરની એક ખાનગી કોલેજમાંથી ડિપ્લોમા કરી રહ્યો છે અને એક બહેન ધોરણ-૭માં છે. માતા મીનાતી જણાવે છે કે ગામલોકોને તેમના બાળકોને સમરિસ્તા પાસે તેમના ઘરે ટ્યુશન માટે મોકલવામાં કોઈ સમસ્યા નહોતી-એક સરકારી યોજના હેઠળ બનેલ બે રૂમનું કોંક્રિટ માળખું. મીનાતી કહે છે કે, 'મારી પુત્રી શિક્ષિત છે અને બાળકોની સારી સંભાળ રાખશે. જ્યારે તેને યોગ્યતા પર નોકરી મળી ત્યારે તેને ભેદભાવનો સામનો શા માટે કરવો જોઈએ ? શું તેમના અને આપણા માટે કાયદો અલગ છે ?'. તેને શંકા છે કે સમરિસ્તાની સિદ્ધિઓથી 'ઈર્ષ્યા' કરનારા કેટલાક પ્રભાવશાળી ગ્રામજનો બહિષ્કાર પાછળ છે. જોકે, ભીતરકણિકા મેન્ગ્રોવ ઈકોસિસ્ટમનો ભાગ એવા નુઆગાંવમાં-જાતિ રેખાઓ સ્પષ્ટ છે, જો કે બોલવામાં આવતું નથી છતાં. ગામના સાત દલિત પરિવારો નુઆગાંવના પ્રવેશદ્વાર પર એકઠા થયા છે; લગભગ ૯૦ ઉચ્ચ જાતિના ઘરો-જે ખાંડાયત અને ગોપાલોનું પ્રભુત્વ ધરાવે છે-દૂર સ્થિત છે. ઘોષણા મુજબ, દલિતો ગામડાના તહેવારો દરમિયાન બીજાઓથી દૂર રહે છે, જ્યારે ઉચ્ચ જાતિના સભ્યો ભાગ્યે જ તેમના કાર્યક્રમોમાં આવે છે. જોકે ગરીબી એક સ્તરીકરણ છે, સમુદાયોના મોટાભાગના ઘરો છાણાવાળા છે, તેમના રહેવાસીઓ મોટાભાગે અર્ધ-શિક્ષિત છે, અને તેમના પરિવારો ખેતી પર નિર્ભર છે. ભાગ્યે જ બે-ત્રણ પરિવારોના સભ્યો સરકારી નોકરી કરે છે. નુઆગાંવના કુલામણી રાઉત એવા લોકોમાંના એક છે જેમનો ચાર વર્ષનો દીકરો હવે આંગણવાડી કેન્દ્રમાં જતો નથી; કે તેમને તેમની બે વર્ષની દીકરી માટે ત્યાંથી રાશન મળતું નથી. રાઉત જે એક ખેડૂત છે તેણે કહ્યું, ગામલોકોએ અમારા બાળકોને ન મોકલવાનો નિર્ણય લીધો છે. અમે તેમને મોકલવા માંગીએ છીએ, પરંતુ તેઓ તેના (સમૃતા) દ્વારા રાંધેલું ભોજન કેવી રીતે ખાઈ શકે ? 'આવું ક્યારેય બન્યું નથી'. એક ગ્રામીણ કહે છે કે, અન્ય લોકો સમરિસ્તાની જાતિને એક પરિબળ તરીકે ઉલ્લેખ કરવાનું ટાળે છે-ઓછામાં ઓછું આંશિક રીતે કાયદાના ડરને કારણે- અને તેમના નિર્ણયને ગામ દ્વારા 'સામૂહિક આહવાન'ને આભારી છે. 'અમે સામૂહિક રીતે આગળની કાર્યવાહી પણ નક્કી કરીશું'. કેન્દ્રપારા સબ-કલેક્ટર અરૂણ કુમાર નાયકના જણાવ્યા અનુસાર, શનિવારે વિવાદ સમાપ્ત કરવા માટે યોજાયેલી બેઠકમાં, ગ્રામજનોએ અન્ય બાબતો ઉપરાંત આંગણવાડી કેન્દ્ર માટે કાયમી જગ્યાની માગણી કરી હતી અને તેમને ખાતરી આપવામાં આવી હતી કે આ કરવામાં આવશે. નાયક કહે છે કે વિશ્વાસ વધારવાની કવાયત તરીકે, અધિકારીઓ સમરિસ્તા દ્વારા રાંધેલું ભોજન કરાવશે. જો બહિષ્કાર ચાલુ રહે તો તેઓ શું કરશે તે અંગે, અધિકારી કહે છે : 'જો ગ્રામજનો તેમનો વલણ નહીં બદલે, તો અમે કાનૂની કેસ સહિત દંડાત્મક કાર્યવાહી કરીશું.' શર્મિસ્તાને અપેક્ષાઓ ઓછી છે, કારણ કે ગામલોકોએ ચેતવણીઓને પણ અવગણી હતી કે જો તેમનો બહિષ્કાર ચાલુ રહેશે તો તેમને મળતી અન્ય સરકારી સુવિધાઓ બંધ કરવામાં આવશે. તાજેતરમાં, દલિત નેતાઓ અને સ્થાનિક રાજકારણીઓ પણ સમરિસ્તાને મદદ કરવા અને ગ્રામજનોને સમજાવવા માટે આગળ આવી રહ્યા છે. જો કે, જ્યાં સુધી તે અને તેના પરિવારની વાત છે, ૨૧ વર્ષીય યુવતી કહે છે કે, તેઓ આ મામલો વધુ વધારશે નહીં, કાનૂની રીતે પણ છેવટે, 'આ અમારા ગામનો મામલો છે'.

# ગુજરાતમાં બંગાળી સ્થળાંતરિત મહિલાના મૃત્યુ બાદ TMCએ ભાજપ શાસિત રાજ્યોમાં સુરક્ષાની ચિંતા વ્યક્ત કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬



તૃણમૂલ કોંગ્રેસે આરોપ લગાવ્યો છે કે ગુજરાતમાં એક બંગાળી સ્થળાંતરિત મહિલાનું મૃત્યુ ભાજપ શાસિત રાજ્યોમાં પશ્ચિમ બંગાળના કામદારો માટે સુરક્ષાના વધતા જતા સંકટ તરફ ઈશારો કરે છે, તેને વ્યવસ્થિત કાયદો અને વ્યવસ્થાની નિષ્ફળતાઓની ગંભીર યાદ અપાવે છે. રવિવારે ટ્વિટર પર પોસ્ટ કરાયેલા એક નિવેદનમાં, પશ્ચિમ બંગાળના શાસક પક્ષે જણાવ્યું હતું કે ગુજરાતમાં હોટલ એટેન્ડન્ટ તરીકે કામ કરતી પૂર્વ બર્ધમાન જિલ્લાની રહેવાસી ૩૮ વર્ષીય સોનામોની બૈરાગ્યના મૃતદેહ પશ્ચિમ રાજ્યમાં તેના રૂમમાંથી મળી આવ્યો હતો. કોઈ પણ કારણનો સીધો ઉલ્લેખ કર્યા વિના, TMCએ દાવો કર્યો હતો કે આ ઘટના ભાજપ શાસિત રાજ્યોમાં બંગાળી સ્થળાંતરિત કામદારો વિરૂદ્ધ ગુનાઓની ખલેલ પહોંચાડતી પેટર્ન વચ્ચે નોંધાઈ હતી. TMCએ મહારાષ્ટ્રમાં પશ્ચિમ બંગાળના સ્થળાંતરિત સુખેન મહતોની તાજેતરમાં થયેલી હત્યાનો પણ ઉલ્લેખ કર્યો અને આરોપ લગાવ્યો કે ભાજપે તે કેસની ગંભીરતા ઓછી કરવાનો પ્રયાસ કર્યો છે. તેમાં કહેવામાં આવ્યું છે કે જ્યારે તપાસ ચાલી રહી છે અને બૈરાગ્યના મૃત્યુ પાછળનો ચોક્કસ હેતુ હજુ સુધી સ્થાપિત થયો નથી, ત્યારે ભાજપ શાસિત રાજ્યોમાં આવી ઘટનાઓનું પુનરાવર્તન બંગાળી કામદારોની સલામતી અને ગૌરવ અંગે ગંભીર ચિંતાઓ ઉભી કરે છે. TMCએ વધુમાં દાવો કર્યો હતો કે પશ્ચિમ બંગાળમાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ હેઠળ કામ સ્થગિત કરવામાં આવ્યા બાદ, બૈરાગ્ય આજીવિકાની શોધમાં ગુજરાત સ્થળાંતરિત થયા હતા, જેને તેમણે કેન્દ્ર દ્વારા લાદવામાં આવેલ આર્થિક નાકાબંધી તરીકે વર્ણવ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, જેમનું ગૃહ રાજ્ય ગુજરાત છે અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને નિશાન બનાવતા, પાર્ટીએ આ ઘટનાને ભાજપ શાસિત રાજ્યોમાં શાસનનો ઘૃણાસ્પદ આરોપ ગણાવ્યો. આરોપો પર ભાજપ તરફથી તાત્કાલિક કોઈ પ્રતિક્રિયા મળી નથી. પૂર્વ વર્ધમાન જિલ્લાના નંદનઘાટ વિસ્તારમાં પરિવારના સભ્યોના જણાવ્યા અનુસાર, ગુજરાતના હોટલ સત્તાવાળાઓએ દાવો કર્યો હતો કે તેણીનું મૃત્યુ તેના રૂમમાં આત્મહત્યા દ્વારા થયું છે, પરંતુ તેમને શંકા છે કે ગોટાળાનો ભોગ બન્યા છે. તેની બહેન, શેફાલી કર્માકરે શનિવારે નંદનઘાટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી, જેમાં આરોપ લગાવવામાં આવ્યો હતો કે બૈરાગ્ય પોતાનો જીવ લઈ શકે નહીં. પૂર્વ બર્ધમાન જિલ્લાના એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે નંદનઘાટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે અને તેમના તરફથી તપાસ શરૂ કરવામાં આવી છે.

# ભાજપ મુખ્ય મુદ્દાઓ અને એપસ્ટીન ફાઈલો પરથી ધ્યાન હટાવવા માટે શિવાજી-ટીપુ વિવાદનો ઉપયોગ કરી રહ્યો છે : સપકલ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

મહારાષ્ટ્ર કોંગ્રેસના પ્રમુખ હર્ષવર્ધન સપકલે રવિવારે આરોપ લગાવ્યો હતો કે શાસક ભારતીય જનતા પાર્ટી (ભાજપ) રાજ્યના મુદ્દાઓ અને કહેવાતા એપસ્ટીન ફાઈલો પરથી લોકોનું ધ્યાન હટાવવા માટે છત્રપતિ શિવાજી મહારાજ અને ટીપુ સુલતાનની તુલના કરીને તેમની ટિપ્પણીઓને જાણી જોઈને ખોટી રીતે રજૂ કરી રહી છે. માલેગાંવના ડેપ્યુટી મેયર શાન-એ-હિંદ નિહાલ અહેમદના કાર્યાલયમાં ટીપુ સુલતાનના ચિત્રના પ્રદર્શન અંગે મીડિયાના પ્રશ્નોના જવાબમાં બુલઢાણામાં કરેલી ટિપ્પણી બાદ સપકલે ભાજપ તરફથી તીવ્ર ટીકાનો સામનો કરવો પડી રહ્યો છે. શિવસેના અને કેટલાક હિન્દુ સંગઠનોના સભ્યોએ આ ચિત્રનો વિરોધ કર્યો હતો. વર્ધામાં પત્રકારો સાથે વાત કરતા, સપકલે કહ્યું કે તેમણે પહેલાથી જ પોતાની સ્થિતિ સ્પષ્ટ કરી દીધી છે પરંતુ ભાજપ પર તેમની ટિપ્પણીઓને પસંદગીયુક્ત રીતે વિસ્તૃત કરીને દુષ્કર્મ કરવાનો આરોપ લગાવ્યો છે. ભાજપ મારા નિવેદનના સંદર્ભમાં ઝેર ઓક્યું છે. હું નમ્રતાપૂર્વક અને સમાન ગર્વ સાથે તેમને સ્પષ્ટ શબ્દોમાં કહેવા માંગુ છું કે તેમને અમને શિવાજી મહારાજ વિશે શીખવવાની જરૂર નથી, તેમણે કહ્યું. શિવાજી મહારાજને હિંદવી સ્વરાજ્યના સ્થાપક અને મહારાષ્ટ્ર અને કોંગ્રેસનું ગૌરવ, સન્માન અને ગૌરવ ગણાવતા, સપકલે કહ્યું કે મરાઠા શાસકની બહાદુરીએ સ્વ-શાસનનો પાયો નાખ્યો હતો, જેની પ્રેરણા, તેમણે દાવો કર્યો હતો કે, ભારતના બંધારણમાં ગુંજતી રહે છે. તેમણે કહ્યું કે તેમના અગાઉના નિવેદનમાં ટીપુ સુલતાન બ્રિટિશ શાસન સામેના પ્રતિકારમાં શિવાજી મહારાજના સ્વરાજ્ય આદર્શોમાંથી પ્રેરણા લેતા હોવાનો ઉલ્લેખ કરે છે. જોકે, જે નિવેદનનો પ્રચાર કરવામાં આવી રહ્યો છે તે ભાજપનું તોફાન છે, તેમણે આરોપ લગાવ્યો. સપકલે મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ પર પણ નિશાન સાધ્યું, દાવો કર્યો કે મુખ્યમંત્રીએ ટીપુ સુલતાન પરની તેમની ટિપ્પણી પર તેમની ટીકા કરી હતી પરંતુ જ્યારે તેમની સરખામણી મુઘલ સમ્રાટ ઔરંગઝેબ સાથે કરવામાં આવી ત્યારે તેઓ ચૂપ રહ્યા. આ બધાનો અર્થ સ્પષ્ટ છે. તેઓ મહારાષ્ટ્રના મૂળભૂત મુદ્દાઓ અને એપસ્ટીન ફાઈલો પરથી ધ્યાન હટાવવા માંગે છે, જેમાં ઘણું બધું છુપાયેલું છે.



દરેક બાબતમાં જાતિ અને ધર્મ લાવવો એ ભાજપની જૂની યુક્તિ છે, સપકલે આરોપ લગાવ્યો, પક્ષ પર તેમના જવાબદાર નિવેદનને હિન્દુ-મુસ્લિમ એંગલ આપવાનો આરોપ લગાવ્યો. તેમણે વધુમાં દાવો કર્યો હતો કે ભાજપના નેતાઓએ અગાઉ મહારાષ્ટ્રમાં ચૂંટણી પ્રચાર દરમિયાન ટીપુ સુલતાનની છબીનો ઉપયોગ કર્યો હતો, પરંતુ હવે તેઓ વિરોધ પ્રદર્શનો યોજી રહ્યા છે અને તેમના પુતળા બાળવાની યોજના બનાવી રહ્યા છે. વળતો પ્રહાર કરતા, સપકલએ પ્રશ્ન કર્યો કે શું ભાજપ હિન્દુત્વ વિચારધારા ધરાવતા વી.ડી. સાવરકર અથવા મહારાષ્ટ્રના પૂર્વ રાજ્યપાલ ભગત સિંહ કોશ્યારીના પુતળા પણ બાળશે, જે તેમણે શિવાજી મહારાજ અંગેની તેમની વિવાદાસ્પદ ટિપ્પણીઓ તરીકે વર્ણવી હતી. સપકલની ટીકાને સમર્થન આપતા, મહારાષ્ટ્ર કોંગ્રેસના પ્રવક્તા સચિન સાવંતે ભાજપ પર બેવડા ધોરણો અને ધ્રુવીકરણના એજન્ડાને અનુસરવાનો આરોપ મૂક્યો. તેમણે અકોલા અને મુંબઈ જેવા શહેરોમાં નાગરિક સંસ્થાના ઠરાવોના ઉદાહરણો તેમજ ભૂતકાળના પ્રસંગો જ્યાં ભાજપના નેતાઓએ ટીપુ સુલતાનની પ્રશંસા કરી હતી અથવા તેમની સાથે સંકળાયેલા હતા, તે દલીલ કરવા માટે કે પક્ષનો વર્તમાન વલણ રાજકીય રીતે પ્રેરિત છે. આ વિવાદે મહારાષ્ટ્રમાં કોંગ્રેસ અને ભાજપ વચ્ચે ચાલી રહેલા શબ્દયુદ્ધમાં વધારો કર્યો છે, બંને પક્ષો એકબીજા પર રાજકીય લાભ માટે ઐતિહાસિક વ્યક્તિઓનું શોષણ કરવાનો આરોપ લગાવી રહ્યા છે.

# ૨૦૨૫માં 'ડિજિટલ નફરત' વિરુદ્ધ સિટીઝન્સ ફોર જસ્ટિસ એન્ડ પીસ (CJP)ની લડત

(એજન્સી) તા.૧૬

૨૦૨૫માં, સિટીઝન્સ ફોર જસ્ટિસ એન્ડ પીસ (CJP)એ ન્યૂઝ બ્રોડકાસ્ટિંગ એન્ડ ડિજિટલ સ્ટાન્ડર્ડ ઓથોરિટી (NBDSA) સમક્ષ શ્રેણીબદ્ધ વ્યૂહાત્મક હસ્તક્ષેપ કર્યા છે. ટેલિવિઝન સમાચારો "ડિજિટલ ધિક્કાર" અને સનસનાટીભર્યા પડકારો સાથે ઝઝૂમી રહ્યાં છે, CJPની પદ્ધતિસરની દેખરેખ અને કાનૂની દઢતા એ બ્રોડકાસ્ટ્સ પર જરૂરી તપાસ કરી હતી. સમગ્ર વર્ષ દરમિયાન, CJPએ ઝી ન્યૂઝ, ઈન્ડિયા ટીવી, આજ તક, ABP ન્યૂઝ, NDTV અને ટાઈમ્સ નાઉ નવભારત સહિત - અનુમાનિત વર્ણનો, ચકાસાયેલ દાવાઓ અને ધ્રુવીકરણ થીમ્સ પર આધાર રાખતી સામગ્રી પ્રસારિત કરવા સહિત અનેક અગ્રણી સમાચાર ચેનલોના સમસ્યારૂપ અવરોધિત પ્રસારણને સફળતાપૂર્વક પડકાર્યા છે. આ દરમિયાનગીરીઓ સીમાચિહ્નરૂપ નિર્ણયો તરફ દોરી ગઈ જ્યાં નિયમનકાર (NBDSA)એ અપમાનજનક સામગ્રીને દૂર કરવાનો આદેશ આપ્યો, ઔપચારિક ચેતવણીઓ જારી કરી અને પ્રસારણકર્તાઓને ધાર્મિક અને સાંપ્રદાયિક મુદ્દાઓની સંવેદનશીલતા અંગે સલાહ આપી છે. CJP દ્વેષપૂર્ણ ભાષણના કિસ્સાઓ શોધવા માટે સમર્પિત છે, જેથી કરીને આ ઝેરી વિચારોનો પ્રચાર કરનારાને ન્યાય અપાવી શકાય. ૨૦૨૫માં નોંધનીય પરિવર્તન સીજેપીનું ધ્યાન ભારત-પાકિસ્તાન તણાવ અને સ્થાનિક ફ્લેશપોઈન્ટ્સ જેવી સંવેદનશીલ ભૌગોલિક રાજકીય ઘટનાઓના કવરેજ દરમિયાન ઉપયોગમાં લેવાતા "યુદ્ધ જેવા" રેટરિક પર હતું. રીઅલ-ટાઈમમાં આ ઉલ્લંઘનોનું દસ્તાવેજીકરણ કરીને, CJPએ વધુ મજબૂત જવાબદારી ફ્રેમવર્ક માટે પણ દબાણ કર્યું છે. CJPનું ૨૦૨૫ NBDSA ઈન્ટરવેન્શન્સ ટ્રેકર CJP દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદો અને NBDSA દ્વારા બ્રોડકાસ્ટિંગ ધોરણોને જાળવી રાખવા માટે આપવામાં આવેલા અનુગામી નિર્ણયોનો વિગતવાર અને ચેનલ મુજબનું વિભાજન પ્રદાન કરે છે.




## આજ તક

**ફરિયાદ તારીખ : ૧૪ મે, ૨૦૨૫**

**શોનું શીર્ષક/થીમ :** "ભારતનો પાકિસ્તાન પર સર્વાંગી હુમલો, લાહોર-કરાચીમાં ભારે નુકસાન" તારીખ ૯ મે, ૨૦૨૫

**હકીકતો :** ૧૪ મે, ૨૦૨૫ ના રોજ, સિટીઝન્સ ફોર જસ્ટિસ એન્ડ પીસ (CJP)એ "ઓપરેશન સિંદૂર" સંબંધિત ખોટી રીતે રજૂ કરાયેલ અને સનસનાટીભર્યા સામગ્રી પ્રસારિત કરવા બદલ આજ તક સામે ઔપચારિક ફરિયાદ દાખલ કરી. ૯ મેના રોજ, વરિષ્ઠ એન્કર અંજના ઓમ કશ્યપ અને શ્વેતા સિંહે ફૂટેજ રજૂ કર્યા જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે જેસલમેરમાં પાકિસ્તાની ડ્રોન હુમલો અને લાહોર અને કરાચી પર "સર્વાંગી હુમલો" દર્શાવવામાં આવ્યો છે. ટેકનિકલ ચકાસણીમાં પત્રકારત્વના ડ્યુ ડિલિજન્સમાં પ્રણાલીગત નિષ્ફળતા સામે આવી. ખાસ કરીને, ૭ મેના રોજ, ચેનલે બહાવલપુર, પાકિસ્તાનમાં કથિત રીતે છોડવામાં આવી રહેલા સાત મિસાઈલોના દ્રશ્યો પ્રસારિત કર્યા. રિવર્સ ઈમેજ સર્ચથી પુષ્ટિ મળી કે આ ફૂટેજ વાસ્તવમાં ૧૩ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ સ્પુટનિક આર્મેનિયા રિપોર્ટમાંથી છે, જેમાં ગાઝામાં ઈઝરાયેલી હવાઈ હુમલા દર્શાવવામાં આવ્યા હતા. ઈઝરાયેલી વાયુસેનાના સત્તાવાર રેકોર્ડ્સે ક્લિપ્સના મૂળને વધુ સમર્થન આપ્યું હતું.

## NBDSA સમક્ષ ટેલિવિઝન ન્યૂઝ ચેનલોને જવાબદાર ઠેરવવામાં આવી છે, સિટિઝન્સ ફોર જસ્ટિસ એન્ડ પીસ (CJP)એ ટેલિવિઝન સમાચારોના શસ્ત્રીકરણ સામે ભારતના અસરકારક વોચડોગ તરીકે તેની સ્થિતિ મજબૂત કરી અને કાનૂની હસ્તક્ષેપ દ્વારા CJPએ લેન્ડમાર્ક મેન્યુફેક્ચરિંગના આદેશને સુરક્ષિત કર્યો છે. અયોગ્ય માહિતીને ગુનાહિત બનાવી છે અને મીડિયા નીતિશાસ્ત્ર માટેના માળખાને મજબૂત બનાવ્યું છે

**CJPના ૨૦૨૫ NBDSA હસ્તક્ષેપ : મીડિયા રિપોર્ટિંગમાં જવાબદારી સુનિશ્ચિત કરવાનું વર્ષ**

**૧. ૨૦૨૫ માં સીમાચિહ્નરૂપ નિર્ણયો**

વર્ષનો આરંભ NBDSA તરફથી સંવેદનશીલ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓને સાંપ્રદાયિક બનાવવાની કોશિશ કરતા બ્રોડકાસ્ટ્સ અંગે CJP દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદો પરના નોંધપાત્ર નિર્ણયોની શ્રેણી સાથે થયો હતો.

## ઝી ન્યૂઝ : "બુડૌન એન્કાઉન્ટર" કેસ

૨૭ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ, NBDSAએ ૨૦ માર્ચ, ૨૦૨૪ના રોજ પ્રસારિત થયેલા પ્રસારણને લગતો મુખ્ય આદેશ આપ્યો. આ શોનું શીર્ષક બુડૌન એન્કાઉન્ટર પર ચર્ચા લાઈવ: બે ભાઈઓને સંડોવતા દુ:ખદ ગુનાહિત ઘટના પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું.

**ફરિયાદની હકીકત :** CJPએ દલીલ કરી હતી કે એન્કર, પ્રદીપ ભંડારીએ વારંવાર "તાલિબાની-શૈલીની હત્યા" શબ્દનો ઉપયોગ કર્યો હતો અને આરોપીની ધાર્મિક ઓળખની સમગ્ર ચર્ચા કરી હતી. શોએ આ ઘટનાને વ્યક્તિગત ગુનાહિત કૃત્ય તરીકે ગણવાને બદલે ધર્મમાં મૂળ ધરાવતા વ્યાપક ષડયંત્રનું સૂચન કર્યું હતું.

**NBDSAનો નિર્ણય :** સત્તાધિકારીએ ચુકાદો આપ્યો કે પ્રસારણ ગુનાની જાણ કરવામાં સાંપ્રદાયિકતાને રોકવા માટેની માર્ગદર્શિકાનું ઉલ્લંઘન કરે છે. NBDSAએ નોંધ્યું છે કે કોઈ ચોક્કસ ધર્મ સાથે અપરાધને જોડવો અથવા પુરાવા વિના "તાલિબાની" જેવી ઉગ્રવાદી પરિભાષાનો ઉપયોગ કરવો અયોગ્ય છે.

**શું પગલાં લેવામાં આવ્યા :** ૨૭ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ ઝી ન્યૂઝને ઔપચારિક ચેતવણી જારી કરવામાં આવી હતી. ચેનલને ૭ દિવસની અંદર તમામ પ્લેટફોર્મ પરથી વિડિયો દૂર કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો અને સુધારાત્મક પગલા તરીકે તમામ સભ્ય બ્રોડકાસ્ટર્સ સુધી ઓર્ડરનો પ્રસાર કરવામાં આવ્યો હતો તેની ખાતરી કરવામાં આવી હતી.

## ટાઈમ્સ નાઉ નવભારત : ઈઝરાયેલ-હમાસ સંઘર્ષને સાંપ્રદાયિક બનાવવો

૨૭ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ પણ, NBDSAએ ૧૬ ઓક્ટોબર, ૨૦૨૩થી બે વિભાગો પર નિર્ણય આપ્યો હતો.

**ફરિયાદની હકીકત :** CJPએ જણાવ્યું કે એન્કર, રાકેશ પાંડે અને નૈના યાદવે, ભારતીય મુસ્લિમો અને પેલેસ્ટીન કારણને સમર્થન આપતા વિપક્ષી નેતાઓને "હમાસના સહાનુભૂતિ" તરીકે દર્શાવ્યા. ભારતમાં ધાર્મિક સંબંધો વૈશ્વિક આતંકવાદને સમર્થન આપી રહ્યા છે તે સૂચવવા માટે પ્રસારણમાં અગ્રણી પ્રશ્નોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**NBDSAનો નિર્ણય :** નિયમનકારે શોધી કાઢ્યું કે પ્રસારણકર્તાએ ચોક્કસ સમુદાયને લક્ષ્ય બનાવીને તેની મર્યાદા ઓળંગી છે. NBDSAએ અવલોકન કર્યું કે ચર્ચાઓએ પ્રતિબંધિત એન્ટિટી (હમાસ)ના સમર્થન સાથે પેલેસ્ટીન માટે રાજકીય સમર્થનને જોડ્યું હતું, જેનાથી પૂર્વગ્રહ પેદા થાય છે.

**શું પગલાં લેવામાં આવ્યા :** NBDSAએ તટસ્થતાના ઉલ્લંઘન માટે ઔપચારિક ચેતવણી જારી કરી અને ૭ દિવસની અંદર સામગ્રીને તાત્કાલિક દૂર કરવાનો આદેશ આપ્યો.

ટાઈમ્સ નાઉ નવભારત: સાંસ્કૃતિક ચર્ચાઓમાં સાંપ્રદાયિક ટોન

**ફરિયાદના તથ્યો :** ૯ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ, CJPએ શો "દેશ કા મૂડ મીટર: સનાતન સંસ્કૃતિ સામે ફરિયાદ દાખલ કરી હતી. જેનું પ્રસારણ ૨ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ થયું હતુંકરવાની ક્ષમતા હોય.

## ટાઈમ્સ નાઉ નવભારત : અનુમાનિત મદ્રેસા કથાઓ સામે સાવધાની

તદુપરાંત, CJPએ ૨૬ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ હસ્તક્ષેપ કર્યો, ૧૯ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ પ્રસારિત થયેલા બે વિભાગો વિશે: "સંકલ્પ રાષ્ટ્ર નિર્માણ કા" અને "રાષ્ટ્રવાદ". ભારતીય મદ્રેસાઓમાં કરાચીનું સાહિત્ય શીખવવામાં આવતું હોવાના દાવાઓની વણચકાસાયેલ પ્રકૃતિ પર ફરિયાદો રદબાતલ કરવામાં આવી હતી, CJPએ દલીલ કરી હતી કે ધાર્મિક શૈક્ષણિક સંસ્થાઓને કલંકિત કરવામાં ફાળો આપ્યો હતો.

**NBDSAનો નિર્ણય :** ૯ જૂન, ૨૦૨૫ના રોજના તેના નિર્ણયમાં, NBDSAએ ફરિયાદ બંધ કરવાનો નિર્ણય લીધો પરંતુ મજબૂત સલાહકારી અવલોકન સાથે નિષ્કર્ષ આપ્યો. ઓથોરિટીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ધાર્મિક અથવા સાંપ્રદાયિક મુદ્દાઓને લગતા કાર્યક્રમો બનાવતી વખતે એન્કરોએ વધુ સાવધ રહેવું જોઈએ, ખાસ કરીને દાવાઓની ચકાસણી કરવી જોઈએ. વધુમાં, NBDSAએ ચેતવણી આપી હતી કે પ્રસારણકર્તાઓએ એવી ધારણાત્મક વાર્તાઓથી સખત દૂર રહેવું જોઈએ જેમાં કોઈપણ સમુદાય પ્રત્યે નફરત અથવા દ્વેષની લાગણીઓને ઉત્તેજીત

## ઈન્ડિયા ટીવી : બહરાઈચ હિંસા રિપોર્ટિંગ

૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ, "કુરુક્ષેત્ર" (૧૫ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ પ્રસારિત) શો અંગે નિર્ણય લેવામાં આવ્યો હતો, જેમાં યુપીના બહરાઈચમાં સાંપ્રદાયિક હિંસાને આવરી લેવામાં આવી હતી.

**ફરિયાદની હકીકત :** CJPએ તેની ફરિયાદમાં નિર્દેશ કર્યો હતો કે ચેનલે "પથ્થરબાજોની સેના" જેવા ઉશ્કેરણીજનક હેડલાઈનનો ઉપયોગ કર્યો હતો અને એકતરફી ચર્ચા કરી હતી જેમાં તટસ્થ અથવા અસંમતિપૂર્ણ દૃષ્ટિકોણ વિના ચોક્કસ સમુદાયને "બહારના લોકો" અને "આક્રમક" તરીકે દર્શાવવામાં આવ્યો છે.

**NBDSAનો નિર્ણય :** ઓથોરિટીએ શોધી કાઢ્યું હતું કે ચેનલ ઉદ્દેશ્ય જાળવવામાં નિષ્ફળ ગઈ હતી. તેણે ચુકાદો આપ્યો હતો કે પ્રસારણ સાંપ્રદાયિક દ્વેષ ભડકાવવાની શક્યતા છે અને તેના તથ્યો સંતુલિત નથી.

**કાર્યવાહી :** NBDSAએ ચેનલની વેબસાઈટ અને YouTube પરથી ૭ દિવસની અંદર પ્રસારણ દૂર કરવાનો આદેશ આપ્યો હતો.

## નેટવર્ક ૧૮ (ન્યૂઝ૧૮ એમપી છત્તીસગઢ)

**ફરિયાદ તારીખ : ૧૪ મે, ૨૦૨૫**

**શોનો વિષય :** "ભારતનો હવાઈ હુમલો પાકિસ્તાન: ઓપરેશન સિંદૂર મેં મારા ગયા આતંકી મોહમ્મદ ઈકબાલ ભારત પાકિસ્તાન યુદ્ધ," તારીખ ૭ મે, ૨૦૨૫.

**ફરિયાદના તથ્યો :** ૧૪ મે, ૨૦૨૫ના રોજ, સીજેપીએ ન્યૂઝ૧૮ એમપી છત્તીસગઢ સામે ૭ મે, ૨૦૨૫ના રોજ પ્રસારિત થયેલા "ભારતનો હવાઈ હુમલો પાકિસ્તાન: ઓપરેશન સિંદૂર મેં મારા ગયા મોહમ્મદ ઈકબાલ" અંગે ઔપચારિક ફરિયાદ દાખલ કરી. ફરિયાદમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે ચેનલે જમ્મુ અને કાશ્મીરના પૂંચના એક આદરણીય ધાર્મિક વિદ્વાન અને શિક્ષક મૌલાના કારી મોહમ્મદ ઈકબાલના મૃત્યુનો ખોટી રીતે અહેવાલ આપ્યો હતો. તેમને "મોસ્ટ-વોન્ટેડ આતંકવાદી" અને "ટોચના લશ્કર-એ-તૈયબા કમાન્ડર" તરીકે ઓળખાવ્યા હતા જે કથિત હવાઈ હુમલામાં માર્યા ગયા હતા. જો કે, પૂંચ પોલીસ અને સ્વતંત્ર તથ્ય-તપાસકોના સત્તાવાર નિવેદનોએ પુષ્ટિ આપી હતી કે ઈકબાલ એક નાગરિક હતો જે સરહદ પારથી ગોળીબારને કારણે મૃત્યુ પામ્યો હતો અને તેનો આતંકવાદ સાથે કોઈ સંબંધ નહોતો. આ પ્રસારણ NBDSAના નૈતિક સંહિતા, ખાસ કરીને ચોકસાઈ, નિષ્પક્ષતા, ઉદ્દેશ્ય અને ગોપનીયતાના અધિકારના સિદ્ધાંતોનો ગંભીર ભંગ કરે છે. CJPએ તાત્કાલિક મૃતકના પરિવારને ઔપચારિક બિનશરતી માફી અને નોંધપાત્ર નૈતિક અને પત્રકારત્વની નિષ્ફળતાને સુધારવા માટે તમામ ડિજિટલ પ્લેટફોર્મ પરથી બદનક્ષીભરી સામગ્રીને કાયમી ધોરણે દૂર કરવાની માંગ કરી હતી.

**કાર્યવાહી :** ચેનલ તરફથી પ્રતિભાવ મળ્યો, વિડિઓ દૂર કરવામાં આવ્યો અને ચેનલ દ્વારા માફી માંગવામાં આવી.

## એબીપી ન્યૂઝ

**ફરિયાદ તારીખ : ૧૫.૦૫.૨૦૨૫**

**શોનું શીર્ષક/થીમ :** "ભારત પાકિસ્તાન યુદ્ધ અપડેટ" તારીખ ૮ મે, ૨૦૨૫

**ફરિયાદના તથ્યો :** ૧૫ મે, ૨૦૨૫ના રોજ, સિટીઝન્સ ફોર જસ્ટિસ એન્ડ પીસ (CJP)એ એબીપી ન્યૂઝ સામે ૮ મે, ૨૦૨૫ના રોજ "ભારત પાકિસ્તાન યુદ્ધ અપડેટ" શીર્ષક હેઠળના તેના સેગમેન્ટ દરમિયાન ભ્રામક દશ્યો પ્રસારિત કરવા બદલ ઔપચારિક ફરિયાદ નોંધાવી હતી. ચેનલે કથિત રીતે ૨૦૨૧ના ઈઝરાયેલના આયર્ન ડોમ સિસ્ટમના ચાર વર્ષ જૂના ફૂટેજનું પ્રસારણ કર્યું હતું, જેમાં તેને રાજસ્થાનના જેસલમેરમાં ડ્રોન હુમલાને અટકાવવાના ભારતીય વાયુ સંરક્ષણના વાસ્તવિક સમયના પુરાવા તરીકે ખોટી રીતે રજૂ કરવામાં આવ્યું હતું.

આ ખોટી રજૂઆતને ઓલ્ટ ન્યૂઝ જેવા સ્વતંત્ર તથ્ય-તપાસકો દ્વારા ઓળખવામાં આવી છે, તે NBDSAના ચોકસાઈ, નિષ્પક્ષતા અને તટસ્થતા અંગેના નૈતિક સંહિતાનું ગંભીર ઉલ્લંઘન છે. રાષ્ટ્રીય ચિંતામાં વધારો થવાના સમયગાળા દરમિયાન યોગ્ય ખંતને બદલે સનસનાટીભર્યા સમાચારને પ્રાથમિકતા આપીને, પ્રસારણે જાહેર ગભરાટ ઊભું કરવાનું અને બનાવટી સફળતા દ્વારા લશ્કરી હિંસાને મહિમા આપવાનું જોખમ ઊભું કર્યું હતું. આ અહેવાલમાં વ્યાખ્યાયિત કામગીરીના રીઅલ-ટાઈમ રિપોર્ટિંગ અને ખોટી માહિતીના ફેલાવા સામે માહિતી અને પ્રસારણ મંત્રાલય (MIB)ની ચોક્કસ સલાહની અવગણના કરવામાં આવી હતી. CJP દલીલ કરે છે કે આવી બેદરકાર પત્રકારત્વ રાષ્ટ્રીય સુરક્ષા સાથે ચેડાં કરે છે અને મુખ્ય પ્રવાહના મીડિયામાં જાહેર વિશ્વાસને નષ્ટ કરે છે. પરિણામે, સંગઠન તાત્કાલિક ચેનલ તરફથી ઔપચારિક જાહેર માફી અને ડિજિટલ પ્લેટફોર્મ પરથી તમામ વિવાદાસ્પદ સામગ્રીને કાયમી ધોરણે દૂર કરવાની માંગ કરે છે જેથી આ ખોટી માહિતીના વધુ પ્રસારને અટકાવી શકાય.

## NDTV

**ફરિયાદ તારીખ : ૧૫.૦૫.૨૦૨૫**

**શોનું થીમ/શીર્ષક : "ભારત-પાકિસ્તાન તણાવ" તારીખ ૮ મે, ૨૦૨૫**

**ફરિયાદના તથ્યો :** ૧૫ મે, ૨૦૨૫ ના રોજ, CJPએ NDTV સામે ૮ મેના રોજ "ભારત-પાકિસ્તાન તણાવ: ભારત પાકિસ્તાન પર હુમલો કરે છે" શીર્ષક હેઠળના પ્રસારણ અંગે ઔપચારિક ફરિયાદ દાખલ કરી. ફરિયાદમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે NDTVએ રાજસ્થાનના જેસલમેરમાં ભારતીય વાયુસેના દ્વારા પાકિસ્તાની હવાઈ હુમલાને નિષ્ફળ બનાવતા દર્શાવતા વિઝ્યુઅલ્સ ખોટી રીતે પ્રસારિત કર્યા હતા. જો કે, Alt News સહિત સ્વતંત્ર તથ્ય-તપાસકોએ સ્થાપિત કર્યું કે ફૂટેજ વાસ્તવમાં ૨૦૨૧નો ચાર વર્ષ જૂનો વિડિયો હતો જેમાં ઈઝરાયેલની આયર્ન ડોમ સિસ્ટમ દર્શાવવામાં આવી હતી. CJPએ તેની ફરિયાદમાં જણાવ્યું હતું કે આ NBDSAના નૈતિકતા અને પ્રસારણ ધોરણોનું ઘોર ઉલ્લંઘન છે, ખાસ કરીને નિષ્પક્ષતા, ઉદ્દેશ્ય અને તટસ્થતાના સિદ્ધાંતોનું ઉલ્લંઘન કરે છે. યોગ્ય ખંત વિના રિસાયકલ કરેલા વિદેશી ફૂટેજને રીઅલ-ટાઈમ લશ્કરી કાર્યવાહી તરીકે રજૂ કરીને, ચેનલે સંવેદનશીલ રાષ્ટ્રીય સુરક્ષા કટોકટી દરમિયાન ખતરનાક ખોટી માહિતી ફેલાવી હતી. વધુમાં એવી દલીલ કરવામાં આવી હતી કે "પત્રકારત્વના આ બેજવાબદારી" એ માત્ર જનતાને ગેરમાર્ગે દોર્યા નથી પરંતુ વ્યાખ્યાયિત કામગીરીના રીઅલ-ટાઈમ રિપોર્ટિંગ અને ખોટી માહિતી ફેલાવવા સામે માહિતી અને પ્રસારણ મંત્રાલય (MIB)ની સલાહનું પણ ઉલ્લંઘન કર્યું છે. પરિણામે, CJP માંગ કરે છે કે NDTV એક અગ્રણી ઓન-એર શુદ્ધિકરણ, ઔપચારિક જાહેર માફી જારી કરે અને તેના પ્લેટફોર્મ પરથી તમામ સંબંધિત ડિજિટલ સામગ્રી તાત્કાલિક દૂર કરે. સંગઠને ભારપૂર્વક જણાવ્યું હતું કે આવી ભૂલો સામૂહિક ગભરાટ ફેલાવી શકે છે અને રાષ્ટ્રીય સુરક્ષા સાથે ચેડાં કરી શકે છે, જેના કારણે પત્રકારત્વની અખંડિતતાને પુન:સ્થાપિત કરવા માટે તાત્કાલિક સુધારાત્મક પગલાં લેવાની જરૂર છે.

## ટાઈમ્સ નાઉ નવભારત

**ફરિયાદની તારીખ: મે ૧૫, ૨૦૨૫**

**શોની થીમ/શીર્ષક :** ભારત-પાકિસ્તાન યુદ્ધ પર અમેરિકાનું નિવેદન-: 'અમે ભારતને રોકી શકતા નથી" તારીખ ૯ મે, ૨૦૨૫.

**તથ્યો :** ૧૫ મે, ૨૦૨૫ ના રોજ, સિટીઝન્સ ફોર જસ્ટિસ એન્ડ પીસ (CJP)એ ૯ મેના રોજ ભારત-પાકિસ્તાન યુદ્ધ" શીર્ષકવાળા પ્રસારણ અંગે ટાઈમ્સ નાઉ નવભારત સામે ઔપચારિક ફરિયાદ નોંધાવી હતી. ચેનલે રાજસ્થાનના જેસલમેરમાં ભારતીય વાયુસેના દ્વારા પાકિસ્તાની હવાઈ હુમલાને નિષ્ફળ બનાવતા દર્શાવતા વિઝ્યુઅલ્સ પ્રસારિત કર્યા હતા; જોકે, હકીકત તપાસમાં જાણવા મળ્યું કે આ વિડિયો વાસ્તવમાં NSF ચેનલ દ્વારા ૨૦૨૧ના યુટ્યુબ અપલોડમાંથી લેવામાં આવેલ ચાર વર્ષ જૂનો ફૂટેજ હતો, જે સંભવત: ઈઝરાયેલના આયર્ન ડોમનું ચિત્રણ કરે છે. આ ફરિયાદમાં જણાવાયું છે કે ફૂટેજ વાસ્તવિક સમયની સાથે રજૂ કરવામાં આવ્યો હતો અને તેમાં કોઈ અસ્વીકરણ અથવા સ્ત્રોત ઓળખનો અભાવ હતો, જે સક્રિય લશ્કરનું ખોટું વર્ણન બનાવે છે. આ પ્રસારણ NBDSA નૈતિકતા સંહિતાનું ઘોર ઉલ્લંઘન છે -ખાસ કરીને ચોકસાઈ, નિષ્પક્ષતા અને તટસ્થતા અંગે-અને ૨૫ એપ્રિલ, ૨૦૨૫ના રોજની MIB સલાહકારની અવગણના કરેછે, જે વ્યાખ્યાયિત કામગીરીના વાસ્તવિક સમયના રિપોર્ટિંગ અને ખોટી માહિતીના પ્રસારને પ્રતિબંધિત કરે છે.

## ઈન્ડિયા ટીવી

**ફરિયાદની તારીખ: ૧૬ મે, ૨૦૨૫**

**શીર્ષક/થીમ :** "પાકિસ્તાન ડ્રોન રાજસ્થાનમાં નષ્ટ થયું : તારીખ ૯ મે, ૨૦૨૫.

**હકીકતો :** ૯ મે, ૨૦૨૫ ના રોજ, ઈન્ડિયા ટીવીએ "રાજસ્થાનમાં પાકિસ્તાન ડ્રોનનો નાશ: રાજસ્થાનના રામગઢમાં પાકિસ્તાની ડ્રોન તોડી પાડવામાં આવ્યું" શીર્ષક સાથે એક સેગમેન્ટ પ્રસારિત કર્યો. ૧૬.૦૫.૨૦૨૫ ના રોજ NBDSA સમક્ષ દાખલ કરાયેલી ફરિયાદમાં જણાવાયું હતું કે ચેનલે જેસલમેરમાં વર્તમાન ડ્રોન ઈન્ટરસેપ્ટને દર્શાવવા માટે ઈઝરાયેલની આયર્ન ડોમ એર ડિફેન્સ સિસ્ટમ (મૂળ રૂપે ૧૧ મે, ૨૦૨૧ના રોજ @NSFchannel દ્વારા પ્રકાશિત)ના ચાર વર્ષ જૂના વિડિયોનો ઉપયોગ કર્યો હતો. પ્રસારણમાં કોઈ "ફાઈલ ફૂટેજ" ડિસ્ક્લેમરનો અભાવ હતો, જે વાસ્તવિક સમયની લશ્કરી સફળતાની ખોટી વાર્તા છે.

પરિણામે, ૨૯ મે, ૨૦૨૫ના રોજ, ચેનલે ભૂલ સ્વીકારી, બધી ડિજિટલ સામગ્રી દૂર કરી અને જાહેર માફી માંગી હતી.

## ૨૦૨૫ મીડિયા સેન્ટીનેલ: 'ડિજિટલ નફરત' સામે CJPનું યુદ્ધ

૨૦૨૫માં, દેખરેખ અને સંશોધિત હસ્તક્ષેપો સાથે CJPએ ભારતીય ટેલિવિઝનના ડિજિટલ-કૃત નફરત યુગ સામે અગ્રેસર હતું. અલગ વિરોધથી આગળ વધીને અને ન્યૂઝરૂમ સૌંદર્ય શાસ્ત્રના પ્રણાલીગત શસ્ત્રીકરણ પર ધ્યાન કેન્દ્રિત કરીને, CJPએ ન્યૂઝ બ્રોડકાસ્ટિંગ અને ડિજિટલ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી (NBDSA)ને અત્યાર સુધીના તેના સૌથી મહત્વપૂર્ણ જવાબદારીના આદેશો માટે વિનંતી કરી હતી. ૨૦૨૫ના વર્ષે સ્થાપિત કર્યું છે કે સાંપ્રદાયિક ધ્રુવીકરણ હવે બ્રોડકાસ્ટર્સ માટે "જોખમ-મુક્ત" મોડેલ નથી. સતત કાનૂની હસ્તક્ષેપો દ્વારા, CJPએ NBDSAને શાંત નિયમનકારમાંથી સત્યના સક્રિય મધ્યસ્થી બનાવ્યું છે. બ્રોડકાસ્ટર્સને હવે નોટિસ આપવામાં આવી છે: દરેક સનસનાટીભર્યા ટીકર, ચકાસાયેલ ન હોય તેવી "યુદ્ધ" ક્લિપ અને પક્ષપાતી પેનલનું દસ્તાવેજીકરણ કરવામાં આવશે, પડકારવામાં આવશે અને બંધારણના હિતમાં તેને પડકારવામાં આવશે.

# WBVF ભરૂચ રૂરલ-૧ની બ્લોક ઓફિસ ટંકારીઆમાં શરૂ કરવા મીટિંગ યોજાઇ

(સંવાદદાતા દ્વારા)

ટંકારીઆ, તા.૧૬

વર્લ્ડ ભરૂચી વહોરા ફેડરેશન (WBVF) ભરૂચ રૂરલ-૧ની બ્લોક ઓફિસ ટંકારીઆ ગામમાં શરૂ કરવા અંગે જરૂરી ચર્ચા વિચારણા કરવા એક મીટિંગ રવિવાર તા.૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ મોહસીન-એ-આઝમ મિશન હાઈસ્કૂલ, ટંકારીઆના હોલમાં બપોરના ૨:૩૦ કલાકે યોજાઇ હતી.

આ મીટિંગનો મુખ્ય ઉદ્દેશ ટંકારીઆ અને આસપાસના ૧૦ ગામોમાં સમાજના વિકાસ માટે બ્લોક ઓફિસની સ્થાપના કરી, સંગઠિત, શિક્ષિત, સ્વાવલંબી અને સશક્ત સમાજનું નિર્માણ કરવાનો હતો. આ મીટિંગમાં સમાજના વરિષ્ઠ, ફિકરમંદ વ્યક્તિઓ, અને માનવ કલ્યાણ માટે કામ કરતી સંસ્થાઓના જિમ્મેદારોની હાજરીએ તેને વધુ અર્થપૂર્ણ બનાવી હતી.

મીટિંગની શરૂઆત અલ્લાહ તઆલાના નામથી અને કુર્આનની તિલાવતથી મવલાના અબ્દુલરઝ્ઝાક અશરફી દ્વારા કરવામાં આવી હતી, જે પછી કાર્યક્રમના પ્રમુખ તરીકે વર્લ્ડ ભરૂચી વહોરા ફેડરેશનના બોર્ડ ઓફ ડીરેક્ટર ઇકબાલભાઈ પાદરવાલાની કાર્યક્રમના પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી હતી. સ્વાગત પ્રવચન ભરૂચ રૂરલ-૧ બ્લોકના સંયોજક યુસુફભાઈ જેટ દ્વારા કરવામાં આવ્યું હતું. યુસુફભાઈએ તેમના પ્રવચનમાં ટંકારીઆ ગામના જુદા-જુદા ક્ષેત્રમાં અભ્યાસ કરતા ૩૯૪ વિદ્યાર્થીઓને ૨૦૨૦-૨૧થી ૨૦૨૫-૨૬ સુધીમાં રૂા.૪૨૮૭૦૦૦/-ની


(તસવીર : મુસ્તાક દૌલા, ટંકારીઆ)

સ્કોલરશીપ WBVF દ્વારા આપવામાં આવી છે એવી માહિતી આપી હતી. પ્રાસંગિક ઉદબોધનમાં WBVF મિશન એવરેસ્ટના અધ્યક્ષ ડો. ઈસ્માઈલ પટેલે જુદા-જુદા પ્રોજેક્ટના લાભાર્થીઓના આંકડાઓ રજૂ કરી વિસ્તૃત માહિતી આપી હતી. WBVF ઇન્ડિયા ચેપ્ટરના પ્રમુખ નાસીર પટેલે જણાવાયું હતું કે આપણા સહિયારા પ્રયાસોથી WBVF દ્વારા ચાલતા પ્રોજેક્ટ્સને વધુ મજબૂત બનાવવા અને જુદા-જુદા ગામો વચ્ચે સંકલન વધારવા માટે બ્લોક ઓફિસની ખાસ જરૂર છે. આજના કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ ટંકારીઆ ગામમાં ભરૂચ રૂરલ-૧ની બ્લોક ઓફિસની સ્થાપના અંગે લોકોના વિચારો જાણવાનો હતો જેને ધ્યાનમાં રાખીને ઈન્ડિયા ચેપ્ટરના પ્રમુખ નાસીર પટેલે હાજરજનોને ટંકારીઆમાં બ્લોક ઓફિસની જરૂરિયાત અંગે સીધો સવાલ પૂછતાં હાજરજનોએ હકારાત્મક પ્રતિસાદ આપી મીટિંગમાં બ્લોક ઓફિસની સ્થાપના માટે સૈદ્ધાંતિક મંજૂરી આપી આગળના પગલાં માટે સાથ અને સહકાર આપવાની ખાતરી આપી હતી. હાજરજનોમાં અલ અમીન ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ યુનુસભાઈ ખાંધિયા, ટંકારીઆ અંજુમનના મેનેજર મો.અબ્દુલ મતીન બચ્ચા, WBVFના કહાન ગામના ગ્રામ સંયોજક અને તાલુકા પંચાયત ભરૂચના સભ્ય દાઉદભાઈ હવેલીવાલા, ટંકારીઆ ગામના ડે. સરપંચ સફવાનભાઇ ભુતા, ટંકારીઆ ગામના માજી સરપંચ જાકીરહુસેન ઉમતાએ પોતાના મૂલ્યવાન સૂચનો રજૂ કર્યા હતા. વક્તાઓના સૂચનોને WBVFના હોદ્દેદારોએ આવકારી સુંદર પ્રતિભાવ આપ્યો હતો. અંતે પ્રમુખ સ્થાનેથી ઈકબાલભાઇ પાદરવાલાએ આગળની કાર્યવાહી માટે સૌના સાથ અને સહકારની અપીલ કરી હતી. બ્લોક ઓફિસ દ્વારા WBVFના પ્રોજેક્ટ્સને વધુ અસરકારક રીતે અમલમાં મૂકી શકાય છે અને તેના માટે સમુદાયના સહયોગની જરૂર છે એ બાબત વક્તાઓના વક્તવ્યોમાં કેન્દ્ર સ્થાને હતી. કુલ મળીને, મીટિંગમાં ઉત્સાહ અને પ્રતિબદ્ધતાનું વાતાવરણ હતું, જે સમાજના ભવિષ્ય માટે આશાસ્પદ છે.

સમાજના વરિષ્ઠ વ્યક્તિઓ, સંસ્થાઓના પ્રતિનિધિઓ, સ્થાનિક નેતાઓ, WBVFના ગ્રામ સંયોજકો અને WBVFની ટીમની ખાસ હાજરીમાં, મોહસીન-એ-આઝમ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા શિક્ષણ અને સમાજસેવાના ક્ષેત્રો અમુલ્ય યોગદાન આપનાર મૂળ ટંકારીઆ ગામના અને હાલમાં યુકેમાં રહેતા અલ્તાફ અહમદ દશુ, મેહબુબ સુતરીયા, મુસ્તાક ઈસ્માઈલ હાજી રાંધવાવાલા, ફારૂક વસ્તા, ઝાહીદ ગુલામ માસ્તર ઘોડીવાલા (કે.પી.), ઇકબાલભાઇ ધોરીવાલાને મોમેન્ટો અર્પણ કરવામાં આવ્યા હતા. વિદેશમાં વસતા આ મહાનુભાવો વતી સ્થાનિક ગ્રામજનોએ મહાનુભાવોના હસ્તે મોમેન્ટો સ્વીકાર્યા હતા. આ ઉપરાંત MBBSની ડીગ્રી મેળવ્યા પછી હાલમાં જ MD (ફેફસાંના રોગોના તજજ્ઞ)માં એડમીશન મેળવ્યું છે એવા ટંકારીઆ ગામના ડૉ.મહંમદ કૈફ મુબારક ભાણીયાને પણ મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. ડૉ.મહંમદ કૈફ મુબારક ભાણીયાએ પણ મેડીકલ ક્ષેત્રને લગતું ટૂંકું પ્રવચન આપ્યું હતું. ત્યારબાદ તા.૨૫/૦૧/૨૦૨૬ના રોજ બારીવાલા ક્રિકેટ ગ્રાઉન્ડ પર ચેરીટી ક્રિકેટ મેચના આયોજન દ્વારા એકત્રિત થયેલ દાનની રકમનો ચેક બારીવાલા ક્રિકેટ ગ્રાઉન્ડના ટંકારીઆમાં રહેતા આયોજકો આરીફભાઈ બાપુજી, જુનેદભાઈ ટીચ્યુક દ્વારા મોહસીન-એ-આઝમ એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ ઈશાકભાઇ પટેલને અર્પણ કરવામાં આવ્યો હતો. જાકીરભાઇ ઉમતાએ ચેરીટી ક્રિકેટ મેચના આયોજન અને ક્રિકેટના માધ્યમથી શિક્ષણ માટે એકત્રિત થયેલ માતબર રકમ અંગેની વિગતો આપતાં જણાવ્યું હતું કે આ ચેરીટી મેચના આયોજનથી રૂા.૬,૫૧,૦૦૦/ ધોરણ ૧૧ અને ૧૨ના અંગ્રેજી માધ્યમના નવા વર્ગો શરૂ કરવા, એક મુસ્લિમ ભાઇ તરફથી રૂા.૬૫,૦૦૦/- ધોરણ ૧૦ના ત્રણ વિદ્યાર્થીઓના આખા વર્ષના ખર્ચ માટે અને એક મુસ્લિમ ભાઇ તરફથી રૂા.૬,૫૦,૦૦૦/- મિશન દ્વારા ટંકારીઆ ગામમાં ચાલતી અશકરી ટિફિન સર્વિસના એક આખા વર્ષના ખર્ચ માટે આપી હતી આમ ચેરીટી મેચમાં કુલ ૧૩,૬૬,૦૦૦/-નું દાન એકત્રિત થયું હતું જે બારીવાલા ક્રિકેટ કલબ દ્વારા મોહસીન-એ-આઝમ એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટને આપવામાં આવ્યું છે.

અંતે મોહસીન-એ-આઝમ એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ ઈશાક પટેલે આજની મીટિંગમાં હાજર રહેલા તમામ મહાનુભાવોનો, શફીકભાઇ પટેલ, બારીવાલા બ્રધર્સ, ચેરીટી મેચના આયોજકો, સહાયકો અને દાનવીરોનો ખાસ આભાર વ્યક્ત કર્યો હતો. WBVF સંસ્થાના હવે પછીના તમામ કાર્યક્રમો માટે પણ તેમણે મોહસીન-એ-આઝમ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના સહકારની ખાતરી આપી હતી. WBVFના મેનેજર મહંમદભાઇ ભોપાએ ખાસ દુઆ કરી અને આ મીટિંગ પૂરી થઇ હતી. આજની આ મહત્ત્વની મીટિંગનું સુચારૂ સંચાલન ઉસ્માનભાઈ સુતરીયાએ એમના આગવા અંદાજમાં કર્યું હતું.

તાંદલજા એકતા મંચના નેજા હેઠળ

# વડોદરાના તાંદલજામાં દૂષિત પીવાના પાણી મુદ્દે સ્થાનિકો દ્વારા વિરોધ પ્રદર્શન

## સ્થાનિકો દ્વારા દૂષિત પાણીની બોટલો સાથે વિરોધ પ્રદર્શન કર્યું

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૬

વડોદરા શહેરના તાંદલજા વિસ્તારમાં દૂષિત પીવાના પાણીની ગંભીર સમસ્યા સામે સ્થાનિક રહીશો દ્વારા ઉગ્ર વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. તાંદલજા એકતા મંચના નેતૃત્વ હેઠળ વણકર વાસ સહિતના અનેક વિસ્તારોના લોકો એકત્રિત થઈ દૂષિત પાણી મુદ્દે તંત્ર સામે રોષ વ્યક્ત કર્યો હતો. સ્થાનિકોનો આક્ષેપ છે કે છેલ્લા ઘણા સમયથી વિસ્તારમાં નળમાં ગંદુ અને દૂષિત પાણી આવી રહ્યું છે. અનેક વખત લેખિત તથા મૌખિક રજૂઆતો કરવા છતાં સમસ્યાનું યોગ્ય નિરાકરણ આવ્યું નથી. વિરોધ દરમિયાન રહીશો દ્વારા દૂષિત પાણી ભરેલી બોટલો રજૂ કરીને તંત્રની બેદરકારી સામે પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હતા.


(તસવીર : અતિક શેખ, વડોદરા)

સ્થાનિક અગ્રણી વસીમ શેખના જણાવ્યા મુજબ, પીવાના સ્વચ્છ પાણીના અભાવે લોકોને પાણીના જગ ખરીદવા પડે છે. મ્યુનિસિપલ ટેન્કર પણ સમયસર અને પૂરતા પ્રમાણમાં ન આવતા લોકોને ભારે હાલાકી વેઠવી પડે છે. દૂષિત પાણીના કારણે વિસ્તારમાં રોગચાળો ફેલાવાનો ભય પણ વ્યાપી રહ્યો છે. તાંદલજા એકતા મંચે ચેતવણી આપી છે કે જો તંત્ર દ્વારા તાત્કાલિક અસરથી સમસ્યાનું સમાધાન નહીં કરવામાં આવે તો ઉગ્ર આંદોલન કરવામાં આવશે. સ્થાનિકોએ તંત્રને તાત્કાલિક પગલાં લઈને શુદ્ધ અને સલામત પીવાનું પાણી પૂરૂં પાડવાની માંગ કરી છે.

# સુરેન્દ્રનગરના જૈનાબાદ ગામે નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો

(સંવાદદાતા દ્વારા)

સુરેન્દ્રનગર, તા.૧૬

સુરેન્દ્રનગરમાં નવ સૈયદ પીર દરગાહ ટ્રસ્ટ તથા આદર્શ એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ, જૈનાબાદ દ્વારા સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન રવિવારે વોરા સમાજની વાડી ખાતે સવારે ૧૦:૦૦થી બપોરે ૧:૦૦ વાગ્યા સુધી કરવામાં આવ્યું હતું.

પીર સૈયદ હાજી રફિકુદ્દીન કાયમુદ્દીન ચિશ્તીની હાજરીમાં તારીખ-૧૫/૦૨/૨૦૨૬ (રવિવાર)ના રોજ જૈનાબાદમાં સર્વ રોગ નિદાન કેમ્પ પ્રથમ વખત યોજાયો જેમાં જૈનાબાદ તથા આજુબાજુના ગામના ૩૦૦થી વધારે દર્દીઓનું ડૉ.ઈરફાન વોરા(MD મેડિસિન - સ્ટાર હોસ્પિટલ), ડૉ.અસદ મેતર (એમ.ડી. ગાયનેકોલોજિસ્ટ), ડૉ.આમીર જાગડ (એમ.એસ. ઓર્થોપેડિક સર્જન-સી.જે. હોસ્પિટલ), ડૉ.મિસ્બાહ જાંગડ (બીડીએસ-દંત ચિકિત્સક), ડૉ. અકસા મન્સૂરી (બીપીટી - ફિઝિયોથેરાપિસ્ટ) અને ડૉ.અસ્પાક બેલીમ (બીએચ એમ એસ)દ્વારા નિદાન કરવામાં આવ્યું અને દર્દીઓ માટે ફ્રી દવાની વ્યવસ્થા કરવામાં આવી.


(તસવીર : ફારૂક ચૌહાણ, સુરેન્દ્રનગર)

આ કેમ્પમાં વિવિધ પ્રકારના રોગોથી પીડાતા દર્દીઓએ ઉપસ્થિત રહી નિષ્ણાત ડોક્ટરો પાસેથી સારવાર મેળવી હતી. ડોક્ટરો દ્વારા યોગ્ય માર્ગદર્શન સાથે જરૂરી દવાઓ પણ મફતમાં આપવામાં આવી હતી, જેના કારણે ગ્રામજનોમાં આનંદ અને સંતોષની લાગણી જોવા મળી હતી.

આ કાર્યક્રમને સફળ બનાવવા ટ્રસ્ટના આગેવાનો, સ્વયંસેવકો તેમજ ગામના આગેવાનોનો મહત્ત્વપૂર્ણ સહકાર રહ્યો હતો. અંતે ટ્રસ્ટ દ્વારા તમામ ડોક્ટરો તથા સહયોગીઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

ત્રીજા માળે બારીમાંથી છલાંગ લગાવી, વિદ્યાર્થી હાલ સારવાર હેઠળ

# વડોદરામાં પાયોનિયર કોલેજમાં પ્રોફેસરોના જાતિ આધારિત ત્રાસથી કંટાળી વિદ્યાર્થીનો આપઘાતનો પ્રયાસ

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૧૬

આજવા રોડપર આવેલી પાયોનિયર કોલેજમાં બી. એ. એમ. એસ.ના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતો ૧૯ વર્ષના વિદ્યાર્થીએ બે પ્રોફેસરો દ્વારા જાતિ વિષયક શબ્દો બોલી અવારનવાર પરેશાન કરાતા કંટાળી કોલેજના ત્રીજા માળેથી છલાંગ લગાવી આપઘાતનો પ્રયાસ કરતા ચકચાર મચી જવા પામી છે. જૂનાગઢ નિવાસી અનેવિદ્યાર્થીના કાકા સમીરભાઈ રાઠોડ દ્વારા નોંધાવેલી ફરિયાદ મુજબ, વિદ્યાર્થીના પિતાનું અવસાન થતા તેની દેખભાળ તેઓ જ રાખતા હતા. વિદ્યાર્થી હાલ આજવા રોડ વિસ્તારમાં રહી અભ્યાસ કરતો હતો. ગઈતા. ૧૦ ફેબ્રુઆરીના રોજ વિદ્યાર્થીએ કોલેજના ત્રીજા માળે આવેલી બારીમાંથી કૂદી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. ગંભીર હાલતમાં તેને તાત્કાલિક ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરિવારજનો પહોંચતા વિદ્યાર્થીના મિત્રોએ જણાવ્યું કે, કોલેજની કોમલ મેડમ અને ઋષિકેશ સરના ત્રાસથી તેણે આ પગલું ભર્યું છે. પરિવાર કોલેજ ખાતે પહોંચતા કોમલબેને પોતાની ભૂલ થઈ હોવાની કબૂલાત કરી હોવાનું ફરિયાદમાં ઉલ્લેખ છે. ત્યારબાદ વધુ સારવાર માટે વિદ્યાર્થીને જૂનાગઢ રિફર કરાયો હતો. હાલ વિદ્યાર્થી ભાનમાં આવતા સમગ્ર ઘટનાક્રમ જણાવ્યો હોવાનું જણાવાયું છે. ફરિયાદના આધારે કપુરાઈ પોલીસે બંને આરોપી પ્રોફેસરો વિરૂદ્ધ એટ્રોસિટી એક્ટ સહિત વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કર્યોછે. આ કેસની વધુતપાસ એસ.ટી-એસ.સી સેલના એ.સી.પી.સી.બી. સોલંકીએ સંભાળી છે. ફરિયાદ મુજબ, એડમિશન સમયે જ કોમલ મેડમે વિદ્યાર્થીની જાતિ વિશે પૂછપરછ કરી હતી. ત્યારબાદ કોમલ મેડમ અને ઋષિકેશ સરજાહેરમાં જાતિ વિષયક શબ્દો બોલી અપમાન કરતા હતા. વિદ્યાર્થી અસ્થમા રોગથી પીડિત હોવાછતાં તેને એક પગે ઊભો રાખતા હોવાનો પણ આક્ષેપ છે. પરિવારે પ્રોફેસરને સમજાવ્યા છતાં ત્રાસ યથાવત રાખવામાં આવ્યો હતો. ફરિયાદમાં વધુમાં ઉલ્લેખ છે કે, તને ડોક્ટર બનવા નહીં દઈએ, તારૂં વર્ષ બગાડી નાખીશું તેવી ચીમકી આપી હતી. સારવાર દરમિયાન ભાનમાં આવેલા વિદ્યાર્થીએ જણાવ્યું હતું કે, પ્રોફેસરો વારંવાર જાતિ વિષયક શબ્દો બોલી ભવિષ્ય બરબાદ કરવાની ધમકી આપતા હતા. જનરલ બુકમાં સહી ન કરી પુસ્તક ફેંકી દેવાનો પણ આક્ષેપ કર્યો છે. પગે પડી માફી માંગવા છતાં કાઢી મૂક્યો અને પ્રયોગશાળામાં જાહેરમાં અપમાન કર્યું, હું કંટાળી ગયો અને આત્મહત્યા કરવા ત્રીજા માળેથી કુદી પડ્યો, એમ વિદ્યાથીએ જણાવ્યું હોવાનું ફરિયાદમાં દર્શાવાયું છે.

# વડોદરા : ડ્રેનેજની ચેમ્બરમાં ઊતરેલા શ્રમજીવી અને મેનેજરના મોત અંગે ગુનો દાખલ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૬

વડોદરા જિલ્લાના અણખોલ ગામ નજીકના ખટંબા ગામે હિમાલયા પાર્ટી પ્લોટના પાર્કિંગમાં ડ્રેનેજ લાઇનની કામગીરી દરમિયાન ચેમ્બરમાં ઉતરેલા શ્રમજીવી અને પ્રોજેક્ટ મેનેજરના મોત અંગે કોન્ટ્રાક્ટ લેનાર કંપની તથા પેટા કોન્ટ્રાક્ટ લેનાર કંપનીના પ્રોપરાઈટર સામે વરણામા પોલીસે સાપરાધ મનુષ્ય વધનો ગુનો દાખલ કર્યો છે. ટી.પી. સ્કીમ ૨૫ (હનુમાનપુરા, અણખોલ, બાપોદ, ખટંબા) ખાતે આવેલા ૧૮ મીટરના રોડ પર ડ્રેનેજ લાઇનની કામગીરી કરવા માટે ડ્રાફ્ટ એગ્રીમેન્ટથી કન્સટ્રક્શન અંગેનો કોન્ટ્રાક્ટ વુડા પાસેથી જયંતિસુપર કન્સટ્રક્શન પ્રા.લિ.ના પ્રોપરાઇટર જયંતિ અંબાલાલ પટેલે નવેમ્બર ૨૦૧૧માં લીધો હતો. એગ્રીમેન્ટમાં કરેલી શરતોનો ભંગ કરીને ગ્રીસ્વા ઈન્ફ્રા પ્રોજેક્ટ એલ.એલ.પી., અમદાવાદના પ્રોપરાઈટર સંજય માધવભાઈ ખૂંટને પેટા કોન્ટ્રાક્ટ આપ્યો હતો. કોન્ટ્રાક્ટર જાણતા હતા કે, ડ્રેનેજની ચેમ્બરમાં સાફ સફાઇ કરવા માટે સલામતીના સાધનો વિના ગટરમાં ઉતરી કામ કરવામાં આવે તો ગેસ ગળતર થવાથી શ્રમજીવીનું મોત થઇ શકે છે. તેમછતાંય અક્ષય શનાભાઇ ભાભોર તથા પ્રોજેક્ટ મેનેજર વિપુલ મનસુખભાઇ માંગરોલીયાને ગત ૧૩મી તારીખે બપોરે સલામતીના સાધનો પૂરા પાડ્યા વગર ડ્રેનેજની સાફ સફાઇ કરી કન્સટ્રક્શનનું કામ સોંપ્યું હતું. જેના કારણે ચેમ્બરમાં ઉતરેલા બંનેના મોત થયા હતા. વિપુલની અંતિમવિધિ કર્યા પછી તેના પિતરાઇ ભાઈએ વરણામા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

# સુરતમાં રસોઈ બનાવતી વખતે ગેસ લીકેજને પગલે આગ લાગતાં ૧૦ ઝૂંપડા સ્વાહા

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૬

શહેરનાં આભવા ચોકડી પાસે આજે સવારે ઝુંપડામાં રસોઈ બનાવતી વખતે ગેસ લીકેજની ઘટનાને પગલે આસપાસ આવેલ અન્ય ૧૦ ઝુંપડાઓમાં આગ પ્રસરી જતાં ભારે હોબાળો મચી જવા પામ્યો હતો. ઘટનાને પગલે આસપાસનાં અન્ય ઝુંપડામાં રહેતાં પરિવારજનોમાં પણ નાસભાગ મચી ગઈ હતી. અલબત્ત, ઘટના અંગે જાણ થતાં જ ફાયર વિભાગનો કાફલો ઘટના સ્થળે ધસી ગયો હતો અને તાત્કાલિક આગ પર કાબુ મેળવવાનાં પ્રયાસો હાથ ધર્યા હતા. ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવતાં સ્થાનિકોએ રાહતનો શ્વાસ લીધો હતો. જો કે, ઘટનામાં કોઈપણ પ્રકારની જાન હાનિ ન થતાં તંત્રે રાહતનો શ્વાસ લીધો હતો. બીજી તરફ દુર્ઘટનાને પગલે ૧૦ જેટલા ઝુંપડાઓ સ્વાહા થઈ જતાં શ્રમજીવી પરિવારોને બેઘર થવાનો વારો આવ્યો હતો. સૂત્રો પાસેથી જાણવા મળતી માહિતી અનુસાર આજે સવારે ૯.૩૦ કલાકની આસપાસ આભવા ચોકડી પાસે આવેલ વેકેંજા એપાર્ટમેન્ટની પાસે રસોઈ બનાવતી વખતે ગેસ લીકેજની ઘટના બનવા પામી હતી. ગેસ લીકેજને પગલે ઝુંપડામાં પ્રસરેલી આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને આસપાસ આવેલ ૪૦ જેટલા ઝુંપડાઓ પૈકી ૧૦ ઝુંપડાઓમાં આગ પ્રસરી જવા પામી હતી. ઘટનાને પગલે ઝુંપડામાં વસવાટ કરતાં શ્રમજીવી પરિવારો જીવ બચાવવા માટે નાસભાગ કરતાં નજરે પડ્યા હતા. ઘટના અંગે સ્થાનિકોએ તાત્કાલિક ફાયર વિભાગને જાણ કરતાં વેસુ અને ભીમરાડ ફાયર સ્ટેશનનો કાફલો ઘટનાસ્થળે ધસી ગયો હતો. લાશ્કરો દ્વારા પોણા કલાકની જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો.

# અંકલેશ્વર પબ્લિક સ્કૂલમાં ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો


(તસવીર :- મુનીર શેખ, અંકલેશ્વર)

અંકલેશ્વર, તા.૧૬

અંકલેશ્વર પબ્લિક સ્કૂલમાં ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓના વિદાય સમારંભ યોજાયો હતો. આ વિદાય સમારંભ કાર્યક્રમ સામાજીક અગ્રણી જયકાંતભાઈ પટેલે વિદ્યાર્થીઓને ઊજવળ ભવિષ્ય માટે શુભેચ્છા પાઠવી હતી. સંસ્થાના પ્રમુખ નાઝુ ફડવાલાએ જણાવ્યું કે સર્વ વિદ્યાર્થીઓ બાળપણથી કિશોરાવસ્થા સુધી આ સ્કૂલ સાથે સંબંધ રહ્યો. પ્રથમ દિવસની શરમ, મિત્રતાની મીઠી યાદો અને પરીક્ષાનો તણાવ અને સફળતાની ખુશી તમે જોઇ છે. ધોરણ-૧૦ એ આપની કારકિર્દીનું પહેલું પગથિયું છે આપ જરૂર સફળ થશો. શિક્ષિકા નિમીષા પટેલે વિદ્યાર્થીઓને પરીક્ષાનું માર્ગદર્શન અને પ્રોત્સાહન આપી સફળતાની શુભેચ્છા પાઠવી હતી. કાર્યક્રમમાં સેકન્ડરી અને હાયર સેકન્ડરીના આચાર્ય કવીતા કાલગુડે અને પ્રી-પ્રાયમરી અને પ્રાયમરીના આચાર્ય શ્રદ્ધા પટેલની ઉપસ્થિતિમાં અને સ્કૂલના ટ્રસ્ટી સ્કૂલના શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો હતો. વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો હતો. વિદ્યાર્થીઓએ પોતાના સ્કૂલ અને શિક્ષકો સાથે અનુભવો રજૂ કર્યા હતા. કાર્યક્રમનું સંચાલન શિક્ષકા સફરીન શેખ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાળાના ટ્રસ્ટી મંડળના ઈકબાલભાઈ કાગઝી, લતીફભાઈ શેખ, ઝાહીદ ફડવાલા, હાજર રહ્યા હતા.

## વડોદરામાં ભાંગ પીવાના કારણે મહિલા સહિત ત્રણની તબિયત બગડી

વડોદરા, તા.૧૬

વડોદરામાં શિવરાત્રીમાં ભાંગના સેવનના કારણે એક મહિલા સહિત ત્રણની તબિયત બગડતા તેઓને સારવાર માટે સયાજી હોસ્પિટલમાં લાવવામાં આવ્યા છે. મળતી વિગતો અનુસાર, રાજમહેલ રોડ વૈદેહી ફ્લેટમાં રહેતા ૩૫ વર્ષના જયમીન કિશોરભાઈ રામા આજે બપોરે પોણા બે વાગ્યે ઘરે ભાંગ પી જતા તેને ચક્કર તથા ગભરામણ થઇ હતી. પ્રતાપનગર ઝેનિથ સ્કૂલ પાસે રહેતા ૩૮ વર્ષના મુજફ્ફર મુસ્તાકભાઈ કાચવાલા આજે બપોરે ઘરે ભાંગ પી જતા ગભરામણ શરૂ થઇ હતી. નવાપુરા વિસ્તારમાં રહેતી ૩૩ વર્ષની મહિલા મિતલબેને ઘરે સવારે ભાંગ પીતા ચક્કર આવતા હતા. ત્રણેયને સારવાર માટે સયાજી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ત્રણેયની હાલત સુધારા પર હોવાનું જાણવા મળ્યું છે.

# સુરત મનપા કચેરીમાં બે દિવસની બજેટ પર સામાન્ય સભા શરૂ

## પ્રાથમિક સુવિધા, સ્વચ્છતા અને એવોર્ડ મુદ્દે વિપક્ષ દ્વારા શાસકોને ઘેરવાનો પ્રયાસ

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧૬

સુરત મહાનગર પાલિકામાં આજે સવારે ૧૦ વાગ્યાથી બજેટની સામાન્ય સભા શરૂ થઇ છે. બે દિવસ સુધી ચાલનારી આ બજેટની સામાન્ય સભામાં વિપક્ષૌના સભ્યો દ્વારા સુરત મહાનગરપાલિકામાં ચાલતાભ્રષ્ટાચાર અને શહેરમાં શહેરીજનોને પડતી વિવિધ સમસ્યાઓ અંગે શાસકોને ઘેરવાનો પ્રયત્ન કર્યો હતો. આજે સામાન્ય સભાની શરૂઆત સાથે જ વિપક્ષના સભ્યો દ્વારા શહેરમાં પ્રાથમિક સુવિધાઓ, સ્વચ્છતા, તાપી શુદ્ધિકરણ સહિતના મુદ્દાઓ પર ઘેરવાનોપ્રયાસ કર્યો હતો.

સુરત મ્યુનિસિપલ કમિશનર એમ. નાગરાજન દ્વારા સને વર્ષ ૨૦૨૬-૨૭નું ૧૦,૫૯૩કરોડનું ડ્રાફ્ટ બજેટ રજૂકરવામાં આવ્યું હતું. જેમાં સ્થાયી સમિતિ અધ્યક્ષ રાજનપટેલ અને તેમની ટીમ દ્વારા બજેટ પર ચર્ચા વિચારણા કર્યા બાદ તેમાં રૂપિયા ૭૦૮ કરોડનો વધારો કરી ૧૧,૩૦૧ કરોડનું ચૂંટણીલક્ષી બજેટ મંજૂર કરવામાં આવ્યુંછે. આ બજેટમાં શાસકો દ્વારા કેપિટલ ખર્ચમાં ૬૫૬ કરોડનો વધારો કરી ૫૭૨૯ કરોડ અને રેવન્યુ ખર્ચમાં ૫૨ કરોડનો વધારો કરી ૫૫૭૨ કરોડ નો ખર્ચ મંજૂર કરવામાં આવ્યો છે. આ ઉપરાંત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના બજેટમાં પણ ૩૦ કરોડનો વધારો કરી બજેટને મંજૂર કરવામાં આવ્યું છે. આજે ૧૬મી ફેબ્રુઆરીના રોજ સવારે ૧૦:૦૦ વાગ્યાથી સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરીમાં બજેટને લઈને બે દિવસ માટે બજેટ પર મેરેથોન ચર્ચા કરવા માટે સામાન્ય સભાની શરૂઆત થઇ છે. જેમાં શરૂઆત સાથે જ વિપક્ષના સભ્યોએ શહેરમાં પ્રાથમિક સુવિધાઓ, રોડ, રસ્તા, ગટર તથા સ્વચ્છતા, તાપી શુદ્ધિકરણ સહિતના મુદ્દાઓ પર આક્ષેપો કરી શાસકોને ઘેરવાનો પ્રયાસ કર્યો હતો. આગામી નાણાકીય વર્ષ માટે મનપાનું બજેટ રજૂ કરતી વેળાએ સ્થાયી સમિતિના ચેરમેન રાજન પટેલએ 'ટેક્સમાં વધારો નહીં, વિકાસમાં વેગ'નો સૂત્ર આપ્યો હતો. રાજન પટેલે પોતાના ભાષણમાં જણાવ્યું કે સુરતની પ્રજા દરેક પરિસ્થિતિમાં શહેરના વિકાસ માટે સહકાર આપતી રહી છે અને આગળ પણ વિકાસયાત્રામાં ખમીરવાળીભાગીદારી આપશે. "આ બજેટસુરતના સુગ્રથિત અને સમતોલ વિકાસ માટે દિશાસૂચક સાબિતથશે એમ તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો. તેમણે ઉલ્લેખ કર્યો કે છેલ્લા ત્રણ વર્ષથી સુરત શહેર સ્વચ્છતા સર્વેક્ષણમાં સતત નંબર વન સ્થાન જાળવી રાખવામાં સફળ રહ્યું છે. આઅવધિ દરમિયાન શહેરને કુલ ૧૮ એવોર્ડ મળ્યા છે. આ ગૌરવ માત્ર મનપાનું નહી, પરંતુ સુરતના જાગૃત નાગરિકો અને તેમની સક્રિય ભાગીદારીનું પરિણામ છે.


**નામ બદલેલ છે**

મેં મારૂં જૂનું નામ **મલેક મુનીરાબીબી અઝીઝમહમદખાનજી** હતું, જે બદલીને **મલીક મુનીરાબીબી અઝીઝમોહંમદખાનજી** કરેલ છે.

સરનામું : દરબારગઢ, તા-દસાડા, સુરેન્દ્રનગર-૩૮૨૭૫૦

**નામ બદલેલ છે**

મેં મારૂં જૂનું નામ **મલેક અઝીઝમહમદખાનજી રૂસ્તમખાનજી** હતું, જે બદલીને **મલીક અઝીઝમોહંમદખાનજી રૂસ્તમખાનજી** કરેલ છે.

સરનામું : દરબારગઢ, તા-દસાડા, સુરેન્દ્રનગર-૩૮૨૭૫૦



**જી.વી. મહેતા, એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી મોડાસાની કોર્ટમાં**

નં.એડીએમ/જન્મમરણ/કેસ નં.૩૭/૨૦૨૬ તા.૧૨/૦૨/૨૦૨૬

(૧) **નૂરજહાબેન ઈકબાલહુસેન પટેલ** ......અરજદાર

રહે.મિરજા પાર્ક સોસાયટી મોડાસા, તા.મોડાસા, જિ.અરવલ્લી

વિરૂદ્ધ

(૧) રજિસ્ટ્રારશ્રી જન્મ-મરણ નોંધણી અને .....સામાવાળા

સબરજિસ્ટ્રારશ્રી નગરપાલિકા મોડાસા, તા.મોડાસા જિ.અરવલ્લી

**વિષય : જન્મ-મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ની કલમ ૧૩(૩) અન્વયે વિલંબથી નોંધણી કરવા બાબત.**

આથી લાગતા વળગતા તમામ ઈસમોને આ જાહેર નોટિસ પ્રસિદ્ધ કરી જાણ કરવામાં આવે છે કે, અત્રેની કોર્ટમાં અરજદારશ્રીએ તા.૧૬/૦૧/૨૦૨૬ના રોજ અરજી કરી તેઓનો જન્મ તા.૦૩/૧૧/૧૯૬૯ના રોજ મોડાસા મુકામે થયેલ હોઈ જે બાબતની નોંધણી જે તે સમયે નોંધવાની રહી ગયેલ હોઈ નોંધણી કરાવવા માટે અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. જે બાબતે કોઈ ઈસમોને વાંધો હરકત કે હેલો હોઈ તેઓએ આ જાહેર નોટિસ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં હાજર થઈ વાંધાઓ રજૂ કરવા. જો તેમ કરવામાં નહીં આવે તો સદર અરજી બાબતે આગળની યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૨/૦૨/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી નોટિસ ઈસ્યું કરી.

સિક્કો એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ મોડાસા



**શ્રી વી.બી.ખરાડી એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટ અને મામલતદાર મેઘરજની કોર્ટમાં**

નં.પીઓએલ/જન્મ-મરણ/અપીલ/કેસ નં.૩૨/૨૦૨૫ તા.૩૦/૦૧/૨૦૨૬

અરજદારશ્રી :- **૧. ભગોરા કમળાબેન કલાભાઈ**

રહે.પંચાલ, તા.મેઘરજ, જિ.અરવલ્લી

વિરૂદ્ધ

**સામાવાળા :- ૧. રજિસ્ટ્રાર જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી, પંચાલ ગ્રુપ ગ્રામ પંચાયત કચેરી, મુ.પંચાલ, તા.મેઘરજ, જિ.અરવલ્લી.**

**વિષય :- જન્મ-મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ વિવાદી અરજી.**

**મોજે.પંચાલ, તા.મેઘરજની જન્મ-મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ વિવાદ અરજી.**

આથી લાગતા વળગતા તમામ ઈસમોને આ જાહેર નોટિસ પ્રસિદ્ધ કરી જાણ કરવામાં આવે છે કે, અત્રેની કોર્ટમાં ઉપરોક્ત અરજદારશ્રીએ તેઓની તા.૦૯/૦૧/૨૦૨૬ની અરજીથી તેઓના **માતાશ્રી ભગોરા થાવરીબેન કલાભાઈ**નું તા.૧૦/૦૪/૨૦૧૨ના રોજ મુ.પંચાલ, તા.મેઘરજ, જિ.અરવલ્લી મુકામે મરણ થયેલ હોઈ જે બાબતની નોંધણી જે તે સમયે નોંધવાની રહી ગયેલ હોઈ નોંધણી કરાવવા યોગ્ય હુકમ થવા માટે અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. જે બાબતે કોઈ ઈસમોને વાંધો હરકત કે હેલો હોઈ તેઓએ આ જાહેર નોટિસ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં હાજર થઈ વાંધાઓ રજૂ કરવા. જો તેમ કરવામાં નહીં આવે તો સદર અરજી બાબતે આગળની યોગ્ય તે કાયદેસરની કાર્યવાહી અનુસરવામાં આવશે જેની નોંધ લેવી.

આ કામના અરજદારશ્રીએ સ્વખર્ચે પ્રતિષ્ઠિત દૈનિક વર્તમાનપત્રમાં સદર જાહેર નોટિસની દિન-૭ની સમયમર્યાદામાં પ્રસિદ્ધિ કરાવી તેની નકલ અત્રેની કોર્ટમાં રજૂ કરવાની રહેશે.

આજ તા.૩૦/૦૧/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી નોટિસ ઈસ્યુ કરી.

સહી... (વી.બી.ખરાડી)

એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટ અને મામલતદાર, મેઘરજ



**જી.વી. મહેતા, એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી મોડાસાની કોર્ટમાં**

નં.એડીએમ/જન્મમરણ/કેસ નં.૨૩/૨૦૨૬ તા.૧૨/૦૨/૨૦૨૬

(૧) **જેરાવાલા મોહંમદતુફેલ ગુલામહુસેન** ......અરજદાર

રહે.મોડાસા, તા.મોડાસા, જિ.અરવલ્લી

વિરૂદ્ધ

(૧) રજિસ્ટ્રારશ્રી જન્મ-મરણ નોંધણી અને .....સામાવાળા

સબરજિસ્ટ્રારશ્રી નગરપાલિકા મોડાસા, તા.મોડાસા, જિ.અરવલ્લી

**વિષય : જન્મ-મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ની કલમ ૧૩(૩) અન્વયે વિલંબથી નોંધણી કરવા બાબત.**

આથી લાગતા વળગતા તમામ ઈસમોને આ જાહેર નોટિસ પ્રસિદ્ધ કરી જાણ કરવામાં આવે છે કે, અત્રેની કોર્ટમાં અરજદારશ્રીએ તા.૦૮/૦૧/૨૦૨૬ના રોજ અરજી કરી તેઓના પિતા નામે જેરાવાલા ગુલામઅબ્બાસ ગુલામહુસેનનો જન્મ તા.૦૫/૦૨/૧૯૬૭ના રોજ મોડાસા મુકામે થયેલ હોઈ જે બાબતની નોંધણી જે તે સમયે નોંધવાની રહી ગયેલ હોઈ નોંધણી કરાવવા માટે અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. જે બાબતે કોઈ ઈસમોને વાંધો હરકત કે હેલો હોઈ તેઓએ આ જાહેર નોટિસ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં હાજર થઈ વાંધાઓ રજૂ કરવા. જો તેમ કરવામાં નહીં આવે તો સદર અરજી બાબતે આગળની યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૨/૦૨/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી નોટિસ ઈસ્યુ કરી.

એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ મોડાસા



**જી.વી. મહેતા, એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી મોડાસાની કોર્ટમાં**

નં.એડીએમ/જન્મમરણ/કેસ નં.૨૦/૨૦૨૬ તા.૧૨/૦૨/૨૦૨૬

(૧) **ચુડગર મોહંમદરફીક ઉમરભાઈ** ......અરજદાર

રહે.મોડાસા, તા.મોડાસા, જિ.અરવલ્લી

વિરૂદ્ધ

(૧) રજિસ્ટ્રારશ્રી જન્મ-મરણ નોંધણી અને .....સામાવાળા

સબરજિસ્ટ્રારશ્રી નગરપાલિકા મોડાસા, તા.મોડાસા, જિ.અરવલ્લી

**વિષય : જન્મ-મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ની કલમ ૧૩(૩) અન્વયે વિલંબથી નોંધણી કરવા બાબત.**

આથી લાગતા વળગતા તમામ ઈસમોને આ જાહેર નોટિસ પ્રસિદ્ધ કરી જાણ કરવામાં આવે છે કે, અત્રેની કોર્ટમાં અરજદારશ્રીએ તા.૦૮/૦૧/૨૦૨૬ના રોજ અરજી કરી તેઓનો જન્મ તા.૩૦/૦૬/૧૯૬૫ના રોજ મોડાસા મુકામે થયેલ હોઈ જે બાબતની નોંધણી જે તે સમયે નોંધવાની રહી ગયેલ હોઈ નોંધણી કરાવવા માટે અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. જે બાબતે કોઈ ઈસમોને વાંધો હરકત કે હેલો હોઈ તેઓએ આ જાહેર નોટિસ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં હાજર થઈ વાંધાઓ રજૂ કરવા. જો તેમ કરવામાં નહીં આવે તો સદર અરજી બાબતે આગળની યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૨/૦૨/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી નોટિસ ઈસ્યુ કરી.

સિક્કો એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ મોડાસા



**જી.વી. મહેતા, એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી મોડાસાની કોર્ટમાં**

નં.એડીએમ/જન્મમરણ/કેસ નં.૧૯/૨૦૨૬ તા.૧૨/૦૨/૨૦૨૬

(૧) **જેરાવાલા સબીનાબાનુ ગુલામહુસેન** ......અરજદાર

રહે.મોડાસા, તા.મોડાસા, જિ.અરવલ્લી

વિરૂદ્ધ

(૧) રજિસ્ટ્રારશ્રી જન્મ-મરણ નોંધણી અને .....સામાવાળા

સબરજિસ્ટ્રારશ્રી નગરપાલિકા મોડાસા, તા.મોડાસા, જિ.અરવલ્લી

**વિષય : જન્મ-મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ની કલમ ૧૩(૩) અન્વયે વિલંબથી નોંધણી કરવા બાબત.**

આથી લાગતા વળગતા તમામ ઈસમોને આ જાહેર નોટિસ પ્રસિદ્ધ કરી જાણ કરવામાં આવે છે કે, અત્રેની કોર્ટમાં અરજદારશ્રીએ તા.૦૮/૦૧/૨૦૨૬ના રોજ અરજી કરી તેઓનો જન્મ તા.૨૫/૧૧/૧૯૭૦ના રોજ મોડાસા મુકામે થયેલ હોઈ જે બાબતની નોંધણી જે તે સમયે નોંધવાની રહી ગયેલ હોઈ નોંધણી કરાવવા માટે અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. જે બાબતે કોઈ ઈસમોને વાંધો હરકત કે હેલો હોઈ તેઓએ આ જાહેર નોટિસ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં હાજર થઈ વાંધાઓ રજૂ કરવા. જો તેમ કરવામાં નહીં આવે તો સદર અરજી બાબતે આગળની યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૨/૦૨/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી નોટિસ ઈસ્યુ કરી.

સિક્કો એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ મોડાસા

વીડિયો વાયરલ; સાધુ સંતોમાં ભારે રોષ

# જૂનાગઢ : શિવરાત્રીના મેળામાં કુખ્યાત કીર્તિ પટેલે સાધુઓની સાથે જ મૃગીકુંડમાં સ્નાન કરતાં ભારે વિવાદ

## ગેરકાયદેસર કૃત્ય અથવા લાગણી દુભાઈ હશે તો કાર્યવાહી કરીશું : પ્રાંત અધિકારી

(સંવાદદાતા દ્વારા)

જૂનાગઢ, તા.૧૬

ભવનાથ ખાતે યોજાયેલ શિવરાત્રી મેળાનો કાલે અંતિમ દિવસ હોય અને ખાસ તો રવાડી સરઘસ તેમજ સંતોનાં મૃગીકુંડમાં સ્નાનને ખૂબ જ મહત્વ અને આકર્ષણ રહેલ છે. દરમ્યાન ગઈકાલે સોશ્યલ મીડિયાની ઈન્ફ્લુએન્સર કિર્તી પટેલે ભગવા કપડા પહેરી મૃગીકુંડમાં ડુબકી મારી અને સ્નાન કર્યાનો બનાવનાં પગલે ભારે વિવાદ ઊભો થયો છે. મોટાભાગનાં સંતો કિર્તી પટેલનાં આ કૃત્યથી દુઃખી અને વ્યથીત થયા હતા. આ બનાવ અંગે પ્રાપ્ત વિગત અનુસાર ભૂતકાળમાં અનેકવાર વિવાદોમાં ઘેરાઈ ચૂકેલી અને જેલની હવા ખાઈ ચૂકેલી કીર્તિ પટેલે મહાશિવરાત્રિના મેળામાં પહોંચી વિવાદ સર્જ્યો છે. મેળાના અંતિમ દિવસે મૃગીકુંડમાં સાધુઓના શાહી સ્નાન સમયે ભગવો ધારણ કરી કીર્તિ પટેલ ઘૂસી ગઈ હતી. સાધુઓ સાથે મૃગીકુંડમાં સ્નાન કરી 'હર હર મહાદેવ'નો નાદ કરતી જોવા મળી હતી. મહાશિવરાત્રિના મેળાના અંતિમ દિવસે રવેડી સમયે જ ભગવા કપડા સાથે કીર્તિ પટેલ ભવનાથમાં પહોંચી હતી. રવેડી પૂર્ણ થયા બાદ મૃગીકુંડમાં સાધુઓનું શાહી સ્નાન શરૂ થતા ત્યાં પણ પહોંચી જતા વિવાદ સર્જાયો છે. સાધુઓની વચ્ચે જ કીર્તિ પટેલ ડૂબકી લગાવતી જોવા મળી હતી. જેના પર તંત્રનું ધ્યાન પડતા જ તેને તાત્કાલીક દૂર કરવામાં આવી હતી. કિર્તી પટેલના આ કૃત્ય સામે નારાજગી વ્યક્ત કરતા મેંદરડા ખાખમઢીના સુખરામદાસ બાપુએ કહ્યું હતું કે, રવેડી બાદ સાધુ સંતો જ્યારે મૃગીકુંડમાં સ્નાન કરે છે. ત્યારે દુઃખની વાત એ છે કે, સાધુના કપડા પહેરીને કેટલાક લોકો જ્યારે સ્નાન કરે છે ત્યારે દુઃખ થાય છે. દરમ્યાન કીર્તિ પટેલના મૃગીકુંડમાં સ્નાન બાબતે પ્રાંત અધિકારી ચરણસિંહ ગોહિલે વાતચીતમાં જણાવ્યું હતું કે, આ બાબતે અમે સાધુ સંતો સાથે નીતિ નિયમો બાબતે ચર્ચા કરીશું. જો કોઈ ગેરકાયદે કૃત્ય અથવા તો ધાર્મિક લાગણી દુભાઈ હશે તો જરૂર કાર્યવાહી કરવામાં આવશે.





'જાણે એના બાપનો કુંડ હોય તેમ મારી પાછળ ફરે છે'

## મહિલા પોલીસ ઈન્સ્પેક્ટર સાથે દાદાગીરી કરતી કીર્તિનો વીડિયો વાયરલ

(સંવાદદાતા દ્વારા)

જૂનાગઢ, તા.૧૬

મૃગીકુંડમાં ઘૂસીને વિવાદ કરનારી કીર્તિ પટેલનો વધુ એક વીડિયો સોશયલ મીડિયામાં વહેતો થયો છે. આ વીડિયોમાં કીર્તિ પટેલ સુરક્ષા વ્યવસ્થામાં તૈનાથ બે મહિલા પોલીસ ઈન્સ્પેક્ટર (PI) સાથે દાદાગીરી કરતી અને અપશબ્દો બોલતી નજરે પડે છે. સમગ્ર ઘટનાનો વીડિયો સોશયલ મીડિયામાં હાલ ખૂબ જ વાયરલ થઈ રહ્યો છે. કીર્તિના આ કાંડને લઈ જૂનાગઢ એસપીએ તપાસના આદેશ આપ્યા છે.

ગત રાત્રે કીર્તિ પટેલ મૃગીકુંડમાં સ્નાન કરીને બહાર આવી ત્યારે સુરક્ષાના ભાગરૂપે બે મહિલા પીઆઇ તેની પાસે ગયા હતા. આ સમયે કીર્તિ પટેલ ઉશ્કેરાઇ ગઇ હતી અને જાહેરમાં પોલીસ

### જૂનાગઢ એસ.પી.એ તપાસના આદેશ આપ્યા

અધિકારીઓનું અપમાન કરવાનું શરૂ કર્યું હતું. વાયરલ વીડિયોમાં કીર્તિ પટેલ પોલીસને ધમકાવતા કહે છે કે, "હું અહીંથી જતી રહીશ, મારી પાછળ પાછળ નહીં ફરવાનું. હું કોઇ આરોપી નથી હો! ચલો નીકળો અહીંથી."

માત્ર એટલું જ નહીં, કીર્તિ અત્યંત તોછડી ભાષામાં પોલીસ અધિકારીઓ સામે રોફ જમાવતા કહ્યું હતું કે. "જાણે એના બાપનો કુંડ હોય તેમ મારી પાછળ ફરે છે. બાકી રહેતું હોય તો કહો, કાલે ભગવો પહેરી લઉં! પોલીસ અધિકારીઓ સાથે કરવામાં આવેલા આ ગેરવર્તનને જૂનાગઢ પોલીસ તંત્રએ ગંભીરતાથી લીધું છે. આ વીડિયો વાયરલ જતા જ જૂનાગઢ એસપી સુબોધ ઓડેદરાએ તપાસના આદેશ આપ્યા છે.

કરોડિયા આકારણી કૌભાંડમાં

# વડોદરાના ભાજપના વોર્ડ-૮ના પ્રમુખ અને મહામંત્રીના રાજીનામા લેવાયા

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૬

વડોદરા મહાનગરપાલિકામાં કરોડિયા વિસ્તારના બહુચર્ચિત આકારણી કૌભાંડે રાજકીય મોરચે મોટો ભડકો કર્યો છે. આ કૌભાંડમાં સંગઠનના હોદ્દેદારોની સંડોવણીના સંકેતો મળતા જ શહેર ભાજપ હરકતમાં આવ્યું છે. શિસ્તના આગ્રહી ગણાતા પક્ષે કોઈ પણ જાતની શેહશરમ રાખ્યા વિના વોર્ડ નંબર-૮ના પ્રમુખ વિપુલ બારોટ અને મહામંત્રી વિજય ચાવડા પાસેથી રાજીનામા લખાવી લેતા રાજકીય વર્તુળોમાં ફફડાટ વ્યાપી ગયો છે. આ સમગ્ર પ્રકરણની વિગત એવી છે કે, કરોડિયા વિસ્તારમાં અનેક મિલકતોની એન.એ. પ્રક્રિયા પૂર્ણ થયા વગર જ તેની ગેરકાયદેસર રીતે આકારણી કરી દેવામાં આવી હતી. આ ગંભીર ગેરરીતિ અંગે ધારાસભ્ય કેયુર રોકડીયાએ પુરાવા સાથે પાલિકા તંત્ર અને સંગઠનનું ધ્યાન દોર્યું હતું. પક્ષના જ હોદ્દેદારો દ્વારા આર્થિક હિત સાધવા માટે સત્તાનો દુરુપયોગ કરવામાં આવ્યો હોવાની વિગતો પ્રદેશ નેતાગીરી સુધી પહોંચતા હાઈકમાન્ડે કડક વલણ અપનાવ્યું હતું. ગઈકાલે મોડી સાંજે બંને હોદ્દેદારોએ પોતાના રાજીનામા શહેર પ્રમુખને સોંપી દીધા હતા. શહેર પ્રમુખ જયપ્રકાશ સોનીએ રાજીનામા પાછળ 'અંગત કારણો' હોવાનું જણાવ્યું હતું જોકે તેમણે મીડિયાને જણાવ્યું હતું કે તેમના સુધી ફરિયાદો પહોંચી હતી અને સંબંધિત સ્તરે તપાસ ચાલુ છે. શહેરના રાજકીય ગલિયારાઓમાં ચર્ચાઈ રહ્યું છે કે, આ આકારણી કૌભાંડના છાંટા પક્ષ પર ન ઉડે તે માટે તેમને રાજીનામું આપવા મજબૂર કરવામાં આવ્યા છે. વડોદરા ભાજપ પ્રમુખ જયપ્રકાશ સોનીએ જણાવ્યું હતું કે, "વોર્ડ નં.૮ના પ્રમુખ વિપુલ બારોટ અને મહામંત્રી વિજય ચાવડાએ સંગઠનના હોદ્દા પરથી સ્વેચ્છાએ રાજીનામા આપ્યા છે. તેમણે પત્રમાં સ્પષ્ટપણે 'અંગત કારણોસર' રાજીનામું આપતા હોવાનું જણાવ્યું છે, પાર્ટીએ કોઈના રાજીનામા માંગ્યા નથી. રહી વાત કરોડિયા આકારણી કૌભાંડની, તો આ સમગ્ર પ્રકરણમાં હાલ તપાસ ચાલી રહી છે. જો ભવિષ્યમાં તપાસમાં કોઈ પણ હોદ્દેદારની સંડોવણી સાબિત થશે, તો પાર્ટી ચોક્કસપણે કડક પગલાં લેશે. પરંતુ હાલના તબક્કે આ રાજીનામાને તપાસ સાથે જોડવા યોગ્ય નથી."

ગ્રાહક સુરક્ષા ક્ષેત્રે સરકારની મહત્ત્વપૂર્ણ પહેલ-કન્ઝ્યુમર રિસ્પોન્સિબિલિટી ઈન્ડેક્ષ (CRI)

# ગ્રાહકો પ્રત્યે કોર્પોરેટ જગતની જવાબદારી સુનિશ્ચિત કરવા CRI લોન્ચ; MOU સંપન્ન

## ગ્રાહક સશક્તિકરણની સર્વગ્રાહી ઈકો-સિસ્ટમ માટે પણ સરકારે કર્યા MOU

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૬

વિકસિત ભારત @2047ના વિઝનને સાકાર કરવા અને ગ્રાહક અધિકારોને નવી ઊંચાઈએ લઈ જવા માટે ગુજરાત સરકારે એક ક્રાંતિકારી પહેલ કરી છે. ગ્રાહકો પ્રત્યે કોર્પોરેટ જગતની જવાબદારી સુનિશ્ચિત કરવા માટે આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રથમવાર કન્ઝ્યુમર રિસ્પોન્સિબિલિટી ઈન્ડેક્સ (CRI) લોન્ચ કરવામાં આવ્યો છે.

ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, કેન્દ્રીય ગ્રાહક બાબતોના મંત્રી પ્રલ્હાદ જોશી, ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, તથા અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં સેન્ટ્રલ બેંક ડિજિટલ કરન્સી (CBDC) આધારિત જાહેર વિતરણ વ્યવસ્થાનો ઐતિહાસિક પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ ટેકનોલોજીકલ ક્રાંતિના અવસરે જ ગ્રાહક સુરક્ષા ક્ષેત્રે એક સીમાચિહ્નરૂપ પગલું ભરતા એક મહત્વપૂર્ણ ત્રિપક્ષીય સમજૂતી કરાર (MoU) કરવામાં આવ્યા હતા. આ કરાર ગ્રાહક બાબતોના વિભાગ (ગુજરાત સરકાર), ગ્રાહક શિક્ષણ અને સંશોધન કેન્દ્ર (CERC) અને CARE Edge વચ્ચે કરવામાં આવ્યા છે, જેનો મુખ્ય હેતુ દેશનો પ્રથમ કન્ઝ્યુમર રિસ્પોન્સિબિલિટી ઈન્ડેક્સ (CRI) વિકસાવવાનો અને અમલમાં મૂકવાનો છે. આ સમજૂતી ગ્રાહકો પ્રત્યે કોર્પોરેટ જગતની જવાબદારી સુનિશ્ચિત કરવા અને નૈતિક વ્યવસાયિક પ્રથાઓને પ્રોત્સાહન આપી પારદર્શક બજાર વ્યવસ્થા ઊભી કરવા માટેની સરકારની ગંભીરતા અને કટિબદ્ધતા દર્શાવે છે. જે અંતર્ગત CRI હવે ઉદ્યોગો અને ગ્રાહકો વચ્ચેના સંબંધોમાં વધુ પારદર્શિતા, પરસ્પર સન્માન અને જવાબદારીના નવા યુગનો પ્રારંભ કરશે. જેમાં પારદર્શક મૂલ્યાંકન : CRI દ્વારા ઉદ્યોગો ગ્રાહકો સાથે કેવો વ્યવહાર કરે છે તેનું વૈજ્ઞાનિક અને ડેટા-આધારિત સ્વતંત્ર મૂલ્યાંકન કરવામાં આવશે. ગ્રાહક કેન્દ્રીય અભિગમ : ભારતીય ગ્રાહકને ભવિષ્યના વિકાસના કેન્દ્ર સ્થાને મૂકીને આ સૂચકાંક તૈયાર કરવામાં આવશે. નૈતિક પ્રોત્સાહન : તે સેવા પ્રદાતાઓને ઉચ્ચતમ ગુણવત્તા ધોરણો અને પારદર્શક નીતિઓ અપનાવવા માટે પ્રેરિત કરશે.

ઈન્ડેક્સ ડેવલપમેન્ટ સિવાય CERC અને ગુજરાત સરકાર વચ્ચે એક આખી ઈકો-સિસ્ટમ વિકસાવવા માટે પણ MOU કરવામાં આવ્યા છે. જેમાં (૧) જિલ્લા સ્તરે સુવિધા : ગુજરાતના તમામ જિલ્લાઓમાં સમાધાન અને પ્રી-લિટિગેશન કેન્દ્રો સ્થાપવામાં આવશે, જેથી ગ્રાહકોને ન્યાય સુલભ અને સસ્તો બને. (૨) જાગૃતિ અભિયાન : યુવાનો અને નાગરિકોને ગ્રાહક અધિકારો અને સાયબર સુરક્ષા વિશે સંવેદનશીલ બનાવવામાં આવશે. (૩) સાયબર સુરક્ષિત ગુજરાત : ડિજિટલ યુગમાં ગ્રાહકોની સુરક્ષા માટે વિશેષ માળખું તૈયાર કરવામાં આવશે.

પોલીસે બે આરોપીની કરી ધરપકડ; અન્ય બે ફરાર

# ઘાટલોડિયા અને નારણપુરામાં થયેલી લાખોની ચોરીનો ભેદ ઉકેલાયો

## છત પરથી વેન્ટિલેશન બારી ખોલીને બંગલામાં પ્રવેશી દાગીના લઈને ફરાર

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૬

અમદાવાદ શહેરમાં ચોરી અને લૂંટફાટની ઘટનાઓ સામાન્ય બની ગઈ છે. તેવામાં ઘાટલોડિયા અને નારણપુરામાં થયેલી અલગ અલગ ચોરીનો ભેદ ઉકેલવામાં પોલીસને સફળતા મળી છે. ઘાટલોડિયા ચોરી કેસમાં LCBએ રાજસ્થાનના એક વ્યક્તિની ધરપકડ કરી ૩૮.૬૩ લાખના ઘરેણાં જપ્ત કર્યા છે જ્યારે અન્ય એક કેસમાં નારણપુરામાં મહિલાની ધરપકડ કરી ૮.૧ લાખના સોનાના દાગીના જપ્ત કર્યા છે. ઘાટલોડિયાના ન્યૂ નિકિતા પાર્ક સોસાયટીમાં આવેલા ઘર નંબર ૭/૯માં ૨૨ જાન્યુઆરીથી ૨૫ જાન્યુઆરી દરમિયાન રાત્રે મકાનમાં ચોરી થઈ હતી. અજાણ્યા વ્યક્તિઓ છત પરથી વેન્ટિલેશન બારી ખોલીને બંગલામાં પ્રવેશ્યા હતા અને સોના-ચાંદીના દાગીના લઈને ફરાર થઈ ગયા હતા. ફરિયાદ બાદ ઘાટલોડિયા પોલીસે ભારતીય ન્યાય સંહિતા (BNS)ની કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો. જે બાદ પોલીસ ટીમે વિસ્તાર અને તેની આસપાસના ૨૦૦થી વધુ CCTV કેમેરાના ફૂટેજની તપાસ કરી જેમાંથી એક સીસીટીવીમાં ત્રણ બાઈક (RJ-12-NS-1847) સવાર ચોરો કેદ થયા હતા. જે બાદ રાજસ્થાનના ડુંગરપુર જિલ્લાના રહેવાસી દિનેશ હલીયા મીણા (૨૪)ની ધરપકડ કરવામાં આવી હતી. ધરપકડ કરાયેલ આરોપી પાસેથી પોલીસે ૩૭.૩૯ લાખના સોનાના દાગીના, ૮૪,૨૫૫ના ચાંદીના દાગીના, ૩૦,૦૦૦ની કિંમતની મોટરસાઇકલ, ૧૦,૦૦૦નો મોબાઈલ ફોન કુલ મળીને ૩૮.૬૩ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ફરાર બે આરોપી, રાજસ્થાનના ડુંગરપુરના રહેવાસી કમલેશ ગંગારામ કલાસુવા અને ઈશ્વર શંકર મીણા તરીકે પોલીસે બે અન્ય આરોપીઓની ઓળખ કરી લીધી છે, તેમણે ઝડપી લેવા માટેની તજવીજ ચાલુ છે. આરોપીઓ અમદાવાદ કે આસપાસના જિલ્લાઓમાં ઘરફોડ ચોરીના અન્ય કેસોમાં સંડોવાયેલા છે કે કેમ તેની તપાસ શરૂ કરી દેવાઈ છે.

# ૧૨ વર્ષની માસૂમને ગર્ભવતી બનાવનાર કિશોરને ૨૦ વર્ષની કેદ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧૬

સુરત ન્યાયતંત્રના ઈતિહાસમાં અને ખાસ કરીને પોક્સો એક્ટ હેઠળ સુરતમાં એક અત્યંત મહત્વપૂર્ણ અને દાખલારૂપ ચુકાદો સામે આવ્યો છે. સચિન વિસ્તારમાં ત્રણ વર્ષ અગાઉ ૧૨ વર્ષની માસૂમ બાળકી પર ત્રણ વાર બળાત્કાર ગુજારી તેને ગર્ભવતી બનાવનાર કિશોરને જુવેનાઈલ કોર્ટે ૨૦ વર્ષની સખત સજા ફટકારી છે. સુરતમાં આ પહેલો એવો કેસ છે જેમાં કોઈ કિશોરને પોક્સો એક્ટ હેઠળ આટલી લાંબી સજા ફટકારવામાં આવી હોય. કેસની વિગતો મુજબ ફેબ્રુઆરી ૨૦૨૩માં સચીન પોલીસ મથકે આ હૃદયદ્રાવક ફરિયાદ નોંધાઈ હતી. એક શ્રમજીવી પરિવારની ૧૨ વર્ષની દીકરીને છેલ્લા બે મહિનાથી માસિક ન આવતા માતા-પિતા ચિંતિત હતા. શરૂઆતમાં નબળાઈ માનીને અવગણના કરી, પરંતુ જ્યારે બાળકીને પેટમાં અસહ્ય દુખાવો ઉપડ્યો અને ડોક્ટર પાસે તપાસ કરાવી ત્યારે પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. તે માસૂમ બાળકી ૪ મહિનાની ગર્ભવતી હતી. બાળકીની પૂછપરછમાં જાણવા મળ્યું કે, જ્યારે તેણીના માતા-પિતા કામ પર ગયા હોય અને ઘરે કોઈ ન હોય ત્યારે પાડોશમાં રહેતો કિશોર અવારનવાર ઘરમાં ઘૂસી આવતો હતો. આરોપીએ બાળકીની મજબૂરીનો ફાયદો ઉઠાવી ત્રણવાર બળાત્કાર ગુજાર્યો હતો. આ હેવાનિયતને કારણે બાળકી ગર્ભવતી બની હતી અને અંતે તેનું ગર્ભપાત કરાવવાની ફરજ પડી હતી. આ કેસમાં સૌથી મહત્વનો વળાંક ત્યારે આવ્યો જ્યારે આરોપીની ઉંમરની ચર્ચા થઈ. આરોપી ઘટના તે સમયે ૧૭ વર્ષનો હતો. કાયદા મુજબ ૧૬થી ૧૭ વર્ષના કિશોરો જો ગંભીર ગુનો કરે, તો બાળ સુરક્ષા અધિકારી તેમનો મનોવૈજ્ઞાનિક રિપોર્ટ તૈયાર કરે છે. આ કેસમાં પણ સાબિત થયું કે, કિશોરની મનોસ્થિતિ કોઈ પુખ્ત વ્યક્તિ જેવી જ ગુનાહિત હતી, જેના આધારે કોર્ટે તેને કડક સજા તરફ ધકેલ્યો. આરોપી હાલ ૨૦ વર્ષનો છે અને તેને કુલ ૨૦ વર્ષની સજા ભોગવવાની છે. તે ૨૧ વર્ષનો પૂરો ન થાય ત્યાં સુધી તેને મહેસાણા ખાતેના 'જુવેનાઈલ હોમ'માં રાખવામાં આવશે. તેની ઉંમર ૨૧ વર્ષ પૂરી થશે એટલે તેને તાત્કાલિક અસરથી સામાન્ય કેદીઓની જેમ જેલમાં મોકલી આપવામાં આવશે.

### યુજીસી નિયમો-૨૦૨૬નો દેશવ્યાપી સ્તરે વિરોધ કરવા ૮ માર્ચે આંદોલન થશે

ગૈર-બંધારણીય UGC Regulations–૨૦૨૬ના વિરોધમાં દેશવ્યાપી સ્તરે ઉદભવતી ગંભીર સંવૈધાનિક, સામાજિક અને શૈક્ષણિક ચિંતાઓના પરિપ્રેક્ષ્યમાં તથા તા.૮ માર્ચ ૨૦૨૬ના રોજ રામલીલા મેદાન, નવી દિલ્હી ખાતે યોજાનાર "UGC રોલબેક મહા આંદોલન"ના સંદર્ભમાં, સવર્ણ સમાજ સમન્વય સમિતિ દ્વારા અમદાવાદ ખાતે એક મહત્વપૂર્ણ પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવી રહ્યું છે. તેઓએ જણાવ્યું કે, સમિતિ UGC Regulations–૨૦૨૬થી સર્જાતા સંવૈધાનિક, સામાજિક તથા શૈક્ષણિક દૂષ્પ્રભાવોના વિરોધમાં સંપૂર્ણપણે લોકશાહી અને સંવૈધાનિક માર્ગ અપનાવી પોતાની માંગણીઓ રજૂ કરી રહી છે. સમિતિ દ્વારા માંગ કરવામાં આવી છે કે UGC Regulations–૨૦૨૬ અસંવૈધાનિક હોવાથી તેને તાત્કાલિક સંપૂર્ણપણે રોલબેક કરવામાં આવે, સામાન્ય / અનામત વિનાના વર્ગને સ્પષ્ટ સંવૈધાનિક અને કાનૂની સુરક્ષા આપવામાં આવે આમ ૧૦ માગણીઓ સમિતિએ રજુ કરી છે.

કોંગ્રેસે અગાઉની પરંપરા મુજબ ઉપાધ્યક્ષ પદની માંગ કરી હતી

# વિધાનસભાના નવા ઉપાધ્યક્ષ પદે સુરતના ધારાસભ્યની થઈ વરણી

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૬

ગુજરાત વિધાનસભાના બજેટ સત્રનો પ્રારંભ જ ભારે રાજકીય ડ્રામા અને હોબાળા સાથે થયા છે. વિપક્ષના આકરા વિરોધ અને સૂત્રોચ્ચાર વચ્ચે સુરત પશ્ચિમના ધારાસભ્ય અને પૂર્વ મંત્રી પૂર્ણેશ મોદીની વિધાનસભાના નવા ઉપાધ્યક્ષ તરીકે વરણી કરવામાં આવી છે. સોમવારે ગુજરાત વિધાનસભાના બજેટ સત્રના પ્રથમ દિવસે રાજકીય માહોલ ગરમાયો હતો. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના સંબોધન સાથે સત્રની શરૂઆત થઈ હતી, પરંતુ કોંગ્રેસના ધારાસભ્યોએ ખેડૂતોના દેવા માફી અને કાયમી ભરતી જેવા મુદ્દે એટલો હોબાળો કર્યો કે રાજ્યપાલે પોતાનું ભાષણ માત્ર ૨૦ મિનિટમાં આટોપી લેવું પડ્યું હતું. રાજ્યપાલના સંબોધન બાદ વિધાનસભાના ઉપાધ્યક્ષ પદ માટેની ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. ભાજપ તરફથી જીતુ વાઘાણીએ પૂર્ણેશ મોદીના નામનો પ્રસ્તાવ મૂક્યો હતો. ધ્વનિ મત (Voice Vote)થી થયેલા મતદાનમાં પૂર્ણેશ મોદીને સ્પષ્ટ બહુમતી મળી હતી. તેમની જીત થતાં જ ભાજપના સભ્યોએ 'જય શ્રી રામ'ના નારા સાથે ગૃહ ગજવી દીધું હતું. બીજી તરફ કોંગ્રેસે શૈલેષ પરમારને ઉમેદવાર તરીકે ઉતાર્યા હતા. કોંગ્રેસનો તર્ક હતો કે, સંસદીય પરંપરા મુજબ ઉપાધ્યક્ષનું પદ વિપક્ષને મળવું જોઈએ. બીજી તરફ, શૈલેષ પરમારનો પણ આક્ષેપ હતો કે, ભાજપે બહુમતીના જોરે વિપક્ષને ઉપાધ્યક્ષ પદ આપવાની પરંપરા તોડી છે. જ્યારે આમ આદમી પાર્ટીએ આ ચૂંટણીથી અંતર જાળવ્યું હતું. ચૈતર વસાવાએ કહ્યું હતું કે, ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષની હાર-જીત પહેલેથી જ નક્કી હતી.

### મહુડીમાં મંદિરમાં થયેલ સોનાની ચોરીના આક્ષેપને ટ્રસ્ટીઓએ ફગાવ્યો

અમદાવાદ,તા.૧૬

શ્રી મહુડી (મધુપુરી) જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક ટ્રસ્ટ સંઘના ૮ ટ્રસ્ટીઓ તથા ટ્રસ્ટ સાથે સંકળાયેલા મહેતા, વોરા અને શાહ પરિવારના પ્રતિનિધિઓ દ્વારા પ્રેસ કોન્ફરન્સ યોજી તેમના ઉપર લગાવવામાં આવેલા વિવિધ આરોપોનો તથ્ય આધારિત જવાબ રજૂ કરવામાં આવ્યો હતો. ટ્રસ્ટી ભૂપેન્દ્રભાઈ વોરાએ ખુલ્લો પડકાર ફેંકતા જણાવ્યું કે જો ૦.૦૦૧ ગ્રામ સોનાની પણ ઉચાપત સાબિત થાય તો હું જાહેર મંચ પર ફાંસીએ લટકી જવા તૈયાર છું. આ ઉપરાંત અંકિત મહેતા અને જયેશ મહેતા સામે બદનક્ષીનો દાવો કરવાની પ્રક્રિયા આગામી દિવસમાં હાથ ધરાશે. ટ્રસ્ટીઓએ સ્પષ્ટતા કરી કે, આરોપ લગાવનાર અંકિત મહેતા (PASSA હેઠળ ૧૯ માસની સજા કાપી ચૂકેલ) અને જયેશ મહેતાનો તેમના ગુનાહિત ઈતિહાસ અને સંઘની ગરીમા ખાતર સભ્યપદેથી બરતરફ કરાયા છે. ૬૫ કિલો સોનાની હેરાફેરીના આક્ષેપોને પાયાવિહોણા ગણાવતા ટ્રસ્ટે ૨૦૧૭થી ૨૦૨૫ સુધીના તમામ ટેક્સ પેઈડ બિલો અને ઓડિટેડ રિપોર્ટ્સ રજુ કર્યા હતા. ટ્રસ્ટ મુજબ, ૨૦૨૩માં ભંડારમાંથી ચોરી કરતા CCTVમાં ઝડપાયેલા શખ્સો સામે કાર્યવાહીનો બદલો લેવા આ કાવતરૂં ઘડાયું છે.

### શહેરના તમામ AMC અર્બન હેલ્થ સેન્ટર પર હડકવાની રસી મળશે

અમદાવાદ, તા.૧૬

શહેરમાં દિન - પ્રતિદિન કુતરા કરડવાના કેસો વધી રહ્યા છે ત્યારે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા હડકવાની રસી હવે દરેક અર્બન હેલ્થ સેન્ટર પર આપવામાં આવશે. જે પણ વ્યક્તિને કૂતરૂં કરડ્યું હોય તે તાત્કાલિક હડકવાની રસીનો પ્રથમ ડોઝ નજીકના અર્બન હેલ્થ સેન્ટર ઉપર જઈને લઈ શકશે. શહેરના ૨૫ જેટલા અર્બન અને કોમ્યુનિટી હેલ્થ સેન્ટર તેમજ હોસ્પિટલોમાં અત્યાર સુધી હડકવાની રસી આપવામાં આવતી હતી પરંતુ, હવે તમામ અર્બન હેલ્થ સેન્ટરોમાં વેક્સિન આપવા અંગેનો નિર્ણય આજે મળેલી હેલ્થ એન્ડ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ કમિટીમાં લેવામાં આવ્યો છે.

### IIFL ફાઈનાન્સ બોન્ડ દ્વારા રૂા.૨,૦૦૦ કરોડ એકત્ર કરશે

અમદાવાદ,તા.૧૬

ભારતની અગ્રણી નોન-બેંકિંગ ફાઈનાન્સિયલ કંપનીઓ (NBFCs)માંની એક, IIFL ફાઈનાન્સ લિમિટેડે સિક્યોર્ડ રિડીમેબલ નોન-કન્વર્ટિબલ ડિબેન્ચર્સ (NCDs)ના પબ્લિક ઈશ્યુના લોન્ચની જાહેરાત કરી. ઈશ્યુનું કદ રૂા.૫૦૦ કરોડ છે જેમાં રૂા.૧,૫૦૦ કરોડ સુધી ઓવર સબસ્ક્રિપ્શન જાળવી રાખવા માટે ગ્રીન-શૂ વિકલ્પ છે, જે કુલ ઈશ્યુ રકમ રૂા.૨,૦૦૦ કરોડ સુધી લઈ જશે. એકત્ર કરાયેલા ભંડોળનો ઉપયોગ વ્યવસાય વૃદ્ધિ અને મૂડી એકત્ર કરવા માટે કરવામાં આવશે. NCDs વાર્ષિક ૯ ટકા સુધીની અસરકારક ઉપજ આપે છે, જેમાં રોકાણનો સમયગાળો ૨૪ મહિના, ૩૬ મહિના અને ૬૦ મહિનાનો હોય છે. રોકાણકારો માસિક, વાર્ષિક અને સંચિત (પરિપકવતા પર) વ્યાજ ચુકવણી વિકલ્પોમાંથી પસંદગી કરી શકે છે.

જન આક્રોશસભામાં GPCCના વરિષ્ઠ આગેવાને કહ્યું - કોંગ્રેસ ૨૦૨૭ની ચૂંટણી જીતશે

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પૂર્ણ થતાં જ રાહુલ ગાંધી સહિત AICC નેતાઓ મિશન ગુજરાતને આગળ ધપાવશે

## ભાજપના શાસનથી ત્રસ્ત પ્રજા કોંગ્રેસને જરૂરથી સમર્થન આપશે : ગ્યાસુદ્દીન શેખ




ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર ખાતે સોમવારે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાની આગેવાનીમાં જનઆક્રોશ સભાનું આયોજન કરવામાં આવ્યુ હતું. જીપીસીસીના વરિષ્ઠ આગેવાન અને પૂર્વ ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખે સભામાં પોતાનું પ્રવચન આપતાં કહ્યું હતું કે, ભાજપ દ્વારા કોંગ્રેસ સમર્થિત મતદારોના નામ કમી કરવા માટે ખોટી રીતે ફોર્મ ૭ ભરીને પ્રયાસ કરવામાં આવ્યો તે સમજી શકાય તેવી વાત છે કે એક ધર્મ વિશેષને ટાર્ગેટ કરીને આ કૃત્ય કરવામાં આવ્યું હતું. પરંતુ કોગ્રેસ પક્ષ સમગ્ર ગુજરાતના ૫ કરોડ મતદાતાઓ માટે લડત લડે છે. કોંગ્રેસ પક્ષ ના ધર્મમાં માને છે ના જાતિમાં માને છે. કોંગ્રેસ પક્ષ તમામ સમાજના લોકોને સાથે લઈને ચાલે છે તે એક બિનસાંપ્રદાયિક પક્ષ છે.

હું માનું છું કે પ્રથમ વખત મુસ્લિમ સમાજમાં પણ આ બાબતે આશંકા, રોષ અને ગુસ્સો પ્રવર્તતો હતો પરંતુ ખોટી રીતે ફોર્મ ૭ ભરવાની વિરૂદ્ધ કોંગ્રેસના પ્રદેશ સમિતિના અધ્યક્ષ અમિત ચાવડાથી લઈને ગુજરાતમાં દરેક જિલ્લા, તાલુકા, શહેરના કોગ્રેસ પ્રમુખ અને નાનામાં નાનો કોંગ્રેસનો કાર્યકર પોતાની લડાઈ લડવા માટે રસ્તા ઉપર ઉતર્યા એનાથી મુસ્લિમ સમાજે પણ રાહત અનુભવી અને અમોને પણ લાગ્યું કે મુસ્લિમ સમાજના મુદ્દે પણ કોંગ્રેસ પક્ષ હવે મેદાનમાં આવ્યો છે.

જ્યારથી મલ્લિકાર્જુન ખડગે અને રાહુલ ગાંધીએ અમિત ચાવડાની ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ તરીકે નિમણૂક કરી છે ત્યારથી એક દિવસ પણ અમિત ચાવડા પલાંઠી વાળીને બેઠા નથી. તેમણે સમગ્ર પ્રદેશનું ભ્રમણ કર્યુ છે અને એમની સાથે તુષાર ચૌધરી સહિત તમામ નેતાઓ, આગેવાનો અને કાર્યકર્તાઓએ પણ હવે બીડું ઝડપી લીધું છે. ગુજરાતમાં યાત્રા દ્વારા લોકોનો સંપર્ક કરી તેમની સમસ્યાઓને જાણવાનો પ્રયત્ન કર્યો છે. તેનાથી મોટી સંખ્યામાં લોકો કોંગ્રેસ પક્ષ સાથે જોડાઈ રહ્યા છે.

પૂર્વ ધારાસભ્યએ વધુમાં કહ્યું કે, ભાજપને ખબર છે કે તેમના ૩૦ વર્ષના શાસનનો સૌથી કપરો સમય હાલમાં ગુજરાતમાં ચાલી રહ્યો છે. માટે જ તેમણે સમગ્ર મંત્રી મંડળ બદલી નાખ્યું. ગુજરાતમાં હવે પ્રજા ભાજપાથી ત્રાહિમામ પોકારી ચૂકી છે. રાહુલ ગાંધીએ તો સંસદમાં સ્પષ્ટપણે કહ્યું છે કે 'લીખ કે લે લો, હમ ૨૦૨૭ મેં ગુજરાત જીત કે બતાયેંગે'. અમોને સંપૂર્ણ વિશ્વાસ છે કે આવનાર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ સ્થાનિક નેતાઓની આગેવાનીમાં લડવામાં આવશે અને જેવી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પૂર્ણ થશે કે તુરંત જ રાહુલ ગાંધી સહિત એ.આઈ.સી.સી.ના નેતાઓ ગુજરાતની કમાન સંભાળશે.

૨૦૧૭માં ફક્ત છ માસ માટે રાહુલ ગાંધીએ કમાન સંભાળી હતી અને આપણે સૌએ જોયું છે કે, તે સમયે શું સ્થિતિ હતી. કોગ્રેસ પક્ષે ૮૧ સીટો જીતી હતી અને ગુજરાતમાં પોતાની સરકાર બનાવવાની તદન નજીક હતો. પરંતુ આ વખતે રાહુલ ગાંધીનો સંદેશ છે કે, દોઢ વર્ષ પહેલા ગુજરાતમાં આવશે અને મીશન ગુજરાતને તેઓ આગળ ધપાવશે.

મને પૂર્ણ વિશ્વાસ છે કે, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં કોગ્રેસ ખૂબ જ સારો દેખાવ કરશે અને ભાજપના એન્ટીઈક્બન્સી ફેક્ટર કે જેણે સમાજના દરેક વર્ગ ઉપર અત્યાચાર ગુજાર્યો છે પછી તે દલિત હોય, આદિવાસી હોય અને મુસ્લીમ સમાજની તો વાત જ શું કરીએ, તેમના ઉપર જે રીતે ગુજરાત સહીત સમગ્ર દેશમાં કહેર વર્તાવ્યો છે, પછી તે બુલડોઝરની રાજનીતી હોય કે ભડકાઉ ભાષણ હોય. મસ્જિદ, મદ્રેસા અને દરગાહોને શહીદ - ડિમોલીશન કરવાનું કામ કર્યું છે. એમના અત્યાચારથી ત્રસ્ત થયેલા લોકો કોંગ્રેસને જરુરથી સમર્થન આપશે. ભાજપના શાસનથી ત્રસ્ત પ્રજા કોંગ્રેસને જરૂરથી સમર્થન આપશે. કોંગ્રેસ આ વખતે નવા સ્વચ્છ ચહેરાઓને લઈ જનતાની વચ્ચે જશે અને લોકોની પીડાઓને ઉજાગર કરશે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપ દ્વારા રણનીતિ ઘડાઈ

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં હવે ભાજપ જૂની ફોર્મ્યુલા પર કરશે કામ

## ૬૦થી વધુ વર્ષના ઉમેદવારોને ચૂંટણી માટે ટિકિટ નહીં : નો રીપીટ ફોર્મ્યુલા

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૬

હવે તમામ પક્ષોની નજર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પર છે. ગુજરાત, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી પોતાના પાસાં મજબૂત કરી રહી છે. ત્યારે ટિકિટ મેળવવા માટે ભાજપમાં અત્યારથી જ આંટાફેરા શરૂ થઈ ગયા છે. આવામાં ભાજપે પણ નક્કી કરી લીધું કે, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં જૂની ફોર્મ્યુલા લાગુ કરવામાં આવશે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ટિકિટ મેળવવા માંગતા દાવેદારો અત્યારથી જ સક્રિય થઈ ગયા છે. કેટલાય નેતાઓએ ભાજપના અત્યારથી કમલમના આંટાફેરા શરૂ કરી દીધા છે. ત્યારે ભાજપે ટિકિટ ફાળવવામાં નક્કી કરી લીધું છે કે, આ વખતે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપ પોતાની જૂની ફોર્મ્યુલાને જ વળગી રહેશે. ભાજપના આંતરિક સૂત્રોનું કહેવું છે કે, ભાજપ જૂની ફોર્મ્યુલાથી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી લડશે. જેમાં સિનિયર નેતાઓને તક નહીં મળે. એટલે કે, ૬૦થી વધુ વર્ષના ઉમેદવારોને ચૂંટણી માટે ટિકિટ નહીં અપાય. આ ઉપરાંત રિપીટ થિયરી પણ નહીં અપનાવાય. જેમ કે, બેથી વધુવાર કોર્પોરેટર કે તાલુકા-જિલ્લા પંચાયતના સદસ્ય. ચૂંટાયા હોય તેઓને ફરીથી ટિકિટ નહીં મળે. ભાજપ નવા ચહેરાઓને પ્રાધાન્ય આપશે. આ સાથે જ ગુનાહિત રેકોર્ડ ધરાવતી વ્યક્તિઓ પણ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં સ્થાન નહીં મળે. આમ, ભાજપ પક્ષના ધોરણોના આધારે ઉમેદવારોની પસંદગી કરશે. તેથી જે લોકો સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી લડવા માંગતા હોય તેઓએ ભાજપના આ નિયમોનું પાલન કરવુ પડશે. તેવી વિગતો પ્રાપ્ત થઈ રહી છે.

મેં મારૂં જુનું નામ **સહેલી સુબાશીસ** આચાર્યથી બદલીને નવું નામ **સહેલી સુવાશીસ** આચાર્ય રાખ્યું છે. મારા પિતાનું નામ સુબાશીસ આચાર્યથી બદલીને **સુવાશીસ આચાર્ય** અને માતાનું નામ **રૂબી સુબાશીસ આચાર્યથી** રૂબી સુવાશીસ આચાર્ય થયું છે.
સરનામું : B-21, શરણમ-9, ચંદન પાર્ટી પ્લોટની સામે, સેટેલાઈટ, અમદાવાદ, ગુજરાત

CHANGE OF NAME
I have Changed my name from
OLD SHAIKH MUZAFFAR MAHAMMED KASIM to
NEW SHAIKH MUZAFFAR MOHAMMAD KASIM
ADD : 2, Sir duplex, arafat park,
Opp Bage Tabbasum, Fatehwadi,
Ahmedabad-382405

CHANGE OF NAME
I have Changed my name from
OLD SHAIKH YASMINBANU MUZAFFER to
NEW SHAIKH YASMIN MUZAFFAR
ADD : 2, Sir Duplex, Arafat Park,
Opp Bage Tabbasum, Fatehwadi,
Ahmedabad-382405

# ઈ-મેઈલથી માહિતી મળી : એપસ્ટીન કેસમાં ભારતીય પીડિતાનો ખુલાસો; અમેરિકાએ વળતર માટે દૂતાવાસની મદદ માંગી

**નવા પ્રકાશિત થયેલા જેફરી એપસ્ટીન દસ્તાવેજો દર્શાવે છે કે, કથિત પીડિતોમાં એક ભારતીય છોકરી પણ હતી, અમેરિકી અધિકારીઓએ વળતર માટે તેને શોધવા માટે દૂતાવાસની મદદ માંગી હતી, ઈ-મેઈલ્સમાં બિલ ગેટ્સ, પૂર્વ કેન્દ્રીય મંત્રી હર્ષવર્ધન અને ભારતીય પી.આર. એક્ઝિક્યુટિવ દિલીપ ચેરિયનનો પણ ઉલ્લેખ છે, જે એપસ્ટીનના વ્યાપક આંતરરાષ્ટ્રીય જોડાણોને પ્રકાશિત કરે છે**

(એજન્સી) તા.૧૬

જેફરી એપસ્ટીન કેસમાં જાહેર કરાયેલા દસ્તાવેજોના તાજેતરના ભાગમાં જાણવા મળ્યું છે કે, કથિત પીડિતોમાં એક ભારતીય છોકરી પણ હતી, યુએસ અધિકારીઓ પીડિતોના ભંડોળમાંથી વળતર માટે તેને શોધવાનો પ્રયાસ કરી રહ્યા છે.

ઓગસ્ટ ૨૦૧૯માં એપસ્ટીનના મૃત્યુના મહિનાઓ પછી ૧૩ જાન્યુઆરી, ૨૦૨૦ના રોજના એક ઈ-મેઈલમાં અધિકારીઓ ભારતમાં યુએસ દૂતાવાસ સાથે તેને શોધવા માટે સંકલન અંગે ચર્ચા કરતા દેખાય છે. 'એપસ્ટીન પીડિતો' શીર્ષકવાળા આ સંદેશાવ્યવહાર પ્રાપ્તકર્તાઓને ન્યૂયોર્ક ક્રાઈમ વિક્ટિમ્સ કોમ્પેન્સેશન લિંક શેર કરવા અને અરજદારોને FBIને કાગળો મોકલવામાં મદદ કરવા નિર્દેશિત કરે છે. ભારત સ્થિત વ્યક્તિનો ઉલ્લેખ કરતા ઈ-મેઈલમાં જણાવાયું છે કે, અધિકારીઓ તેનું સરનામું અને સંપર્ક વિગતો મેળવ્યા પછી દૂતાવાસના સાથીદારો સાથે સંકલન કરશે. અન્ય પ્રકાશિત ઈ-મેઈલ્સ એપસ્ટીનના વૈશ્વિક જોડાણોને પ્રકાશિત કરે છે. ૫ જૂન, ૨૦૧૪ના રોજના એક મેઈલમાં બિલ ગેટ્સ ભારતમાં તત્કાલીન કેન્દ્રીય આરોગ્ય પ્રધાન હર્ષ વર્ધન સાથેની સંભવિત બેઠકનો ઉલ્લેખ કરે છે. એપસ્ટીનના સહયોગી ગિનો યુના ૨૦૧૭ના એક અલગ ઈ-મેઈલમાં તેમને ભારતીય જનસંપર્ક એક્ઝિક્યુટિવ દિલીપ ચેરિયન સાથે પરિચય કરાવવાનો ઉલ્લેખ છે, જેને



પ્રભાવશાળી તરીકે વર્ણવવામાં આવ્યા છે અને તાજેતરમાં જ તેમણે તેમની પેઢી ૧૬ કરોડ ડૉલરમાં વેચી દીધી છે.

૨૦૧૮ના અન્ય એક મેઈલમાં પૂર્વ એક્ઝિક્યુટિવ જીડ ઝેઈટલિન ભારતમાં વ્યવસાયિક આરોપો સંબંધિત 'બનાવટી સમાચાર'ની ચર્ચા કરે છે, દાવાઓને જૂના અને અગાઉ યુએસ અધિકારીઓ દ્વારા મંજૂર કરવામાં આવ્યા હતા.

દસ્તાવેજોમાં ૨૦૧૦ના એક ઈ-મેઈલનો પણ સમાવેશ થાય છે જેમાં એક વૃદ્ધ ભારતીય વ્યક્તિ સાથે સંકળાયેલી ક્ષોભજનક ફ્લાઈટ મુલાકાતનું વર્ણન કરવામાં આવ્યું છે, જે હવે જાહેર ક્ષેત્રમાં પત્રવ્યવહારના વ્યાપક અને વ્યક્તિગત પ્રકૃતિ પર ભાર મૂકે છે.

# 'મમતાએ ઈન્ડિયા જૂથનું નેતૃત્વ કરવું જોઈએ' : મનમોહનના પૂર્વ સલાહકારના સૂચન સાથે TMC સાંસદ સહમત

**મમતાને "સંપૂર્ણપણે સ્વ-નિર્મિત" ગણાવતા મનમોહનના પૂર્વ સલાહકાર કહે છે કે રાહુલ-ખડગે સાથે સોનિયા-મનમોહન મોડેલનું પુનરાવર્તન કરવાથી મોદીના નેતૃત્વ હેઠળના ભાજપનો સામનો કરવામાં "મદદ મળી નથી"**

(એજન્સી) તા.૧૬

સોમવારે કોંગ્રેસ યુગના પૂર્વ ટોચના કાર્યકરો તરફથી વિપક્ષના ઈન્ડિયા જૂથનું નેતૃત્વ અથવા સંચાલન કોણ કરવું જોઈએ તે અંગે નવા વિચારો સામે આવ્યા. તત્કાલીન પીએમ મનમોહન સિંહના મીડિયા સલાહકાર તરીકે સેવા આપી ચૂકેલા સંજયબારૂએ ચૂંટણી જંગમાં રહેલા પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીનો પક્ષ લીધો છે. તેમણે દલીલ કરી હતી કે, "હાલમાં રાજકીય પક્ષ અને સરકાર બંનેનું નેતૃત્વ કરનાર એકમાત્ર મહિલા તરીકે", મમતા બેનરજી રાષ્ટ્રીય અને પ્રાદેશિક સ્તરે નેતાઓની વર્તમાન પેઢીથી અલગ છે. બારૂએ ધ ટેલિગ્રાફ માટે એક લેખમાં દલીલ કરી હતી કે "સોનિયા ગાંધી-મનમોહન સિંહ મોડેલને રાહુલ ગાંધી-મલ્લિકાર્જુન ખર્ગે સાથે પુનરાવર્તન કરવાથી કોઈ ફાયદો થયો નથી." તેમનો આ લેખ બેનરજીની પાર્ટી તૃણમૂલ કોંગ્રેસ (TMC)ના રાજ્યસભા સાંસદ સાગરિકા ઘોષે X પર શેર કર્યો હતો અને લખ્યું કે આ એક વિચાર જેનો સમય આવી ગયો છે અને મહિલા વડાપ્રધાન હતા તેને ઘણો સમય થઈ ગયો છે. શાસક ભાજપ એક પુરૂષપ્રધાન પક્ષ છે તે હકીકતને ધ્યાનમાં લેતા, એક મહિલા રાજકીય નેતાના નેતૃત્વ



હેઠળનું વિપક્ષી ગઠબંધન, જે સ્વતંત્ર સ્ત્રીત્વનું પ્રતીક છે, તે ભાજપના તાજેતરમાં મેળવેલા મહિલા મત આધારમાં તફાવત લાવી શકે છે. કોઈપણ સંજોગોમાં, લાંબા સમય સુધી આપણને મહિલા વડાપ્રધાન બન્યા નથી. ઈન્દિરા ગાંધી અત્યાર સુધી ભારતના એકમાત્ર મહિલા વડાપ્રધાન રહ્યા છે. તે જ દિવસે, કેરળના તિરૂવનંતપુરમમાં, કોંગ્રેસના પૂર્વ નેતા મણિશંકર ઐયરે કહ્યું કે જો ઈન્ડિયા બ્લોક એકીકૃત થાય છે, તો મને લાગે છે કે તેને એકીકૃત કરવા માટે શ્રેષ્ઠ વ્યક્તિ એમકે સ્ટાલિન છે, જે તમિલનાડુના ડીએમકેના વડા અને મુખ્યમંત્રી છે, જ્યાં ટૂંક સમયમાં વિધાનસભાની ચૂંટણીઓ પણ યોજાવાની છે. તેમણે કહ્યું કે, "રાહુલ ગાંધી ભારતના વડાપ્રધાન બની શકે છે, છેલ્લા એક વર્ષમાં સ્ટાલિને જે કર્યું છે તે ભારતમાં સંઘવાદ સાથે સંબંધિત દરેક મુદ્દાને ઉઠાવવાનું છે. તેથી, હું માનું છું કે તેઓ ઈન્ડિયા બ્લોકના અધ્યક્ષ બનવા માટે શ્રેષ્ઠ વ્યક્તિ છે; અને તેમનામાં એ મહાન ગુણ છે કે તેઓ રાહુલ ગાંધીના પીએમ બનવાના માર્ગમાં ઊભા રહેશે નહીં. કોંગ્રેસે હજુ સુધી આ દલીલો પર કોઈ પ્રતિક્રિયા આપી નથી. જોકે, પાર્ટીએ ઐયર દ્વારા કેરળના મુખ્યમંત્રી પિનરાઈ વિજયનની પ્રશંસા પર પ્રતિક્રિયા આપી હતી, જેમને રાજ્યમાં કોંગ્રેસની આગેવાની હેઠળના વિપક્ષ આ વર્ષે ચૂંટણીમાં હરાવવાની આશા રાખે છે. કોંગ્રેસના મહાસચિવ કે.સી. વેણુગોપાલે સોમવારે ઐયરની ટિપ્પણી (જેમાં તેમણે કેરળમાં વિજયનની આગેવાની હેઠળની સરકારની વાપસીની આગાહી કરી હતી) - તેને તેમનો "વ્યક્તિગત અભિપ્રાય" ગણાવ્યો હતો. વેણુગોપાલે ઉમેર્યું હતું કે ઐયર હવે પાર્ટીમાં નથી. કેરળ ચૂંટણી માટે કોંગ્રેસના નિરીક્ષક સચિન પાયલોટે વેણુગોપાલના નિવેદનને સમર્થન આપ્યું કે : "તેઓ કોંગ્રેસ પાર્ટીનો ભાગ નથી. હું તેના પર ટિપ્પણી કરવા માંગતો નથી." મમતાનો પક્ષ નરેન્દ્ર મોદી સરકારનો વિરોધ કરવામાં રાષ્ટ્રીય સ્તરે ૨૦૨૪ની ચૂંટણી પહેલા રચાયેલા ઈન્ડિયા બ્લોકનો ભાગ રહ્યો છે; પરંતુ રાજ્ય સ્તરે તે અલગ રહે છે.

# પીરાગઢી ત્રિપલ મૃત્યુ કેસમાં 'ક્યોર-ઓલ' બાબાને ૧૪ દિવસની કસ્ટડીમાં મોકલવામાં આવ્યો, નાણાકીય તપાસ શરૂ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

પીરાગઢી ફ્લાયઓવર પર એક કારમાં ત્રણ મૃતદેહ મળી આવવાના કેસમાં આરોપી કમરૂદ્દીન ઉર્ફે 'બાબા'ને ૧૪ દિવસની ન્યાયિક કસ્ટડીમાં મોકલવામાં આવ્યો છે.

એડિશનલ ડીસીપી (ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ) સચિન શર્માના જણાવ્યા અનુસાર આરોપીએ કથિત રીતે તેના પીડિતોને ફસાવવા માટે 'બીમારીઓનો ઈલાજ' કરવાની યોજનાનો ઉપયોગ કર્યો હતો. ડીસીપીએ જણાવ્યું કે, 'તે બીમારીઓનો ઈલાજ કરીને લોકોને




**દિલ્હીના પીરાગઢીમાં એક કારની અંદર એક મહિલા સહિત ત્રણ લોકો મૃત હાલતમાં મળી આવ્યા હતા, તપાસમાં જાણવા મળ્યું છે કે, મૃત્યુ પહેલાં પીડિતો સાથે એક બાબા જોવા મળ્યો હતો**

ફસાવતો હતો. અત્યાર સુધી જે લોકો આવ્યા છે તેઓ બીમારીથી સંબંધિત છે. તેને પોલીસ કસ્ટડીમાં લેવામાં આવ્યો છે અને તેની પૂછપરછ કરવામાં આવી રહી છે. અમે નાણાકીય પાસાઓની તપાસ કરી રહ્યા છીએ.'

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, 'લોકોને ફસાવવાની મુખ્ય પદ્ધતિ જે અત્યાર સુધી પ્રકાશમાં આવી છે તે એ છે કે, તે લોકોને સાજા કરવાનો દાવો કરે છે. જો કોઈને સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓ હોય, તો અમે અત્યાર સુધી જે લોકો સાથે વાતચીત કરી છે તે મોટાભાગના લોકોએ આવી જ વાતો કહી છે. ડીસીપીએ વધુમાં જણાવ્યું હતું કે, તેમના કાર્ડમાં 'દરેક બીમારી માટે દવા' અને આવી જ વાતોનો ઉલ્લેખ છે. તેથી પીડા કે તકલીફમાં હોય તેવી કોઈપણ વ્યક્તિ તેમની પાસે આવતી પરંતુ અત્યાર સુધી જે લોકો આગળ આવ્યા છે તેઓએ બીમારી સંબંધિત ઉપચાર માટે તેમની શોધ કરી છે. આ કિસ્સામાં પણ તે સમાન હતું.'

તેમણે એમ પણ કહ્યું કે, તેમણે તેમની પાસે આવનારા દરેક વ્યક્તિ અથવા અમુક ચોક્કસ લોકોને તપાસનો ભાગ બનાવ્યા હતા. ડીસીપીએ ઉમેર્યું કે, 'હાલમાં તે પોલીસ કસ્ટડીમાં છે અને પૂછપરછ ચાલુ છે. પૂછપરછ દરમિયાન તેણે જે સ્થળોનો ઉલ્લેખ કર્યો છે તેના આધારે તે આ કેસ સાથે સંબંધિત છે કે અન્ય કોઈ શંકાસ્પદ બાબત સામે આવશે, તેને તપાસ હેઠળ લેવામાં આવશે. અમે હાલમાં નાણાકીય પાસાઓની તપાસ કરી રહ્યા છીએ. તેથી અમે તેના પર કામ કરી રહ્યા છીએ. જેની પણ ભૂમિકા સામે આવશે, તે અમે હાલમાં કહી શકતા નથી પરંતુ જેમ જેમ તપાસ વિસ્તરશે અને વધુ વિકાસ થશે, જો અન્ય કોઈની ભૂમિકા બહાર આવશે તો તેમને પણ આ સમગ્ર તપાસના દાયરામાં સામેલ કરવામાં આવશે.' અગાઉ રાષ્ટ્રીય રાજધાનીના પીરાગઢી વિસ્તારમાં એક કારની અંદર એક મહિલા સહિત ત્રણ લોકો મૃત હાલતમાં મળી આવ્યા હતા, જેમાં તપાસમાં અહેવાલ છે કે, એક બાબા તેમના મૃત્યુ પહેલાં પીડિતો સાથે જોવા મળ્યો હતો. સૂત્રોએ જણાવ્યું હતું કે, બાબા ત્રણ પીડિતોને તેમના મૃત્યુ પહેલાં મળ્યા હતા અને તેમની સાથે પરિચિત હતા, જેના કારણે તે આ કેસમાં એક મહત્ત્વપૂર્ણ કડી બની શકે છે.

દિલ્હી પોલીસને પીસીઆર કોલ મળ્યા બાદ આ ઘટના પ્રકાશમાં આવી હતી જેમાં પીરાગઢી ફ્લાયઓવર નજીક એક કારની અંદર ત્રણ લોકો બેભાન હાલતમાં પડેલા હોવાની જાણ કરવામાં આવી હતી. ઘટનાસ્થળે પહોંચીને વાહન ખોલતા પોલીસને રણધીર, શિવનરેશ અને લક્ષ્મીના મૃતદેહ મળ્યા. પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, જે કારમાં મૃતદેહો મળી આવ્યા હતા તે લગભગ એક કલાકથી ઘટનાસ્થળે ઊભી હતી.

# બાંગ્લાદેશ સંસદમાં લઘુમતી સમુદાયના ચાર સભ્યો ચૂંટાયા

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

બાંગ્લાદેશમાં તાજેતરની સામાન્ય ચૂંટણીઓમાં બે હિન્દુઓ સહિત લઘુમતી સમુદાયના ચાર ઉમેદવારો જીત્યા હતા, જે બધા BNPના ઉમેદવાર હતા, જે મંગળવાર, ૧૭ ફેબ્રુઆરીના રોજ સરકાર બનાવવા માટે તૈયાર છે. ગોયેશ્વર ચંદ્ર રોય અને નિતાઈ રોય ચૌધરી એ બે હિન્દુ ઉમેદવારો છે જેમણે બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (BNP)ની ટિકિટ પર જીત મેળવી હતી. તેઓ ઢાકા બેઠક અને પશ્ચિમ મગુરા મતવિસ્તારમાંથી જીત્યા હતા અને જમાત-એ-ઈસ્લામી દ્વારા ઉભા કરાયેલા તેમના હરીફોને હરાવ્યા હતા. રોય BNPની સર્વોચ્ચ નીતિ-નિર્માણ સ્થાયી સમિતિના સભ્ય છે, જ્યારે ચૌધરી પાર્ટીના અગ્રણી ઉપપ્રમુખોમાંના એક છે તેમજ તેના ટોચના નેતૃત્વ માટે વરિષ્ઠ સલાહકાર અને વ્યૂહરચનાકાર છે. ત્રીજા ચૂંટાયેલા લઘુમતી સાંસદ સચિંગ પ્રુ છે, જે BNPના વરિષ્ઠ નેતા અને બૌદ્ધ ધર્મના અનુયાયી છે, જે દક્ષિણપૂર્વીય પહાડી જિલ્લા બંદરબનમાં માર્મા વંશીય સમુદાયનું પ્રતિનિધિત્વ કરે છે, જ્યાંથી તેઓ ચૂંટાયા હતા. ચોથા લઘુમતી ઉમેદવાર, દિપેન દીવાન, બૌદ્ધ બહુમતી ચકમા વંશીય લઘુમતી જૂથના છે, જે દક્ષિણપૂર્વીય રંગામતી પહાડી જિલ્લાના એક મતવિસ્તારમાંથી જીત્યા હતા. જોકે, તેમની ધાર્મિક ઓળખ અસ્પષ્ટ છે, ઘણા લોકો તેમને હિન્દુ તરીકે વર્ણવે છે. ૧૭ કરોડ લોકોના મુસ્લિમ બહુમતીવાળા દેશમાં હિન્દુઓ વસ્તીના લગભગ આઠ ટકા છે. દીવાને તેમના નજીકના હરીફ તરીકે એક સ્વતંત્ર ચકમા ઉમેદવારને હરાવ્યો, જ્યારે પ્રુએ વિદ્યાર્થી-નેતૃત્વ હેઠળની નેશનલ સિટીઝન પાર્ટીના ઉમેદવારને હરાવ્યો, જે ગયા વર્ષે સ્ટુડન્ટ્સ અગેઈન્સ્ટ ડિસ્ક્રિમિનેશન દ્વારા રચાયેલી હતી, જેણે ઓગસ્ટ ૨૦૨૪માં પદભ્રષ્ટ વડાપ્રધાન શેખ હસીના સામે મોટા પાયે વિરોધ પ્રદર્શનનું નેતૃત્વ કર્યું હતું. ચૂંટણી પંચ અનુસાર, ધાર્મિક લઘુમતી સમુદાયોની ૧૦ મહિલાઓ સહિત ૭૯ ઉમેદવારો, જેમાં મોટાભાગે હિન્દુઓ હતા, ગુરુવારે ચૂંટણી લડ્યા હતા. જ્યારે ૨૨ રાજકીય પક્ષો દ્વારા ૬૭ ઉમેદવારોને નામાંકિત કરવામાં આવ્યા હતા, જ્યારે ૧૨ સ્વતંત્ર ઉમેદવારો તરીકે ચૂંટણી લડ્યા હતા. બાંગ્લાદેશની કમ્યુનિસ્ટ પાર્ટી (CPB)એ સૌથી વધુ ૧૭ લઘુમતી ઉમેદવારો સાથે મેદાનમાં ઉતાર્યા હતા. ત્યારબાદ ડાબેરી પક્ષ તરફી ઝુકાવ ધરાવતા બાંગ્લાદેશ સમ્યાબાદી દળ



(BSD)એ આઠ લઘુમતી ઉમેદવારો, બહુ ઓછી જાણીતી બાંગ્લાદેશ લઘુમતી જનતા પાર્ટી (BMJP)એ આઠ ઉમેદવારો અને ડાબેરી પક્ષ તરફી ઝુકાવ ધરાવતા બાંગ્લાદેશ સમાજતાંત્રિક દળ (BASOD)એ સાત ઉમેદવારો સાથે ચૂંટણી લડી. BNP એ છ ઉમેદવારો અને રાષ્ટ્રીય પક્ષે ચાર ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા. જમાત-એ-ઈસ્લામીએ તેના ઈતિહાસમાં પહેલીવાર લઘુમતી હિન્દુ ઉમેદવારને મેદાનમાં ઉતાર્યો. સૌથી મોટી ઈસ્લામી પાર્ટીએ દક્ષિણપશ્ચિમ ખુલના મતવિસ્તારમાંથી અનુભવી ઉદ્યોગપતિ કૃષ્ણ નંદીને મેદાનમાં ઉતાર્યા, જેઓ હારી ગયા, પરંતુ જમાતના ઉમેદવાર તરીકે તેમની ભાગીદારીની વ્યાપક ચર્ચા થઈ. તેઓ ખુલના-૧ મતવિસ્તારમાં બીજા ક્રમે રહ્યા, BNP ઉમેદવાર સામે હાર સ્વીકારી. ૨૦૨૪ની ચૂંટણીમાં હિન્દુ સાંસદોની સંખ્યા ૧૭ હતી અને ૨૦૧૮ની ચૂંટણીમાં એટલી જ સંખ્યામાં હિન્દુઓ જીત્યા હતા, જેમાંથી મોટાભાગના હસીનાની અવામી લીગના હતા. તારિક રહેમાનના નેતૃત્વમાં, BNPએ ૧૨ ફેબ્રુઆરીના રોજ યોજાયેલી ચૂંટણીમાં ૪૯.૯૭ ટકા મતો અને ૨૦૯ બેઠકો સાથે બે તૃતીયાંશ બહુમતી સાથે સત્તામાં કબજો કર્યો, જેના પરિણામો ૧૩ ફેબ્રુઆરીએ જાહેર થયા હતા.પાકિસ્તાનથી દેશની ૧૯૭૧ની સ્વતંત્રતાનો વિરોધ કરતી જમાત-એ-ઈસ્લામીએ ૩૧.૭૬ ટકા મતો અને ૬૮ બેઠકો સાથે તેનું અત્યાર સુધીનું શ્રેષ્ઠ પ્રદર્શન નોંધાવ્યું. નેશનલ સિટીઝન પાર્ટી (NCP)એ ૬ ટકા અને ૩.૦૫ ટકા મતો સાથે ત્રીજા ક્રમે સૌથી વધુ બેઠકો મેળવી.

# કોંગ્રેસ છોડ્યાના થોડાં કલાકો પછી ભૂપેન બોરાહે રાજીનામા પર પુનર્વિચાર કરવા માટે સમય માંગ્યો

**કોંગ્રેસ હાઈકમાન્ડની દખલગીરી બાદ બોરાહે પોતાનો નિર્ણય પાછો ખેંચી લીધો**

(એજન્સી) તા.૧૬

આસામ કોંગ્રેસના પૂર્વ વડા ભૂપેન બોરાહે રાજ્યમાં વિધાનસભા ચૂંટણી પહેલા પાર્ટી છોડવાની જાહેરાત કર્યાના થોડા કલાકો પછી પાર્ટીમાંથી પોતાનું રાજીનામું પાછું ખેંચી લીધું હતું.

ન્યૂઝ એજન્સીના અહેવાલ મુજબ ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટીના રાજ્ય પ્રભારી જીતેન્દ્ર સિંહે જણાવ્યું હતું કે, બોરાહ (૫૫)એ કોંગ્રેસ હાઈકમાન્ડની દખલગીરી બાદ પોતાનું રાજીનામું પાછું ખેંચ્યું હતું.

આસામ કોંગ્રેસ એકમના પ્રમુખ ગૌરવ ગોગોઈએ પણ પુષ્ટિ કરી કે લોકસભામાં વિરોધ પક્ષના નેતા અને કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ તેમના રાજીનામા બાદ બોરાહ સાથે વાત કરી હતી. મીડિયાએ ગોગોઈને ટાંકીને કહ્યું કે, કોંગ્રેસ હાઈકમાન્ડ દ્વારા બોરાહનું રાજીનામું સ્વીકારવામાં આવ્યું નથી.

**બોરાહે રાજીનામા માટે કયા કારણો આપ્યા :**

રાજીનામું આપતી વખતે આસામ કોંગ્રેસના પૂર્વ વડાએ કહ્યું હતું કે, તેઓ સક્રિય રાજકારણમાં રહેશે.

બોરાહે ગુવાહાટીમાં તેમના નિવાસસ્થાનની બહાર મીડિયાકર્મીઓને



જણાવ્યું હતું કે, 'મેં સોમવારે સવારે ૮ વાગ્યે કોંગ્રેસમાંથી મારૂં રાજીનામું સુપરત કરી દીધું છે. વધુ ટિપ્પણી કરતા પહેલા હું પાર્ટી હાઈકમાન્ડના પ્રતિભાવની રાહ જોઈશ. હું ફરીથી કહેવા માંગુ છું કે, હું સક્રિય રાજકારણમાં રહીશ.'

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, તેઓ ૩૨ વર્ષથી કોંગ્રેસ પાર્ટીના 'સક્રિય અને સમર્પિત કાર્યકર' રહ્યા છે અને ઉમેર્યું હતું કે, છેલ્લા કેટલાક દિવસોમાં ઉદ્ભવેલા 'ચોક્કસ સંજોગો'ને કારણે તેમને પાર્ટીમાંથી રાજીનામું આપવાનો નિર્ણય લીધો હતો.

તેમણે આજે વહેલી તકે સ્પષ્ટતા કરી કે, 'મેં હજુ સુધી ભવિષ્યમાં કયો રસ્તો અપનાવવો તે અંગે નિર્ણય લીધો નથી.' બોરાહનું રાજીનામું એક નિર્ણાયક તબક્કે આવ્યું છે, આ વર્ષે માર્ચ-એપ્રિલ વચ્ચે આસામ વિધાનસભા ચૂંટણી યોજાવાની છે. ભારતના ચૂંટણી પંચ દ્વારા હજુ સુધી તારીખોની જાહેરાત કરવામાં આવી નથી. ગયા વર્ષે મે મહિનામાં બોરાહને કોંગ્રેસના આસામ એકમના પ્રમુખ તરીકે બદલવામાં આવ્યા હતા અને લોકસભા સાંસદ ગૌરવ ગોગોઈએ આ ભૂમિકા સંભાળી હતી. આસામના મુખ્યમંત્રી સરમાએ બોરાહના રાજીનામા પર પ્રતિક્રિયા આપતા કહ્યું કે, આજે વહેલી સવારે બોરાહના રાજીનામા પર પ્રતિક્રિયા આપતા આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ કહ્યું કે, જે દિવસે તેમને ગોગોઈ દ્વારા પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ બનાવવામાં આવ્યા તે દિવસે આ અપેક્ષિત હતું.

સરમાએ કહ્યું કે, 'એ સ્પષ્ટ થઈ ગયું છે કે, આસામ કોંગ્રેસમાં ટકી રહેવા માટે વ્યક્તિના એક પ્રતિષ્ઠિત પિતા હોવા જોઈએ કે લઘુમતી સમુદાયના સભ્ય બનવું જોઈએ. બોરાહ બંનેમાંથી કઈ ન હતા, જ્યારે ગૌરવ ગોગોઈ અને રકીબુલ હુસૈન મજબૂત થઈ રહ્યા હતા, ત્યારે તેમને બાજુ પર રાખવામાં આવ્યા હતા.'

આસામના મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, રાજીનામું આપતા પહેલા તેઓ બોરાહના સંપર્કમાં ન હતા પરંતુ તેઓ તેમને મળશે અને ભવિષ્યની સંભાવનાઓ અંગે ચર્ચા કરશે.

# કેરળના સૌથી નાના અંગદાતા, ૧૦ મહિનાના અલિન શેરીનને રાજ્ય સન્માન સાથે અંતિમ સંસ્કાર આપવામાં આવ્યા

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

કેરળના સૌથી નાના અંગ દાતા, દસ મહિનાની અલિન શેરીન અબ્રાહમને ૧૫ ફેબ્રુઆરીના રોજ પઠાણમથિટ્ટામાં સંપૂર્ણ રાજ્ય અને પોલીસ સન્માન સાથે અંતિમ સંસ્કાર આપવામાં આવ્યા હતા, જ્યારે શોકગ્રસ્ત સમુદાય એક એવા જીવનને વિદાય આપવા માટે એકત્ર થયો હતો જેણે ટૂંકા ગાળાના હોવા છતાં, ઘણા લોકોના જીવનનો માર્ગ બદલી નાખ્યો હતો. ફેસબુક પર શેર કરેલા સંદેશાઓમાં, મુખ્યમંત્રી પિનરાયી વિજયન અને કેરળ વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા વી.ડી. સતીસને તેના માતાપિતાના નિર્ણયને એક ઉમદા કાર્ય તરીકે વર્ણવ્યો જે શબ્દોથી પરે છે, અકલ્પનીય નુકસાન વચ્ચે આશા આપે છે. અલિન ફક્ત દસ મહિના જીવ્યો. છતાં, તે ટૂંકા ગાળામાં, તે પાંચ અન્ય લોકો જીવતા રહી શક્યા તેનું કારણ બની. આ મહિનાની શરૂઆતમાં, અલિનને એક માર્ગ અકસ્માતમાં ગંભીર ઈજાઓ થઈ હતી. તે જે કારમાં તેના માતા-પિતા અને દાદા-દાદી સાથે મુસાફરી કરી રહી હતી તે ૫ ફેબ્રુઆરીના રોજ બીજા વાહન સાથે અથડાઈ હતી. તબીબી પ્રયાસો છતાં, કોચીમાં અમૃતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સના ડોકટરોએ ૧૩ ફેબ્રુઆરીના રોજ પરિવારને જાણ કરી હતી કે બાળકને મગજથી મૃત જાહેર કરવામાં આવ્યું છે. ભારે દુઃખનો સામનો કરીને, તેના માતા-પિતાએ તેના અંગો - કિડની, લીવર, કોર્નિયા અને હૃદયના વાલ્વ - દાન કરવાનું પસંદ કર્યું જેથી અન્ય બાળકો અને પરિવારોને જીવન જીવવાની બીજી તક



મળી શકે. વ્યક્તિગત દુઃખથી ઉપર ઉઠીને, તેમને એ માન્યતામાં સાંત્વના મળી કે એલિન બીજાઓ દ્વારા જીવતી રહેશે. એલિન ચર્ચ ઓફ સાઉથ ઈન્ડિયા સિનોડ સાથે સંકળાયેલા અરુણ અબ્રાહમ અને ચેંગાફૂર માર સેવેરિઓસ બીએડ ટ્રેનિંગ કોલેજના શિક્ષક શેરીન એન જોનની એકમાત્ર પુત્રી હતી. શુક્રવારે સાંજે ૭:૧૩ વાગ્યે, એલિનના અંગોને AIMS કોચીથી ખાસ ગોઠવાયેલા ગ્રીન કોરિડોર દ્વારા પરિવહન કરવામાં આવ્યા. કિંમતી માલસામાન વહન કરતી એમ્બ્યુલન્સ ૩ કલાક અને ૨૦ મિનિટમાં તિરુવનંતપુરમની KIMS હેલ્થ હોસ્પિટલ પહોંચી. રાત્રે ૧૦:૩૦ વાગ્યે, છ મહિનાની ધરિયા માટે ટ્રાન્સપ્લાન્ટ સર્જરી શરૂ થઈ, જેને એલિનનું લીવર મળ્યું. આ પ્રક્રિયા સાથે, ધરિયા બીજા શિશુ પાસેથી લીવર મેળવનારી કેરળની સૌથી નાની દર્દી બની. એલિનના હૃદયના વાલ્વ તિરુવનંતપુરમ સ્થિત શ્રી ચિત્રા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સિસ એન્ડ ટેક્નોલોજીને દાનમાં આપવામાં આવ્યા હતા, જ્યારે તેના કોર્નિયા કોચીના AIMS ખાતે આંખ બેંકમાં મોકલવામાં આવ્યા હતા, જ્યાં તેને યોગ્ય ટ્રાન્સપ્લાન્ટ પ્રાપ્તકર્તાઓ માટે સાચવવામાં આવશે. તેની કિડની તિરુવનંતપુરમ મેડિકલ કોલેજ હોસ્પિટલમાં ૧૦ વર્ષની નેફ્રોલોજી દર્દીમાં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી હતી. શનિવારે વહેલી સવારે સર્જરી સફળતાપૂર્વક પૂર્ણ થઈ હતી. પ્રક્રિયા પછી બાળકીએ તેના માતા-પિતા સાથે વાત કરી હોવાનું કહેવાય છે અને તેની સ્થિતિ સ્થિર હોવાનું કહેવાય છે.

### વીડિયો વાયરલ; સાધુ સંતોમાં ભારે રોષ

# જૂનાગઢ : શિવરાત્રીના મેળામાં કુખ્યાત કીર્તિ પટેલે સાધુઓની સાથે જ મૃગીકુંડમાં સ્નાન કરતાં ભારે વિવાદ

### ગેરકાયદેસર કૃત્ય અથવા લાગણી દુભાઈ હશે તો કાર્યવાહી કરીશું : પ્રાંત અધિકારી





(સંવાદદાતા દ્વારા)

જૂનાગઢ, તા.૧૬

ભવનાથ ખાતે યોજાયેલ શિવરાત્રી મેળાનો કાલે અંતિમ દિવસ હોય અને ખાસ તો રવાડી સરઘસ તેમજ સંતોનાં મૃગીકુંડમાં સ્નાનને ખૂબ જ મહત્વ અને આકર્ષણ રહેલ છે. દરમ્યાન ગઈકાલે સોશ્યલ મીડિયાની ઈન્ફલુએન્સર કિર્તી પટેલે ભગવા કપડા પહેરી મૃગીકુંડમાં ડુબકી મારી અને સ્નાન કર્યાનાં બનાવનાં પગલે ભારે વિવાદ ઊભો થયો છે. મોટાભાગનાં સંતો કિર્તી પટેલનાં આ કૃત્યથી દુઃખી અને વ્યથીત થયા હતા. આ બનાવ અંગે પ્રાપ્ત વિગત અનુસાર ભૂતકાળમાં અનેકવાર વિવાદોમાં ઘેરાઈ ચૂકેલી અને જેલની હવા ખાઈ ચૂકેલી કીર્તિ પટેલે મહાશિવરાત્રિના મેળામાં પહોંચી વિવાદ સર્જ્યો છે. મેળાના અંતિમ દિવસે મૃગીકુંડમાં સાધુઓના શાહી સ્નાન સમયે ભગવો ધારણ કરી કીર્તિ પટેલ ઘૂસી ગઈ હતી. સાધુઓ સાથે મૃગીકુંડમાં સ્નાન કરી 'હર હર મહાદેવ'નો નાદ કરતી જોવા મળી હતી. મહાશિવરાત્રિના મેળાના અંતિમ દિવસે રવેડી સમયે જ ભગવા કપડા સાથે કીર્તિ પટેલ ભવનાથમાં પહોંચી હતી. રવેડી પૂર્ણ થયા બાદ મૃગીકુંડમાં સાધુઓનું શાહી સ્નાન શરૂ થતા ત્યાં પણ પહોંચી જતા વિવાદ સર્જાયો છે. સાધુઓની વચ્ચે જ કીર્તિ પટેલ ડૂબકી લગાવતી જોવા મળી હતી. જેના પર તંત્રનું ધ્યાન પડતા જ તેને તાત્કાલીક દૂર કરવામાં આવી હતી. કિર્તી પટેલના આ કૃત્ય સામે નારાગજી વ્યકત કરતા મેંદરડા ખાખમઢીના સુખરામદાસ બાપુએ કહ્યું હતું કે, રવેડી બાદ સાધુ સંતો જ્યારે મૃગીકુંડમાં સ્નાન કરે છે. ત્યારે દુઃખની વાત એ છે કે, સાધુના કપડા પહેરીને કેટલાક લોકો જ્યારે સ્નાન કરે છે ત્યારે દુઃખ થાય છે. દરમ્યાન કીર્તિ પટેલના મૃગીકુંડમાં સ્નાન બાબતે પ્રાંત અધિકારી ચરણસિંહ ગોહિલે વાતચીતમાં જણાવ્યું હતું કે, આ બાબતે અમે સાધુ સંતો સાથે નીતિ નિયમો બાબતે ચર્ચા કરીશું. જો કોઈ ગેરકાયદે કૃત્ય અથવા તો ધાર્મિક લાગણી દુભાઈ હશે તો જરૂર કાર્યવાહી કરવામાં આવશે.

### 'જાણે એના બાપનો કુંડ હોય તેમ મારી પાછળ ફરે છે'

## મહિલા પોલીસ ઈન્સ્પેક્ટર સાથે દાદાગીરી કરતી કીર્તિનો વીડિયો વાયરલ

(સંવાદદાતા દ્વારા)

જૂનાગઢ, તા.૧૬

મૃગીકુંડમાં ઘૂસીને વિવાદ કરનારી કીર્તિ પટેલનો વધુ એક વીડિયો સોશયલ મીડિયામાં વહેતો થયો છે. આ વીડિયોમાં કીર્તિ પટેલ સુરક્ષા વ્યવસ્થામાં તૈનાથ બે મહિલા પોલીસ ઈન્સ્પેક્ટર (PI) સાથે દાદાગીરી કરતી અને અપશબ્દો બોલતી નજરે પડે છે. સમગ્ર ઘટનાનો વીડિયો સોશયલ મીડિયામાં હાલ ખૂબ જ વાયરલ થઈ રહ્યો છે. કીર્તિના આ કાંડને લઈ જૂનાગઢ એસપીએ તપાસના આદેશ આપ્યા છે.

ગત રાત્રે કીર્તિ પટેલ મૃગીકુંડમાં સ્નાન કરીને બહાર આવી ત્યારે સુરક્ષાના ભાગરૂપે બે મહિલા પીઆઈ તેની પાસે ગયા હતા. આ સમયે કીર્તિ પટેલ ઉશ્કેરાઈ ગઈ હતી અને જાહેરમાં પોલીસ

### જૂનાગઢ એસ.પી.એ તપાસના આદેશ આપ્યા

અધિકારીઓનું અપમાન કરવાનું શરૂ કર્યું હતું. વાયરલ વીડિયોમાં કીર્તિ પટેલ પોલીસને ધમકાવતા કહે છે કે, "હું અહીંથી જતી રહીશ, મારી પાછળ પાછળ નહીં ફરવાનું. હું કોઈ આરોપી નથી હો! ચલો નીકળો અહીંથી."

માત્ર એટલું જ નહીં, કીર્તિ અત્યંત તોછડી ભાષામાં પોલીસ અધિકારીઓ સામે રોફ જમાવતા કહ્યું હતું કે. "જાણે એના બાપનો કુંડ હોય તેમ મારી પાછળ ફરે છે. બાકી રહેતું હોય તો કહો, કાલે ભગવો પહેરી લઉં! પોલીસ અધિકારીઓ સાથે કરવામાં આવેલા આ ગેરવર્તનને જૂનાગઢ પોલીસ તંત્રએ ગંભીરતાથી લીધું છે. આ વીડિયો વાયરલ જતા જ જૂનાગઢ એસપી સુબોધ ઓડેદરાએ તપાસના આદેશ આપ્યા છે.

# AAP નેતા યુવરાજસિંહ જાડેજાએ નકલી દૂધનું ટેન્કર પકડી ભેળસેળ કૌભાંડનો પર્દાફાશ કર્યો

### નકલી દૂધના ટેન્કરનો પીછો કરતી વખતે અમારા પર ત્રણ વાર હુમલો થયો : યુવરાજસિંહ જાડેજા





## હનુમાન ખીજડિયાથી નકલી દૂધ ગુજરાતના અલગ-અલગ વિસ્તારોમાં સપ્લાય કરવામાં આવે છે : યુવરાજસિંહ જાડેજા

(સંવાદદાતા દ્વારા)

અમરેલી, તા.૧૬

આમ આદમી પાર્ટી યુવા નેતા યુવરાજસિંહ જાડેજાએ નકલી દૂધનું ટેન્કર પકડી પાડ્યુ છે. AAP નેતા યુવરાજસિંહ જાડેજા, ધાર્મિક માથુકીયા, દિલીપ ભૂવા સહિતના AAP આગેવાનો દ્વારા શંકાસ્પદ દૂધનું ટેન્કર અટકાવી પોલીસ સ્ટેશન પર લઈ જવામાં આવ્યું હતુ. આ તકે યુવરાજ સિંહ જાડેજાએ વિગતવાર જણાવતા કહ્યું હતું કે ગુજરાતમાં નકલી દૂધનો વેપાર મોટા પાયે ચાલી રહ્યો હોવાની શંકા છે અને છેલ્લા ત્રણ મહિનાથી તેઓ આ મુદ્દે સતત તપાસ કરી રહ્યા હતા. વિસાવદર નજીક હનુમાન ખિજડિયા ગામમાંથી રોજ બે જેટલા દૂધના ટેન્કર નીકળી ગાંધીનગર અને અરવલ્લી વિસ્તાર તરફ જતા હોવાની માહિતી તેમને મળી હતી. દૂધ સાચું છે કે નકલી તે જાણી લેવા માટે તેઓ સતત આ ટેક્રરોનો પીછો કરતા હતા. આજે પરબવાવડીથી હનુમાન ખિજડિયા તરફ જતા સમયે તેમના પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હોવાનું જણાવ્યું હતુ. ટેન્કર ડ્રાઈવર અને અન્ય કેટલાક લોકોએ ગાડી રોકી અભદ્ર ભાષાનો ઉપયોગ કર્યો અને વાહનને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કર્યો હતો, ત્યારબાદ બાઈક પરથી પથ્થર ફેંકવામાં આવ્યો અને સ્ટીલનો રોડ ફેંકી હુમલો કરવામાં આવ્યો હતો. AAP નેતા યુવરાજ સિંહ જાડેજાએ વધુમાં જણાવ્યું હતું કે ખીરસરા ગામ નજીક બે ગાડીઓએ તેમની ગાડી ઘેરી અને અંદાજે ૧૦થી ૧૫ લોકો દ્વારા મારપીટ કરવામાં આવી. તેમની સાથે રહેલા અન્ય લોકોને પણ માર મારવામાં આવ્યો હતો. તેમણે જણાવ્યું કે તેમનો એકમાત્ર હેતુ ગુજરાતની જનતાને શુદ્ધ અને સુરક્ષિત દૂધ મળે તે છે. ટેન્કર નંબર GJ-33-T-6001 છેલ્લા ત્રણ મહિનાથી વિવિધ સ્થળોએ દૂધ ખાલી કરતું હોવાનો દાવો કર્યો હતો. તેમના જણાવ્યા મુજબ આ દૂધ અરવલ્લી જિલ્લાના કેટલાક ગામોની દૂધ મંડળી સહિત કેટલીક સહકારી ડેરીઓમાં ખાલી કરવામાં આવતું હતું. તેમણે પ્રશ્ન ઉઠાવ્યો કે સહકારી ડેરીઓમાં બહારના વિસ્તારનું દૂધ સ્વીકારવાની મનાઈ હોવા છતાં આ દૂધ કેવી રીતે સ્વીકારવામાં આવતું હતું? તેમની પાસે GPS ટ્રેકિંગ સહિતના કેટલાક પુરાવા ઉપલબ્ધ હોવાનો પણ તેમણે દાવો કર્યો છે. આ દૂધમાં યુરિયા, પામ તેલ અને અન્ય રસાયણો મળ્યાની શંકા વ્યક્ત કરી હતી, તેમણે માંગ કરી કે ટેન્કરને તાત્કાલિક સીલ કરવામાં આવે અને સમગ્ર મામલે નિષ્પક્ષ તથા કડક તપાસ કરવામાં આવે. તેમણે રાજ્યના ગૃહ રાજ્યમંત્રી અને સંબંધિત વિભાગોને આ ઘટનાની ગંભીરતાથી તપાસ કરી દોષિતો સામે કાયદેસરની કાર્યવાહી કરવાની વિનંતી કરી હતી.

## ડીસા તાલુકા પેન્શનર્સ એસોસિએશનની કારોબારી બેઠક મળી



(તસવીર : જમીલ મેમણ, ડીસા)

(સંવાદદાતા દ્વારા) ડીસા, તા.૧૬

ડીસા તાલુકા પેન્શનર્સ એસો.ના કાર્યાલય ખાતે કારોબારી બેઠક કાર્યકારી પ્રમુખ જે.સી. દેસાઈના અધ્યક્ષ સ્થાને મળી હતી. જેમાં આગામી તા.૧૨ એપ્રિલ ૨૦૨૬ના આયોજિત સાધારણ સભાના આયોજન અંગે વિવિધ મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી હતી. કમિટીના સભ્યોને વિવિધ જવાબદારી સોંપવામાં આવી હતી. પ્રમુખ જે.સી.દેસાઈ અને મંત્રી એમ.એફ. મંડોરી દ્વારા એજન્ડા મુજબ વિવિધ બાબતો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

### ઉત્તર ગુજરાતને વધુ એક આધુનિક રેલવે સુવિધાનો લાભ

# રાજ્યની છઠ્ઠી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન સેવાનો પ્રારંભ

### હિંમતનગર રેલવે સ્ટેશન પર ટ્રેનનું ભવ્ય સ્વાગત



(સંવાદદાતા દ્વારા)

હિંમતનગર, તા.૧૬

ઉત્તર ગુજરાતને વધુ એક સુંદર રેલવે સુવિધાનો લાભ મળ્યો છે. રાજ્યમાં છઠ્ઠી વંદે ભારત ટ્રેન સેવાનો પ્રારંભ સોમવારથી શરૂ થયો છે. ઉદયપુરથી અસારવા વંદેભારત ટ્રેનને હિંમતનગર રેલવે સ્ટેશન પર અમદાવાદ માટે લીલી ઝંડી ફરકાવીને પ્રસ્થાન કરાવાઈ હતી. સાસંદ શોભનાબેન બારૈયાએ લીલી ઝંડી ફરકાવીને વંદે ભારતનું પ્રસ્થાન કરાવ્યું હતું.

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના લોકોએ રેલવે સુવિધાઓ માટે સેવેલું સ્વપ્ન જાણે કે તા.૧૬મી ફેબ્રુઆરીને સોમવારના રોજ પૂર્ણ થયું છે. દેશની સૌથી શ્રેષ્ઠ રેલવે ટ્રેન સેવા વંદેભારત ટ્રેન ઉત્તર ગુજરાતના હિંમતનગરને જોડતી શરૂ કરાઈ છે. રાજ્યની છઠ્ઠી વંદેભારત ટ્રેન સેવા ઉદયપુર અને અસારવા વચ્ચે શરૂ કરાઈ છે. જેની પ્રથમ ટ્રેન ઉદયપુરથી સોમવારે બપોરે હિંમતનગર પહોંચી હતી. જે ટ્રેનને હિંમતનગરમાં સ્વાગત બાદ અસારવા માટે સાસંદ શોભનાબેન બારૈયા એ લીલી ઝંડી ફરકાવીને પ્રસ્થાન કરાવી હતી. તેમની સાથે રાજ્યસભાના સાંસદો રમીલાબેન બારા અને મયંક નાયક સહિત સ્થાનિક અને ઉત્તર ગુજરાતના આગેવાનો જોડાયા હતા. સાસંદ શોભનાબેન મહેન્દ્રસિંહ બારૈયાએ કેન્દ્રીય રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવને રૂબરૂ મળીને વંદેભારત ટ્રેન સેવા વાયા હિંમતનગર શરૂ કરવા માટે રજૂઆત કરી હતી. જેના ફળ સ્વરૂપે ઉદયપુર-અસારવા વંદેભારત ટ્રેન શરૂ કરવામાં આવતા સ્થાનિકોમાં પણ ખુશીનો માહોલ છવાયો હતો. હિંમતનગર રેલવે સ્ટેશને વંદેભારત ટ્રેનના વધામણા કરવા અને પ્રસ્થાન કરાવતા ખુશીઓ વ્યક્ત કરાઈ હતી. ઉદયપુર અને અસારવા વચ્ચે સપ્તાહમાં છ દિવસ રૂટ પર દોડશે જેમાં સાંજે રોણા છ વાગ્યે અસારવાથી ઉપડશે અને રાત્રે દશ વાગ્યે ઉદયપુર પહોંચશે. જ્યારે સવારે છ વાગ્યે ઉદયપુરથી ઉપડશે અને ૧૦.૨૫એ હિંમતનગર પહોંચશે. અમદાવાદ-ઉદયપુર ટ્રેન રૂટ અરવલ્લીની સુંદર ગિરિમાળાઓ વચ્ચેથી પસાર થાય છે.

## ખેડા : જ્ઞાનોદય એજ્યુકેશન ફેરમાં વિદ્યાર્થીઓએ રસપ્રદ પ્રોજેક્ટો રજૂ કર્યા



(સંવાદદાતા દ્વારા)

ખેડા, તા.૧૬

ખેડા ખાતે જ્ઞાનોદય એજ્યુકેશન ફેર યોજાયો જેમાં ભારે માનવ મહેરામણ ઉમટી પડતા કાર્યક્રમની સમયમર્યાદા વધારવી પડી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર ખેડા એચ.એન્ડ ડી. પારેખ હાઈસ્કૂલમાં નર્સરીથી ધો.૮ના વિદ્યાર્થીઓએ વિજ્ઞાન અને ગણિતના વિષય ઉપર પ્રોજેકટ રજુ કર્યા હતા. કુલ ૧૫૦ વિદ્યાર્થીઓએ ૧૨૨ પ્રોજેકટ રજુ કર્યા હતા. સમગ્ર પ્રોગ્રામ જોવા આવતા લોકોને વિદ્યાર્થીઓ પ્રોજેકટની માહિતી અંગ્રેજીમાં પણ રજૂ કરતા ત્યારે લોકો આશ્ચર્યચકિત જઈ જતા અન તેમના કાર્યને ખુબ જ બિરદાવ્યા આ સમગ્ર પ્રોગ્રામને સફળ બનાવવા માટે વિદ્યાર્થીઓ તેમના વાલીઓ અને શિક્ષકોએ ભારે જહેમત ઉઠાવી હતી. આ પ્રોગ્રામને જોવા ટ્રસ્ટી ખમીસાભાઈએ દરેક પ્રોજેકટની રસપૂર્વક મુલાકાત કરી હતી અને વિદ્યાર્થીઓ અને શિક્ષકોની મહેનત બદલ તેમને ધન્યવાદ આપ્યા હતા.

(તસવીર : ઈલ્યાસ મેમણ, ખેડા)

## આમોદ : નાઈટ ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટમાં કાવલીની ટીમ ચેમ્પિયન બની



(તસવીર : આરિફ શેખ, જંબુસર)

(સંવાદદાતા દ્વારા)

જંબુસર, તા.૧૬

આમોદ તાલુકાનાં ઓચ્છણ ગામે યોજાયેલ નાઈટ ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટમાં કાવલીની ટીમ ચેમ્પિયન બની હતી. આમોદ તાલુકાનાં ઓચ્છણ ગામે નાઈટ ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લામાંથી ૩૨ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં ફાઈનલ મેચ જંબુસર તાલુકાના કાવલી ગામની અને કરજણ તાલુકાના સામરી ગામની ટીમ વચ્ચે જોરદાર મુકાબલો થયો હતો. કાવલી ગામની ટીમના કેપ્ટન આસિફ બાપુએ ટોસ જીતી પહેલા બેટિંગ કરતા કાવલીની ટીમે ૧૨ ઓવરમાં ૧૪૩ રન બનાવ્યા હતા. તેના જવાબમાં સામરી ગામની ટીમે માત્ર ૮૫ રન બનાવી ઓલ આઉટ થઈ ગઈ હતી. જેમાં કાવલી ગામની ટીમમાંથી મુનાફ પટેલ, રિયાઝ પટેલ, ફૈજાન પટેલ, બિલાલ રફીક, ઈમ્તિયાઝ દિવાન અને આસિફ બાપુએ સુંદર બેટિંગનું પ્રદર્શન કર્યું હતું. જ્યારે જુનેદ પટેલ મુનાફ પટેલ અને રિયાઝ પટેલે સુંદર બોલિંગનું પ્રદર્શન કર્યું હતું. જેમાં ફાઈનલ મેચમાં પ્રથમ ક્રમે આવનાર કાવલીની ટીમને આયોજક તરફથી ટ્રોફી તેમજ મેન.ઓફ.ધ મેચનો એવોર્ડ મુનાફ યુનુસ પટેલને પ્રાપ્ત થયો હતો. મેન ઓફ ધી સીરીઝ સામરી ટીમનાં ખેલાડી એજાજ મલેકને ફરીદ મહંમદ રઘુના હસ્તે પ્રાપ્ત થઈ હતી. આ ટુર્નામેન્ટની ફાઈનલ મેચમાં કાવલી ગામનાં સરપંચ ઉસ્માનભાઈ યાકુબભાઈ પટેલ, અગ્રણી ઝુબેરભાઈ હાજી કારા દાદા, અગ્રણી સુહેલભાઈ યાકુબભાઈ ચોકસી, ઈમરાનભાઈ ઈબ્રાહીમભાઈ દરબાર, અશરફભાઈ પટેલ, મુબારક ભાઈ પટેલ, નજીરભાઈ અબ્દુલ સમાજ, રફિકભાઈ પટેલ વગેરે અગ્રણીઓએ ઉપસ્થિત રહી ફાઈનલ મેચમાં જીત થતા આનંદની અનુભૂતિ કરી હતી. ટીમના કેપ્ટન આસિફ બાપુ અને ખેલાડીઓને ગામનાં સામાજિક કાર્યકર રૂપસિંહ રાજ, ઐયુબભાઈ હલદરવા તેમજ દૂધ મંડળીના ચેરમેન ઘનશ્યામ રાજે વિજેતા ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

# રાજ્યમાં ગરમીનું પ્રમાણ વધ્યું; શિયાળો વિદાય લેવાની તૈયારીમાં

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૬

ગુજરાતમાં હાલ ઠંડીનું પ્રમાણ ઘટી રહ્યું છે અને દિવસે ગરમીનો અહેસાસ શરૂ થયો છે. આગામી ૪ દિવસ તાપમાનમાં કોઈ ખાસ ફેરફાર નહીં થાય, પરંતુ ત્યારબાદ ૨-૩ ડિગ્રી તાપમાન વધશે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી દિવસોમાં દક્ષિણ ગુજરાતના અમુક વિસ્તારોમાં તાપમાનમાં ૨થી ૩ ડિગ્રીનો ઘટાડો નોંધાયો છે, જ્યારે બાકીના વિસ્તારમાં કોઈ ખાસ મોટો ફેરફાર જોવા મળ્યો નથી. રાજ્યમાં સૌથી ઓછું તાપમાન નલિયામાં ૧૧ ડિગ્રી સેલ્સિયસ અને અમદાવાદમાં ૧૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. હાલમાં મહત્તમ તાપમાન સામાન્ય કરતા ૩થી ૪ ડિગ્રી ઊંચું નોંધાઈ રહ્યું છે.

રાજયમાં હાલમાં ઉત્તર-પશ્ચિમથી ઉત્તરીય પવનો ફૂંકાઈ રહ્યા છે. તાપમાનમાં વધારાનું મુખ્ય કારણ પૂર્વીય પવનો છે, જે પ્રમાણમાં ગરમ હોય છે. હાલમાં આપણે ઉનાળા તરફ આગળ વધી રહ્યા હોવાથી આ એક ટ્રાન્ઝિશન પિરિયડ છે. આગામી ૪ દિવસ માટે વાતાવરણમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી. ૪ દિવસ પછી ન્યૂનતમ તાપમાનમાં ૨થી ૩ ડિગ્રીનો વધારો થઈ શકે છે, જેનાથી ગરમીનો અહેસાસ વધશે. સમગ્ર રાજ્યમાં આગામી ૭ દિવસ સુધી વાતાવરણ મુખ્યત્વે સૂકું રહેશે. દરિયાકાંઠાના વિસ્તારોમાં પવનની ગતિ ૧૦થી ૧૫ નોટ્સની આસપાસ રહેશે. હાલમાં માછીમારો માટે દરિયો ન ખેડવા અંગેની કોઈ ચેતવણી જાહેર કરવામાં આવી નથી.

### જિલ્લામાં વહીવટીતંત્ર અને ભાજપના પદાધિકારીઓની વકફ મિલકતો પર કાળી નજર ?

# ભરૂચમાં કબ્રસ્તાનની જમીન પાણીની ટાંકી અને પંપ રૂમના બાંધકામ માટે નગરપાલિકાને ફાળવી દેવાતા વિવાદ

### ઈદગાહ વકફ ટ્રસ્ટ અને મુસ્લિમ સમાજના આગેવાનોએ વિરોધ નોંધાવ્યો, જમીન પરત આપવાની અને દરખાસ્ત રદ કરવાની કલેક્ટરને માંગ





(તસવીર : વાહિદ મશહદી, ભરૂચ)

(સંવાદદાતા દ્વારા) ભરૂચ, તા.૧૬

ભરૂચ શહેર જિલ્લામાં હવે જિલ્લા ભાજપાના પદાધિકારીઓ ચૂંટાયેલા સભ્યો અને જિલ્લાનું વહીવટી તંત્ર સાથે મળી વકફ થયેલી મિલકતો ઉપર કાળી નજર પડી હોય તેવી ચર્ચાએ જોર પકડ્યું છે. પહેલા બે દરગાહના ડિમોલેશન બાદ હવે ભરૂચ શહેરના વેજલપુર બંબાખાના વિસ્તારમાં પાણીની ટાંકી અને પંપ રૂમના બાંધકામ માટે નગરપાલિકાને ફાળવાયેલી જમીન વિવાદમાં સપડાઈ છે. ઈદગાહ વકફ ટ્રસ્ટ અને મુસ્લિમ સમાજના

### આ જમીન ચેરિટી કમિશનર કચેરી અને ગુજરાત વકફ બોર્ડ ખાતે પણ નોંધાયેલી હોવાનો દાવો

આગેવાનોએ આ ફાળવણીનો વિરોધ કર્યો છે. તેમણે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી જમીન પરત કરવાની અને દરખાસ્ત રદ કરવાની માંગ કરી છે. ઈદગાહ વકફ ટ્રસ્ટના આગેવાનોએ કલેક્ટર કચેરી ખાતે મોટી સંખ્યામાં એકત્ર થઈ આવેદનપત્ર સુપરત કર્યું હતું. તેમના જણાવ્યા મુજબ, વોર્ડ નં. ૫, સી.એસ. નં. ૧૫૦૬ હેઠળની આશરે ૨૯૭૭ ચો.મી. જમીન નગરપાલિકાને ફાળવવા કલેક્ટર કચેરી દ્વારા હુકમ કરાયો છે. જમીનની કિંમતના ૧૦ ટકા એટલે કે રૂા.૩૮,૭૦,૧૦૦ ભરપાઈ કરી આગોતરો કબજો સોંપવાની પ્રક્રિયા પણ શરૂ થઈ છે. મુસ્લિમ સમાજે આ હુકમનો સખત વિરોધ નોંધાવ્યો છે. ટ્રસ્ટનો દાવો છે કે ઐતિહાસિક રેકોર્ડ મુજબ આ જમીનનો ઉપયોગ ૧૮૭૫ પૂર્વેથી કબ્રસ્તાન તરીકે થતો આવ્યો છે. જૂના સર્વે રેકોર્ડ અને પ્રોપર્ટી કાર્ડમાં પણ તે 'કબ્રસ્તાન' તરીકે નોંધાયેલ છે. ૧૯૭૫-૭૬ના રીવિઝન સર્વેમાં નવા સી.એસ. નં.૧૫૦૬ તરીકે નોંધાયા બાદ પણ સરકારના ચોપડે તે કબ્રસ્તાન તરીકે જ દર્શાવવામાં આવે છે. મહેસૂલી કાયદા મુજબ, કબ્રસ્તાન કે સ્મશાન માટે નિયત થયેલી જમીનનું અન્ય કોઈ હેતુ માટે ફાળવણી કે વેચાણ થઈ શકતું નથી. ટ્રસ્ટના જણાવ્યા અનુસાર, હાલ આ જમીનનો વહીવટ ઈદગાહ વકફ ટ્રસ્ટ કરે છે. તેની બાજુમાં આવેલી જમીન પર ઈદગાહ આવેલી છે, જ્યાં ઈદુલફિત્ર અને બકરીઈદ જેવા તહેવારો દરમિયાન હજારો લોકો નમાઝ અદા કરે છે. આ ઉપરાંત, જનાઝાની નમાઝ, પાર્કિંગ અને અન્ય ધાર્મિક પ્રસંગોમાં પણ આ જગ્યાનો ઉપયોગ થાય છે. આસપાસ ૧૮થી વધુ કબ્રસ્તાનો આવેલા છે. નજીકમાં જિલ્લા ન્યાયાધીશ બંગલો, કલેક્ટર બંગલો અને એસ.પી. કચેરી હોવાથી પાર્કિંગની સમસ્યા અને ટ્રાફિક અવરોધની શક્યતા પણ વ્યક્ત કરાઈ છે. આ જમીન ચેરીટી કમિશનર કચેરી અને ગુજરાત વકફ બોર્ડ ખાતે પણ નોંધાયેલી હોવાનો દાવો કરાયો છે. અગાઉ પણ ટ્રસ્ટો દ્વારા આ મામલે વાંધો ઉઠાવવામાં આવ્યો હતો, પરંતુ પ્રશ્નનો ઉકેલ ન આવતા ફરી રજૂઆત કરાઈ છે. રજૂઆતમાં જણાવ્યું છે કે, જો જમીન ફાળવણીનો હુકમ રદ નહીં થાય તો સમાજની લાગણી દુભાશે. મુસ્લિમ સમાજે કલેક્ટરને તાત્કાલિક અસરથી ફાળવણી રદ કરી આગળની કાર્યવાહી સ્થગિત કરવાની માંગ કરી છે અને હાઈકોર્ટમાં કાનૂની લડત લડવાની ચીમકી પણ ઉચ્ચારી છે. ભરૂચ જિલ્લામાં વકફ બોર્ડમાં નોંધાયેલી મિલકતો કે જે સરકારી જમીનની આસપાસ છે અથવા તો જ્યાં સરકારી બાંધકામો છે તેવી જગ્યા ઉપર દબાણના નામે અથવા તો બીજા કોઈ કારણોસર કે મુસ્લિમો પ્રત્યે કિન્નાખોરીના ભાગરૂપે આ વકફ થયેલી મિલકતો ઉપર હવે ભાજપના ચૂંટાયેલા સભ્યો અને પદ અધિકારીઓની નજર બગડી છે અને તેના ભાગરૂપે થોડા દિવસ પહેલા જ સ્ટેશન રોડ ઉપર બે દરગાહનું ડિમોલેશન રાતોરાત કરી નાખવામાં આવ્યું હતું. હવે નગરપાલિકા દ્વારા બંબાખાના વિસ્તારમાં પાણીની ટાંકી બનાવવા માટે ઈદગાહની વકફ થયેલી જમીન ઉપર જ બાંધકામ શરૂ કરી દેવામાં આવતા મુસ્લિમ સમાજમાં ભારે રોષ જોવા મળ્યો છે આજે આવેદનપત્ર પાઠવ્યું છે આવનારા દિવસોમાં આ અંગે આ વકફની જમીનને નગરપાલિકાને સોંપનાર અધિકારીઓ પદ અધિકારીઓ અને નગરપાલિકાના સત્તાધીશો સામે કાનૂની લડત લડવા માટે મુસ્લિમ ધારાશાસ્ત્રીઓએ પણ તૈયારીઓ બતાવી છે.

### 'ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના' હેઠળ

# વિધવા સહાયની રકમ હવે સીધી ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટસ બેન્કના ખાતામાં જમા કરાશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૬

વિધવાઓને આત્મનિર્ભર બનાવવા અમલમાં આવેલી 'ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના' હેઠળ હવે સહાયની રકમ સીધી ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક (IPPB)ના ખાતામાં જમા કરવામાં આવશે. આ નવી વ્યવસ્થાથી લાભાર્થીઓને આધાર આધારિત ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT) દ્વારા નાણાં સીધા ખાતામાં જમા થશે. પોસ્ટમેન દ્વારા ઘરે બેઠા જ આ રોકડ ઉપાડવાની સુવિધા પણ પ્રાપ્ત થશે. આ સુવિધાથી ગંગા સ્વરૂપા

### DBT દ્વારા નાણાં સીધા ખાતામાં જમા થશે

બહેનોને આર્થિક વ્યવહારોમાં વધુ સરળતા અને સુરક્ષા પ્રાપ્ત થશે. પોસ્ટ માસ્ટર જનરલે વિગતો આપતા કહ્યું કે, 'ઉત્તર ગુજરાતમાં આશરે ૧.૪૭ લાખથી વધુ લાભાર્થીઓ હાલ પોસ્ટ ઓફિસના ખાતા દ્વારા આર્થિક સહાય મેળવી રહ્યા છે. આ તમામ લાભાર્થીઓને આધુનિક બેંકિંગ સુવિધા સાથે જોડવા માટે અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, પાટણ, સાબરકાંઠા, અરવલ્લી અને બનાસકાંઠા જિલ્લામાં તા. ૧૪ થી ૨૦ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી વિશેષ અભિયાન ચલાવીને નવા IPPB ખાતા ખોલવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, ગાંધીનગરમાં અંદાજે ૧૮,૧૫૫ લાભાર્થી પોસ્ટ ઓફિસ ખાતા મારફતે આ સેવાનો લાભ લઈ રહ્યા છે. જો કોઈ લાભાર્થીને ખાતું ખોલવામાં મુશ્કેલી જણાય, તો તેઓ નજીકની પોસ્ટ ઓફિસનો અથવા હેલ્પલાઈન નંબર ૯૨૧૮૩૦૨૧૪૩, ૯૯૭૮૬૭૫૭૫૩, ૯૨૧૮૩૦૨૧૩૨ પર સંપર્ક કરી શકે છે.

### કરોડિયા આકારણી કૌભાંડમાં

## વડોદરાના ભાજપના વોર્ડ-૮ના પ્રમુખ અને મહામંત્રીના રાજીનામા લેવાયા

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૧૬

વડોદરા મહાનગરપાલિકામાં કરોડિયા વિસ્તારના બહુચર્ચિત આકારણી કૌભાંડે રાજકીય મોરચે મોટો ભડકો કર્યો છે. આ કૌભાંડમાં સંગઠનના હોદ્દેદારોની સંડોવણીના સંકેતો મળતા જ શહેર ભાજપ હરકતમાં આવ્યું છે. શિસ્તના આગ્રહી ગણાતા પક્ષે કોઈ પણ જાતની શેહશરમ રાખ્યા વિના વોર્ડ નંબર-૮ના પ્રમુખ વિપુલ બારોટ અને મહામંત્રી વિજય ચાવડા પાસેથી રાજીનામા લખાવી લેતા રાજકીય વર્તુળોમાં ફફડાટ વ્યાપી ગયો છે. આ સમગ્ર પ્રકરણની વિગત એવી છે કે, કરોડિયા વિસ્તારમાં અનેક મિલકતોની એન.એ. પ્રક્રિયા પૂર્ણ થયા વગર જ તેની ગેરકાયદેસર રીતે આકારણી કરી દેવામાં આવી હતી. આ ગંભીર ગેરરીતિ અંગે ધારાસભ્ય કેયુર રોકડીયાએ પુરાવા સાથે પાલિકા તંત્ર અને સંગઠનનું ધ્યાન દોર્યું હતું. પક્ષના જ હોદ્દેદારો દ્વારા આર્થિક હિત સાધવા માટે સત્તાનો દુરુપયોગ કરવામાં આવ્યો હોવાની વિગતો પ્રદેશ નેતાગીરી સુધી પહોંચતા હાઈકમાન્ડે કડક વલણ અપનાવ્યું હતું. ગઈકાલે મોડી સાંજે બંને હોદ્દેદારોએ પોતાના રાજીનામા શહેર પ્રમુખને સોંપી દીધા હતા. શહેર પ્રમુખ જયપ્રકાશ સોનીએ રાજીનામા પાછળ 'અંગત કારણો' હોવાનું જણાવ્યું હતું જોકે તેમણે મીડિયાને જણાવ્યું હતું કે તેમના સુધી ફરિયાદો પહોંચી હતી અને સંબંધિત સ્તરે તપાસ ચાલુ છે. શહેરના રાજકીય ગલિયારાઓમાં ચર્ચાઈ રહ્યું છે કે, આ આકારણી કૌભાંડના છાંટા પક્ષ પર ન ઉડે તે માટે તેમને રાજીનામું આપવા મજબૂર કરવામાં આવ્યા છે. વડોદરા ભાજપ પ્રમુખ જયપ્રકાશ સોનીએ જણાવ્યું હતું કે, "વોર્ડ નં.૮ના પ્રમુખ વિપુલ બારોટ અને મહામંત્રી વિજય ચાવડાએ સંગઠનના હોદ્દા પરથી સ્વેચ્છાએ રાજીનામા આપ્યા છે. તેમણે પત્રમાં સ્પષ્ટપણે 'અંગત કારણોસર' રાજીનામું આપતા હોવાનું જણાવ્યું છે, પાર્ટીએ કોઈના રાજીનામા માંગ્યા નથી. રહી વાત કરોડિયા આકારણી કૌભાંડની, તો આ સમગ્ર પ્રકરણમાં હાલ તપાસ ચાલી રહી છે. જો ભવિષ્યમાં તપાસમાં કોઈ પણ હોદ્દેદારની સંડોવણી સાબિત થશે, તો પાર્ટી ચોક્કસપણે કડક પગલાં લેશે. પરંતુ હાલના તબક્કે આ રાજીનામાને તપાસ સાથે જોડવા યોગ્ય નથી."

# તેલંગાણાના આદિવાસી મેળામાં મુસ્લિમ વેપારીની કનડગત, 'ફૂડ જેહાદ'ના આરોપ લગાવાયા

(એજન્સી) હૈદરાબાદ, તા.૧૬

તેલંગાણાના મેડારામ ગામમાં આયોજિત એશિયાના સૌથી મોટા આદિવાસી ઉત્સવ 'મેડારામ જતારા' (સમ્મક્કા સારાલમ્મા જતારા)માં એક મુસ્લિમ સ્ટ્રીટ વેન્ડરને હેરાન કરવાનો કિસ્સો સામે આવ્યો છે. આંધ્રપ્રદેશના કુર્નૂલના રહેવાસી શેખ શૈક્ષાવલી નામના વેપારી પર કેટલાક યુટ્યુબર્સ દ્વારા 'ફૂડ જેહાદ'ના પાયાવિહોણા આરોપ લગાવી તેને જાહેરમાં અપમાનિત કરવામાં આવ્યો હતો. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતા લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

ઘટનાની વિગતો મુજબ, 'તેજસ્વી ન્યૂઝ' નામની યુટ્યુબ ચેનલ સાથે જોડાયેલા કેટલાક લોકો શૈક્ષાવલીના સ્ટોલ પર પહોંચ્યા હતા, જ્યાં તે 'ખોવા બન' વેચી રહ્યો હતો. આ યુટ્યુબર્સે ખોરાકની ગુણવત્તા અને તેની ઓછી કિંમત પર સવાલો ઉઠાવ્યા હતા. બાલાજી નામના વ્યક્તિએ વીડિયોમાં દાવો કર્યો હતો કે બ્રેડના પેકેટ પર મેન્યુફેક્ચરિંગ કે એક્સપાયરી ડેટ નથી. જ્યારે વેપારીએ જણાવ્યું કે તે માત્ર એક વિક્રેતા છે અને તેનો માલિક તેને માલ સપ્લાય કરે છે, ત્યારે યુટ્યુબર્સે તેને દબાણ કર્યું કે જો આ ખોરાક સુરક્ષિત હોય તો તે જાતે ખાઈને બતાવે. ડરના માર્યા શૈક્ષાવલીએ જાહેરમાં પોતાનો જ સામાન ખાવો પડ્યો હતો.

**ઓળખ પત્રની માંગ અને સામાજિક સમર્થન ;** માત્ર ખોરાકની ગુણવત્તા જ નહીં, પરંતુ વેપારીની ઓળખ પર પણ નિશાન સાધવામાં આવ્યું હતું. યુટ્યુબર્સે તેની પાસે આધાર કાર્ડની માંગણી કરી હતી અને તે સમયે તેની પાસે કાર્ડ ન હોવાથી શંકા વ્યક્ત કરી 'ફૂડ જેહાદ' જેવા શબ્દોનો પ્રયોગ કર્યો હતો. જોકે, આ ઘટના બાદ સ્થાનિક લોકો અને સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્ઝર્સ શૈક્ષાવલીના સમર્થનમાં આવ્યા છે.



ઘણા ગ્રાહકોએ જણાવ્યું કે તેઓ વર્ષોથી તેની પાસેથી ખરીદી કરે છે અને ક્યારેય કોઈ સ્વાસ્થ્ય સમસ્યા થઈ નથી.

**કાયદાકીય પાસું અને શાંતિની અપીલ :** સ્થાનિક રહેવાસીઓ અને કાયદાકીય નિષ્ણાતોએ આ પ્રકારની ઉશ્કેરણીજનક પ્રવૃત્તિની ટીકા કરી છે. હૈદરાબાદના એક એડવોકેટે જણાવ્યું કે જો ખોરાકની સુરક્ષા અંગે કોઈ શંકા હોય, તો તેના માટે કાયદેસરની સત્તાધારી સંસ્થાઓ છે, પરંતુ ધર્મના આધારે કોઈને જાહેરમાં શરમિંદા કરવા તે યોગ્ય નથી. તેલંગાણાના લોકોનું કહેવું છે કે મેડારામ જતારા જેવા પવિત્ર ઉત્સવમાં વર્ષોથી હિન્દુ-મુસ્લિમ એકતા જોવા મળે છે અને આવા નકારાત્મક લેબલ્સ દ્વારા ભાઈચારો બગાડવાનો પ્રયાસ ન થવો જોઈએ.

# સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X વિશ્વભરમાં ડાઉન થયું, US, UK અને ભારતમાં હજારો લોકો એ લોગિન અને ફીડ સમસ્યાઓની ફરિયાદ કરી

## ડાઉનડિટેક્ટર અનુસાર લગભગ 18:30 IST વાગ્યે આઉટેજ ફરિયાદો વધીને ૨૫,૦૦૦થી વધુ થઈ ગઈ હતી અને વપરાશકર્તાઓએ પ્લેટફોર્મ એક્સેસ કરવામાં અને પોસ્ટ લોડ કરવામાં સમસ્યાઓની જાણ કરી હતી

(એજન્સી) તા.૧૬

સોમવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X (જે અગાઉ ટ્વિટર તરીકે ઓળખાતું હતું), વિશ્વભરમાં હજારો વપરાશકર્તાઓ માટે ડાઉન થઈ ગયું, જેમાં યુએસ, યુકે અને ભારતથી વ્યાપક વિક્ષેપોના અહેવાલો આવ્યા છે. ડાઉનડિટેક્ટર અનુસાર લગભગ 18:30 IST વાગ્યે આઉટેજ ફરિયાદો વધીને ૨૫,૦૦૦થી વધુ થઈ ગઈ, કારણ કે, વપરાશકર્તાઓએ પ્લેટફોર્મ એક્સેસ કરવામાં અને પોસ્ટ લોડ કરવામાં સમસ્યાઓની જાણ કરી. આઉટેજનું કારણ તાત્કાલિક સ્પષ્ટ થયું ન હતું. બહુવિધ દેશોમાં વપરાશકર્તાઓએ લગભગ એક સાથે સમસ્યાઓને ચિહ્નિત કરી, જે સૂચવે છે કે, વિક્ષેપ ચોક્કસ વિસ્તાર સુધી મર્યાદિત નથી. ઘણાએ કહ્યું કે, એપ્લિકેશન અને વેબસાઈટ ફીડ્સ રિફ્રેશ કરવામાં નિષ્ફળ ગયા હતા, જ્યારે અન્ય લોકોએ લોગિન સમસ્યાઓની જાણ કરી હતી. ડાઉનડિટેક્ટરના લાઈવ ટ્રેકિંગમાં ટૂંકી વિંડોમાં ફરિયાદોમાં તીવ્ર વધારો જોવા મળ્યો, જે નોંધપાત્ર સેવા વિક્ષેપ તરફ નિર્દેશ કરે છે. આમાંના મોટાભાગના વપરાશકર્તાઓએ વેબસાઈટમાં સમસ્યાઓની જાણ કરી, જ્યારે અન્ય લોકોએ એપ્લિકેશન વિશે ફરિયાદો કરી હતી. ડેટા દર્શાવે છે કે, અમુક નેટીઝન્સને X પર તેમના ફીડ્સ અથવા સમયરેખાને એક્સેસ કરવામાં પણ સંઘર્ષ કરવો પડ્યો હતો.

# નવી દિલ્હીમાં ભારતના AI ઈમ્પેક્ટ સમિટમાં નબળું વ્યવસ્થાપન, લાંબી કતારો અને સુરક્ષાની મૂંઝવણ

## ઉપસ્થિત લોકોએ જણાવ્યું હતું કે, નબળા વ્યવસ્થાપન અને મર્યાદિત બેઠકોના કારણે સમિટમાં મૂંઝવણ વધી ગઈ છે, જ્યાં લગભગ ૨,૫૦,૦૦૦ લોકો આવવાની અપેક્ષા છે અને કેટલાક સત્રોમાં પ્રવેશ ઈચ્છતા બધા લોકો સમાવી શકતા નથી

(એજન્સી) તા.૧૬

ભારતની AI ઈમ્પેક્ટ સમિટ, દેશની ટેક્નોલોજી મહત્ત્વાકાંક્ષાઓ દર્શાવવા માટે રચાયેલ એક કાર્યક્રમના ઉદ્ઘાટન દિવસે તેની ઓનલાઈન ટીકા થઈ રહી છે કારણ કે, ઉપસ્થિતોએ નવી દિલ્હી સ્થળ પર લાંબી કતારો, ભીડ અને સંગઠનાત્મક ખામીઓની જાણ કરી છે. ઘણા પ્રતિનિધિઓએ રોઈટર્સને જણાવ્યું હતું કે, ઉચ્ચ-સ્તરીય આગમન માટે સુરક્ષા પહેલાં પ્રદર્શન ઈમારતને અચાનક ખાલી કરવામાં આવ્યા પછી અસ્પષ્ટ સૂચનાઓને કારણે ઘણા લોકો કબજો મેળવવા માટે દોડધામ કરી રહ્યા હતા. મંગળવારે યોજાનાર પેનલમાં કેટલાક વક્તાઓ હજુ પણ સત્રો અને કાર્યસૂચિઓની પુષ્ટિની રાહ જોઈ રહ્યા હતા. ઉપસ્થિતિઓએ જણાવ્યું હતું કે, નબળા સંકેતો અને મર્યાદિત બેઠકોના કારણે સમિટમાં મૂંઝવણ વધી હતી, જ્યાં લગભગ ૨,૫૦,૦૦૦ લોકો આવવાની અપેક્ષા છે અને કેટલાક સત્રો પ્રવેશ મેળવવા માંગતા બધા લોકોને સમાવી શકતા નથી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સરકાર માટે, આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રતિષ્ઠિત આ ઈવેન્ટમાં અવ્યવસ્થા વધુ જોખમી છે અને તે સંગઠનાત્મક ભૂલો અંગે ભારતના તક્નિકી કૌશલ્ય પર સરકારની નિષ્ફળતા સૂચવે છે. ભારતીય અધિકારીઓ ૨૦ ફેબ્રુઆરી સુધી ચાલનારા સમિટને વૈશ્વિક AI શાસનમાં વિકાસશીલ દેશો માટે એક પ્લેટફોર્મ તરીકે સ્થાન આપી રહ્યા છે. દિલ્હીમાં પ્રથમ વખત વિકાસશીલ વિશ્વમાં વૈશ્વિક કાર્યક્રમ યોજાઈ રહ્યો છે. સમિટ કવરેજ કરી રહેલા કેટલાક પત્રકારોએ સોમવારે મોટાભાગનો સમય પ્રવેશ પ્રક્રિયાઓ અંગે સ્પષ્ટતા મેળવવામાં વિતાવ્યો, ઈવેન્ટ માટે અલગ ડિજિટલ



QR કોડ અને પ્રવેશ માટે ભૌતિક પાસ અંગે મૂંઝવણ હતી. ઘણા પત્રકારોએ જણાવ્યું હતું કે, ભૌતિક પાસ તૈયાર નથી, જ્યારે અન્ય લોકોએ વાર્તાઓ ફાઈલ કરવા અને ઈન્ટર્વ્યૂ માટે બેઠકનો અભાવ હોવાની ફરિયાદ કરી હતી. ઘણા ઉપસ્થિતોએ સોમવારે સોશિયલ મીડિયા પર ઈવેન્ટના સંગઠન વિશે ફરિયાદ કરી. ગેટ બંધ છે તેથી AI સમિટમાં મારા પોતાના બૂથમાં પ્રવેશ કરી શક્યા નથી. જો તમે પણ બહાર ફસાયેલા છો અને ટીમની મુલાકાત લેવા માંગતા હો, તો મને ફોન કરો. અમે કોઈ કનોટ પ્લેસ કાફેમાં એક મીની-બૂથ સ્થાપિત કરી શકીએ છીએ. તેમણે સમિટ સ્થળની નજીકના બિઝનેસ ડિસ્ટ્રિક્ટનો ઉલ્લેખ કર્યો હતો.

# ભૂલથી નિવેદન અપાઈ ગયું : અભિનેત્રી ત્રિશા પરની ટિપ્પણી બદલ તમિલનાડુ ભાજપ અધ્યક્ષે માફી માંગી

(એજન્સી) ચેન્નાઈ, તા.૧૬

તમિલનાડુ ભાજપના પ્રદેશ અધ્યક્ષ નૈનાર નાગેન્દ્રને અભિનેત્રી ત્રિશા કૃષ્ણન વિરૂદ્ધ કરેલી અપમાનજનક ટિપ્પણી બાદ સર્જાયેલા વિવાદમાં અંતે ખેદ વ્યક્ત કર્યો છે. સોમવારે નાગેન્દ્રને જણાવ્યું હતું કે, અભિનેતા અને રાજકારણી વિજય પર નિશાન સાધતી વખતે તેમનાથી આ નિવેદન "ભૂલથી" અપાઈ ગયું હતું. ત્રિશા દ્વારા આ મામલે સખત વાંધો ઉઠાવ્યા બાદ ૬૫ વર્ષીય નાગેન્દ્રને પોતાની ભૂલ સ્વીકારી હતી. રાજકીય વિવાદ ત્યારે શરૂ થયો જ્યારે નૈનાર નાગેન્દ્રને એક કાર્યક્રમમાં અભિનેતા વિજયની રાજકીય મહત્ત્વાકાંક્ષાની મજાક ઉડાવતા કહ્યું હતું કે, જે વ્યક્તિ છત પર પણ ચઢી શકતી નથી, તે સ્વર્ગમાં પહોંચવાના સપના જોઈ રહી છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, "બિચારો માણસ, તે સાવ બિનઅનુભવી છે.



પહેલા તેણે પોતાના ઘરમાંથી બહાર આવવું જોઈએ. પહેલા ત્રિશાના ઘરમાંથી બહાર નીકળો, પછી કંઈક થઈ શકે છે." આ નિવેદન બાદ તેઓ જાહેરમાં હસતા જોવા મળ્યા હતા.

આ ટિપ્પણી સામે તીવ્ર પ્રતિક્રિયા આપતા અભિનેત્રી ત્રિશાએ તેના કાયદાકીય સલાહકાર મારફતે એક નિવેદન જારી કર્યું હતું. જેમાં જણાવાયું હતું કે, રાજ્યના રાજકારણમાં ઉચ્ચ હોદ્દો ધરાવતા વ્યક્તિ દ્વારા આવી અભદ્ર અને અયોગ્ય ટિપ્પણીની અપેક્ષા ક્યારેય નહોતી. ત્રિશાએ સ્પષ્ટ કર્યું હતું કે તેણી રાજકીય રીતે તટસ્થ છે અને તેના નામનો ઉપયોગ બિનજરૂરી બાબતોમાં ન કરવો જોઈએ. ચારેબાજુથી ઘેરાયા બાદ નાગેન્દ્રને માફી માંગતા કહ્યું કે, "આ નિવેદન ભૂલથી આપવામાં આવ્યું હતું. અમારા અખિલ ભારતીય મહિલા મોરચાના અધ્યક્ષ વાનતી શ્રીનિવાસન અને અન્નામલાઈ સાથે મેં આ બાબતે વાત કરી છે. જો મારી ટિપ્પણીથી કોઈને પણ દુઃખ થયું હોય, તો હું હૃદયપૂર્વક ખેદ વ્યક્ત કરૂં છું." નોંધનીય છે કે, સત્તાધારી પક્ષ ડીએમકે (DMK) અને કોંગ્રેસ સહિતના વિપક્ષોએ પણ ભાજપ નેતાના આ નિવેદનને મહિલાઓ પ્રત્યેના અનાદર સમાન ગણાવીને તેની આકરી ટીકા કરી હતી. શરૂઆતમાં પોતાના શબ્દો પર અડગ રહ્યા બાદ, અંતે રાજકીય દબાણ વધતા ભાજપ અધ્યક્ષે નમતું જોખવું પડ્યું હતું.

### તસવીરોમાં ડ્રેગનના ખતરનાક ઈરાદા ઉઘાડા થયા

# ચીને પહાડ ખોદી પરમાણુ પ્લાન્ટ બનાવ્યા : અહેવાલ

## સેટેલાઈટ તસવીરોના અધ્યયનથી જાણવા મળ્યું છે કે ચીન સિચુઆન પ્રાંતમાં ગુપ્ત રીતે પરમાણુ પ્લાન્ટ બનાવી ચૂક્યું છે

(એજન્સી) બેઈજીંગ, તા.૧૬

ચીનના સિચુઆનની સેટેલાઈટ તસવીરોએ ભારતનું ટેન્શન વધારી દીધું છે. આ સેટેલાઈટ તસવીરોમાં ડ્રેગનના ઈરાદા ઉઘાડા થયા છે. એક અહેવાલ પ્રમાણે ૨૦૨૨થી ૨૦૨૬ સુધીની સેટેલાઈટ તસવીરોના અધ્યયનથી જાણવા મળ્યું છે કે ચીન સિચુઆન પ્રાંતમાં ગુપ્ત રીતે પરમાણુ પ્લાન્ટ બનાવી ચૂક્યું છે. જિયોસ્પેશિયલ ઈન્ટેલિજન્સ એક્સપર્ટના જણાવ્યા પ્રમાણે ચીને ૨૦૧૯ બાદથી પરમાણુ હથિયારોને લઈને પોતાનું ઓપરેશન તેજ કરી દીધું છે. આ બાબત માત્ર લશ્કરી શક્તિનું પ્રદર્શન નથી પરંતુ વૈશ્વિક સુરક્ષા માટે પણ ચિંતાનો વિષય બની ગયો છે. ચીને સિચુઆનમાં જીટૉન્ગ નામના સ્થાન પર ઘાટીઓ વચ્ચે મોટા-મોટા બંકર બનાવ્યા છે. અહીં પાઈપોનું નેટવર્ક બિછાવવામાં આવ્યું છે. એક્સપર્ટસનું કહેવું છે કે, અહીં પહાડો ખોદીને પરમાણુ પ્લાન્ટ બનાવવામાં આવ્યા છે. તમને જણાવી દઈએ કે વિશ્વભરમાં પહેલાથી જ પરમાણુ હથિયારો અંગે તણાવ ચાલી રહ્યો છે. આ જ મુદ્દે અમેરિકા અને ઈરાન આમને-સામને આવી ગયા છે અને સીધી ધમકી આપી રહ્યું છે કે, જો ઈરાન સાથે ડીલ નહીં થઈ તો અમેરિકા ઈરાન પર હુમલો કરી દેશે. બીજી તરફ ચીનનું પરમાણુ અભિયાન માત્ર ભારત માટે જ નહીં પરંતુ સમગ્ર વિશ્વ માટે ચિંતાનો વિષય છે. આ તસવીર પ્રમાણે ચીન સતત પોતાની વ્યૂહાત્મક સ્થિતિ મજબૂત કરી રહ્યું છે. અમેરિકાએ ૨૦૨૦માં જ દાવો કર્યો હતો કે, ચીન ગુપ્ત રીતે પરમાણુ પરીક્ષણો કરી રહ્યું છે. ડોનાલ્ડ ટ્રમ્પનું કહેવુ છે કે, ચીન અને રશિયા સંયુક્ત રીતે અમેરિકા સાથે ન્યૂક્લિયર વેપન એગ્રીમેન્ટ કરે. અમેરિકા અને રશિયા વચ્ચેનો પરમાણુ શસ્ત્ર નિયંત્રણ કરાર સમાપ્ત થઈ ગયો છે અને તેથી ચીને ભવિષ્યના કરારનો હિસ્સો બનવો જોઈએ. પેન્ટાગોનના એક અંદાજ પ્રમાણે ૨૦૨૬ના અંત સુધીમાં ચીન પાસે ૫૦૦થી વધુ પરમાણુ શસ્ત્રો હોઈ શકે છે. બીજી તરફ તેનું લક્ષ્ય ૨૦૩૦ સુધીમાં આ આંકડો વધારીને ૧,૦૦૦ સુધી પહોંચાડવાનો છે. જોકે, ચીન હાલમાં રશિયા અને અમેરિકાથી ઘણું પાછળ છે અને તે આગામી ૧૦ વર્ષમાં પણ રશિયાની બરાબરી ન કરી શકે. એક્સપર્ટ્સનું કહેવું છે કે, ચીનનો વધતો પરમાણુ શસ્ત્રાગાર માત્ર ભારત માટે જ નહીં પરંતુ સમગ્ર વિશ્વ માટે ચિંતાનો વિષય છે. મેસેચ્યુસેટ્સ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીના એક અધિકારીનું કહેવું છે કે આ ટ્રેંડ ખૂબ જ ચિંતાજનક છે. જીટૉન્ગ અને પિંગટોંગમાં નિર્માણ કાર્ય ખૂબ જ ઝડપથી ચાલી રહ્યું છે, જ્યાં એક નવું કોમ્પલેક્સ પણ બનાવવામાં આવી રહ્યું છે. સરંક્ષણ નિષ્ણાતો આને ભારતની સુરક્ષા માટે એક મોટા પડકાર તરીકે જોઈ રહ્યા છે.

# પૈસા આપો અથવા 'એન્કાઉન્ટર'માં મરી જાઓ, મેરઠના મુસ્લિમ વેપારીને પોલીસની ધમકી

(એજન્સી) લખનૌ, તા.૧૬

ઉત્તરપ્રદેશના મેરઠમાંથી એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે, જેમાં બે પોલીસ સબ-ઈન્સ્પેક્ટરો પર એક મુસ્લિમ વેપારી પાસેથી ૨૦ લાખ રૂપિયા પડાવવા અને તેને નકલી એન્કાઉન્ટરમાં મારી નાખવાની ધમકી આપવાનો ગંભીર આરોપ લાગ્યો છે. આ મામલે એસએસપી (SSP) દ્વારા તપાસના આદેશ આપવામાં આવ્યા છે અને બંને આરોપી પોલીસ અધિકારીઓને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. જોકે, ધરપકડ થાય તે પહેલા જ બંને ફરાર થઈ ગયા હોવાનું જાણવા મળ્યું છે. આ ઘટના મેરઠના લોહિયા નગર પોલીસ સ્ટેશન વિસ્તારની છે. ફરિયાદ મુજબ, ૨૦૦૩ની બેચના બે સબ-ઈન્સ્પેક્ટરોએ લિસાડી ગેટ વિસ્તારમાંથી એક જાણીતા મુસ્લિમ વેપારીનું અપહરણ કર્યું હતું. આ વેપારી મેરઠ અને દુબઈમાં દોરાનો મોટો વ્યવસાય કરે છે. વેપારીએ તાજેતરમાં જ એક પ્લોટ વેચ્યો હતો, જેની માહિતી એક સ્થાનિક બાતમીદાર દ્વારા પોલીસ અધિકારીઓ સુધી પહોંચી હતી. આ બાતમીદાર સાથે મળીને પોલીસકર્મીઓએ વેપારીને નિશાન બનાવવાનું કાવતરું ઘડ્યું હતું.

**સોનાની દાણચોરીમાં ફસાવવાની અને એન્કાઉન્ટરની ધમકી**

વેપારીનો આરોપ છે કે તેને બળજબરીથી ઉઠાવી લેવામાં આવ્યો હતો અને ધમકી આપવામાં આવી હતી કે જો તે પૈસા નહીં આપે તો તેને સોનાની દાણચોરીના ખોટા કેસમાં ફસાવી દેવામાં આવશે. એટલું જ નહીં, પોલીસ અધિકારીઓએ તેને ડરાવતા કહ્યું હતું કે તેને પોલીસ એન્કાઉન્ટરમાં ઠાર કરી દેવામાં આવશે. જીવ બચાવવા માટે ગભરાયેલા વેપારીએ ૨૦ લાખ રૂપિયાની માંગણી સ્વીકારી લીધી હતી અને રકમ ચૂકવી દીધી હતી. વેપારીના પરિવારજને જણાવ્યું કે, 'તેઓ ખૂબ જ ડરી ગયા હતા, પોલીસવાળા તેમને દાણચોર બતાવીને ગોળી મારી દેવાની વાત કરી રહ્યા હતા.'

**વધુ ૧૦ લાખની માંગણી કરતા ભાંડો ફૂટ્યો**

૨૦ લાખ રૂપિયા પડાવ્યા બાદ પણ પોલીસ અધિકારીઓની લાલચ ઓછી થઈ નહોતી. થોડા દિવસો પછી તેમણે વધુ ૧૦ લાખ રૂપિયાની માંગણી કરી હતી. વારંવારની પજવણીથી કંટાળીને વેપારીએ આખરે વરિષ્ઠ પોલીસ અધિકારીઓનો સંપર્ક કર્યો અને એસએસપી (SSP)ને ફરિયાદ કરી. પ્રાથમિક તપાસમાં સર્વેલન્સ અને મોબાઈલ લોકેશન દ્વારા પુષ્ટિ થઈ હતી કે જે દિવસે પૈસાની લેતી-દેતી થઈ હતી, તે દિવસે બંને સબ-ઈન્સ્પેક્ટરો અને વેપારીનું લોકેશન એક જ સ્થળે હતું. સીસીટીવી ફૂટેજમાં પણ વેપારીને વાહનમાં લઈ જવામાં આવતો જોવા મળ્યો હતો.

**આરોપી પોલીસકર્મીઓ ફરાર, તંત્ર સામે સવાલો**

એસએસપી અવિનાશ પાંડેએ પુષ્ટિ કરી છે કે બંને સબ-ઈન્સ્પેક્ટરો સામે કેસ નોંધી તેમને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. જોકે, ધરપકડની પ્રક્રિયા શરૂ થાય તે પહેલા જ બંને આરોપીઓ નાસી છૂટ્યા છે, જેમના માટે અલગ-અલગ ટીમો બનાવી દરોડા પાડવામાં આવી રહ્યા છે. આ ઘટનાએ ઉત્તરપ્રદેશ સરકારની ભ્રષ્ટાચાર સામેની 'ઝીરો ટોલરન્સ' નીતિ પર સવાલો ઉભા કર્યા છે. સ્થાનિક લોકો અને સામાજિક સંગઠનોએ માંગ કરી છે કે આ કેસમાં પારદર્શક તપાસ થાય અને સત્તાનો દુરુપયોગ કરનારા અધિકારીઓ સામે કડક પગલાં લેવામાં આવે.

### હેલ્પલાઈન નંબરો પણ જાહેર

# 'ગંગા સ્વરૂપા આર્થિક સહાય' યોજનામાં હવે ઘરે બેઠા સહાયની રકમ મળશે

## 'ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના' હેઠળ હવે સહાયની રકમ સીધી IPPBના ખાતામાં જમા કરવામાં આવશે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

વિધવા મહિલાઓને આત્મનિર્ભર બનાવવા અમલમાં આવેલી 'ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના' હેઠળ હવે સહાયની રકમ સીધી ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક (IPPB)ના ખાતામાં જમા કરવામાં આવશે. આ નવી વ્યવસ્થાથી લાભાર્થીઓને આધાર આધારિત ડી.બી.ટી (DBT) દ્વારા નાણાં સીધા ખાતામાં જમા થશે. પોસ્ટમેન દ્વારા ઘરબેઠાં જ આ રોકડ ઉપાડવાની સુવિધા પણ પ્રાપ્ત થશે. આ સુવિધાથી ગંગા સ્વરૂપા બહેનોને આર્થિક વ્યવહારોમાં વધુ સરળતા અને સુરક્ષા પ્રાપ્ત થશે.

પોસ્ટ માસ્ટર જનરલે વિગતો આપતા કહ્યું કે, 'ઉત્તર ગુજરાતમાં આશરે ૧.૪૭ લાખથી વધુ લાભાર્થીઓ હાલ પોસ્ટ ઓફિસના ખાતાઓ દ્વારા આર્થિક સહાય મેળવી રહ્યા છે. આ તમામ લાભાર્થીઓને આધુનિક બેંકિંગ સુવિધા સાથે જોડવા માટે અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, પાટણ, સાબરકાંઠા, અરવલ્લી અને બનાસકાંઠા જિલ્લાઓમાં તા. ૧૪ થી ૨૦ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી વિશેષ અભિયાન ચલાવીને નવા IPPB ખાતાઓ ખોલવામાં આવશે.' વધુમાં જણાવ્યું કે, 'આ IPPB ખાતું શૂન્ય બેલેન્સથી ખોલી શકાશે. પોસ્ટમેન કે ગ્રામીણ ડાક સેવક વિનંતી પર ઘરે આવીને ખાતું પણ ખોલી આપશે અને નાણાં પણ ચૂકવશે. લાભાર્થીઓએ પૈસા ઉપાડવા માટે બેંક કે પોસ્ટ ઓફિસ જવાની જરૂર રહેશે નહી. જે લાભાર્થીઓ પાસે પહેલેથી IPPB ખાતું છે, તેમણે માત્ર આધાર સીડિંગ કરાવવાનું રહેશે. IPPB ખાતું પહેલેથી જ ઉપલબ્ધ પોસ્ટ ઓફીસ બચત ખાતા સાથે લીંક કરી શકાશે, જેથી પોસ્ટ ઓફીસ બચત ખાતા અને IPPB બન્નેના લાભ એક સાથે મેળવી શકાય. આ ખાતું ખોલાવવા માટે આધાર કાર્ડ, આધાર સાથે લિંક થયેલ મોબાઈલ નંબર અને જૂના બચત ખાતાની પાસબુક અનિવાર્ય છે.' ઉલ્લેખનીય છે કે, ગાંધીનગરમાં અંદાજે ૧૮,૧૫૫ લાભાર્થીઓ પોસ્ટ ઓફીસ ખાતા મારફતે આ સેવાનો લાભ લઈ રહ્યા છે. જો કોઈ લાભાર્થીને ખાતું ખોલવામાં મુશ્કેલી જણાય, તો તેઓ નજીકની પોસ્ટ ઓફીસનો અથવા હેલ્પલાઈન નંબર ૯૨૧૮૩૦૨૧૪૩, ૯૯૭૮૯૭૫૭૫૩, ૯૨૧૮૩૦૨૧૩૨ પર સંપર્ક કરી શકે છે.

### ભારતમાં આવશે મોટો ખતરો?

# ગંગા અને સિંધુ નદીને લઈને ડરાવી રહ્યો છે આ રિપોર્ટ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

IIT ગાંધીનગરના રિસર્ચમાં સામે આવ્યું કે ૧૯૮૦થી ૨૦૨૧ વચ્ચે ગંગા અને સિંધુ નદીના વહેણમાં ઉલટો ફેરફાર આવ્યો છે. ગંગાનું પાણી ઘટ્યું છે, જ્યારે સિંધુમાં વધારો થયો છે. ગંગા બેસિનમાં વરસાદ લગભગ ૧૦ હિમાલયી ગ્લેશિયરોનું પીગળવું અને કેટલાક વિસ્તારમાં વધુ વરસાદને માનવામાં આવે છે. રિસર્ચ પ્રમાણે ગંગાનો પ્રવાહ છેલ્લા ૧૩૦૦ વર્ષમાં સૌથી ઝડપે ઘટ્યો છે. તે કરોડો લોકોના પાણી અને ખેતી પર નિર્ભરતા માટે મોટો ખતરો બની શકે છે.

## IIT ગાંધીનગરના રિસર્ચમાં સામે આવ્યું કે ૧૯૮૦થી ૨૦૨૧ વચ્ચે ગંગા અને સિંધુ નદીના વહેણમાં ઉલટો ફેરફાર આવ્યો છે

ટકા ઓછો થયો છે, પરંતુ અસલી સમસ્યા છે કે સિંચાઈ માટે ગ્રાઉન્ડ વોટરનો વધુ ઉપયોગ. જ્યારે જમીનમાંથી વધુ પાણી નીકળે છે તો નદીઓ સુધી પહોંચનાર પાણી ઘટી જાય છે. ગંગાના ઘણા ભાગમાં નદીના કુલ પાણીના ૫૦થી ૭૦ ટકા હિસ્સો ગ્રાઉન્ટ વોટરથી આવે છે. વધુ પમ્પિંગને કારણે નદીઓનો પ્રાકૃતિક પ્રવાહ નબળો પડી રહ્યો છે અને ઘણી જગ્યાએ સ્થિતિ ગંભીર થઈ રહી છે. સિંધુ નદીના વહેણમાં ૧૮ ટકાનો વધારો થયો છે. તેની પાછળનું કારણ ૧૯૬૦ની સિંધુ જળ સંધિ પર ફેરફારની અસર પડી શકે છે. નદીના બદલાતા પ્રવાહથી બંને દેશોના જળ વિભાજન પર નવો પડકાર ઉભો થઈ શકે છે. પાણી ઘટવાથી પાકને અસર થઈ શકે છે. ખાસ કરી ગંગા બેસિનના રાજ્યોમાં ખેતી અને પાણીની ઉપલબ્ધતા પર દબાવ વધી શકે છે. નિષ્ણાંતોનું કહેવું છે કે ઓછા પાણીવાળા પાકને પ્રોત્સાહન આપવું, ભૂજળની યોગ્ય જાળવણી અને વરસાદના પાણીનો સંગ્રહ જરૂરી છે. નદીઓ અને ભૂજળને એક સાથે વિચારી નીતિ બનાવવી પડશે.

### રાજપાલ યાદવને મોટી રાહત મળી

# અભિનેતા રાજપાલ યાદવનાં જામીન મંજૂર થઈ ગયા

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૬

રાજપાલ યાદવ વર્ષ ૨૦૧૨ માં આવેલી ફિલ્મ 'અતા પતા લાપતા' સાથે જોડાયેલ ચેક બાઉન્સ કેસમાં તિહાર જેલમાં બંધ હતો. ચેક બાઉન્સ કેસમાં ૧૨ ફેબ્રુઆરીનાં રોજ સુનવણી થઇ હતી, જેમાં માત્ર એક પક્ષની દલીલ સાંભળવામાં આવી હતી અને નવી તારીખ નક્કી કરવામાં આવી હતી. ત્યારબાદ આજે એટલે કે ૧૬ ફેબ્રુઆરીએ ફરીથી જામીન અરજી પર સુનવણી થઇ અને જામીન મંજૂર કર્યાં. આ દરમિયાન અદાલતે રાજપાલ યાદવને નિર્દેશ કર્યો કે એ ફરિયાદીનાં ખાતામાં ૧.૫ કરોડ રૂપિયા જમા કરાવે. આ સાથે અભિનેતાએ આદેશ માન્યો અને ૩ વાગ્યા પહેલાં રકમ જમા કરાવડાવી. ત્યારબાદ એક્ટરના જામીન મંજૂર થયા છે. કોર્ટે આ માટે એક શરત પણ નક્કી કરી છે જેનું પાલન કરવુ અનિવાર્ય છે. આ મામલે આગળની સુનવણીની તારીખ પણ નક્કી કરવામાં આવી છે.

આગળની સુનવણી ૧૮ માર્ચનાં રોજ થશે

જો કે રાજપાલ યાદવે ફરિયાદીનાં ખાતામાં ૧.૫ કરોડ રૂપિયા ટ્રાન્સફર કર્યા એની જાણકારી કોર્ટે આપી છે. ત્યારબાદ હાઇકોર્ટે તેમને વચગાળાના જામીન આપ્યા. કોર્ટે નિર્દેશ કર્યો છે કે રાજપાલ યાદવ એમનો પાસપોર્ટ સરેન્ડર કરે. આગળની સુનવણી ૧૮ માર્ચનાં રોજ થશે, જેમાં એક્ટરે ફિઝિકલી તેમજ વીડિયો કોન્ફ્રેસિંગ દ્વારા હાજર રહેવું પડશે. રાજપાલ યાદવની ભત્રીજીના લગ્ન ૧૯ ફેબ્રુઆરીએ શાહજહાંપુરમાં થવાના છે. આ કેસ વર્ષ ૨૦૧૦થી શરૂ થાય છે. રાજપાલ યાદવ તેમની ફિલ્મ અતા પતા લાપતા બનાવવા માગતા હતા. તેના માટે તેમણે દિલ્હીની એક કંપની મુરલી પ્રોજેક્ટ્સ પાસેથી



## હાઈકોર્ટે ૧૮ માર્ચ સુધી વચગાળાના જામીન કર્યા મંજૂર

લગભગ ૫ કરોડ રૂપિયા ઉધાર લીધા હતા. ફિલ્મ બોક્સ ઓફિસ પર ન ચાલી અને આર્થિક મુશ્કેલીઓ વધી ગઈ. આ પૈસા ચૂકવવા માટે તેમણે (રાજપાલ યાદવે) આપેલા ચેક બેંકમાં બાઉન્સ થયા. અહીંથી જ કેસ કોર્ટમાં પહોંચ્યો. વ્યાજ અને દંડ સાથે આ રકમ વધીને લગભગ ૯ કરોડ રૂપિયા સુધી પહોંચી ગઈ. ઉલ્લેખનીય છે કે, નીચલી કોર્ટે તેમને છ મહિનાની સજા સંભળાવી હતી. દિલ્હી હાઈકોર્ટે અનેક વખત તેમને તક આપી કે તેઓ આ પૈસા ચૂકવી દે, પરંતુ પૈસા ન ચૂકવતા કડક વલણ અપનાવ્યું અને તેમને તિહાડ જેલમાં સરેન્ડર કરવું પડ્યું. આમ, જ્યારે કોઈ વ્યક્તિ કોઈને પૈસા ચૂકવવા માટે ચેક આપે છે અને બેંક તેને અપર્યાપ્ત ધનરાશિ અથવા અન્ય કારણે રદ્દ કરે છે, તો તેને ચેક બાઉન્સ કહેવામાં આવે છે.

રાજ્યપાલના પ્રવચન દરમ્યાન 'ખેડૂતોનું દેવું માફ કરો' સહિતના ભારે સૂત્રોચ્ચાર

# ગુજરાત વિધાનસભાના પ્રથમ દિવસે કોંગ્રેસ અને આપ દ્વારા સૂત્રોચ્ચાર સાથે કરાયું પ્રદર્શન

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શોકદર્શક ઉલ્લેખો રજૂ કરી શ્રદ્ધાંજલિ પાઠવી

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર,તા.૧૬

ગુજરાત વિધાનસભામાં આજથી બજેટ સત્રનો પ્રારંભ થયો છે. ૧૫મી ગુજરાત વિધાનસભાના આઠમાં સત્રના પ્રથમ દિવસે જ આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા અને ચૈતર વસાવા 'ટ્રેડ ડિલ હટાવો, કિસાન બચાવો'ના પોસ્ટર સાથે વિધાનસભા પહોંચ્યાં હતા. રાજ્યપાલે વિધાનસભામાં સંબોધન સાથે ગૃહનો પ્રારંભ કરાવ્યો હતો તેમના સંબોધન દરમ્યાન કોંગ્રેસ ભારે સૂત્રોચ્ચાર કરી વિરોધ પ્રદર્શન કર્યું હતું. ગુજરાત વિધાનસભાના સત્રના પ્રારંભે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ આશરે ૨૧ મિનિટ સુધી ગૃહને સંબોધન કર્યું હતું. પોતાના પ્રવચનમાં રાજ્યપાલે રાજ્ય સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓ, કૃષિ વિકાસ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ગરીબ કલ્યાણ માટેના પ્રયાસોનો વિગતવાર ઉલ્લેખ કર્યો હતો. રાજ્યના સર્વાંગી વિકાસ માટેસરકાર પ્રતિબદ્ધ હોવાનું તેમણે જણાવ્યું હતું.

રાજ્યપાલના સંબોધન દરમિયાન કોંગ્રેસના ધારાસભ્યોએ 'ખેડૂતોનું દેવું માફ કરો'ના સૂત્રોચ્ચાર સાથે વિરોધ નોંધાવ્યો હતો. ખેડૂતોના મુદ્દે સરકાર પર દબાણ બનાવવા માટે કોંગ્રેસે ગૃહમાં અવાજ ઉઠાવ્યો હતો. જ્યારે ભાજપના ધારાસભ્યોએ પાટલીઓ ખખડાવી વિરોધનો જવાબ આપ્યો હતો. ગૃહમાં થોડો સમય તણાવપૂર્ણ માહોલ સર્જાયો હતો. રાજ્યપાલનું સંબોધન પૂર્ણ થતાં તેમણે ગૃહના તમામ સભ્યોનો આભાર વ્યક્ત કર્યો હતો અને વિરોધ વચ્ચે પણ કોંગ્રેસના સભ્યોનો બે વખત આભાર માની સંસદીય પરંપરા જાળવવાનો સંદેશ આપ્યો હતો. કોંગ્રેસના ધારાસભ્યોએ સરકાર વિરૂદ્ધ ભારે સૂત્રોચ્ચાર કરી ગૃહની કામગીરી ગરમ બનાવી દીધી હતી પ્રથમ દિવસથી જ કોંગ્રેસે જાણે આક્રમક નીતિ અપનાવી હોલ તેમ સતત વિરોધ પ્રદર્શન જારી રાખ્યું હતું. આ સાથે આપ પાર્ટીના સભ્યોએ પણ ટ્રેડ ડિલને લઈ સૂત્રોચ્ચાર પોસ્ટર સાથે પ્રદર્શન કર્યું હતું. બીજી તરફ વિધાનસભા સત્ર દરમિયાન ઉપાધ્યક્ષ પદ માટે થયેલી ચૂંટણીમાં

## રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે સંબોધન કરી ગૃહનો કરાવ્યો પ્રારંભ

રાજકીય ચહલપહલ વચ્ચે અંતે પૂર્ણેશ મોદીને બહુમતીથી ઉપાધ્યક્ષ તરીકે પસંદ કરવામાં આવ્યા હતાં. મતવિચારણા દરમિયાન કોંગ્રેસના શૈલેષ પરમારના પ્રસ્તાવને બહુમતી ધારાસભ્યોએ અસ્વીકાર કર્યો હતો અને પૂર્ણેશ મોદીના સમર્થનમાં બહુમતી મળતા પૂર્ણશ મોદી ઉપાધ્યક્ષ બન્યા હતા. આમ આદમી પાર્ટીએ આ ચૂંટણીમાં કોઈ ઉમેદવારને ટેકો આપ્યો નહીં અને 'NOTA'નો વિકલ્પ પસંદ કર્યો હતો. ઉપાધ્યક્ષ બન્યા બાદ તેમણે વિપક્ષ નેતા ડો. તુષાર ચૌધરીની બાજુમાં સ્થાન લીધું, જ્યારે સંસદીય મંત્રી ઋષિકેષ પટેલ તેમને તેમના સ્થાન સુધી દોરી ગયા હતા, જેસત્રની નોંધપાત્ર ક્ષણ બની રહી હતી. વિધાનસભાના આઠમાંસત્રના પ્રથમ દિવસે વિધાન ગૃહના નેતા અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શોક દર્શક ઉલ્લેખોમાં વિધાનસભાના પૂર્વ સદસ્યોને શ્રદ્ધાંજલિ પાઠવી હતી. વિધાનસભાના પૂર્વ દિવંગત સદસ્યો પૂર્વ મંત્રી મનસુખભાઈ છગનલાલ જોષી, પૂર્વ રાજ્યકક્ષાના મંત્રી મોહંમદભાઈ ગુલામમોહયુદીન સુરતી તથા પૂર્વ સભ્યો ધીરજલાલ ફુલાભાઈ રીબડીયા, અમરસિંહ રામસિંહ વસાવા, વજુભાઈ પરમાભાઈ ડોડિયા અનેબાવનજીભાઈ હંસરાજભાઈ મેતલિયાના અવસાન અંગેના શોકદર્શક ઉલ્લેખો ગૃહમાં રજૂ થયા હતા. વિધાનસભા સત્ર શરૂ થાય એ પહેલાં AAP ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા અનેચૈતર વસાવાએ પ્લેકાર્ડ બતાવી ટ્રેડ ડીલ મુદ્દે ભાજપ સરકાર પર આકરા પ્રહાર કર્યા હતાં અને જણાવ્યું હતું કે, અમેરિકાના દબાણમાં આવીને ભારત સરકારે ટ્રેડ ડીલ કરી છે. અમેરિકાને ફાયદો થાય અને ગુજરાત સહિત પૂરા ભારતના ખેડૂતો, પશુપાલકો અને નાના ઉદ્યોગોને નુકસાન થાય એવી એક તરફી ટ્રેડ ડીલ કરવામાં આવી છે. ભારત સરકાર અમેરિકા સામે સરેન્ડર થઈ ગઈ છે. જ્યારે અમેરિકાની અનેક ખેતીલક્ષી પ્રોડક્ટોના આયાત પર ભારતે ટેક્સ ઝીરો કરી નાખ્યો છે. અમેરિકાથી કપાસ દૂધ સસ્તામાં આવશે તો આપણા ખેડૂતો જે દૂધ અને કપાસ પેદા કરે છે એનું શું થશે? તેવો સવાલ તેમણે ઉઠાવ્યો હતો.

વિદ્યાર્થી અને વાલીઓના જીવ તાળવે ચોંટ્યા

# અમદાવાદ અને વડોદરાની ૩૪ શાળાઓને બોમ્બની ધમકી મળી; તંત્ર એલર્ટ મોડમાં

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, અમદાવાદ, તા.૧૬

સોમવારે ગુજરાતની ૩૪ શાળાઓને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા ખળભળાટ મચી ગયો હતો. વડોદરાની ૧૯ અને અમદાવાદની ૧૫ સ્કૂલને બોમ્બની ધમકી ભર્યો મેઈલ મળ્યો હતો. મેઈલમાં વડાપ્રધાન મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને ટાર્ગેટ કરવામાં આવ્યા છે. ઈમેઈલ લખેલું હતું કે, ગુજરાત ખાલિસ્તાન બનશે, હિન્દુસ્તાનનાં ટુકડા થશે. બોમ્બની ધમકી મળતા જ વાલીઓના જીવ તાળવે ચોંટ્યા હતા અને બાળકને લેવા દોડી ગયા હતા.



## મોદી-શાહને ટાર્ગેટ કરાયા : મેઈલમાં લખ્યું - હિન્દુસ્તાનના ટુકડા થશે, ગુજરાત ખાલિસ્તાન બનશે

### વડોદરાની ૧૯ સ્કૂલ

૧. ડી.આર. અમીન સ્કૂલ, ગદાપુરા
૨. ઊર્મિ સ્કૂલ, સમા-સાવલી રોડ
૩. નાલંદા સ્કૂલ, વાઘોડિયા રોડ
૪. બરોડા હાઈસ્કૂલ, બગીખાના
૫. નવયુગ સ્કૂલ, સમા
૬. જીવન સાધના વિદ્યાલય, નાગરવાડા
૭. AWS સ્કૂલ, ડભોઈ
૮. શાનેન સ્કૂલ, ખોડીયારનગર
૯. GPS સ્કૂલ, વાઘોડિયા
૧૦. બ્રાઈટ ડે સ્કૂલ, વાસણા
૧૧. બિલાબોંગ સ્કૂલ, વડસર
૧૨. આત્મીય વિદ્યાલય, માંજલપુર
૧૩. ડોન બોસ્કો સ્કૂલ, માંજલપુર
૧૪. ઓક્ઝેલિયમ સ્કૂલ, માંજલપુર
૧૫. ઝેનિથ સ્કૂલ, પ્રતાપનગર
૧૬. અમેરિકન સ્કૂલ ઓફ બરોડા, આજવા રોડ
૧૭. ગ્લોબલ ડિસ્કવરી સ્કૂલ, અમ્પાડ
૧૮. BPS, વાઘોડિયા
૧૯. ગ્રીન વેલી, ભીમપુરા

ફરી એક વખત બોમ્બ થ્રેટ ઈ-મેઈલથી અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો. વાલીઓ પોતાના નોકરી-ધંધે નીકળી ગયા હતા અને સ્કૂલોમાંથી ફોન આવતા ફફડાટમાં સ્કૂલે પહોંચ્યા હતાં. સ્કૂલોમાં વાલીઓની ભીડ જોવા મળી હતી. પોલીસ અને બોમ્બ-ડોગ સ્ક્વોડ દ્વારા તપાસ કરાઈ તો ફાયર બ્રિગેડની ટીમોને પણ સ્કૂલો પર મોકલી દેવાઈ હતી. બોમ્બ-ડોગ સ્ક્વોડ અને પોલીસે તમામ સ્કૂલોમાં સર્ચ કર્યું હતું, પરંતુ એક પણ સ્કૂલમાંથી કંઈ પણ વાંધાજનક વસ્તુ ના મળતા તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો. તાત્કાલિક અસરથી શાળાઓમાં રજા જાહેર કરી દેવાઈ હતી. ઉલ્લેખનીય છે કે, અગાઉ પણ અમદાવાદ અને વડોદરાની અનેક સ્કૂલોને આવી રીતે બોમ્બની ખોટી ધમકીઓ મળી ચૂકી છે. હાલ પોલીસ વિભાગની સાયબર ક્રાઈમ, લોકલ પોલીસ અને અન્ય એજન્સીઓ મળીને ઈ-મેઈલના સ્ત્રોત સુધી પહોંચવા તપાસ ચલાવી રહી છે. પોલીસે વાલીઓ અને નાગરિકોને અફવાઓથી દૂર રહેવા અને અધિકૃત સૂચનાઓ પર જ વિશ્વાસ રાખવાની અપીલ કરી છે.

### અમદાવાદની ૧૫ સ્કૂલ

૧. DAV ઈન્ટરનેશનલ સ્કૂલ, મકરબા
૨. એ વન સ્કૂલ, સેટેલાઈટ
૩. સંત કબીર, નવરંગપુરા
૪. તુલીપ ઈન્ટરનેશનલ સ્કૂલ, બોપલ
૫. એ.જી. હાઈસ્કૂલ નવરંગપુરા
૬. દિવાન બલ્લુભાઈ
૭. વિજયનગર સ્કૂલ
૮. જીવીબા સ્કૂલ, ઘોડાસર
૯. એશિયા સ્કૂલ, વસ્ત્રાપુર
૧૦. અંકુર ઈન્ટરનેશનલ સ્કૂલ, કૃષ્ણનગર
૧૧. સિલ્વર બેલ સ્કૂલ, બાપુનગર
૧૨. SGVP ગુરૂકુળ સ્કૂલ
૧૩. જે.જી. ઈન્ટરનેશનલ સ્કૂલ
૧૪. સી.એન વિદ્યાલય
૧૫. ખાલસા લિટલ સ્કૂલ બાપુનગર

ઉમેદવારના કેસને લઈ સત્તાધીશોના નિમણૂક ન આપવાના આદેશને હાઈકોર્ટે ફગાવ્યો

# માત્ર FIR નોંધાઈ હોવાથી ઉમેદવારને પોલીસ કોન્સ્ટેબલની નોકરીથી વંચિત રાખી શકાય નહીં

## જો આવું થાય તો અંગત અદાવત કે સ્વાર્થ ધરાવતા લોકો માટે તેજસ્વી ઉમેદવારો વિરૂદ્ધ ખોટી FIR નોંધાવવી અને તેમની કારકિર્દી બગાડવી ખૂબ જ સરળ બની જશે : હાઈકોર્ટ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૬

ગુજરાત હાઈકોર્ટે તાજેતરમાં એક મહત્ત્વપૂર્ણ ચુકાદો આપતા સ્પષ્ટ કર્યું છે કે નિઃશસ્ત્ર પોલીસ કોન્સ્ટેબલ (લોકરક્ષક)ની પોસ્ટ માટે પસંદ થયેલા ઉમેદવારને માત્ર તેની સામે ભૂતકાળમાં નોંધાયેલા ફોજદારી કેસના આધારે નિમણૂક આપવાનો ઈન્કાર કરી શકાય નહીં, ખાસ કરીને જ્યારે તે FIR હાઈકોર્ટ દ્વારા રદ કરવામાં આવી હોય. અદાલતે સત્તાધીશોના નિમણૂક ન આપવાના આદેશને ફગાવી દઈને ઉમેદવારના કેસ પર ફરીથી વિચારણા કરવા આદેશ આપ્યો છે.

જસ્ટિસ નિર્ઝર એસ. દેસાઈની અદાલતમાં ભરતભાઈ ખુમસિંગભાઈ સંગોડ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી હાથ ધરવામાં આવી હતી. અરજદારે ૨૦૨૧ની લોકરક્ષક ભરતી બોર્ડની જાહેરાત મુજબ પરીક્ષા પાસ કરી હતી અને મેરિટ લિસ્ટમાં સ્થાન મેળવ્યું હતું. જોકે, કેરેક્ટર વેરિફિકેશન દરમિયાન જાણવા મળ્યું હતું કે વર્ષ ૨૦૧૮માં તેમની સામે ધાનપુર પોલીસ સ્ટેશનમાં રાયોટિંગ અને મારપીટ જેવી કલમો હેઠળ ગુનો નોંધાયો હતો. જોકે, હાઈકોર્ટે જૂન ૨૦૨૩માં જ આ FIR રદ કરી દીધી હતી, તેમ છતાં પોલીસ વિભાગે તેમને નિમણૂક આપવાનો ઈનકાર કર્યો હતો.

હાઈકોર્ટે આ મામલે અત્યંત ગંભીર અવલોકન કરતા જણાવ્યું હતું કે, જો માત્ર કોઈ કેસ પેન્ડિંગ હોય અથવા ગુનો નોંધાયો હોય (ભલે તે પછીથી રદ થયો હોય) તેને નિમણૂકમાં અવરોધ ગણવામાં આવે, તો તે ખૂબ જ જોખમી સાબિત થઈ શકે છે. કોર્ટે નોંધ્યું કે, "જો આવું થાય તો અંગત અદાવત કે સ્વાર્થ ધરાવતા લોકો માટે તેજસ્વી ઉમેદવારો વિરૂદ્ધ ખોટી FIR નોંધાવવી અને તેમની કારકિર્દી બગાડવી ખૂબ જ સરળ બની જશે. આપણે રોજ જોઈએ છીએ કે પારિવારિક વિવાદો, આર્થિક વ્યવહારો કે સિવિલ તકરારમાં ખોટી રીતે પોલીસ ફરિયાદો કરવામાં આવતી હોય છે."

અદાલતે વધુમાં ઉમેર્યું હતું કે કોઈપણ ઉમેદવારને ગેરલાયક ઠેરવતા પહેલા સત્તાધિશોએ જે-તે ગુનાની પ્રકૃતિ અને ગંભીરતા તપાસવી જોઈએ. જો કોઈ ગંભીર કે જઘન્ય ગુનો હોય તો નિમણૂક ન આપવાનો નિર્ણય વ્યાજબી હોઈ શકે છે, પરંતુ સામાન્ય ઝઘડા કે બોલાચાલી જેવા કિસ્સામાં સત્તાધિશોએ સંતુલિત અભિગમ અપનાવવો જોઈએ. આ કિસ્સામાં અરજદાર સામેના આક્ષેપો માત્ર સામાન્ય મારપીટના હતા અને તે ફરિયાદ પણ કોર્ટે રદ કરી દીધી હતી, તેથી તેને નિમણૂકથી વંચિત રાખવો તે કાયદાકીય રીતે ભૂલભરેલું છે.

સરકાર પક્ષે એવી દલીલ કરવામાં આવી હતી કે પોલીસ દળમાં જોડાવા માટે ઉચ્ચ નૈતિક ધોરણો અને શિસ્ત જરૂરી છે, પરંતુ હાઈકોર્ટે આ દલીલ સામે અવલોકન કર્યું કે સત્તાધિશોએ માત્ર યાંત્રિક રીતે નિર્ણય લેવાને બદલે દરેક કેસની પરિસ્થિતિને વસ્તુલક્ષી રીતે તપાસવી જોઈએ. અંતે, કોર્ટે ઓક્ટોબર ૨૦૨૩ના નિમણૂક ન આપવાના આદેશને રદ કર્યો હતો અને સરકારને સૂચના આપી હતી કે ઉમેદવારની તબીબી તપાસ અને અન્ય જરૂરિયાતોને આધીન રહીને તેની નિમણૂક અંગે ફરીથી નિર્ણય લેવામાં આવે.


# ખીરાજે અકીદત



જનાબ તાહેરભાઈ એડનવાલા

ધી મુસ્લિમ એજ્યુકેશન ટ્રસ્ટ, મોડાસા આપણી સંસ્થાના સખી દાતા દાનવીર શિક્ષણ પ્રેમી માનવતાવાદી સમાજ સેવક કુશળ રાહબર ગરીબોના બેલી એવા જનાબ તાહેરભાઈ એડનવાલા ૮૭ વર્ષની ઉંમરે તા. ૧૨-૦૨-૨૦૨૬ ગુરુવાર ના રોજ મુંબઈ મુકામે ટૂંકી માંદગી બાદ જન્નતસીન થયા છે. આ તબક્કે સમગ્ર સંસ્થા પરિવારને ખૂબ દુઃખ થયું છે. તેમની વફાતથી અમારી સંસ્થાને સમગ્ર સમાજને મોટી ખોટ પડી છે. મોડાસા માટે તેમના અને તેમના ભાઈ હુસૈનભાઈ એડનવાલા ના દાનથી સ્થાપિત સંથાઓને આ પુરાય તેવી ખોટ પડેલ છે. અલ્લાહથી દુઆ છે પાક પરવરદીગાર મુહર્મના નેક કામોને કબુલ ફરમાવે જન્નતુલ ફિર્દૌસમાં આલા મકામ અતા કરે તેમના અધૂરા સ્વપ્ન પુરા કરવાની અમોને હિંમત આપે અને તેમના પરિવારજનોને સબ્રે જમીલ અતા ફરમાવે એવી અમો સૌ અલ્લાહને દિલથી દુઆ કરીએ છીએ.

દુઆગીર

ધી મુસ્લિમ એજ્યુકેશન ટ્રસ્ટ, મોડાસા

પ્રમુખ: જનાબ મો.યુસુફ આઈ. ટાઢા (બાબુભાઈ ટાઢા)

મંત્રી: જનાબ કાદરઅલી એમ. સૈયદ

ઉપપ્રમુખ: (૧) જનાબ મો.સલીમ આઈ. દાદુ (દાદુ જનરલ) (૨) જનાબ મુસ્તુફાભાઈ જી. કાંકરોલીયા (૩) જનાબ ડૉ.વસીમભાઈ સુથાર

સહમંત્રી: (૧) જનાબ આબીદહુસેન બેલીમ (૨) જનાબ સમીરભાઈ પટેલ (૩) જનાબ અલીમોહંમદ જે. શેઠ

મેનેજીંગ ટ્રસ્ટી : જનાબ ગુલામમોહયુદ્દીન જી. ખાનજી (જીવાભાઈ)

કુર્આન ખ્વાની : મર્હુમ તાહેરભાઈ આદમઅલી એડનવાલા (ઈસાલે સવાબ)
તા. ૧૮-૦૨-૨૦૨૬, બુધવાર સવારે ૧૦-૦૦ કલાકે
જી. જી. મોરીવાલા નર્સિંગ કોલેજ હોલ, મદની કેમ્પસ, (મદની શૈક્ષણિક પરિવાર)


બજેટ સત્રના પ્રારંભે જ સત્યાગ્રહ છાવણી ખાતે કોંગ્રેસનું જબરદસ્ત શક્તિ પ્રદર્શન

# મોંઘવારી, બેરોજગારી, ભ્રષ્ટાચાર, ખેડૂતોના પ્રશ્ને કોંગ્રેસનું સરકાર સામે જંગનું એલાન

## 'મનરેગા બચાવો સંગ્રામ' મુદ્દે જાહેરસભામાં સરકાર પર આકરા પ્રહારો; ૨૦૨૭માં જીતનો આશાવાદ

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર,તા.૧૬




હાલમાં જ કેન્દ્ર સરકારે મનરેગાને બદલે વિકસિત ભારત જી રામ જી યોજના લાવી દીધી છે. જેનો ગુજરાત કોંગ્રેસે ભરપૂર વિરોધ કર્યો છે, તેના ભાગરૂપે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે મનરેગા બચાવો સંગ્રામના નેજા હેઠળ જન આક્રોશ સભા યોજાઈ હતી. જેમાં ગુજરાત અને કેન્દ્ર સરકાર પર કોંગી નેતાઓએ આકરા પ્રહાર કર્યા હતા. વિધાનસભાના બજેટ સત્રના પ્રથમ દિવસે જ કોંગ્રેસે ગાંધીનગરમાં શક્તિ પ્રદર્શન યોજ્યું હતું જેમાં ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીમાં રાહુલ ગાંધી અગાઉથી ગુજરાતમાં ચૂંટણી પ્રચાર કરશે તેવો દાવો પણ કરવામાં આવ્યો હતો. કોંગ્રેસની જનસભામાં કોંગ્રેસમાં નવા જોડાયેલા પૂર્વ MLA મહેશ વસાવાએ સંબોધન કર્યું હતું અને કહ્યું હતું કે, 'અમે વર્ષોથી જળ-જંગલ અને જમીન માટે સંઘર્ષ કરી રહ્યાં છે. ૧૧ વર્ષથી કેન્દ્રમાં ભાજપ સરકાર ચાલે છે અને ગુજરાતમાં ૩૨ વર્ષથી સરકાર ચાલે છે એને ઉખાડીને ફેંકી દેવાની છે, આ RSSની સરકારને કે જે સંવિધાન ખતમ કરી દેવાની વાત કરે છે એને ઉખાડી ફેંકવા છે. ઉમરગામથી અંબાજી સુધી અમને પાણી નથી મળ્યું, પણ અમારો સંઘર્ષ ચાલુ રહેશે. આવા ઠગ લોકોને દેશમાંથી હાંકી કાઢવાની જરૂર છે. ગુજરાત વિધાનસભાના બજેટ સત્રના માહોલ વચ્ચે આજે ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા આયોજિત જન આક્રોશ સભામાં મોટી સંખ્યામાં મેદની ઉમટી પડી હતી. મોંઘવારી, બેરોજગારી, ભ્રષ્ટાચાર અને ખેડૂતોના પ્રશ્ને કોંગ્રેસે સરકાર સામે જંગનું એલાન કર્યું છે. સભામાં ઉપસ્થિત દિગ્ગજ નેતાઓએ ભાજપના ત્રણ દાયકાના શાસનને અંગ્રેજોના શાસન સાથે સરખાવી આકરા પ્રહારો કર્યા હતા. આ સભાના પ્રારંભે કોંગ્રેસના નેતાઓએ કહ્યું હતું કે આ આંદોલન માત્ર સભા પૂરતું મર્યાદિત નથી. પરંતુ જનતાના અવાજને વિધાનસભાના ગૃહ સુધી પહોંચાડવાનું એક માધ્યમ છે. બનાસકાંઠાના સાંસદ ગેનીબેન ઠાકોરે સભાને સંબોધતા જણાવ્યું હતું કે, આ આંદોલનની શરૂઆત બનાસકાંઠાની ધરતી પરથી થઈ હતી. અત્યાર સુધીમાં કોંગ્રેસે ગુજરાતમાં અંદાજે ૫,૦૦૦ કિલોમીટરનું ભ્રમણ પૂર્ણ કર્યું છે. અમે ગામડે-ગામડે જઈને લોકોની વેદના અને વાસ્તવિક સમસ્યાઓ સાંભળી છે. તેમણે ખાતરી આપી હતી કે જનતાનો આ આક્રોશ હવે વિધાનસભા સંકુલની અંદર પણ ગુંજશે અને વિપક્ષ મજબૂતીથી લોકોના પ્રશ્નો ઉઠાવશે. કોંગ્રેસ નેતા અમિત ચાવડાએ સરકાર પર પ્રહારો કરતા કહ્યું કે, છેલ્લા ૩૦ વર્ષમાં સરકારે માત્ર ડર અને ભયનો માહોલ ઊભો કર્યો છે. સાડા છ કરોડની જનતાના પરસેવાના પૈસાથી તિજોરીઓ ભરાય છે છતાં ખેડૂતો, યુવાનો અને મહિલાઓ માટે કોઈ નક્કર કામ થયું નથી. અધિકાર મેળવવા માટે આજે પણ જનતાએ આંદોલન અને ઉપવાસ કરવા પડે છે, જે લોકશાહી માટે શરમજનક છે. બીજી તરફ કોંગ્રેસના ધારાસભ્ય અને યુવા નેતા અનંત પટેલે જણાવ્યું કે આજે આપણે આક્રોશમા છીએ, આપણે અન્યાય થાય છે એના વિરોધમાં કૂચ કરવી જોઈએ, આપણને આદિવાસી વિસ્તારમાં અન્યાય થાય અને લોકોને અન્યાય થાય છે, અધિકારીઓ મુલાકાત નથી આપતા આપણા પર દમન થાય છે, આપણી જમીન પર સરકાર દબભાણ કરે છે. સભાના અંતે કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો ૨૧ નવેમ્બરથી શરૂ થયેલી જન આક્રોશ યાત્રાનો પ્રથમ તબક્કો ઉત્તર ગુજરાતમાં બહુચરાજી ખાતે સમાપ્ત થશે. કોંગ્રેસે આગામી દિવસોમાં બજેટ સત્ર દરમિયાન દરરોજ અલગ-અલગ મુદ્દાઓ પર વિરોધ પ્રદર્શન ચાલુ રાખવાની જાહેરાત કરી છે. ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે મોટી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકરો ભેગા થયા હતા અને ૨૦૨૭ની ચૂંટણીમાં જીતનો આશાવાદ વ્યકત કરી એક સૂરે ગુજરાત સરકારનો વિરોધ કર્યો હતો.

કર્મચારીને પુનઃ સ્થાપિત કરવા અને પૂરતો પગાર તથા નિવૃત્તિના લાભો ચૂકવવા કોર્ટનો નિર્દેશ

# ૧૭ વર્ષની સેવા બાદ આસિસ્ટન્ટ લાઈબ્રેરિયનને છૂટા કરવાનો ગૂજરાત વિદ્યાપીઠનો આદેશ હાઈકોર્ટે રદ કર્યો

## UGCના નિયમો બિન-શૈક્ષણિક કેડરના કર્મીઓને લાગુ પડતા નથી અને લાંબા સમયની સેવા બાદ કર્મચારીને છૂટા કરવા ગેરકાયદે : હાઈકોર્ટ

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૧૬

ગૂજરાત હાઈકોર્ટે એક સીમાચિહ્નરૂપ ચુકાદામાં ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા એક મહિલા આસિસ્ટન્ટ લાઈબ્રેરિયનને નોકરીમાંથી મુક્ત કરવાના આદેશને ફગાવી દીધો છે. હાઈકોર્ટની ડિવિઝન બેન્ચે સ્પષ્ટ કર્યું હતું કે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (UGC)ના નિયમો બિન-શૈક્ષણિક કેડરના કર્મચારીઓને લાગુ પડતા નથી અને લાંબા સમયની સેવા બાદ કર્મચારીને છૂટા કરવા તે ગેરકાયદેસર છે. જસ્ટિસ ભાર્ગવ ડી. કારિયા અને જસ્ટિસ એલ.એસ. પીરઝાદાની બન્ને સભ્યોની ખંડપીઠે ગુજરાત વિદ્યાપીઠ દ્વારા દાખલ કરવામાં આવેલી 'લેટર્સ પેટન્ટ અપીલ' (LPA) પર સુનાવણી કરતા આ આદેશ આપ્યો હતો. આ કેસની વિગત મુજબ, રક્ષાબેન નામની મહિલા કર્મચારીને ૧૯૮૩માં લાઈબ્રેરી આસિસ્ટન્ટ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ ૧૯૮૯માં તેમની પસંદગી આસિસ્ટન્ટ લાઈબ્રેરિયન તરીકે થઈ હતી. વર્ષ ૨૦૧૫માં એક ઓડિટ વાંધા દરમિયાન એવો દાવો કરવામાં આવ્યો હતો કે તેમની પાસે NET/SLET જેવી જરૂરી લાયકાત નથી, જેના આધારે ૨૦૧૭માં તેમને નોકરીમાંથી મુક્ત કરી રૂા.૭૫ લાખથી વધુની રિકવરીનો આદેશ અપાયો હતો. અદાલતે આ મામલે કડક વલણ અપનાવતા જણાવ્યું હતું કે, આસિસ્ટન્ટ લાઈબ્રેરિયન જેવી બિન-શૈક્ષણિક પોસ્ટ્સ માટે UGCના નિયમો લાગુ પડતા નથી. કોર્ટે અગાઉના એક ચુકાદાને ટાંકતા ઉમેર્યું કે, 'લાઈબ્રેરી આસિસ્ટન્ટ અને લોઅર ડિવિઝન ક્લાર્ક જેવી પોસ્ટ્સ UGCના નિયમન હેઠળ આવતી નથી. આ વિદ્યાપીઠનો વહીવટી વિષય છે, જેમાં UGCની કોઈ ભૂમિકા હોતી નથી.' આથી, UGCની મંજૂરી ન હોવાનું બહાનું ધરીને કોઈ કર્મચારીની સેવા સમાપ્ત કરી શકાય નહીં. હાઈકોર્ટે સૌથી મહત્ત્વનું અવલોકન કરતા કહ્યું કે, અરજદારે લગભગ ૧૭થી ૧૮ વર્ષ સુધી સંસ્થામાં સેવા આપી છે. નિમણૂક સમયે જે લાયકાતો માંગવામાં આવી હતી તે અરજદારે પૂર્ણ કરી હતી. આટલા લાંબા સમય બાદ ઓડિટ વાંધાના નામે સેવામાંથી છૂટા કરવા તે કોઈ પણ રીતે વ્યાજબી ઠેરવી શકાય નહીં. વિદ્યાપીઠ તરફથી એવી દલીલ કરવામાં આવી હતી કે આ કેસમાં UGCને પક્ષકાર બનાવવામાં આવ્યા ન હતા, પરંતુ કોર્ટે આ દલીલ ફગાવી દેતા નોંધ્યું કે આવી રજૂઆત સિંગલ જજ સમક્ષ ક્યારેય કરવામાં આવી નહોતી. અંતે, ડિવિઝન બેન્ચે સિંગલ જજના તે આદેશને બહાલ રાખ્યો હતો જેમાં કર્મચારીને પુનઃસ્થાપિત કરવા અને તેમને પૂરતો પગાર તથા નિવૃત્તિના લાભો ચૂકવવાનો નિર્દેશ અપાયો હતો. આ ચુકાદાથી શૈક્ષણિક સંસ્થાઓમાં વર્ષોથી કાર્યરત બિન-શૈક્ષણિક કર્મચારીઓને મોટી રાહત મળી છે.



● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS